સફરનામા : પુસ્તક શ્રેણી : પુસ્તક-4

# સફરનામા

## મધ્ય અને દક્ષિણ ગુજરાત

•

: લેખન :

સરૂપ ધ્રુવ

•

: પ્રકાશન :

**‘દર્શન’**

**અમદાવાદ**

**SAFARNAMA : PUSTAK SHRENI : PUSTAK - 4**
**MADHYA ANE DAKSHIN GUJARAT**

by Saroop Dhruv

©'દર્શન'

**આવૃત્તિ- 1**

**વર્ષ : 2015**

**નકલ : 500**

| | | |
|---|---|---|
| **સહયોગ રાશિ :** | : | Rs. 150.00 |
| **વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકર્તાઓ માટે** | : | Rs. 75.00 |
| **કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ** | : | **કે. શ્રીનિવાસ.** |
| **લે-આઉટ** | : | **ઈશ્વરભાઈ પ્રજાપતિ** |
| **મુદ્રક** | : | **સત્યમ્ પ્રિન્ટ** |

**પ્રકાશક-વિતરક :** **'દર્શન'**, 19-બી, પહેલો માળ, વિશ્વનગર સોસાયટી, વિશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક, અમદાવાદ-380051

**રજી. સરનામું :** 9, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ, જીવરાજ પાર્ક વિસ્તાર, પો. વેજલપુર, અમદાવાદ -380 051

**ફોન નંબર** : 079-26620484

**ઈ-મેઈલ** : **darshan.org@gmail.com**

**વેબ સાઈટ** : **www.darshanahmedabad.org**

## અમે આભારી છીએ

- 'પ્રેમલ જ્યોતિ' પરિવાર (ગુજરાત જેસુઈટ સોસાયટી).
- 'સંવેદન કલ્ચરલ પ્રોગ્રામ'નાં તાલીમાર્થી યુવા સાથીઓ.
- 'સાઝા સાંસ્કૃતિક અભિયાન' અને 'ન્યૂ સોશ્યાલિસ્ટ ઈનિશિયેટિવ' ના બિરાદર સાથીઓ.
- 'જનવિકાસ; ઉત્થાન; સફર; અમન સમુદાય અને અન્ય સ્વૈચ્છિક સંગઠનોનાં સાથીઓ.
- 'સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ' - સૂરતના ડો.કિરણ દેસાઈ અને ડો. સત્યકામ જોષી.
- સાંસ્કૃતિક અભ્યાસુ શ્રી સંજય ચોક્સી (સૂરત).
- શ્રી ચંદ્રકાંત કડિયા
- **Mensen met een Missie** (નેધરલેન્ડ)
- કેટલાંક વિદેશી અને ભારતીય સંસ્કૃતિનાં અભ્યાસુઓ.
- 'દર્શન'નાં સહકર્મીઓ - કે.શ્રીનિવાસ; નિયતિ ગાંધી.
- બિરાદર ઈશ્વરભાઈ પ્રજાપતિ.

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| **એક લટાર : સંસ્કૃતિની વાટે-ઘાટે - હિરેન ગાંધી** | | | 1 |
| | | … થોડુંક પહેલાં | 4 |
| **મુકામ -** | **1.** | મહેમદાવાદ | 12 |
| **મુકામ -** | **2.** | ડાકોર - 'લીમડાની ડાળ મીઠી' કે કલમી ? | 28 |
| **મુકામ -** | **3.** | વડોદરા | 35 |
| **મુકામ -** | **4.** | ચાંપાનેર અને પાવાગઢ - વારસો, વૈભવ અને વાયકાઓ | 47 |
| **મુકામ -** | **5.** | ડભોઇ - કિલ્લો કે કારાગાર? | 68 |
| **મુકામ-** | **6.** | રેવાકાંઠો - વિપ્લવથી માંડીને અસ્થિવિસર્જન સુધી | 76 |
| **મુકામ-** | **7.** | કેવડિયા કોલોની<br>કેવડિયાનો કાંટો અમને અધવચ હૈયે વાગ્યો જી! | 80 |
| **મુકામ-** | **8.** | રતનપુર - ઝઘડિયા - જંગલી પીર - બાબા ઘોર | 94 |
| **મુકામ-** | **9.** | ભાંગે જ ભાંગે તે ભરૂચ! | 101 |
| **મુકામ -** | **10.** | સૂરત | 105 |
| **મુકામ -** | **11.** | દક્ષિણપથ પર | 135 |
| **મુકામ -** | **12.** | શબરીધામ - આદિવાસીઓના હિંદુકરણની વ્યૂહરચના | 147 |
| **મુકામ -** | **13.** | સાપુતારા | 153 |
| **… અને થોડું પછી** | | : (સમાપનઃ મધ્ય અને દક્ષિણ ગુજરાત) | 171 |
| **પરિશિષ્ટ - 1.** | | પુરાતત્વવિદો અને સંશોધનકર્તાઓ | 179 |
| **પરિશિષ્ટ - 2.** | | સફરનામા પુસ્તક શ્રેણી : સંદર્ભ સૂચિ | 189 |
| **પરિશિષ્ટ - 3.** | | કચ્છ સંદર્ભ સૂચિ | 193 |
| **દર્શનનાં પ્રકાશનો** | | | 194 |




## એક લટાર : સંસ્કૃતિની વાટે-ઘાટે…

આ પુસ્તિકાશ્રેણી એક લટાર છે- ગુજરાતની સદીઓ પુરાણી ભાતીગળ અને સહિયારી સંસ્કૃતિઓની. અત્યંત રોચક અને અલ્હાદક છે - આ લટાર; પણ સાથે સાથે એ અનેક તીખા, તૂરા અને કડવા સવાલો પણ ઉજાગર કરતી જાય છે. અને એ સવાલોના મૂળમાં છે - છેલ્લા થોડા દાયકાથી ગુજરાતની સંસ્કૃતિઓ સાથે થઇ રહેલ - રાજનીતિની સેળભેળ. ગુજરાતની 'મહાજન'ના નામે ઓળખાતી 'વ્યાપારી સંસ્કૃતિ'એ સર્જેલી એક નોંધપાત્ર વિડંબના ભણી પણ આપણું ધ્યાન ખેંચે છે. છેક પુરાણકાળથી માંડીને વીસમી સદી સુધીમાં ગુજરાતના સાહસિક શ્રમજીવીઓ, કલાકારો, કારીગરો, ખલાસી-ખારવાઓ, વ્યાપારીઓ અને શાસકોએ ગુજરાતની વિવિધતાપૂર્ણ ભૌગોલિક વાસ્તવિકતાઓને આધાર બનાવી સર્જેલા ભાતીગળ અને સહિયારા સાંસ્કૃતિક વારસાઓમાંથી કેટલાંક વારસાઓ પ્રત્યે આજના ગુજરાતીઓ અને શાસકો સદંતર આંખ આડા કાન કરતા રહે છે અથવા પછી એને તદ્દન અવાવરૂ બનાવી દેવાની તજવીજો કરે છે; અને બીજી તરફ બીજા કેટલાક પસંદગીના વારસાઓને ચોક્કસ રંગેરૂપે રંગી, એમાં ચોક્કસ પ્રકારના સંદર્ભોનું આરોપણ કરી નવા ઘાટઘૂટ સાથે આકર્ષક પેકેજીસમાં પેકેજીંગ કરી એનો આધુનિક ઢબે મોટાપાયે પ્રચાર-પ્રસાર કરાઇ રહ્યો છે- અને એ પણ કાં તો 'પ્રવાસન ઉદ્યોગ'ના વિકાસ માટે કાં પછી એકરંગી સંસ્કૃતિના ભ્રામક ખ્યાલને વાસ્તવિકતા તરીકે ઠસાવવા માટે.

આજના ગુજરાતના આવા 'પ્રોસેસ્ડ કલ્ચર' (નિશ્ચિત સાંસ્કૃતિક પ્રક્રિયાઓ વડે હકીકતો સાથે શક્યતા - સંભાવનાઓ, વાયકાઓ, ભ્રમણાઓ, દુરાગ્રહો-

પૂર્વગ્રહો વગેરેની ભેળસેળ કરી તૈયાર કરાયેલ સાંસ્કૃતિક પેકેજીસ)ની પ્રચાર દોડ અને બજારદોડમાં એ સહિયારી અને ભાતીગળ સંસ્કૃતિઓની 'ઓર્ગેનિક' (પ્રાકૃતિક) 'ખુશ્બૂ' અને તેનાં 'સ્વાસ્થ્યપ્રદ' તત્વોને તદ્દન નામશેષ કરી દેવાયેલ છે. સવાલ એ ઊભો થાય છે કે- કેમ આ 'પ્રોસેસ્ડ કલ્ચર' બતાડાય છે, સંભાળાવાય છે? કોણ રમી રહ્યું છે આ સાંસ્કૃતિક રાજનીતિની રમત? આજની બજાર સંસ્કૃતિ? ગુજરાતમાં વધતી જતી સાંસ્કૃતિક કટ્ટરતા? સંસ્કૃતિ અને રાજનીતિની ભેળસેળ? આ લટારનો હેતુ આ અને આવા સવાલોના ઉત્તરો આપવાનો નથી; પરંતુ આવા સવાલો ઉજાગર કરવાનો જરૂર છે.

આ સફરનામાઓ આપણને બૌધ્ધ, જૈન, ઇસ્લામી, હિન્દુ, ખ્રિસ્તી જેવી ધાર્મિક સંસ્કૃતિઓની સાથે સાથે વૈષ્ણવ, સ્વામિનારાયણ, સૂફી અને ભગત સંપ્રદાયોની સાંપ્રદાયિક સંસ્કૃતિઓનો પરિચય પણ કરાવે છે. એ ગુજરાત અને સિંધ પ્રદેશના પેટાળમાં છૂપાયેલી ભવ્ય સિંધુ સભ્યતાની હડપ્પા અને મોંહે - જો - દડો જેવી આર્યેતર સંસ્કૃતિઓની પણ ઝલક તાદશ્ય કરે છે. સફરોના આ અહેવાલોમાં ઇતિહાસ પણ છે, વર્ણનો પણ છે, માહિતી પણ છે, વિશ્લેષણ પણ છે અને સંસ્કૃતિઓને જોવા-સમજવાનો નિખાલસ, તટસ્થ અને વૈજ્ઞાનિક ઢબનો દૃષ્ટિકોણ પણ છે. આ દૃષ્ટિકોણ કોઇ વિદ્વાન અધ્યાપકનો કે શૈક્ષણિક સ્વરૂપનો નથી. એ જીજ્ઞાસુ અભ્યાસુનો છે, સાંસ્કૃતિક પ્રવાસીનો છે, જનવાદી સાંસ્કૃતિક કર્મશીલનો છે. વળી એ આલેખાયા છે - જનવાદી સર્જકની કેળવાયેલી કલમ વડે અને એથી જ એ કેટલાક સીધા-સોંસરા સવાલો- વિધાનોને અત્યંત માર્મિક અને કલાત્મક સ્વરૂપે નિરૂપી શકાઇ છે.

દેખીતી રીતે પ્રવાસવર્ણન જેવા લાગતા આ સફરનામાઓમાં પાત્રો છે, સંવાદો છે, પાત્રોના મનોભાવો છે, મત-મતાંતરો છે, ચર્ચાઓ છે અને વળી ક્યાંક ક્યાંક લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને શિષ્ટ ગુજરાતી સાહિત્યનો છંટકાવ પણ છે. આ સફરનામાઓમાં મોટાભાગનાં પાત્રો વાસ્તવ અને કલ્પનાના મિશ્રણ વડે સર્જાયાં છે. તો વળી રૂપેણ બંદરનાં ફાતમાબેન, કેવડિયાના મૂળજીકાકા, સરદાર સ્ટેચ્યૂના વિસ્તારોના સક્રિય કર્મશીલ લખનભાઇ જેવા પાત્રો તદ્દન





વાસ્તવિક છે. આ તમામ લાક્ષણિકતાઓના કારણે આ સફરનામાઓની રજૂઆતની શૈલી-પ્રસ્તુતિ-ખાસ્સી જીવંત અને રસપ્રદ બની છે.

છેલ્લા થોડા દાયકાથી કેટલાંક કટ્ટરવાદી સાંસ્કૃતિક સંગઠનો-પરિબળોએ ગુજરાતની વૈવિધ્યસભર, રંગબેરંગી સંસ્કૃતિઓને એક જ રંગમાં રંગવાના ખતરનાક, જીવલેણ અખતરા (પ્રયોગો) શરૂ કર્યા છે અને બીજી તરફ 'વિકાસ ભૂખ્યા' ગુજરાતીઓએ આજની યુવા પેઢીને સંસ્કૃતિઓને એક 'પ્રોડક્ટ' તરીકે જાણતી-નાણતી કરી દીધી છે ત્યારે, છેલ્લાં પાંત્રીસ વર્ષથી સતત યુવા અભ્યાસુ મંડળીઓ સાથે ગુજરાતની 'સાંસ્કૃતિક સફરો' ખેડતાં સાંસ્કૃતિક કર્મશીલ ડૉ.સરૂપ ધ્રુવનો આ સાંસ્કૃતિક હસ્તક્ષેપ સમયસરનો અને સચોટ લાગે છે. આ હાથપોથીઓ જરૂરથી સાંસ્કૃતિક, સામાજિક અને રાજનૈતિક બાબતોમાં રસ ધરાવતા યુવાઓ, અભ્યાસુઓ, તાલીમાર્થીઓ, વિદ્યાર્થીઓ તેમ જ કર્મશીલો માટે નવા સાંસ્કૃતિક ઉઘાડની દિશા ચીંધનાર દીવાદાંડી તરફની લટાર પૂરવાર થશે.

ગઇ સદીમાં હિટલરના સમયના જર્મનીએ આપણને (સમગ્ર માનવજાતને) શીખવેલો પેલો પાઠ આપણે કદી ભૂલી ન શકીએ. 'ફાસીવાદ હંમેશા સંસ્કૃતિના માર્ગે આવે છે અને પછી તે આખાયે સમાજના દિલો-દિમાગ ઉપર કબ્જો જમાવે છે.' જર્મનીના એ કાળમાં જ બર્તોલ્ત બ્રેખ્તે આ હકીકતને હંમેશા માટે યાદ અપાવવા જ પેલી પ્રસિધ્ધ કાવ્યપંક્તિ સર્જી હતી-

"શું અંધકારનાં પણ ગીત ગવાશે?...

હા! અંધકારમાં અંધકારનાં પણ ગીત ગવાશે...!"

આ સફરનામા 'અંધકારમાં અંધકારનાં ગીત' સમાન છે.

**હિરેન ગાંધી**

22 મે, 2015.

## ... થોડુંક પહેલાં

સાંસ્કૃતિક તાલીમાર્થીઓની સાથે બેસીને ચિંતન અને રચના ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાસની ભૂમિકા ચર્ચી રહ્યાં હતાં. સ્વાભાવિક રીતે જ જૂથમાંથી પ્રશ્ન આવ્યો કે આને આપણે શા માટે 'સાંસ્કૃતિક પ્રવાસ'કહીએ છીએ?

જવાબમાં રચનાએ કહ્યું કે આ પ્રવાસનો મુખ્ય હેતુ ગુજરાતની સંસ્કૃતિનો પરિચય આપવાનો નાનકડો પ્રયાસ છે.

શેખરના મનમાં લાગલો સવાલ ઊઠ્યો અને એ તેણે બધાંની વચ્ચે મૂક્યો: ''આ 'સંસ્કૃતિ' તે 'કોની' સંસ્કૃતિ? ગુજરાત તો ભાતીગળ પ્રદેશ છે છતાં પણ અમુક સંસ્કૃતિને જ 'મુખ્ય પ્રવાહની સંસ્કૃતિ', 'આ જ તો છે ગુજરાતની સંસ્કૃતિ' એમ કહીને સમાજના તમામ વર્ગો- સમુદાયો ઉપર લાદવામાં આવી છે... તો પછી આપણે પણ..?''

''શેખર, આમ તો તારી વાત સાચી છે; આપણે કદાચ ઉપર ઉપરથી તો કહેવાતા મુખ્ય પ્રવાહની સંસ્કૃતિને ઓળખવાનો પ્રયાસ કરવાનાં છીએ પણ એમ કરતાં કરતાં સ્વાભાવિક રીતે જ એની સમાંતરે અને તેનાથી સામા પ્રવાહે ચાલતી લોકસંસ્કૃતિઓ અથવા તો હાંસિયા ઉપર ધક્કેલી દેવાયેલા લોકસમુદાયોની સંસ્કૃતિઓ વિશે પણ સીધી યા આડકતરી ઓળખ મળવાની જ છે. ખરેખર તો એ સવાલો મહત્વના છે કે આ પ્રયાસથી સંસ્કૃતિ વિશેની આપણી સર્વસાધારણ (જનરલ) સમજદારીમાં શો ઊમેરો થશે? કેવા પૂર્વગ્રહો-ગેરસમજો ઓગળશે? આખરે તો આપણે સૌ સાંસ્કૃતિક ફાસીવાદનો





સામનો કરી રહ્યાં છીએ; તો એ સંદર્ભે આ પ્રવાસ આપણી સજ્જતામાં શો વધારો કરી શકશે એ નોંધવાનું છે.''

મીના અને યાસ્મિન અંદરોઅંદર કંઇક ગૂસપૂસ કરી રહ્યાં હતાં. ચિંતને પૂછ્યું: ''અરે, અંદર અંદર કેમ મૂંઝાઓ છો? કંઇ પૂછવું છે તમારે?''

છેવટે મીનાએ મૌન તોડ્યું: ''ચિંતનભાઇ, આ સંસ્કૃતિ શબ્દ જરા બરોબર સમજાવો ને!''

### સંસ્કૃતિ અને સભ્યતા એટલે?

ચિંતને મંડળી તરફ ભરપૂર નજર નાંખીને શરૂ કર્યું: ''માનવ સમાજના વિકાસની સાથે સંકળાયેલા બે મહત્વના મુદ્દા છે- સભ્યતા અને સંસ્કૃતિ.''

મંડળીમાં વળી ગણગણાટ શરૂ થયો: ''સંસ્કૃતિની વાત કરતાં હતાં એમાં આ 'સભ્યતા'વળી ક્યાંથી આવી?''

''સભ્યતા એટલે તો સારી રીતભાત-ને?''

''પેલું રીક્ષામાં લખેલું હોય છે ને... 'સભ્યતાથી બેસવું!''

''તે એને ને આ સંસ્કૃતિને શું લાગેવળગે?'' થોડાક સ્ફૂટ અને થોડાક અસ્ફૂટ સવાલો તરતા થયા.

લાક્ષણિક સ્મિત સાથે ચિંતને આગળ ચલાવ્યું: ''એક શબ્દના ઘણી વાર એક કરતાં વધારે અર્થો નીકળતા હોય છે.મોટેભાગે એકબીજા સાથે સંકળાયેલા પણ હોઇ શકે. આપણા સંદર્ભમાં 'સભ્યતા'નો અર્થ જોઇએ તો, જીવનને સરળ અને આરામદાયક બનાવવાની ટેક્નીક તે સભ્યતા. જેમાં રહેઠાણો બનાવવાં, પોષાક પહેરવા અને તે બનાવવા, રસોઇ કરવી ને જમવી, નાનાં મોટાં ઓજારો-સાધનો ઘડવાં ને વાપરવાં, વાહનો બનાવવાં અને તેનો ઉપયોગ કરવો, આરોગ્ય જાળવવા સફાઇ-ઇલાજથી માંડીને ઓપરેશન ને ટ્રાન્સપ્લાન્ટ સુધીની ટેક્નીકો વગેરે 'સભ્યતા' ના રૂપો છે. ટૂંકમાં, જીવન જીવવાનાં

સંસાધનો (મિકેનિઝમ-રિસોર્સિઝ)... જેનો ક્રમિક વિકાસ થતો રહે અને વિજ્ઞાન-ટેક્નોલોજી સાથે તે આગળ વધતાં રહે તે સભ્યતા.''

રચનાએ જોડ્યું: ''... અને માનવસમાજનાં વલણો, વર્તનો, આશાઓ, ટેવો-આદતો, ભાષા-બોલીઓ ઉપરાંત અભિવ્યક્તિની અલગ અલગ રીતો-ગાવું, નાચવું, વાદ્યો વગાડવાં, માત્ર રહેઠાણ સિવાયનાં મકાનો બાંધવા, કળા-સ્થાપત્ય ઉપરાંત આસ્થા-શ્રદ્ધા, એને જીવંત રાખવાની પરંપરાઓ, વિધિઓ, રૂઢિ-રિવાજો, તહેવારો... આ બધાંને આપણે 'સંસ્કૃતિ'નાં રૂપો કહીશું. જેના ઘડતરમાં અને પ્રસારમાં ધર્મોનો મોટો ફાળો હોઇ શકે. આમ જુઓ તો સભ્યતા અને સંસ્કૃતિ જીવંત તત્વો છે અને માનવ સમાજ સાથે હંમેશા સંકળાયેલાં હોય છે.''

આ સાંભળીને ધીરજને પ્રશ્ન થયો: ''બહેન, સંસ્કૃતિ એટલે તો જે કાંઇ બાપદાદાના વારાથી ચાલતું આવે છે, જૂનવાણી છે - એ નહિ?'' રચનાથી હસી દેવાયું, ''સારું કર્યું પૂછી લીધું- પણ હવે આ સુધારી લેવા જેવી ભૂલ છે. આ માટે 'ઇતિહાસ', 'પરંપરા'વગેરેની સમજણ પણ સ્પષ્ટ કરી લઇએ. ઇતિહાસ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે- જેનો અર્થ છે- ઇતિ હ આસ- એટલે કે આમ બન્યું હતું. સ્વાભાવિક રીતે આ હકીકત, તથ્ય સાથે જતો મુદ્દો છે અને ભૂતકાળનો મુદ્દો છે. એ વાત સાચી કે માનવસભ્યતા અને સંસ્કૃતિનો પણ ભૂતકાળ હતો પણ એ આજે પણ જીવે છે તે એના એ રૂપે નહિ; બદલાય પણ છે અને અમુક વખત સદંતર લોપાઇ જાય છે- ભૂંસાઇ જાય છે. પરંપરાનો મતલબ છે 'સાંકળ'... જે એકધારી ચાલતી આવે છે. કેટલીક પરંપરા ઐતિહાસિક છે તો કેટલીક જીવંત-હજી ચાલુ છે. જેમ કે ભારતમાં સતી થવાનો રિવાજ હવે ઐતિહાસિક પરંપરા બની ગયો છે પણ દિવસમાં પાંચ વખત નમાઝ પઢવી તે એક જીવંત પરંપરા છે. આવાં ઉદાહરણો તમે જાતે શોધી શકો.''

ચિંતને આગળ કહ્યું: ''આપણા આ પ્રવાસને લાગેવળગે છે ત્યાં સુધી આ પ્રવાસમાં તમને ઇતિહાસ, પરંપરા, જીવંત સભ્યતા-સંસ્કૃતિ બધાંને જોવા





તપાસવાના મોકા મળશે. બધું જોતાં-સમજતાં તમે આ બધાં વચ્ચેનો સંબંધ અને તફાવત પણ ઓળખતાં થશો અને ખાસ તો, સ્થાપિત હિતો, સંસ્કૃતિ-પરંપરા-ઇતિહાસ વગેરેનો ઉપયોગ કે દુરૂપયોગ કેવી રીતે પોતાને મનફાવતી રીતે કરે છે તે પણ સમજતાં થશો. સરવાળે, આ પ્રવાસ તમારી અંદરના સવાલોને બહાર લાવશે.''

રચનાએ પૂરું કરતાં કહ્યું, ''... અને આ સવાલોના જવાબોની શોધ આપણી સહિયારી હશે. જવાબો પણ બધા જ મળી જશે એવી ખાત્રી ન અપાય....કદાચ નવા સવાલો ઊભા થશે, એટલું અચૂક! સંસ્કૃતિ મહાન જ હોય, એનું ગૌરવ કરવું જ પડે, એને માન આપવું જ પડે એવી શિખામણો અને માન્યતાઓથી મુક્ત થઇને, સંસ્કૃતિ સામે સવાલો પૂછતાં થઇએ એની આ શોધયાત્રા બનશે, એટલું નક્કી.'' ચિંતને બધાંને પૂછ્યું- ''હજી કોઇને કંઇ પ્રશ્ન હોય તો પૂછો.ચાલુ પ્રવાસે બહેન તમારી સાથે વાતો તો કરશે જ, છતાંય પૂર્વભૂમિકા સંદર્ભે બાકી રહેતું હોય તો નિ:સંકોચ અત્યારે જ પૂછી લેશો તો સરળતા રહેશે.''

## 'ગુજરાત' એટલે?

બાદલે સહેજ સંકોચ સાથે સવાલ કર્યો, ''આમ તો ગુજરાત વિશે વધુ જાણવા-સમજવા તો મળવાનું જ છે પણ એક પાયાનો મુદ્દો રહી જતો લાગે છે. આ 'ગુજરાત' નામ કેવી રીતે પડ્યું હશે? દરેક નામની પાછળ કોઇ ને કોઇ મતલબ તો હોય જ ને? જેમ કે, મોટું રાષ્ટ્ર તે 'મહારાષ્ટ્ર', રાજાઓનું સ્થાન તે 'રાજસ્થાન', દેશની બરોબર મધ્યમાં આવ્યો તેથી 'મધ્યપ્રદેશ'... તો ગુજરાતનું શું?''

વંદનાએ વચ્ચે જ કહ્યું, પણ એના અવાજમાં સંકોચ હતો- ''મને થોડોક ખ્યાલ છે, કહું? અમે ગુજરાતી ભાષાવિજ્ઞાન ભણતાં ત્યારે આ જ મુદ્દો નીકળેલો તેથી યાદ છે. 'ગુજરાત' શબ્દ 'ગુર્જર રાષ્ટ્ર'માંથી ઊતરી આવેલો શબ્દ છે. ગૂર્જરજાતિના લોકોએ વસાવ્યું તેથી 'ગૂર્જરરાષ્ટ્ર'-એમ માનવામાં આવે છે.''

હમિદના કાન ચમક્યા ''યહ ગૂર્જર લોગ તો વે જાટ- ગુજ્જર કહે જાતે હૈં, વહી ના?''

''હા, એ જ લગભગ.''

''પણ હાલમાં તો ગુજ્જરો હરિયાણા ને પંજાબમાં વસે છે ને?''

''હા, પણ પ્રજાઓ અને અનેક જાતિ-સમુદાયોની અવરજવર તો હજારો વર્ષોથી અહીં થતી રહી છે. ત્રણ તરફ સમુદ્ર અને એક તરફ હિમાલયવાળા આ ભૂખંડનું બહુરંગીપણું તેની ભૌગોલિક સ્થાન- સ્થિતિને પણ આભારી છે.''

''બહેન, તમે કેમ ભૂખંડ શબ્દ વાપર્યો? - દેશ નહિ?'' મીનાના સાદા સવાલનો જવાબ ચિંતને આપ્યો ત્યારે સમજાયું કે ખરેખર, દેશ-રાષ્ટ્ર-રાજ્ય... જેવા શબ્દો સમજવાની પણ જરૂર હોય છે. ''આપણો દેશ 'ભારત' એક રાષ્ટ્ર તરીકે તો દોઢ સોએક વર્ષથી જ ઓળખાય છે. અને આપણે જેને 'રાષ્ટ્ર'કહીએ છીએ તે અભિગમ(ખયાલ) મૂળે આધુનિકતાની દેણ છે. મતલબ રાષ્ટ્ર-રાજ્યની ભાવના-વિભાવના લગભગ દોઢ સો - બસો વર્ષ દરમ્યાન જ ઘડાતી આવી છે. પણ સદીઓથી અહીં કેટલીયે પ્રજાતિઓ આવતી રહી છે, વસતી રહી છે, સ્થળાંતર કરતી રહી છે. ભારતની ત્રણ બાજુએ દરિયો છે, અને ઉત્તરે પર્વતમાળાઓ છે. આ તમામ રસ્તેથી આર્યો, શકો, હૂણો એવા અનેક સમુદાયો અહીં આવ્યા, અહીંના નદીકિનારાનાં ફળદ્રૂપ મેદાનોમાં વસવાટ કર્યો, ખેતી કરી, ગામ વસાવ્યાં... સભ્યતા અને સંસ્કૃતિ- બંને ખિલવ્યાં. આ ગૂર્જરો વિશે પણ કેટલાક વિદ્વાનોના મત છે કે તેઓ મધ્યએશિયા અને રશિયાની દક્ષિણે આવેલા જ્યોર્જિયા નામે પ્રદેશમાંથી દોઢેક હજાર વર્ષ પહેલાં પોતાનાં પશુધન સાથે અહીં ઊતરી આવ્યાં હતાં અને પશ્ચિમ ભારતના આ વિસ્તારોમાં વસ્યા. જે ગૂર્જરો અહીં વસ્યા, તેમના નામ ઉપરથી આ વિસ્તારને 'ગૂર્જરદેશ' કે 'ગૂર્જર રાષ્ટ્ર' નામ મળ્યું. ઉચ્ચારભેદે, લોકજીભે ઘસાતાં ઘસાતાં એ ગુજરાત બન્યું તે પણ છેક 13-14 મી સદી પછી. 11મી સદીમાં મોહમ્મદ ગઝની સાથે આવેલા તેના ઇતિહાસકાર બરનીએ પોતાના





ઇતિહાસમાં આ પ્રદેશને 'ગુજ્જેરાત' તરીકે ઓળખાવ્યો. અંગ્રેજોથીયે પહેલાં અહીં પોર્ચુંગીઝો આવેલા, તેઓ વળી 'ગુઝેરાટ' બોલતા અને લખતા. આમ ફક્ત 600 વર્ષથી આ પ્રદેશ 'ગુજરાત' તરીકે ઓળખાયો એમ કહેવાય.'' ચિંતને નામકરણની વિગતો આપી.

રચનાએ ઊમેર્યું: ''જો કે આજે જેને 'ગુજરાત' કહીએ છીએ એ એની રાજકીય ઓળખ છે અને 1960માં ઓફિશ્યલી આ વિસ્તારને આ નામ મળ્યું એમ કહેવાય. આજે એના અલગ અલગ ભૌગોલિક વિભાગો છે, તે મધ્યકાળથી સ્વાતંત્ર્ય સુધી વળી અલગ અલગ પ્રાદેશિક રાજ્યો / રજવાડાં હતાં; જેમ કે ઉત્તર ગુજરાતમાં વડનગરથી સાબરમતી સુધીનો પ્રદેશ આનર્ત કહેવાતો; જે પુરાણોમાં ઇ.સ.5મી થી 11 મી સદી દરમ્યાન, ઓળખાયો છે. નર્મદા કિનારાથી છેક મહારાષ્ટ્રના નાલા સોપારા સુધીના પ્રદેશને 'લાટ' કહેવાતો. જૈન પ્રબંધોમાં આ નામ જાણીતું છે. પુરાણો અને મહાભારતમાં જેને 'સુરાષ્ટ્ર'કહ્યો છે તે આજનું સૌરાષ્ટ્ર છે. 'કચ્છ'નો કોઇ પ્રાચીન ઉલ્લેખ નથી. ફક્ત મધ્યકાલીન ઇતિહાસમાં કચ્છ તો સિંધના એક ભાગ તરીકે ઓળખાતો અને એ સિંધ તો આજે પાકિસ્તાનમાં છે. અને ખરું પૂછો તો આ તો નજીકનો બે-અઢી હજાર વર્ષનો જ ઇતિહાસ છે; એથીયે પહેલાં મોંએં-જો-દડો અને લોથલ, ધોળાવીરા ને દેશળપરની વાત કરીએ તો વળી સિંધુસભ્યતા દરમ્યાન આ ભૌગોલિક વિસ્તારનું નામ વળી શુંએ હશે?... લિપિ સમજવાના અભાવે કે લેખિત ઇતિહાસના અભાવે આપણે એ સમય વિશે તો અંધારામાં જ છીએ! એ પણ 'ગુજરાત'ના ભૌગોલિક સીમાડા કહેવાય!''

''હજી વિગતોમાં થોડાં ઊંડાં ઊતરીએ તો આખો સૌરાષ્ટ્ર તો 300 થી યે વધુ રાજ્યો- રજવાડાંનો પ્રદેશ હતો. જેના મુખ્ય ભાગો જાણીતા છે તે કહું તો જૂનાગઢને 'સોરઠ' કહેતા, અમરેલીને 'બાબરિયાવાડ', જામનગર તે 'હાલાર', સુરેન્દ્રનગર તે 'ઝાલાવાડ', ભાવનગર તે 'ગોહિલવાડ', રાજકોટ-પોરબંદર તે 'બારાડી', અને દ્વારકા તે 'ઓખો' નામે ઓળખાતાં. અને આખું

સૌરાષ્ટ્ર 'કાઠિયાવાડ' કેમ કહેવાય તે જાણો છો?- હજારો વર્ષ પહેલાં ભૂમધ્ય સમુદ્ર તરફથી ઊતરી આવેલા સિથિયનો તે કાઠીઓ કહેવાયા અને એમનો પ્રદેશ તે કાઠિયાવાડ! હવે કહો, કેટકેટલા સમુદાયોની મા-ભોમ છે આ કહેવાતું ગુજરાત?!''

''અચ્છા... એનો મતલબ એ કે આજે જે ગુજરાત કહેવાય છે એના તો અનેક ટુકડા હતા...'' શેખરે પોતાની રીતે સમીકરણ માંડ્યું.

''એને ટુકડા કેમ કહેવાય? એ બધા અલગ રાજકીય વિભાગો હતા. અમુક અંશે ભૌગોલિક વૈવિધ્ય પણ હતું જ... અને આજે પણ દરેક વિસ્તારમાં કંઇક આગવી ખાસિયતો બચી ગઇ છે. આપણને આ વૈવિધ્ય પણ જોવા મળશે.'' રચનાએ કહ્યું.

''સરવાળે, એક વાત યાદ રાખવા જેવી ખરી કે આપણે અમુક-તમુક વિસ્તારની સંસ્કૃતિ વિશે અભિમાન રાખતાં હોઇએ છીએ કે આ તો 'અમારી આગવી'સંસ્કૃતિ! હવે વિચારો- અહીં કેટકેટલું મિશ્રણ અને કેટકેટલો પરસ્પરનો પ્રભાવ પડ્યો છે તે સમજવા જેવું છે! 'આગવું'એટલે શું- એ પણ વિચારતાં રહેજો. સભ્યતા અને સંસ્કૃતિ વિવિધ સમયગાળે, વિવિધ પ્રકારની માનવજાતિઓ વચ્ચેના સંબંધો-સંપર્કો અને આદાન-પ્રદાનથી જ આકાર લેતી હોય છે. માનવજાતનો આખો ઇતિહાસ આવા મેળાપો અને મિશ્રણોનો જ ઇતિહાસ છે. એમાં શુદ્ધ, શ્રેષ્ઠ, ઉચ્ચ, પવિત્ર... એવું બધું કંઇ નથી- ન હોઇ શકે; અને જે લોકો આવી વાતો કરે છે, આવા હઠાગ્રહો રાખે છે તેમનો એમાં કંઇક સ્વાર્થ હોય છે એ પણ પકડજો.'' ચિંતને જાણે નવી કેડી ચિંધી આપી.

રચનાએ સમેટતાં કહ્યું, ''અમને લાગે છે કે આપણો આ પ્રવાસ આ તબક્કે કંઇક નવી સમજ અને કંઇકંઇ નવા પ્રશ્નો ઊભા કરશે... જરૂર પડશે આંખ, કાન, મન અને મગજને ખુલ્લાં રાખવાની- હું તો કહીશ- ખુલ્લાં હૈયે જોજો ને જાણજો. મનમાં જે લાગે તે નિખાલસતાથી બોલજો. 'સંસ્કૃતિ' સામેના મૌનની





સંસ્કૃતિ આપણે તોડવાની છે, એ છે આપણા પ્રવાસની પહેલી તૈયારી. ફિડબેક મિટીંગ લગભગ રોજેરોજ થશે. બધાં ભાગ લેજો અને વિચારોના આદાનપ્રદાનનો લ્હાવો લેજો. બીજા સામાન વિશે કોઇ સૂચના નથી આપવાની પણ ડાયરી-પેન-ગમે તો ચિત્રપોથી-હોય તો કેમેરા સાથે રાખજો અને સતતનું દસ્તાવેજીકરણ કરતાં રહેજો. મોકળા રહેજો ને મોકળાશની મજા માણજો.''

ચિંતને જાણે છેલ્લી વાત કરી- ''આનંદ સાથે જાણકારી મળશે અને જાણકારીનું વિશ્લેષણ થતું રહેશે. ટૂંકમાં કહું તો જાગૃત નાગરિક બનવાનો આ એક મઝાનો મોકો છે... તો પછી... ઝંપલાવો!''

★★★

# વિભાગ - 1: મધ્ય ગુજરાત

## મુકામ - 1

## મહેમદાવાદ

અમદાવાદની જશોદાનગર ચોકડી ઝડપભેર પસાર કરતાં, હાથીજણ તરફ બસને વાળીને, ખેતરો-મંદિરો-પાર્ટીપ્લોટ-ફાર્મહાઉસ અને પગપાળા ડાકોર-સંઘ માટેના વિસામા જોતાં જોતાં, જોતજોતાંમાં ખાત્રજ ચોકડી પહોંચી ગયાં છે પ્રવાસીઓ. સાંસ્કૃતિક પ્રવાસનો મધ્યગુજરાતનો તબક્કો શરૂ થઇ ગયો છે. અમદાવાદનું પાડોશી બની ગયેલું મહેમદાવાદ આજનું પહેલું 'જોવાલાયક સ્થળ' છે.

''બેન, યે હમારે લોગાં કો નામોં કો બિગાડને કી કૈસી ગંદી આદત હૈ! અચ્છા ભલા નામ હૈગા- 'મહમૂદાબાદ'... બના દિયા 'મેમદાવાદ', એકદમ ગંવાર જૈસા!'' યાસ્મિનની ખીજ વાજબી ખરી કે નહિ?

''અરે, એ તો ભઇ, આપણા ખાસા મજાના 'અહમદાબાદ'નું 'અમદાવાદ'ના કરી મૂક્યું! એમાંય અમારા ગોમતીપુર-સરસપુરમાં ઘૈડિયાં તો 'અંદાદ - અંદાદ' જ બોલે''. ધીરજે ઉમેર્યું.

''એ ભાઇ! નામોને સમૂળગાં બદલીને સરકારો કર્ણાવતી-બંગાલૂરૂ-ગોમાંતક કરી નાખે એનાં કરતાં લોકજીભે જરાક આમતેમ બોલાય એમાં શું ખાટુંમોળું થઇ ગયું? કાલ ઊઠીને 'મહાગ્રામ' લખવું-બોલવું પડે, એનાં કરતાં 'મેમદાદ' શું ખોટું?!'' શેખરે પૂર્ણવિરામ મૂક્યું.





''બહેન, આ મેમદાવાદ વિશે વાત માંડોને!'' રાબેતા મુજબ બાદલે શરૂઆત કરી.

''મહમૂદ કે મહોમ્મદ બેગડાને તો તમે જાણો જ છો.'' મીના પટ્ બોલી, '' લે, આવડું મોટું જૂનાગઢ ના જોયું? ને પછી દીવ... ? જૂનાગઢ ને પછી અહીં પાવાગઢ- બબ્બે ગઢ જીત્યા એટલે 'મહોમ્મદ બેગડો' કહેવાયોને?''

''પણ 'બેગડો' શબ્દનો બીજો અર્થ પણ બહેને કહેલો- આખલાના વાંકડાં શિંગડાં જેવી મોટી વાંકડી મૂછો ધરાવતો હતો એટલે પણ કહેવાયો મહોમ્મદ બેગડો!'' વિલ્સને જોડ્યું.

''ચાલો, પાસ - પાસ - યાદશક્તિમાં બધ્ધાં પાસ! બહેન, આગળ કરો...'' શેખર; બીજું કોણ?!

''સાચી વાત! આપણો આ મહોમ્મદ બેગડો ખરેખરો પરાક્રમી સુલતાન હતો. અમદાવાદ - ગુજરાતના સુલતાનોમાં સૌથી મશહૂર સુલતાન કહેવાય છે આ બેગડો.'' આમિરે રચનાને વચમાં જ પૂછી લીધું: ''યે સુલતાન લોગ મુગલ હી થે ના?''

''લે, સારું કર્યું -પૂછી લીધું.'' આમિરના પ્રશ્નના જવાબામાં રચનાએ વિસ્તારથી જે કંઇ માહિતી આપી, તેને ટૂંકમાં કંઇક આમ મૂકી શકાય:

તેરમી સદીમાં દિલ્હી સલ્તનત જે ઘોરીના શાસન નીચે ચાલતી હતી તેની સામે કેટલાક મુસલમાન સરદારોએ બળવો કર્યો અને આ તરફ ગુજરાત રાજસ્થાન સુધી પાંખ લંબાવી. રાજસ્થાનનો હિંદુ રાજા પૃથ્વીરાજ હાર્યો પણ એના પિત્રાઇઓ વગેરેએ રાજસ્થાનને મુસ્લિમ શાસન નીચે જવા દીધું નહિ. જ્યારે ગુજરાતમાં સોલંકી પછી સત્તા ઉપર આવેલા વાઘેલા વંશનો રાજા કર્ણદેવ નબળો હતો. ગુજરાતમાં પણ ફાટફૂટ હતી. કહેવાય છે કે ગુજરાતના એ રાજાના મંત્રીઓએ સામે ચાલીને દિલ્લીના સુલતાન અલ્લાઉદ્દીન ખિલજીને ગુજરાતનું શાસન હાથમાં લેવા આમંત્રણ આપ્યું.

શરૂઆતમાં તો કર્ણદેવે સામનો કર્યો પણ પછી ભાગી છૂટ્યો. દક્ષિણ ગુજરાતના સોનગઢમાં બાગલાણનો પ્રાચીન કિલ્લો હતો તેમાં સંતાયો અને મર્યો. એને ગુજરાતનો છેલ્લો હિંદુ ક્ષત્રિય શાસક કહે છે. ઇ.સ.1399માં પાટણની ગાદી પર દિલ્લીના સુલતાનોના સૂબા નિમાયા. આવા સૂબાઓએ બળવો કરીને પોતાની સ્વતંત્ર સલ્તનત ગુજરાતમાં સ્થાપી. પહેલો સુલતાન મુઝફ્ફરશાહ હતો; જેના વંશમાં ગુજરાતના સુલતાનો શાસનકર્તા બન્યા. આ સુલતાનો જન્મે-જાતિએ મોગલ નહોતા. મોગલો તો ત્યાર પછી 15મી સદીમાં દિલ્હીના શાસકો બન્યા- બાબર પહેલો મોગલ બાદશાહ બન્યો પણ ગુજરાતમાં તો સુલતાનો જ શાસકો હતા- છેક અકબરના સમયમાં મોગલોના હાથમાં ગુજરાતની સત્તા આવી ઇ.1572-73. જાતિ-વંશની રીતે સુલતાનો તુર્ક હતા. અમદાવાદ પહેલાં પાટણ ગુજરાતના સુલતાનોની રાજધાની હતું. અમદાવાદની સ્થાપના ઇ.1411માં થઇ ત્યારે અહમદશાહ પાટણનો રાજા હતો અને અમદાવાદને એણે કેટલાક અંશે પાટણની રીતે- એ જ શૈલીમાં બંધાવવા કોશીશ કરી હતી. અહમદશાહના વંશમાં, ત્રીજી પેઢીએ મહોમ્મદ બેગડો જન્મ્યો. (ઇ.1458). એનું જન્મનામ ફત્તેહખાન હતું. બાળપણથી જ પરાક્રમી હતો. કુસ્તી, તલવારબાજી વગેરે રમતનો શોખીન હતો. એના નામે જાતજાતની વાયકાઓ ચાલે છે અને મુસ્લિમ ઇતિહાસગ્રંથોમાં પણ લખેલું છે કે લડાયક સ્વાભાવનો આ સુલતાન ખાણીપીણી, બાગબગીચા અને સ્થાપત્યકલાનો ગજબ શોખીન હતો. મહેમદાવાદ, ચાંપાનેર જેવાં શહેરો જ નહિ, અમરાઇવાડી (બાગે ફિરદૌસ), કનીજ જેવાં ગામો વસાવ્યાં, આંબા-ચીકુ વગેરે ઉપજાઉ વૃક્ષોની વાડીઓ રોપાવી અને બાગાયતી કલાને પ્રોત્સાહન આપતો હતો. ‘મિરાતે સિકંદરી’ નામના ઇતિહાસગ્રંથમાં બેગડાને વળી ‘ગુજરાતનો અકબરશાહ’ કહ્યો છે.”

“વાહ, ટૂંકમાં એક સફળ શાસક થવાના બધા જ ગુણો એનામાં હતા, એમને?” બાદલે સારાંશ કાઢ્યો.

“પન બેન, અકબર પહેલે હુઆ યા મોહમ્મદ બેગડા?” પરવીનને સ્વાભાવિક સવાલ થયો.





“અલબત્ત, મોહમ્મદ બેગડો જ. એનો સમય 15મી સદી; અકબર તો એના પછી 100 વર્ષે શાસક થયો હતો; પણ આપણા ઇતિહાસકારો આવી આવી સરખામણીઓ કરતા રહેતા હોય છે.”

“મુઝે ભી એક સવાલ હો રહા હૈ, બેન! વૈસે અહમદાબાદ બને હુએ ઝયાદા ટાઇમ તો નહિ હો ગયા હોગા. ખાસા બડા શહર થા- બેગડા ઉસકા ખુદમુખત્યાર (સર્વેસર્વા) હોગા, ફિર ભી ઉસને મહેમુદાબાદ ક્યોં બસાયા?” હમિદનો સવાલ. “સારો સવાલ છે હમિદ. રાજાઓ / શાસકોની મોટામાં મોટી મહત્વકાંક્ષા પોતાનો વિસ્તાર વધારવાની રહેતી. બીજી મહેચ્છા પોતાનું નામ અમર થઇ જાય એ! હવે વિચારો કે જો એક નગર વસાવો તો બંને ઇચ્છા પૂરી થઇ કહેવાય કે નહિ?! ત્રીજું કારણ જરાક વિશિષ્ટ છે જે બેગડાની બાબતમાં નોંધપાત્ર છે. આપણે આજે જેને પર્યાવરણ કહીએ છીએ એવા મુદ્દાની સૂઝ બેગડાને ઘણી હતી. ઉપરાંત કહેવાય છે કે તદ્દન શિશુવયમાં (ધાવણો બાળક) હતો ત્યારથી એની દાઇ એને ઇમ્યુન  કરવા થોડું થોડું ઝેર રોજ આપતી, કારણ કે સાવકી માતા-સાવકા ગાદીવારસોનો ભય એના ઉપર સતત તોળાતો; એટલે કોઇ ઝેર આપીને એનું ખૂન કરી ના નાખે એ બીકે નાનપણથી એને ઝેરથી ટેવડાવ્યો હતો. કહેવાય છે કે એના શરીરમાં આટલું ઝેર વ્યાપેલું તેથી એને ગરમી પુષ્કળ લાગતી. કદાચ ત્યારથી જ સૂકી સાબરમતીને તટે વસેલા ગરમ શહેર અમદાવાદની આબોહવા એને માફક નહિ આવી હોય. વળી એના બાગાયાત ને વાડી-વૃક્ષોના શોખે એ ફરવા નીકળતો અને વાત્રક જેવી ભરપૂર નદી, પહોળા પટ અને ખુલ્લી હવા જોઇને એણે નવું શહેર વસાવવાનો નિર્ણય કર્યો હશે.”

“બિલકુલ, આનાથી પેલા ત્રણે હેતુ બર આવ્યા- વિસ્તાર વધારવો, પ્રતિષ્ઠા વધારવી અને ખુશનુમા વાતાવરણનો લ્હાવો લેવો.” બાદલે સાર કાઢ્યો. “તો તો આ શહેરમાં સરસ ઇમારતો જોવા મળશે, નહિ?” વિલ્સનને ઉત્સુકતા હતી. “અં.... અફસોસની વાત એ છે કે બેગડાનો સ્થાપત્યકલાનો

શોખ અહીં સાકાર થયો હશે પણ હાલમાં તો જે મહેમદાવાદ જોઇશું તે એની ભૂતકાલીન ભવ્યતાને નામશેષ કરી દીધા પછીનું છે.''

## આ તે બેગડાનું શહેર?!

વાતવાતમાં મહેમદાવાદમાં પ્રવેશ કરી લીધો. શરૂઆતમાં તો સોએક વર્ષ જૂની, અંગ્રેજોએ પ્રસારિત કરેલા સાર્વજનિક શિક્ષણની પહેલ સમી સોનાવાલા હાઇસ્કૂલ જોઇ. ત્યાર પછી તો કિલ્લાની બહારના ભાગમાં નવી કોલોનીઓ, શાળાઓ, બજાર વગેરે થઇ ગયું છે. ખેડાનાં બીજાં શહેરો જેવી ચમક તો નથી જ. ઝાંખું જણાતું શહેર કદાચ સુવિધાઓની બાબતે પણ પાછળ દેખાતું હતું. ત્યાંથી ફંટાઇને જૂના શહેર તરફ નીકળ્યાં તો નગરકોટના ટુકડા પણ વેરવિખેર પડેલા જોયા. ક્યાંક ક્યાં ટકી રહેલી ઇંટેરી દીવાલને ટેકે ઝૂંપડપટ્ટી ઊભી છે જ્યાં સમાજનાં અત્યંત કંગાળ આર્થિક સ્થિતિનાં દલિતો અને મુસ્લિમોની વસ્તી જોઇ. દૂર મસ્જિદ દેખાઇ પણ એ લગભગ દાયકા - બે દાયકા પહેલાંની લાગી. ''બહેન, બેગડાને અને આ શહેરને કંઇ લેવાદેવા હોય એવું લાગતું નથી!'' શેખર બોલ્યો. ''ખેડા જિલ્લાના આર્થિક-સામાજિક ભેદભાવોનું કંઇક અંશે શિકાર બનેલું આ શહેર છે. આણંદ વિકસી ગયું; અને જાણે નવું બનાવવામાં જૂનું પડી ભાંગ્યું ને નવું અધૂકડું બન્યું એવી લાગણી મને સતત થાય છે. જો કે આ હું જાણતી હતી છતાં, બે'ક અફલાતૂન જોવાલાયક જગ્યાઓ બતાવવી છે તમને.'' બસ શહેર છોડી બહાર નીકળી. રોડે રોડે જ એકાએક પાટિયું વંચાયું- '' ભમ્મરિયો કૂવો.'' હવે ટેવાઇ ગયેલા કનુભાઇ એ ભૂરા પાટિયાની દિશામાં વળ્યા. જરાક જ અંદર જતાં મોટું પાટિયું જોયું. 'સુરક્ષિત સ્મારકની માહિતી વંચાતી હતી પણ ઇમારત જેવું ક્યાંય નહોતું! અચંબા સાથે સૌ નીચે ઊતર્યાં. જરાક રઘવાઇ થયેલી રચના મોટા પાટિયા પાસે બનાવેલા, સિમેન્ટના લાંબાપહોળા ચોતરા ઉપર ચઢી તો ત્યાં સિમેન્ટકોંક્રીટથી બધું છાંદી દીધેલું જોવા મળ્યું.ફક્ત છેક ઉપર જાણે, કૂવાના થાળા જેટલું છીદ્ર રાખેલું પણ એના ઉપર પણ મજબૂત લોખંડની જાળી ફિક્સ કરી દીધેલી. નીચે કૂવાનો થોડો ઢાળ દેખાતો હતો જ્યાં પગથિયાં શરૂ જતાં હતાં. ખલ્લાસ! હજી કંઇ  અફસોસ થાય







**ભમ્મરિયો કૂવો**

એ પહેલાં ક્યાંકથી ચોકીદાર દોડી આવ્યો. એ જ પ્રશ્નો-'' કોણ છો?'' ક્યાંથી આવ્યાં છો? કેમ ભીડ કરો છો?'' એની પૂછપરછનો જવાબ આપ્યા પછી વિલ્સને સામે પૂછ્યું, ''અહીં ભમ્મરિયો કૂવો કહે છે, તે આ જ?'' ''હાસ્તો! તમારી ઑંશ્યો હામું તો સ્! નં આ મોટું પાટિયું મેલ્યું સ્ ત નહીં દેખતા?!'' ''પણ આ તો બધું બંધ કરી દીધું છે!'' ''તો કરે જ ને? ચટલું મોટું મધ થયેલું! ઝેરી એ તો! ઉપરથી અંદર બધું ગેરકાનૂની થવા લાગ્યું ત્ ગરમેન્ટે કૂવો પુરાઇ દીધો!'' ડંડીકો ઝૂલાવતાં ચોકીદારે મંડળીને ઝીણી નજરે જોઇ લીધી. ''મતલબ કે દારૂ-જુગાર-રંડીબાજી... હંધુય ચાલે. પાસે કોલેજ થઇને તોંથી લવરા-લવરીયે મંઇ ભરઇ રે'. આવું તો ના ચાલઅ્ નં?'' કહેતા બબડતાં બબડતાં ત્યાંથી નીકળી ગયો ને દૂર - નાનકડા બાગમાં, ગુલમહોરના છાંયે બેઠેલાં યુગલને હાંકી કાઢ્યું જેમણે સમાજની જાતભાતની દીવાલો ઓળંગીને બગીચાનું શરણું શોધ્યું હતું! ''તો આ છે, ભમ્મરિયા કૂવાની હાલત! ઇ.સ. 1445ની આસપાસ બંધયેલું આ શહેર અને આ પ્રખ્યાત કૂવો બેગડાના

સુવર્ણકાળમાં (પ્રાઇમ ટાઇમ) બંધાયો હતો. અંદર પાણી માટે કૂવો તો હતો જ, ઉપર થાળું-ગરગડી બધું. પણ નીચે કૂવાની સાઇડમાં પથ્થરનાં પગથિયાં, કમાનો, ઓરડા હતા.''

''અરે, આ તો વાવ જેવું જ!'' મીનાને રાણકી વાવ, અડાલજની વાવ... બધું યાદ આવ્યું. ''ખરું - હેતુ સરખા પણ સ્થાપત્ય જુદું. આપણે જોયેલી હિંદુ વાવોમાં ઓરડા નહિ પણ પરસાળો હતી. અહીં ઓરડામાં વિશાળતા અને સુંદરતા બધું જોવા મળે.'' ''હવે ખ્યાલ આવે છે કે, આપણે ઉપરકોટનો નવઘણ કૂવો જોતાં હતાં ત્યારે તમે આ કૂવાનો સંદર્ભ કેમ આપ્યો હતો.'' શેખરે યાદ કરીને કહ્યું.

''જો આ બરાબર જોવા મળ્યો હોત તો વધારે ખાત્રી થાત. જો કે મારાતમારા જેવાના નિરીક્ષણ કે અભિપ્રાયની શી કિંમત?'' રચનાના અવાજમાં હતાશભરી ખીજ હતી. ''બેન, દોનોં કૂંએ બેગડેને હી બનવાયે યે સાબિત કરને કી ઇતની ઝિદ કયોં?'' આમિરને સાદોભોળો સવાલ થયો.

''કેમ નહિ? આ ગુજરાતને, હિંદુસ્તાનને આબાદ કરવામાં, સજાવવામાં મુસ્લિમ શાસકોએ પણ કદી દિલચોરી નથી કરી. પોતીકું માનીને પ્રજાકલ્યાણનાં કામ કર્યા છે. એવાંને 'સારા શાસક' કહેવા જેટલી કૃતજ્ઞતા તો હોવી જોઇએ ને?! દેશ કંઇ હિંદુ ઉદાર રાજાઓનો જ નથી! સામાન્ય લોકોની એટલી ગેરસમજ દૂર કરવાનું કામ વિદ્વાનોએ ફરજ સમજીને ના કરવું જોઇએ?! એ લોકો પણ પક્ષપાત અને પૂર્વગ્રહોવાળી દંતકથાઓના આધારે ઇતિહાસને હંકારે તે કેમ ચાલે?!'' ''સહી કહા બેન, કભી કભી ઐસી છોટી છોટી કદ્રદાની સે હી દોનોં કોમોં કે બીચ નઝદીકિયાં બઢ સકતી હૈગી.'' પરવીનનો આશાવાદ સૌ કોઇનો હતો.

''આ કૂવામાં ભોંયરાં હતાં જે છેક અમદાવાદના ભદ્રના કિલ્લામાં આવેલા આઝમખાનના મહેલમાં ખૂલતાં હતાં- મતલબ કે યુદ્ધ કે હુમલા વખતે સલામતી માટે ભાગી છૂટવાની સુરંગો હતી.''





થોડાં ભારે હૈયે સૌ ગાડીમાં બેઠાં. હવે? ''તમે ટ્રેનમાં મહેમદાવાદથી અમદાવાદ જતાં નદી કિનારે એક ખંડેર જેવો મહેલ જોયો છે ? આ ભમ્મરિયા કૂવા જેવું જ અજાયબ સ્થાપત્ય હતું, 'ચાંદા - સૂરજનો મહેલ'. વાત્રક નદીના કિનારે બેગડાએ આ મહેલ બંધાવેલો. એ તો જો કે ક્યારનો પડીને પાધર થઇ ચૂક્યો છે.''

''ઓહો! હો સકતા હૈ બેગડેને ઐસે વક્ત મેં પનાહ લેને કે વાસ્તે ભી યહ શહર બનવાયા હોગા'' - હમિદને રસ પડ્યો હતો.

''પેલાં ભોંયરાં સલામત છે, હજી?'' વિલ્સને 'લપ' છોડી નહિ!

''ના રે, ક્યારનાં પૂરાઇ ગયેલાં છે - મેં પણ નથી જોયાં. પેલી તરફ ભદ્રમાં પણ કોર્ટ, સરકારી કચેરીઓ બેસતી હતી ને હવે 'ભદ્રપ્લાઝા' માં બેગડાની સૂરંગોને ક્યાં શોધવી?!''

''... તો બસ? પૂરું થયું મહેમદાવાદ? આમ તો ધક્કો જ કહેવાય ને?'' જરાક નિરાશાથી ધીરજ અકળાઇ ગયો.

''ના, એક ખરેખર ખૂબસૂરત જગ્યા બાકી છે.એ તો સલામત હશે. કનુભાઇ, આ જ રોડ પર સીધા લઇ લો ને પછી પાટિયું આવે ત્યાં જમણે.''

બસે જ્યારે હાઇવે છોડ્યો ત્યારે સાંકડો છતાં પાકો અને ઘેધૂર વૃક્ષોથી લીલોછમ રસ્તો પકડ્યો. થોડીવારે એથીયે વધુ ઘેઘૂર લીમડા-પીપળા-ખિજડાથી ઘેરાયેલી બે ઇસ્લામી ઇમારતો દેખાઇ. પાટિયું વંચાયું - 'રોઝારોઝી'.

''ઐં? યે ક્યા? કપલકે હોંગેં?'' આમિરને ટિપિકલ વિચાર આવ્યો. બધાં એની કોમેન્ટ સાંભળવાને બદલે ઇમારત તરફ દોડી ગયાં. ખૂબ સુંદર કમાનો, દીવાલો, થાંભલા અને પરસાળોથી શોભતી બંને ઇમારતો સરખી જ લાગતી હતી- ફક્ત ઊંચાઇમાં થોડો ફરક હતો. અદ્ભૂત સ્થાપત્ય હતું.

વિસ્તાર ખાલીખમ હતો. એક મુંજાવર જેવા લાગતા સજ્જન ચટાઇ ઉપર બેસીને તસ્બી ફેરવી રહ્યા હતા. બીજી ઇમારતમાં બે-ત્રણ સ્ત્રીઓ માથે-ગળે

દુપટ્ટો વિંટીને કુરાનની તિલાવત (વાંચન) કરી રહી હતી. વૃક્ષે વૃક્ષે અનેક પંખીના કલરવ વચ્ચે મોરના ટહૂકા અલગ તરી આવતા હતા. મોટા મોટા અનેક મોર પાંખો ફફડાવતા આમતેમ ઊડી રહ્યા હતા. એક નાની બાળા હાથમાં મક્કાઈના દાણા લઈને મોરને ચણ નાખી રહી હતી. અપરંપાર ખૂબસૂરતી અને નિરવ શાંતિ કશીક અલગ દુનિયામાં ખેંચી જતી હતી. મંડળી ચૂપચાપ આ શાંત સૌન્દર્યને સહેજે છંછેડ્યા વગર બધે ફરી. એક ખૂણે પુરાતત્વના પાટિયામાં લખેલી માહિતી વાંચી જાણકારી મેળવી લીધી. કોઈને કંઈ પૂછવાપણું નહોતું- બધું જાણે સમજાઈ ગયું હતું. અડધોએક કલાક ત્યાં ગાળીને ગાડીમાં ગોઠવાયેલી મંડળીએ મૌન તોડ્યું- “આ જગ્યા, આ રોઝારોઝી જેવા હેરિટેજ વિશે કેમ કોઈ જાણતું નથી? - ઈતિહાસમાંયે એમનું નામ નહિ હોય? “પતા નહીં યે હેરિટેજ - વેરિટેજવાલે કાયકે વાસ્તે બડીબડી પગાર લેતે હૈંગે? ઈસકે બારે મેં તો કિસીકો બતાતે ભી નહીં?!” યાસ્મિનની ખીજમાં બાદલે ઘી ઊમેર્યું. “હેરિટેજ-બેરિટેજ તો વરસનું એક અઠવાડિયું 18 થી 25 નવેમ્બર! બસ, ત્યારે બધી ધાંધલધમાલ ને તમાશાદેખાડા... પછી અંધારું ઘોર!”

“અથવા તો પછી પરદેશના પ્રમુખો-પ્રધાનો આવે ત્યારે પ્રવાસના દૌર અને મંત્રીના મનનો થનગન નાચે મોર!” મહેમદાવાદની હતાશાને હસી કાઢ્યા સિવાય બીજો શો ઉપાય?!

## ખંભાત

“મહેમદાવાદથી તીર્થધામ ડાકોર જતાંજતાં બે વિશિષ્ટ નગરો વિશે ઉલ્લેખ જરૂરી બને છે; એક છે ખંભાત અને બીજું કપડવંજ”. રચનાએ કહ્યું. “ખંભાતનું નામ સાંભળતાં જ ખંભાતનો અખાત યાદ આવે, લોથલનું બંદર યાદ આવે...” વિલ્સને ઊમેર્યું.

“સૂતરફેણી અને હલવાસન પણ યાદ આવે- ખંભાતી તાળાંયે યાદ આવે!” ધીરજની ગમ્મતમાં બાદલે પણ ઊમેર્યું: “ચવાણું અને બરફી પણ યાદ





આવે!” વંદનાએ વળી ઓર ઊમેર્યું- “ક.મા.મુનશીની નવલકથાનો ખતીબ યાદ આવે, ઉદામહેતા અને હેમચંદ્રાચાર્ય પણ યાદ આવે.”



**જૂનું બંદર - ખંભાત**

“વાહ, ખંભાત શબ્દનાં આટલા બધા સંદર્ભો છે, એ તમે જાણો છો, એ જ બતાવે છે કે આ શહેર ખરેખર જાણીતું છે.” રાજપૂતી મધ્યકાળનું સમૃદ્ધ બંદર નવાબી કાળમાં મહેલ-બંગલાથી શોભીતું બન્યું અને વેપાર-હસ્તકલા ઉદ્યોગથી ધમધમતું બનેલું. ભૂતકાળની રંગીન યાદોમાં એક છેલ્લો ઉમેરો કરું કે મોગલોના સમયમાં મહત્વનું બંદર બનેલું ખંભાત જોવા જહાંગીર અમદાવાદથી પોતાનો રસાલો લઈને ત્યાં ગયો હતો- પહેલીવાર જીવનમાં એણે ત્યાંનો દરિયો જોયો હતો!” “આ સાંભળીને બધાંને બહુ રમૂજ થઈ.

“હસવા જેવું નથી; આ હકીકત છે અને તે જહાંગીરની આત્મકથા ‘જહાંગીરનામા’માં લખાયેલી છે.”

“બંદર તરીકે ખંભાતનો વહેવાર દક્ષિણ ભારત, શ્રીલંકા, જાવા, સુમાત્રા, આરબ દેશો અને પોર્તુગાલ સુધી ચાલતો. ખંભાત બંદરેથી ગુજરાતમાં વણાતું એટલું બધું કાપડ વિદેશમાં જતું કે કહેવત પડી હતી: ‘ખંભાત દુનિયાને ઢાંકે છે.’ ચોખા, મસાલા અને અકીક પથ્થરના લાટા અહીંથી વિદેશ નિકાસ થતા. અકીકનાં ઘરેણાં અને ઘરવપરાશની ચીજો તો આજે પણ ખંભાતની વિશેષતાઓ છે.”

“આપણે ખંભાત નહિ જોવાનું, બહેન?” મીનાનો પ્રશ્ન.




જૈનમંદિર

"ખંભાતનો ઈતિહાસ જાણીને કે ખંભાત વિશે લખેલું વાંચીને આજે ખંભાત જુઓ તો કોઇએ તમારી સાથે મજાક કરી હોય એવું લાગે! ત્યાં જૈનમંદિરો છે પણ ઉદા મહેતા કે કુમારપાળના સમયની કોઈ સ્મૃતિ નથી. ત્યાં નવાબી બંગલાઓમાં સરકારી કચેરીઓ બેસે છે. નવાબે બંધાવેલું તળાવ ઉપયોગમાં તો લેવાય છે પણ તે ગંદકી કરવા! ત્યાંના રહેવાસીને એમ કહીએ કે ખંભાત ધમધમતું બંદર હતું તો કહે કે "જોક સારી છે!" "ઔર, મસ્જિદ વગૈરહ ભી હોગા ના?" "ખંભાતની સૌથી મહત્વની જોવાલાયક જગ્યા  જુમ્મા મસ્જિદ- બલ્કે મસ્જિદનાં ખંડેરો. મુગલકાળ કે સલ્તનતથીયે પહેલાં, 13મી સદીમાં મોહમ્મદ તુઘલખના સમયમાં એ મસ્જિદ રચાઇ. તુઘલખ પણ ખંભાત આવ્યાની નોંધ મળે છે. જો કે એ પછી સલ્તનતકાળમાં પણ એ મસ્જિદમાં ઉમેરો-વધારા ને ક્યારેક મરમ્મત પણ થઇ છે. આજે રેતિયા પથ્થરની બનેલી એ ઈમારત સંપૂર્ણ ખંડેર બની ગઇ છે. વચ્ચે સાંભળવા મળ્યું કે ASI વાળા એ ઈમારતની સફાઇ કરવાની કોશિશમાં કોઇ મશીન એવી રીતે ગોઠવ્યું કે મોટો બધો ભાગ ધસી પડ્યો. લોકો હવે એના પથરા-ઈંટો ઉઠાવી જવા માંડ્યા છે... આપણે શું જોવાનું?" પાસે જ મોહમ્મદ બેગડાએ બંધાવેલી વાવના અવશેષો છે. બંદર તો દરિયા-કિનારાના કાંપથી ક્યારનું પૂરાઇ ગયું છે. ઐતિહાસિક નોંધો મળે છે કે પહેલાં 4/5 મી સદીમાં, પ્રતિહાર રાજાઓનું નગર એવું એ સ્કંભતીર્થ / સ્તાંભતીર્થ પણ દરિયો ધસી આવવાથી પુરાઇ ગયું હતું... બોલો, ત્યાં જોવા જેવું હવે શું બચ્યું છે?!"







જુમ્મા મસ્જિદ

"આજકલ ભી ખંભાત મેં સુના હૈ, કુદરતી નહીં- 'મેનમેડ' આફતેં હોતી રહતી હૈં!" આમિરને હકીકતની ખબર હતી.

"હા, સદીઓથી અહીં હિંદુ-મુસ્લિમ સમુદાયો સાથે રહેતા આવ્યા છે, આર્થિક સંબંધો પણ વર્ષોથી છે પણ 2002 પછી વાતવરણ વાતેવાતે ડહોળતું રહે છે. નાનાંમોટાં છમકલાં પણ થતાં રહે છે, જેનાથી ખંભાતની પેલી જૂની ને જાણીતી સમન્વયની ઓળખને જાણે ઊધઇ લાગી ચૂકી છે."

"સાંભળ્યું છે કે અકીક કારીગરો આજે પણ છે પણ પથ્થરના ઘસારાથી ઊડતાં રજકણોથી સિલિકોસીસ નામે ટી.બી. જેવા રોગનો ભોગ બને છે?" શેખરે નવો સવાલ કાઢ્યો જે ઉદ્યોગો અને માનવ સ્વાસ્થ્યને સાંકળતો હતો.

## ગોલાણા

## શહીદોનાં સંભારણાં

ખંભાતની કથા પૂરી થઇ હતી પણ મનમાં એ વિસ્તારની હજી દરિયાની ભેજભરી હવામાં ખારી બૂ હતી. રચનાને ગોલાણા-હત્યાકાંડ રહી રહીને સાંભરતો હતો.



ગોલાણા શહીદ સ્મારક

"તમે કદાચ બહુ નાનાં હશો; તમારામાંથી કેટલાંયનો તો જન્મ પણ નહિ થયો હોય… તમે કોઇએ 'ગોલાણા'નું નામ સાંભળ્યું છે?"

"સાંભળ્યું જ હોય ને બહેન? ગુજરાતના દલિત સમાજમાં ભાગ્યે જ એવો દલિત યુવાન હશે જેણે ગોલાણાના શહીદો વિશે સાંભળ્યું ન હોય!" શેખરના સ્વરમાં કંપ હતો તે ગૌરવનો હતો કે દુઃખનો?!"

"ફિર તો શેખર, તુમ હી બતાઓ ના ગોલણા કે બારે મેં!"

"આ ખંભાત ને નડિયાદ, ખેડા, આણંદ… બધા ગુજરાતના બહુ સમૃદ્ધ અને ફળદ્રુપ વિસ્તારો કહેવાય છે એની પાછળ દલિત ખેતમજૂરોની તનતોડ મહેનત અને લોહી-પરસેવાનો ફાળો છે. આ વિસ્તારના દરબારો અને પટેલોએ આ શ્રમજીવીઓનું શોષણ એક જ રીતે નથી કર્યું- એમની સ્ત્રીઓનું જાતીય શોષણ પણ ભરપૂર ચાલે છે, આભડછેટ તો એવી કે ઢોર કરતાંય દલિતોની હાલત બદતર!"

"એક વાત પૂછું- ખોટું ના લાગે તો…" વંદનાએ ખચકાતાં પૂછ્યુંઃ "દલિત કહીએ એમાં અલગ અલગ સમુદાય પણ હોય છે ને?"

"હા, વણકર, ચમાર- જેને રોહિત કહે છે, સેનવા, વાલ્મિકી જેને પહેલાં ભંગી કહેતાં." "દરેકનાં અલગ અલગ કામ કહેવાય છે ને?" "હા. હજારો વર્ષોથી આ ચાલે છે અને ગુજરાતમાં સવર્ણો આ બધી કોમોને વસવાયાં કહે છે.





જેમનાં શ્રમથી ગામો વસે અને સમૃદ્ધિ થાય; આ વસવાયાંની હાલત જૂના જમાનાના ગુલામો જેવી જ લગભગ. ખેતર-વાડી-તમાકુની ખળી ઉપરાંત ડેલી ને હવેલીમાં પણ આખું કુટુંબ વેઠ-વૈતરાં કરે ને પેટપૂરતું ભીખના બદલે મળે! જાતીય શોષણ તો ખરું જ!"

"યહાં ગોલાણામેં ક્યા હુઆ હૈગા?" યાસ્મિનને રસ પડ્યો.

"ગોલાણામાં પણ દરબારોનું બહુ જોર. જમીનો પણ ઘણી. દલિતોને મળેલી ખરાબાની જમીનો પણ એમની પાસે કાં તો ગિરવી કાં તો હડપ કરેલી. આમ તો સેંકડો વર્ષથી ગુલામી વેઠતા દલિતો '80ના દાયકામાં સભાન થવા માંડ્યાં હતા અને અન્યાય અને અત્યાચાર સામે ધીમો પણ મક્કમ અવાજ ઉઠાવતા થયા હતા. કંઇક તે સમયના ચૂંટણીલક્ષી રાજકારણે પણ વોટબેંક તરીકે એમને પાંખમાં લેવા માંડ્યાં હતા તો કંઇક અમુક બિનસરકારી, માનવઅધિકાર માટે કામ કરતી સંસ્થાઓ (NGO)એ પણ એમની જાગૃતિ સંકોરી હતી." "દરબારો માટે દલિતોની જાગૃતિ ઝટ પચે નહિ તેવી બાબત હતી. એમાં જ્ઞાતિ પ્રથાના ઘમંડની સાથોસાથ આર્થિક મુદ્દો પણ ઉમેરાયો હશે. દલિતો શિક્ષિત થવા લાગ્યા, રોજગારીની બાબતે પગભર થવા માંડ્યાં અને સૌથી વધારે સંગઠન અને સંઘર્ષની જરૂરિયાત સમજતાં થયા એટલે એ રસ્તે આગળ વધી રહ્યા હતા. દરબારો માટે હવે એ લોકો ખતરનાક બન્યા હતા, દરબારો ડરી ગયા હતા. વાતાવરણ ભારેલા અગ્નિ જેવું હતું અને છેવટે એક દિવસ હિંસક હુમલો કરીને જંપ્યા." "મતલબ, દરબારોને દલિતો પર વાર કિયા ઔર માર દિયા?" પરવીને પૂછ્યું. "હા, ગોલાણા ગામની દલિતવાસની શેરીઓમાં ધોળેદહાડે આડેધડ ગોળીબાર થયા, દલિત કર્મશીલો ઘવાયા અને ચાર ભાઇઓ તો તત્કાળ મૃત્યુ પામ્યા. આખા વાસમાં હાહાકાર થઇ ગયો. પેલી સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો-કર્મશીલો પર હુમલા થયા, એમણે છૂપાઇ જવું પડ્યું. ગુજરાતના રાજકીય જગતમાં અને દલિતો સાથે કામ કરતાં સંગઠનો-કર્મશીલોમાં હલચલ મચી ગઇ." "પછી પેલા માથાભારે

લોકોનું શું થયું? પોલિસ કેસ! ધરપકડ?'' ધીરજે અધીરાઇથી પૂછી લીધું. ''જે રીતે માનવ અધિકાર સંગઠનોએ સક્રિયતા અને નિસ્બત બતાવ્યાં એનાં પરિણામે દરબારોની ધરપકડો થઇ, લાંબાગાળે કેસ ચાલ્યા અને જેલ પણ થઇ... પણ ગોલાણાએ દલિત જાગૃતિની દિશાઓ ખોલી દીધી એ નક્કી.'' શેખરે પૂરું કર્યું. ''આ બનાવ ક્યારે બન્યો હતો?'' મીના હંમેશા વાસ્તવિક વિગતો માંગે.

''ઓ... 25 જાન્યુઆરી 1984ના ધોળેદહાડે-ભરબપોરે ગોળીઓ ચાલી હતી.''

''આજે તો ગોલાણા જ નહિ, ગુજરાત આખામાં અને દેશભરમાં દલિતોએ સંગઠન અને શિક્ષણના માર્ગે ખાસી એવી પ્રગતિ કરી કહેવાય. સમાજનાં તમામ ક્ષેત્રોમાં, વ્યવસાયોમાં, મીડિયામાં અને સૌથી વધારે રાજકારણમાંયે કાઠું કાઢ્યું છે. આ બધાંનાં પગરણ આમ તો '70ના દાયકાની 'દલિત પેન્થર્સ' ની ગતિવિધિઓ અને ખાસ તો '81 ના ગુજરાતના 'અનામત આંદોલનથી મંડાયા હતા; પરંતુ એને વેગ મળ્યો જાણે ગોલાણાથી; અથવા તો એમ કહી શકાય કે દલિત પ્રશ્નો, સંઘર્ષો વગેરે વિશેની જાણકારી જ સવર્ણ સમુદાયોને એ અરસામાં મળવા લાગી.''

''ગોલાણાના ગામવાસીઓ અને આસપાસનાં દલિતો, કર્મશીલોએ ગોલાણામાં એક સમાધિસ્થળ બનાવીને એ શહીદોની યાદમાં ખાંભીઓ (સ્મારકો) ઊભી કરી છે.'' શેખરે મુદ્દાને સમેટયો.

ગોલાણાના શહીદોને મનોમન સલામ આપીને મંડળી આગળ વધી. હવે ડાકોર તરફ જવાનું હતું; એ રસ્તે 'ચરોતર'નો પરિચય આપતાં રચનાએ કહ્યું કે આ આખો વિસ્તાર લીલોછમ, પાકસભર અને સમૃદ્ધ છે. લોકો પણ સુખી છે એમ કહેવાય છે. 'ચરોતર'ના નામે આજે ઓળખાતા આ વિસ્તારને જૂના કાળમાં 'ચારુતર'- 'ખૂબ સરસ'કહેતા.''





રચનાની રજૂઆતને ટેકો આપે તેવી કુદરતી સંપત્તિ બધે વેરાયેલી હતી. ત્યાં બે રસ્તા ફંટાતા હતા- એક તરફ લખેલું કપડવંજ; બીજી તરફ ડાકોર.

## કપડવંજ

''કપડવંજ'' - ફિર સે એક ઓર વિચિત્ર નામ! પર યહાં કુછ કુછ લિંક તો બનતા હૈ- 'કપડે' સે... હૈ ના બેન?'' હમીદે તુક્કો લડાવ્યો.

''હાં, એમ જ. આ એક ઐતિહાસિક-મધ્યકાલીન નગરી કહેવાય છે. સોલંકીકાળના જૈન પ્રબંધોમાં આનું નામ 'કર્પટવાણિજ્ય' આવ્યું છે. પરાક્રમી સોલંકી રાજા સિદ્ધરાજનો જન્મ અહીં થયો હતો. ઉપરાંત નગરના નામ મુજબ અહીં કર્પટ - કપાસ અને સુતરાઉ કાપડના વાણિજ્ય-વેપારનો મહિમા ત્યારથી ચાલતો આવે છે. તે સમયના ધનિક વેપારીઓની હવેલીઓનાં વર્ણનો આ પ્રબંધોમાં છે. છેલ્લાં 250-300 વર્ષ દરમ્યાન મુસ્લિમ ધનિકો અને રાજદ્વારી પુરૂષો પણ અહીં થઇ ગયા હતા; એમની હવેલીઓ આજે અહીં જોવા મળે છે, જે સિદ્ધપુરની હવેલીઓ સાથે મળતી આવે છે - જે આપણે જોઇ આવ્યાં છીએ. સોલંકીકાળની વાવ અને કીર્તીતોરણ પણ આજે જળવાયેલાં શિલ્પ-સ્થાપત્ય છે.

અહીંથી જ મધ્યકાલીન શિવમંદિરો ગલતેધર અને ઉત્કંઠેશ્વર તરફ પણ જવાય છે; જે આમ તો જીર્ણાવસ્થામાં હોવા છતાં યાત્રાધામ તરીકે જાણીતાં છે અને થોડાં વર્ષો પહેલાં તો ઉજાણીસ્થળ (પિકનિક સ્પોટ) પણ કહેવાતાં.'' આખા વિસ્તારની હરિયાળી સમૃદ્ધિ જોતાં જોતાં મંડળી ડાકોર પહોંચી. ગુજરાતમાં દ્વારકા, શામળાજી અને ડાકોરના રણછોડરાય અ-સંપ્રદાયિક વિષ્ણુધર્મનાં ધામ છે જેમાં ખૂબ લોકપ્રિય ધામ આ ડાકોર છે.

★★★

## મુકામ - 2

# ડાકોર

## 'લીમડાની ડાળ મીઠી' કે કલમી?



"જો પેલા ભક્ત બોડાણા દ્વારકાથી રણછોડરાયની મૂર્તિ અહીં ના લાવ્યા હોત તો આ ધામ થયું જ ન હોત નહિ?" ધીરજે ડાકોર સાથે દ્વારકાનો સંદર્ભ બરાબર યાદ રાખ્યો હતો.

"હા, પણ એ દંતકથાને સાચી માનવાને બદલે કંઇક અલગ રીતે વિચારવાની પણ અહીં જગ્યા છે."





"કૌનસી દંતકથા બેન? પહેલે વો બતાઇયે, બાદ મેં અલગ રીત..." પરવીનના અવાજમાં આગ્રહ સાથે કુતૂહલ પણ હતું.

"જાણીતી દંતકથા એવી છે કે 13મી સદી- ઇ.સ.માં અહીં ડાકોર ગામ હતું અને અહીંના ભક્ત બોડાણા અને તેમનાં પત્ની ગંગાબાઇ દ્વારકાધીશનાં પરમભક્ત હતાં. વર્ષમાં ઓછામાં ઓછી બે વાર- શરદ પૂનમ અને હોળીની પૂનમે (આસો સુદ અને ફાગણ સુદ) અહીંથી પગપાળા ચાલીને દ્વારકા જતાં. ભક્ત દંપતિ પણ વૃદ્ધ થયેલું. દૂરની યાત્રા અશક્ય બની ગઇ હતી. ભક્તને મનમાં ખૂબ વસવસો થયા કરતો. આજ રટણામાં બોડાણાજીને સ્વપ્નમાં દ્વારકાધીશ દેખાયા, તેમણે આજ્ઞા કરી કે જા, દ્વારકા અને મારી મૂર્તિ અહીં, તારા ગામમાં જ લઇ આવ ને સ્થાપના કર. તને મારા આશીર્વાદ છે, તું ઝટ ત્યાં પહોંચી જઇશ." બોડાણાજી દ્વારકા પહોંચ્યા. મંદિરમાં ગૂગળી બ્રાહ્મણ પૂજારીઓનો કડપ ભારે અને વર્ચસ્વ પણ ખૂબ. મૂર્તિ ચોર્યા વગર કોઇ રસ્તો નહોતો. દ્વારકાધીશે એક રાતે બધા પૂજારીઓને ઘેનમાં નાખી દીધા અને ચૂપચાપ મૂર્તિ લઇને બોડાણાજી ગાડામાં બેસીને ડાકોર આવવા રવાના થઇ ગયા. બીજો ચમત્કાર એ બન્યો કે દ્વારકાથી ડાકોરનું સેંકડો માઇલનું અંતર રાતોરાત કપાઇ ગયું. પેલી તરફ પૂજારીઓની ઊંઘ ઉડી અને શોધાશોધ થઇ ગઇ કે મૂર્તિ ગઇ ક્યાં? કોઇ પત્તો ના ખાધો. કોઇકે કહ્યું કે બોડાણો મૂર્તિને ડાકોર લઇ ભાગ્યો છે... પણ પાછળ સિપાહીઓ દોડાવ્યાથીયે એ પકડાયો નહિ. વળી ડાકોર ગાયકવાડની સરહદમાં અને દ્વારકા વાઘેરવંશની સરહદમાં. જો વધારે ખેંચવા જાય તો બંને સત્તાધારીઓ વચ્ચે લડાઇ થાય, રૈયત પાયમાલ થઇ જાય. દ્વારકાવાળાએ વાત પડતી મૂકી અને તાબડતોબ નવી મૂર્તિ ઘડાવીને સ્થાપના કરી. આ બાજુ બોડાણા દંપતિ વહેલી પરોઢે ડાકોર પહોંચી ગયા ને ભગવાનને પોતાના ઘેર રાખ્યા. એક વાયકા વળી વાતને વધારે છે કે પાછળ પડેલા દ્વારકાના ગૂગળીઓએ બોડાણાને પકડી પાડ્યા અને ભગવાનની મૂર્તિની ભારોભાર સોનું આપે તો મૂર્તિ લઇ જવા દઇએ એમ ધમકી આપી- દાદાગીરી કરી. આમની પાસે એટલું સોનું કયાંથી હોય? છેવટે ભગવાને ત્રીજો ચમત્કાર કર્યો કે પાતે એટલા હળવા થઇ ગયા કે ગંગાબાઇની

નાકની વાળી જે સોનાની હતી એટલું વજન થયું- છોભીલા ગૂગળીઓએ વાળી લઈને ભગવાનને જતા કર્યા. વળી ચોથો ચમત્કાર બાકી જ હતો.''

''ઓ બહેન, મને એક ભજન યાદ આવે છે, એમાં જ હશે એ ચોથો ચમત્કાર. ''આખા લીમડામાં એક ડાળી મીઠી કે રણછોડ રંગીલા!...'' વંદના ગાઇ ઊઠી- ''એ જ ચમત્કારને?''

''મતલબ?'' પરવીન ને આમિર સાથે પૂછી બેઠા?

રચનાએ આગળ વધાર્યું- ''હા, ભગવાને અહીં સવારમાં ઊતરીને દાતણ કરવા જે લીમડાની ડાળી તોડી એટલો લીમડો મીઠો થઇ ગયો; એનું આ ગીત!''

''ગજબ છે ભાઇ, હું તો કે'દિનો કઉં છું કે પરચા વનાનો ધરમ નહિ. આ એમનેમ ડાકોરધામનું માત્મ્ય આટલું બધું હશે?! આપણામાં તો કેવાય છે કે દુનિયાભરની જત્રાયું કરો પણ છેલ્લે ડાકોરની ના કરો તો બધીય અધૂરી!'' કનુભાઇને જાણે પરચાઓનો ખજાનો હાથ લાગી ગયો!

''ગજબ તો એ છે, દોસ્તો કે એક ધામનો મહિમા કરવા માટે કેટલી બધી તર્કહીન વાર્તાઓ બનતી જ જાય છે, બનતી જ જાય છે! આખી વાતનું કંઇક ગળે ઊતરે એવું, તાર્કિક કારણ શોધવાને બદલે જનતાજનાર્દન એ જ હવાઇ તરંગતુક્કા માનતી રહે છે ને મનાવતી રહે છે!'' શેખરે કંઇક કંટાળાથી કહ્યું.

''મિત્રો, મને એક વૈકલ્પિક તરંગ આવ્યો છે જેનો મૂળ આધાર ઇતિહાસમાં છે; બાકી તો પછી... ખેર, ચાલો તમારી આગળ શેર કરી જ લઉં.'' રચનાએ ડાકોર શહેરમાં પ્રવેશેલી બસને ગરમ ગોટા અને ચાની જાણીતી દુકાને લેવડાવી. ગોટા ને ચાને ન્યાય આપતાં આપતાં રચનાએ મમરો મૂક્યો: ''આમ જુઓ તો દંતકથાની પાછળ ઇતિહાસનું અસ્તર તો છે જ. જો કે સમયનિર્ણયમાં ગરબડ! આ 'બનાવ' 13 મી સદીમાં નહિ પણ 18મી સદીમાં જ્યારે ગુજરાતમાં મરાઠા શાસકોની બોલબાલા હતી ત્યારે દરિયાકિનારે





વાઘેરો-મરાઠા અને પોર્ચુગીઝો વચ્ચે લડાઇઓ ચાલ્યા કરતી. દ્વારકા એનું ભોગ બન્યું હશે. બીજી તરફ ગુજરાતમાં પણ શિવાજીએ કરેલી સૂરતની ચડાઇ અને લૂંટ પછી રૈયતને સલામતી કે શાંતિ નહોતાં રહ્યાં. બોડાણાજીની પદયાત્રાવાળી વાત સાચી માનીએ તો આ લડાઇઓ, લૂંટ અને રાજકીય અરાજકતાએ દ્વારકાને મુશ્કેલ યાત્રાધામ બનાવ્યું હશે એની ના નહિ. પણ બાકીની ચમત્કારકથાઓ બાજુએ મૂકીને કહી શકાય કે ત્યારે ગુજરાતના શ્રદ્ધાળુઓ માટે નજીકમાં કોઇ ધામ 'ઊભું કરવાનું' આયોજન રાજકીય કાર્યક્રમ (એજન્ડા) પણ હોઇ શકે. ડાકોરના મંદિરની સ્થાપના વિશે તો વ્યવસ્થિત ઐતિહાસિક લેખિત માહિતી મળે છે કે ગાયકવાડ (વડોદરા) સરકારના / ડાકોરના પેશ્વાના ઇનામદાર (જાગીરદાર) તાંબેએ 18મી સદીમાં બંધાવેલું આ મંદિર છે. મરાઠા શાસકોની છાપ ગુજરાતની આમજનતામાં લૂંટારા અને અત્યાચારીઓ તરીકે હતી. લગભગ બંધ પડેલું દ્વારકા પણ પેલી તરફ અંગ્રેજોના શાસનમાં જ પુનર્જિવિત થયું. આવી રાજકીય કટોકટી વચ્ચે લોકપ્રિય થવા, મધ્ય અને દક્ષિણ ગુજરાતના મરાઠા શાસકોએ ડાકોરનું મંદિર બનાવડાવીને, દ્વારકાધીશ જેવી જ મૂર્તિ પધરાવી હોય એવી ધારણા કરવી તાર્કિક લાગે છે. આમ પણ સૌરાષ્ટ્રમાં દ્વારકા, કચ્છમાં નારાયણ સરોવર, પૂર્વમાં શામળાજી તો દક્ષિણમાં રણછોડરાય મળીને નારાયણપૂજાનો મહિમા ચારે દિશામાં થયો છે તે પણ ઉલ્લેખનીય છે. પુષ્ટિ અને સ્વામિનારાયણનો જુવાળ આવ્યો છતાં અ-સાંપ્રદાયિક નારાયણ ભક્તિ ટકાવી રાખવામાં આ ચારેય વિષ્ણુધામ મહત્વનાં છે. આવું કંઇક ઐતિહાસિક, કંઇક રાજકીય કારણ-તારણ આ મંદિરની સ્થાપના માટે આપી શકાય? બાકી મહિમા વધારવાના ચમત્કારો ગણવા બેસીએ તો પાર ન આવે!''

આ માહિતી અને આ નવા મુદ્દાનું ભાથું લઇને મંડળી મંદિરે પહોંચી. બહુચરાજીની જેમ અહીં પણ નાનકડો કોટ હતો. દરવાજો વટાવ્યો કે તરત પુરાતન મંદિર અને એની આગળના સભામંડપ, ચોક વગેરેનું નવું એક્સ્ટેન્શન દેખાયું. જોતાંની સાથે જ હમિદ બોલી ઊઠ્યો:

"યેલ્લો! યે મંદિર કી પૂરેકી પૂરી ડિઝાઇન તાજીયે જૈસી લગતી હૈ!"

"કમાલની વાત છે; આ કંઇક હિંદુ- મુસ્લિમ શૈલીના સમન્વય જેવું લાગે છે" - શેખરે પણ જોતાંવેંત કહ્યું.

"આમ તો આજકાલનાં પ્રવાસન-પુસ્તકો કે પત્રિકામાં ગુજરાતની સંસ્કૃતિમાં શિલ્પ-સ્થાપત્યમાં સમન્વયના આવા મુદ્દાને ઉજાગર કરી શકાય; પણ આવો કોઇ પ્રયત્ન નથી થતો. ખેર, તમારું નિરીક્ષણ સાચું છે; આજ પહેલાં જોયેલાં કોઇ પણ હિંદુ મંદિરને તમે આ ઘાટઘૂટનું નથી જોયું."

"અરે યે ચાર મિનાર, યે છોટે-બડે ગુંબદ, યે ખિડકિયોં કી કમાન... સચ્ચી, પૂરી મસ્જિદનુમા બલ્કિ તાજિયેવાલી હી ડિઝાઇન હૈ- ઐસા કૈસે?" આમિરના કુતૂહલના જવાબમાં રચનાએ વળી એક ઓર માહિતી આપી- "યાદ કરો, હમણાં બહાર મેં કહ્યું તેમ, આ મંદિર મરાઠા શાસકોએ બંધાવ્યું છે. આમ તો સોમનાથમાં અહાલ્યાબાઈવાળું શિવમંદિર તમે જોયું ત્યારે એના ગોળાકાર શિખરની વાત થઇ હતી પણ આ સદંતર ઇસ્લામી ઘાટમાં છે એની પાછળ પણ તળ મહારાષ્ટ્ર કનેક્શન છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકની સરહદે લગભગ 700 વર્ષ જૂનું એક આવું જ અ-સાંપ્રદાયિક વિષ્ણુમંદિર છે- પંઢરપુરના વિઠોબાનું. તદ્દન આ જ મંદિરનું ભવ્ય-પુરાતન-મૂળરૂપ. આ જાણે એની મિની આવૃત્તિ છે. હવે વિઠોબાનું મંદિર પણ તાજિયા જેવું કેમ હશે- તો એના જવાબમાં કહી શકાય કે કર્ણાટકમાં મોગલોથીયે પહેલાં બહમની સુલતાનોનું શાસન હતું ત્યારે ઘણી ઇમારતો બંધાઇ. ગુજરાતના સુલતાનોની જેમ તેમનો પણ સ્થાનિક સંસ્કૃતિ ઉપર ખાસો પ્રભાવ રહ્યો; જેને કારણે વિઠોબાનું મંદિર ઇસ્લામી શૈલીની છાંટ ધરાવે છે; અહીં પણ એ જ પ્રભાવ હેઠળ તાંબેજીએ રણછોડરાયનું મંદિર બનાવડાવ્યું છે. ખૂબ મહિમાવાળું ધામ છે, લોકપ્રિય છે છતાં મને કહેવા દો કે આ શૈલીનો બીજો એક પણ નમૂનો ગુજરાતના મંદિરોમાં જોવા નથી મળતો."





"ક્યાંથી મળે? એમ કહોને, આ બધું ભલું ટકી ગયું છે!" શેખર, બીજું કોણ?!

ખૈર, મંડળી આ છોટા પંઢરપુરના પરિસરમાં ફરવા લાગી. સભાગૃહમાં સાદા, ઘાટીલા થાંભલા ઉપર ટેકવેલા ગુંબજની નીચે અનેક ભક્તોની ભીડમાં મંડળી પણ ભળી ગઇ. ગર્ભગૃહમાં રણછોડરાયની ચતુર્ભુજ વિષ્ણુમૂર્તિનાં દર્શન કર્યાં.

"આ તો સેમ ટુ સેમ દ્વારકાવાળા જ ભગવાન!" મીનાથી બોલી પડાયું.

"એ, ધીમે બોલ- નહિ તો કોઇ શ્રદ્ધાળુ સાંભળી જશે તો પાછી પેલી લાંબી વાર્તા સાંભળવી પડશે..." બાદલે મીનાને કોણી મારીને ધીમેશથી ટોકી.

આરતીને હજી વાર હતી. દર્શન સમયે પણ ખાસી ભીડ હતી. ગર્ભગૃહમાંથી બહાર નીકળીને મંડળી મંદિરની સમગ્ર પ્રદક્ષિણા કરી આવી, હવે તો સ્થાપત્ય જોવાની-નોંધવાની ટેવ પડી ગઇ હતી. તરત બૂમાબૂમ શરૂ થઇ- "અરે, અહીં તો કોઇ સ્તર - બર નથી. ફક્ત છેક નીચે કમળની પાંખડીઓ છે- બસ. બાકી તો સાવ સાદું. સુશોભન પણ આ નવા એક્સ્ટેન્શનમાં જ છે." બાદલની વાતમાં હામી ભરતાં વિલ્સને કહ્યું કે, "આ મંદિર મસ્જિદ જેવું એટલે પણ લાગે છે!" મંદિરમાંથી નીકળીને ગોમતી તળાવ જોયું - "દ્વારકામાં ગોમતી નદી વહે છે; અહીં એની અવેજીમાં તળાવ!" શેખરથી કહ્યા વિના ના રહેવાયું. ત્યાં સ્નાન ઉપરાંત શ્રાદ્ધ, મુંડન, મીંઢળ છોડવા વગેરે સારી-માઠી વિધિઓ ચાલતી હતી. એકતરફ રણછોડજીનાં પગલાં, ગંગાબાઇની વાળી તોળી હતી તે ત્રાજવું અને નાનાંમોટાં મંદિરો જોતી મંડળી બધે ફરી વળી.

રચનાએ ફરતાં ફરતાં નોંધ્યું અને શેર પણ કર્યું કે પહેલાં આ મંદિરમાં આટલી સ્વચ્છતા કે મોકળાશ નહોતી. વંદનાએ પૂછ્યું - "બહેન, અહીંની પૂનમનો મેળો અને પેલી અંબાજી જેવી પદયાત્રા પણ બહુ પ્રખ્યાત છે, નહિ?"

"હા, બોડાણાજીની જેમ ઘણાબધાને શરદપૂનમ અને હોળીની પૂનમનો મહિમા હોય છે. કેટલાક તો દર પૂનમે પણ પદયાત્રા કરતાં હોય છે. કોઇ

ખુલ્લા પગે, કોઈ ઘૂંટણભેર, કોઈ આખા લાંબા થઈને સાષ્ટાંગ દંડવત્ કરતાં કરતાં તો કોઈ બોડાણાજીની જેમ હથેલીમાં તુલસી વાવીને પણ અહીં આવતા હોય છે. મને ખ્યાલ છે ત્યાં સુધી ડાકોરની પદયાત્રા અંબાજી કરતાં વધારે જૂની!'' ''અહીં કલા કરતાં ભક્તિનો મહિમા વધારે દેખાય છે, એમાં ના નહિ!'' ધીરજનું આ નિરીક્ષણ સચોટ હતું.

''ઇક્યો, ખરો મહિમા જ ભક્તિનો છે; બાકી તો મંદિર આ હોય કે તે- પાણા ઈ પાણા જ ને! લ્યો હાલો- બોલો રણછોડરાયકી જૈ! દોઢ કલાકમાં વડોદરે પોંકી જૈંયે!'' કનુભાઈના ઉમંગના જોરથી જ જાણે મિનીબસે ગતિ પકડી.

★★★





**મુકામ - 3**

## વડોદરા

''બહેન, વડોદરા મોટું શહેર છે, મોટી યુનિવર્સિટી અને અનેક જાતના અભ્યાસો અહીં થાય છે અને મોટી ફેક્ટરીઓ પણ અહીં છે એવું સાંભળવા મળ્યું છે પણ અહીં કોઈ ઐતિહાસિક ઈમારત કે પછી ધામ વિશે નથી સાંભળ્યું; ખરી વાત?'' વંદનાએ વડોદરા પહોંચતાં પહેલાં પ્રશ્ન કર્યો. ''એનો આધાર તો તમે વડોદરાને કઈ નજરે જુઓ છો, તેનાં ઉપર છે. વડોદરા પોતાની અંદર ખાસો બધો ઈતિહાસ છુપાવીને બેઠું છે. રાજા-રજવાડાંનો પણ અને પ્રજાકીય ઈતિહાસ પણ અહીં જોવા મળે. સાદું ગણિત આપું તો આમ દેખીતી રીતે પણ અહીં ત્રણ રાજમહેલ છે જેમાંથી એક તો જરૂર જોવા મળશે.'' ''અરે વાહ! તીન મેં સે એક હી ક્યોં ?'' આમિરને રસ પડી ગયો. ''એકમાં ખુદ ભૂતપૂર્વ રાજવી પરિવાર રહે છે, બીજામાં વિવાદને કારણે જોવા જવા નથી દેતા પણ ત્રીજામાં ચિત્રવિથિ / ચિત્રપ્રદર્શન (આર્ટ



**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી**

ગેલેરી) છે એ આપણે જોઈશું.'' રચનાએ જાણે કે મંડળીને આશ્વાસન આપ્યું.

''સહેજસાજ ખ્યાલ તો છે કે અહીં ગાયકવાડ રાજાઓ રાજ કરતા હતા, પણ એ નામ સિવાય ખાસ ખબર નથી.'' ધીરજે કહ્યું. મીનાને તરત સવાલ થયો- ''આ ગાયકવાડ કેવું નામ છે, નહિ? ગુજરાતી જેવું નથી લાગતું!''

આ મિત્રોનું કુતૂહલ સંતોષવા રચનાએ વડોદરાના રાજવંશ વિશે ટૂંકો પરિચય આપ્યો, જેને હજી પણ સંક્ષેપમાં કંઇક આ રીતે મૂકી શકાય- ''17, 18મી સદીમાં મૂળે મહારાષ્ટ્રના એવા ચાર-પાંચ શાસકવંશો પ્રખ્યાત હતા; જેમણે દિલ્લી, મેરઠ ઉપરાંત ઝાંસી, કાશી(બનારસ), ઇંદોર, નાગપુર, પૂણે અને વડોદરા-અમદાવાદ ઉપરાંત અમરેલી, દ્વારકા, કડી, મહેસાણા... માં પણ શાસન કરેલું. જેમાં ઇંદોરના શિંદે કે સિંધિયા, ભોંસલે ગ્વાલિયર- યુ.પી.ના, પેશ્વા પૂણેના- અમદાવાદના, હોલકર કાશીના અને આ ગાયકવાડ તે વડોદરાના જાણતા શાસકો હતા. કહેવાય છે કે આ સઘળા ખાસ્સા પરંપરાવાદી, લડાયક અને હિંદુ-બ્રાહ્મણધર્મમાં ચુસ્તપણે માનનારા હતા પણ એક માત્ર ગાયકવાડ અને તેમાં પણ સયાજીરાવ ગાયકવાડ (1856-1939) પ્રગતિશીલ અને સૌથી વધુ પ્રજાવત્સલ કહેવાય છે.''

''આ સયાજીરાવે જ બાબાસાહેબ આંબેડકરને અભ્યાસનું પ્રોત્સાહન આપીને વિદેશ પણ મોકલ્યા હતા ને?'' શેખરે માહિતી શેર કરી.

''બરાબર છે. ઉપરાંત આ જ સયાજીરાવે ઘણાં બધાં પ્રજાકલ્યાણનાં કામો કર્યાં હતાં. એની પાછળ એમની દૂરંદેશી દૃષ્ટિ અને પ્રગતિશીલ વિચારસરણીનોયે ફાળો હતો. એમ કહેવાય છે કે 19મી સદીના આ રાજવી 21મી સદીનું વિચારતા હતા. એમના શાસનવિસ્તારમાં કેળવણી અને ખાસ તો કન્યા કેળવણી ફરજિયાત હતી; મોટી ઉંમરની સ્ત્રીઓને પણ ભણવા માટે પ્રોત્સાહન મળતું. તેમણે વેરા, ભાગબટાઇ, ઇજારાશાહીને રદ કરી. પરાપૂર્વથી ચાલી આવતી સામંતી રાજવ્યવસ્થા બદલીને બ્રિટીશ





માળખું અપનાવ્યું. કોર્ટની સ્થાપના કરી અને પોતાના શાસન હેઠળના તમામ વિસ્તારમાં બ્રિટીશ કાનૂન અને દંડવિધાન દાખલ કર્યા. એ જૂની કોર્ટનું ભવ્ય મકાન 'ન્યાય મંદિર' આપણને બહારથી જોવા મળશે. પોતાના તાબાના દરેક શહેરમાં મ્યુનિસિપાલિટી (નગરપાલિકા), ગ્રામપંચાયત અને પ્રાંત પંચાયત સ્થાપીને બહુ અનોખી રીતે સત્તાનું વિકેન્દ્રીકરણ કરી નાખ્યું. .1917માં રેલ્વેની શરૂઆત કરાવી. ગ્રામીણ દવાખાનાં ઉપરાંત વિસ્તારની મોટી સિવિલ હોસ્પિટલ અહીં વડોદરામાં ખોલાવી 'સયાજી હોસ્પિટલ'. સૌથી રસપ્રદ કામ યુનિવર્સિટી સ્થાપી, પુરાતત્વવિભાગ સ્થાપ્યો, અનેક વિદ્વાન સંશોધકોને નિમંત્રીને ઉત્ખનન(ખોદકામ) શરૂ કરાવ્યાં. પ્રાચીન હસ્તપ્રતો અને ભાષાવિજ્ઞાનના અભ્યાસ માટે પ્રાચ્યવિદ્યામંદિર શરૂ કરાવ્યું. વિજ્ઞાન ભવનમાં રસાયણ અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસ-સંશોધનો શરૂ કરાવ્યાં. હા, પણ છેલ્લાં વીસેક વર્ષથી આ કલાવિભાગોના વ્યાપક અભિગમમાં ફરક આવવા લાગ્યો છે. રાષ્ટ્રવાદી કહેતાં કટ્ટર હિંદુવાદી પરિબળોની પક્કડ ફેકલ્ટી ઉપર જામવા લાગી છે. થોડાં વર્ષ પહેલાં એક વિદ્યાર્થીનાં ચિત્રો ફાડ્યાં- બાળ્યાં અને વિભાગીય ડીનની હકાલપટ્ટી કરાવી- કારણ શું- તો કહે, એણે પોતાનાં ચિત્રોમાં હિંદુ દેવી-દેવતાનું અપમાન કર્યું છે! આવું અહીં હવે વારંવાર થવા લાગ્યું છે. ફક્ત યુનિવર્સિટીમાં જ નહિ; વડોદરાનું પચરંગી ચરિત્ર પણ બદલવા માંડ્યું છે!''

''તે બદલાય જ ને, આપણા મુખ્યમંત્રી અહીંથી જ છેવટે વડાપ્રધાન બન્યા ને? આ શહેરની હવા ક્યારની પ્રદૂષિત થઇ ચૂકી હતી.'' શેખર. ''દેશભરની સાંસ્કૃતિક હવા પ્રદૂષિત થઇ ગઇ છે હવે તો!'' બાદલનો નિસાસો!

ચિત્ર અને શિલ્પકળા, નૃત્ય, સંગીત અને નાટ્યકલા-શિક્ષણ માટેના વિવિધ વિભાગો શરૂ થયા. આજે એકવીસમી સદીમાં પણ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ફાઇન આર્ટ્સ વિભાગનું વિશ્વભરમાં નામ છે અને દેશના જગપ્રસિદ્ધ કલાકારો અહીંના વિદ્યાર્થીઓ હતા. યુનિવર્સિટીના અલગ અલગ

વિભાગોનાં અલગ અલગ મકાનો છે. વડોદરા 'સંસ્કાર-નગરી' કહેવાય છે તેમાં આ શાસક-સયાજીરાવ ત્રીજાનો બહુ મોટો ફાળો છે એમ કહેવું જોઇએ.

"અહીંની ઈમારતો વંદનાએ નોંધ્યું તેમ પ્રાચીન નથી, કોઇ ધામ જાણીતું નથી એ વાત સાચી પણ જે છે તે ભવ્ય અને કલાત્મક છે. અંગ્રેજી અને રાજપૂતી બંને શૈલીના સ્થાપત્યનું મિશ્રણ થયું છે. મોટેભાગે સયાજીરાવના સમયમાં જ આ ઈમારતો બની હતી. અહીંનું સ્ટેશન એનો ઉત્તમ નમૂનો છે. કનુભાઇ, મિત્રોને સ્ટેશન બતાવીને શહેરમાં જઇએ."

બસ સ્ટેશન સામે હતી, ત્યાં બ્રિટીશ સ્થાપત્યની યાદ અપાવતા વિશાળ ગોળ થાંભલા, ગુંબજોના વિશાળ ઘેરાવ અને ઊંચી ઊંચી કમાનો, ગેરૂઆ રંગની ભીંતોવાળી આ ઈમારતો ખરેખર બહુ ભવ્ય લાગતી હતી. સ્ટેશન જોઇને જ રજવાડી પ્રભાવ પડવાની શરૂઆત થઇ જાય. ત્યાં બહાર, નાનકડા બગીચામાં એક પીઠ બનાવીને સિંહાસન ઉપર બેઠેલા, રજવાડી પોષાક પહેરેલા સયાજીરાવનું રૂવાબદાર પૂતળું હતું. જોઇને એમની પ્રભાવકતાનો ખ્યાલ આવ્યો. ત્યાંથી સીધાં ચાલ્યાં એટલે ડાબી તરફ લાંબા પને યુનિવર્સિટીનાં મકાનો છે. એ જ શૈલી - જે સ્ટેશનના મકાનમાં હતી. મોટી પરસાળો અને ઝરૂખાનો એમાં ઉમેરો થયો હતો.

વિલ્સને તરત નોંધ્યું- "અહીં વિશાળતા પણ દેખાય છે અને નાજુકાઇ પણ છે. આ 'રેર કોમ્બીનેશન' (વિરલ સમન્વય) કહેવાય નહિ? "

ત્યાં જ મીનાએ લગભગ બૂમ મારી- "આ પેલા ઊંચા ઓટલા ઉપર ગાગર લઇને બેઠું છે તે કોણ છે?" વંદનાએ જોતાંવેંત ઓળખી કાઢ્યા: "આ? આ તો કવિ પ્રેમાનંદ છે; ખરૂ ને? એ માણભટ્ટ હતા. તું જેને ગાગર કહે છે તેને માણ કહેવાય. તાંબુ-કાંસું એમ મિશ્રધાતુની બને અને એને આંગળીમાં પહેરેલી વીંટીઓથી વગાડતાં વગાડતાં એના તાલે તાલે પ્રેમાનંદ આખ્યાન ગાઇ સંભળાવતા." વંદનાએ સરસ રીતે કવિ પ્રેમાનંદની ઓળખાણ આપી દીધી. "આખ્યાન ક્યા હોતા હૈ? યે ગાયક ભી થે?" આમિરને પોતાની રીતે રસ







**કવિ પ્રેમાનંદ**

પડ્યો. "પ્રેમાનંદ આપણા મહાકાવ્ય-મહાભારત અને પુરાણોમાંથી જાણીતા, લોકપ્રિય અને રસપ્રદ પ્રસંગો પસંદ કરીને એને મધ્યકાલીન ગુજરાતી છંદોમાં કથાકાવ્ય બનાવીને લોકો સામે બેસીને, વંદનાએ કહી એ માણ વગાડતાં વગાડતાં ગાઇ સંભળાવતા. એમની લેખનશૈલી-એમની ગાયન શૈલી ખૂબ સ-રસ હતી."

"મેરે ખયાલ મેં આમ લોગ પઢ-લિખ સકતે નહીં હોગેં, તો ઐસી ધર્મકથાયેં, બોધકથાયેં કોઇ, ગા કર સુનાયેં તો એક તરહ સે એજ્યુકેશન જૈસા હોતા હોગા, નહિ?" હમિદને પ્રેમાનંદના આખ્યાન ગાયનનો હેતુ ઠીકઠીક સમજાઇ ગયો હતો.

"પણ પ્રેમાનંદ બીજી રીતે પણ યાદ રાખવા જેવા માણસ હતા. 17મી સદીમાં થઇ ગયેલા આ કવિને અનેક ભાષાઓ આવડતી. એ વખતે વ્રજભાષા શ્રેષ્ઠ કહેવાતી. ધારત તો પ્રેમાનંદ વ્રજભાષામાં લખીને ઉત્તર ભારતભરમાં પ્રખ્યાત થઇ શક્યા હોત. પણ એમનો માતૃભાષા પ્રેમ એટલો ઊંડો હતો કે એમણે ગુજરાતી ભાષામાં જ લખવાની પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી ગુજરાતીનું ગૌરવ નહિ કરું ત્યાં સુધી પાઘડી નહિ પહેરું. 17મી સદીમાં પુરુષો ખુલ્લા માથે નહોતા ફરી શકતા- અપમાન કહેવાતું!"

"અરે આ તો એમણે પોતાની ભાષાનું અપમાન પોતાને માથે ઓઢી લીધું!" ધીરજે સરસ વાત કરી.

"જે રીતે પ્રેમાનંદની આખ્યાનગાયનની વાત થઇ, એમનાં આખ્યાનોના વિષયની વાત થઇ એમાં મને શું લાગે છે, કહું?" શેખરે નવો મુદ્દો કાઢ્યો એટલે સૌ સતર્ક થઇ ગયાં. "એ જમાનામાં એમણે ટી.વી. - રેડિયો- ફિલ્મ

જેવા સમૂહ માધ્યમની ગરજ સારી હશે. હમિદે કહ્યું તે મુજબ નિરક્ષર કે ઓછું ભણેલી જનતા માટે થાક ઊતારવા અને જીવનમાં થોડોક આનંદ, થોડુંક મનોરંજન મેળવવામાં ખાસ્સો ફાળો આપ્યો હશે. બાકી ગુજરાતી ભાષા માટેના એમના કમીટમેન્ટ માટે સલામ!'' વંદનાએ યાદ કરીને કહ્યું: ''ગુજરાતી ભાષાની એ વખતે કોઇ કિંમત જ નહોતી. એક દોહરો ચાલતો હતોઃ

*અબે તબે કે સોલા હી આને, અઠે કઠે કે બાર,*

*ઇકડં તિકડં આઠ હી આને, શું-શા પૈસા ચાર!''*

''મતલબ?'' યાસ્મિનનો પ્રશ્ન. ''એ સદી મોગલોની, ઊર્દૂ ભાષાની સદી હતી. એટલે ઉર્દૂની કિંમત સોળ આના- પૂરા એક રૂપિયા જેટલી હતી. અઠે-કઠે વ્રજ-મારવાડીમાં બોલાય; યુ.પી.રાજસ્થાનમાં કૃષ્ણભક્તિ-રામ ભક્તિનું સાહિત્ય વ્રજમાં નિપજ્યું, એની કિંમત બાર આના જેટલી. ઇકડં તિકડં મરાઠી- હજી મરાઠાસત્તા જોરમાં હતી ને ભાષા પણ શક્તિશાળી હતી; એની કિંમત આઠ આના હતી. શું-શા તો તમે જાણો છો- ગુજરાતીની કિંમત ચાર પૈસા જેટલી જ હતી; તે સમયે ચાર પૈસાનો એક આનો થતો; વિચારો, ક્યાં સોળ આના અને ક્યાં એક આનો! પણ પ્રેમાનંદે સામા પ્રવાહે તરીને પણ પોતાની પ્રતિજ્ઞા નિભાવી.'' રચનાએ સવિસ્તાર સમજાવ્યું ત્યાં વળી પાછું સયાજીરાવનું ઘોડેસવાર પૂતળું જોવા મળ્યું.

''આ સયાજીબાગ નામે ઓળખાતો મોટો બાગ પહેલાં 'કમાટીબાગ' કહેવાતો હતો.બાગ તો બાગ છે પણ એમાં ખરેખર જોવા જેવું છે 'મ્યુઝિયમ'.''

''ગુજરાતનું સૌથી પહેલું મ્યુઝિયમ ને, બહેન?'' મીના હજી બોલતી'તી ને ધીરજે ટપારીઃ ''અરે ભૂલકણી! ભૂજનું મ્યુઝિયમ ગુજરાતનું સૌથી પહેલું મ્યુઝિયમ ઇ.સ.1863''.

''પહેલું તો નહિ, પણ સૌથી મોટું તો ચોક્કસ. સયાજીરાવે અહીંની યુનિવર્સિટીમાં 'મ્યુઝિયોલોજી'નો અભ્યાસક્રમ પણ દાખલ કરેલો અને





શિક્ષણમાં મ્યુઝિયમદર્શનને લગભગ ફરજિયાત બનાવેલું. કોર્સ હજી ચાલે છે; શિક્ષણની તો ખબર નથી!'' મંડળીએ નિરાંતે મ્યુઝિયમ જોવાનું નક્કી કર્યું. દરેક વિભાગ જોયા. એમણે જોયું કે આ મ્યુઝિયમ 'બહુહેતુક' છે. માહિતી પ્રચૂર છે. અનેક વિષયો એમાં છે. પુરાતત્વ, ઇતિહાસ, નૃવંશવિજ્ઞાન (એન્થ્રોપોલોજી), રસાયણવિજ્ઞાન, કલાઓ અને સંસ્કૃતિને લગતા હજારો નમૂના અહીં છે. યુરોપના ઇતિહાસ-સંસ્કૃતિ-કલા વિશે ઇજિપ્ત અને બેબિલોનની પ્રાચીન સંસ્કૃતિ વિશે, ચીન, જાપાન, તિબેટ, નેપાળ અને ઇસ્લામી દેશોની પ્રાચીન સંસ્કૃતિ વિશે અલગ વિભાગો છે, અલગ ખંડો છે. ભારતીય સભ્યતા-સંસ્કૃતિ અને પ્રાગ્ઐતિહાસિક માહિતી આપતા પાંચ વિશાળ ખંડો છે. ઉપરાંત એક આખા ખંડમાં વડોદરાના ઇતિહાસની માહિતી ગોઠવેલી છે. કલાવિભાગમાં વિદેશ, ભારતીય ઉપરાંત વડોદરા કલાશાળામાં સરજાયેલાં ચિત્રો-શિલ્પ વગેરેની અલગ ગોઠવણી છે. લગભગ ચાર મજલામાં વહેંચાયેલું મ્યુઝિયમ જોતાં સમય લાગ્યો.

ત્રણેક કલાકે મિત્રો બહાર નીકળ્યાં ત્યારે સભર-સભર હતાં પણ થોડાંક થાકેલાં પણ હતાં.

''ઐસી જગહોં કે લિયે જ્યાદા ટાઇમ દેના ચાહિયે. ઐસા સબ તો હમ પહલી બાર દેખ રહે હૈં તો ઉપર-નીચે પઢના ભી પડતા હૈ.'' હમિદે કહ્યું.

''મારા જેવાને તો એક વિભાગ જોતાં એક દિવસ લાગે. આવી જગ્યા માટે તો આખું અઠવાડિયું આપવું પડે.'' બાદલ ખુશ હતો.

રચનાએ કહ્યું, ''તમારામાંથી જેને રસ હોય તેણે કોઇ વેકેશનમાં આ જોવાનો પ્રોગ્રામ ઘડવો જોઇએ અને અભ્યાસ કરવો હોય તો પ્રોજેક્ટ બનાવવો જોઇએ. બાકી આપણો આ પ્રવાસ તો મિઠાઇની દુકાનમાંથી જરા જરા ચાખવા જેવો જ છે! થાક્યાં તો હશો પણ જરા ચા-પાણી કરીને તાજાં થઇ જાઓ, હજી તો એક પ્રસિદ્ધ આર્ટગેલેરી (ચિત્રવિથિ) જોવાની બાકી છે; વળી એ જગ્યાનો રાજમહેલ પણ જોવાલાયક છે.''



**રાજમહેલ - વડોદરા**

સૌએ ઉત્સુકતાપૂર્વક એક જગવિખ્યાત જગ્યા તરફ ગતિ કરી. સયાજીરાવની અનેકલક્ષી પહેલને કારણે 'સંસ્કારનગરી' કહેવાતા વડોદરાની પ્રખ્યાત આર્ટગેલેરીમાં, રાજા રવિવર્માનાં ચિત્રો સામે મિત્રો ઊભાં હતાં.

''આપણે કલાકારના સ્વાતંત્ર્યની વાત કરતાં હતાં ત્યારે તમે રાજા રવિવર્મા વિશે વાત કરી હતી, નહિ?'' વંદનાને યાદ હતું.

''રાજા- બોલે તો, યે કહાં કે રાજા થે બેન?'' યાસ્મિનને પ્રશ્ન થયો.

''રવિ વર્મા આમ તો ક્યાંયના રાજા નહોતા પણ 19મી સદીમાં, કેરળના રાજવંશ સાથે દૂરના સંબંધે સંકળાયેલા હતા અને લોકપ્રિયતાને કારણે એમને આ બિરૂદ મળેલું. સયાજીરાવના દિવાન (મહામંત્રી) સર.ટી.માધવરાવ કેરળના હતા અને રવિ વર્માની મુલાકાત એમણે સયાજીરાવ સાથે કરાવી. સયાજીરાવે રવિ વર્માને ખૂબ પ્રોત્સાહન આપ્યું, આર્થિક ટેકો કર્યો અને રવિવર્માએ દેશની સંસ્કૃતિ, ધર્મકથાઓ, મહાકાવ્યો વગેરેનો અભ્યાસ કરીને જે ચિત્રો દોર્યાં તે અહીં મૂકવામાં આવ્યાં છે. આ ચિત્રો હિંદુ પુરાણકથાઓ-રામાયણ-મહાભારત-સંસ્કૃત નાટકોમાંથી પસંદ કરેલા પ્રસંગો, ચમત્કારો ઉપર આધારિત છે. આ ચિત્રો વિશે કહી શકાય કે આ રીતે હિંદુધર્મને વાસ્વતલક્ષી (રિયાલિસ્ટિક) શૈલીમાં ચિત્રો દ્વારા પહેલીવાર ઊતારવામાં આવ્યાં છે. આ વિષયો ઉપરાંત એમણે 'પોર્ટ્રેટ'-વ્યક્તિછબિઓ પણ ખૂબ બનાવી, જેમાં ગાયકવાડ રાજકુટુંબનાં સભ્યો ઉપરાંત દેશની અન્ય પ્રસિદ્ધ વ્યક્તિઓનાં ચિત્રોનો સમાવેશ થાય છે. એમની આ શૈલી ઉપર યુરોપિયન ચિત્રકળાનો મોટો પ્રભાવ છે.''





મંડળીએ ગેલેરીમાં રાખેલાં અનેક પ્રખ્યાત ચિત્રો જોયાંઃ નળ-દમયંતી, શકુંતલા, દ્રૌપદી વસ્ત્રાહરણ, વિશ્વમિત્ર-મેનકા, રામ-દરબાર વગેરે... ''મંદિરોની જેમ આ આર્ટગેલેરી પણ ધર્મકથા-સંસ્કૃત સાહિત્યની પાઠશાળા જેવી જ છે બહેન. ફરક એટલો છે કે આ પાત્રોને વસ્ત્રો પહેરાવ્યાં છે!'' ''શેખરે બહુ સરસ મુદ્દો પકડ્યો. પૌરાણિક કે સાહિત્યિક પાત્રોને તદ્દન વાસ્તવિક રીતે અને સ્થાનિક સ્પર્શ સાથે એમણે આ ચિત્રો બનાવ્યાં છે. એમની આ શૈલીની અસર આપણા ચિત્રકારો ઉપર ખૂબ મોટી અને લાંબા ગાળા સુધી પડી હતી. અડધી સદી સુધી તો આ શૈલીનું ભરપૂર અનુકરણ થતું રહ્યું.''

''એક મુદ્દા મૈંને દેખા- સારે મર્દોકો મૂંછે બનાઇ હુઇ હૈં. મૈંને રામજી ઔર શિવજી કે કઇ ચિત્ર ઔર મૂર્તિયાં દેખે હૈં પર મૂછેં યહીં પર દેખી.'' આમિરે કહી નાખ્યું.

''વૈસા હી મુઝે ભી લગા; દેખો સારી ઔરતોં ને- દેવીઓંને સાડીયાં મરાઠી સ્ટાઇલકી હી પહની હૈં.- વો માતાજી હો યા રાની... સારી મરાઠનેં!'' રચનાને રમૂજ થઇઃ ''ઠીક પકડ્યું તમે બંનેએ. મૂછો તો મરદની શાન-શોભા જ નહિ; પૌરુષની એક માત્ર બાહ્ય નિશાની કહેવાય. 19મી સદીમાં તો એ એક વળગણ હતું. મારા કેટલાક દક્ષિણ ભારતીય મિત્રો તો કહે છે કે આજે પણ આ મૂછનો મહિમા છે જ! અને મરાઠી સ્ટાઇલની સાડીની વાત લઇએ તો, રવિવર્માએ વડોદરા-મુંબઇની 19મી સદીની બહાર નીકળતી-શિક્ષિત સ્ત્રીઓને જોઇ હતી- એમને દેવી રૂપે કે નાયિકારૂપે કલ્પીને મરાઠી ઢબની સાડીઓ પહેરાવી એમ કહેવાય છે અને આમિર, તેં 'રંગરસિયાં' ફિલ્મ જોઇ? એ ક્યાં ગુજરાતી ફિલ્મ છે?'' ''ના, પણ સુના થા કિ ખાસ ઇન્ટરેસ્ટવાલી નહીં હૈ; તો નહીં દેખી.''

''એ તો આપણે બધાએ જોવા જેવી ફિલ્મ છે. કલા અને નગ્નતા વિશેના ઘણા ખ્યાલોની ચર્ચા છે એમાં.''

"અરે, પણ આમાં ક્યાં કશું ઉઘાડું હતું?" ધીરજ સુદ્ધાંને નવાઇ લાગી. "એ જ! પણ તે સમયના પૂણેરી બ્રાહ્મણો આપણા આજના 'ભગવાધારી બહાદૂરો' જેવા હતા- બલ્કે એમના પૂર્વજો હતા. હિંદુધર્મનું અપમાન એમને જ્યાં ત્યાં દેખાતું હતું. રવિ વર્માને પણ લપેટમાં લીધા હતા. ફિલ્મ જોજો." "પણ ખરેખર તો રવિ વર્માનાં ચિત્રોને કારણે જ, મને તો લાગે છે કે હિંદુ ધર્મકથાઓ-સાહિત્ય વગેરે જાણે ઘેરઘેર પહોંચ્યાં. આપણે ત્યાં તો મોટા ભાગનાં કેલેન્ડરોમાં-ફોટાઓમાં જે દેવ-દેવી જોઇએ છીએ એ એમની શૈલીનાં જ અનુકરણો છે!" વિલ્સને આખો સાર કહ્યો.

"બિલકુલ. પ્રિન્ટિંગ જેવી ટેકનિક પણ રવિવર્માએ અપનાવી હતી. સયાજીરાવનો એમાં પણ ટેકો હતો. દાદા સાહેબ ફાળકેએ હિંદુસ્તાનની પહેલી ફિલ્મ બનાવી એમાં પણ સયાજીરાવે પ્રોત્સાહન આપેલું. સયાજીરાવને વિખ્યાત વિદ્વાનો-કલાકારોને પોતાને ત્યાં પાળવા-પોષવાનો શોખ જ નહિ, મહિમા હતો. પાછળથી પોન્ડિચેરી જઇને વસેલા, યોગસાધનાના મહર્ષિ અરવિંદ અહીં મ.સ.યુનિવર્સિટીમાં કેમિસ્ટ્રીના પ્રાધ્યાપક હતા, ક્રાન્તિકારી હતા અને અહીંની લેબોરેટરીમાંથી જ રસાયણો લઇને અહીંની છૂપી મંડળીઓ સાથે બોમ્બ બનાવવાની ને ક્રાન્તિસેના સુધી પહોંચાડવાની કામગીરી કરતા. અલબત્ત, સયાજીરાવ આનાથી અજાણ હશે?! દાદાભાઇ નવરોજી, ડો.સુમંત મહેતા જેવા રાજનિતિજ્ઞો અને સમાજ સુધારકો અહીં હતા. બાબાસાહેબનું તો તમે જાણો જ છો!"

"બહેન, મેં સાંભળ્યું છે કે આટલી બધી પ્રસિદ્ધિ મેળવવા છતાં, આટલા મોટા બેરિસ્ટર બન્યા છતાં બાબા સાહેબને વડોદરામાં કહેવાતા સવર્ણ મહોલ્લામાં ઘર નહોતું મળ્યું!" શેખરે સયાજીરાવની નિષ્ફળતા યાદ કરાવી. "સાચી વાત છે. છેવટે એક પારસીના, તદ્દન અંતરિયાળ લાગતા બંગલામાં ઓળખ છુપાવીને બાબાસાહેબને રહેવું પડ્યું હતું. આજે એ બંગલો પણ વડોદરાના કહેવાતા વિકાસમાં જમીનદોસ્ત થઇ ગયો છે!"

"સયાજીરાવે બધ્ધાંને સાચવ્યા પણ બાબાસાહેબનું સ્મારક ન સાચવી શક્યા!" બાદલે અફસોસથી કહ્યું





"બાદલ, સ્મારકો સાચવવાથી કંઇ એમની આઇડીયોલોજી ઓછી સચવાય છે?! ગામેગામ બાબાસાહેબનાં પૂતળાં ઊભાં છે પણ આભડછેટ નાબૂદ થઇ?!" શેખરે પૂરું કર્યું.

"દલિતોનેય બાબાસાહેબનાં પૂતળાં બનાવવામાં સંતોષ થઇ જાય છે ને એને બદલે આભડછેટ અને આંતરિક ભેદો દૂર કરવા સંગઠિત થતા હોત તો?" આ વખતે રચનાએ જાણે પૂર્તિ કરી.

બસ વડોદરાની નવી ચમકતી સડકો પરથી આગળ વધી રહી હતી. વિવિધ સર્કલો વટાવતાં, જાતજાતનાં શિલ્પો તરફ રચનાએ મંડળીનું ધ્યાન દોર્યું- ચકલી સર્કલ, ગેંડા સર્કલ, કામદાર સર્કલ, વડલા સર્કલ... વગેરે. વડોદરાનાં અનેક કલાકારોએ શહેરને શણગારવામાં આપેલા પોતપોતાના ફાળાની નિશાનીઓ છે. કલાકારો આને પોતાનું ગૌરવ સમજે છે. "આ તો સારી વાત છે. આમ તો શહેરમાં પૈસાના પ્રદર્શનને બદલે કલાનું પ્રદર્શન દેખાય છે એ પણ મને ગમ્યું." વંદના ખુશ હતી.



**વડલા સર્કલ**

''પન, પતા નહીં; હર જગહ રાજા કે પૂતલે હી પૂતલે હૈં! બરોડા તો કઇ લોગોં ને બનાયા-સજાયા હોગા; પર પૂતલે તો ખાલી સયાજીરાવ કે?!'' હમિદ.

''હમિદ, આપણા અમદાવાદને સરદાર પટેલનું વળગણ નથી? પુલ, હોલ, મ્યુઝિયમ, એરપોર્ટ... જ્યાં જુઓ ત્યાં સરદાર જ સરદાર!'' બાદલે નવો મુદ્દો ઊમેર્યો. ''આ જ આપણા દેશની ખાસિયત કહો તો તે અને મર્યાદા કહો તો તે છે - વીરપૂજા કે નાયકપૂજા.(હીરો વર્શિપ). પ્રોગ્રેસિવ અને પ્રજાવત્સલ શાસકને યાદ રાખવાની રીત હજી સામંતી જ રહી! હજી દશેરાએ રાજકુટુંબ શસ્ત્રોની પૂજા કરે, મંદિરે જવા નીકળે ત્યારે એમનાં દર્શન કરવા લોકોનાં ટોળાં ઉમટે છે.''



**ઠેર ઠેર સયાજીરાવ**

રચના આ કહેતી હતી ત્યાં કનુભાઇએ મોં ખોલ્યું- આજે આખા દિવસમાં પહેલીવાર- ''જે ક્યો તે! બેન, વડોદરામાં આવી આવી કળા ને આટલું બધું જાણવા જેવું છે, ઇતો આજે જ જાણ્યું! અમે તો બહુબહુ તો પાલ્ટીને આજવા-નિમેટા લઇ જઇએ, પાવાગઢથી પાછાં ફરતાં હોઇએ ને, ત્યારે! હવે તો પાલ્ટીને લઇને આવીશ તયેં આ ચિત્રો જોવા તો જરૂર લીં આવીશ.મહેલનો મહેલ જોવા મલે અને મંદિરે ગ્યાં હોઇએ એવો સંતોષ પણ મલે- આવાં ચિત્રો જોઇને!''

રચનાને મનોમન મઝા પડી ગઇ- રાજા રવિ વર્માનાં ચિત્રોનું આવું મૂલ્યાંકન તો ભલભલા આર્ટ ક્રિટીકોએ પણ નહિ કર્યું હોય!

★★★





**મુકામ - 4**

# ચાંપાનેર અને પાવાગઢ

## વારસો, વૈભવ અને વાયકાઓ

રચનાએ મંડળીને પૂછ્યું: ''પહેલાં ચાંપાનેર કે પહેલાં પાવાગઢ?''

''બહેન, આ સવાલ જગ્યાના ઇતિહાસ વિશે પૂછ્યો કે અત્યારે પહેલું કયું જોવું એના વિશે?'' બાદલે સામો સવાલ કર્યો.

''ઇતિહાસની વાત કરતાં પહેલાં ભૂગોળની વાત કરવી પડે. પાવાગઢ પર્વત બહુ જૂનો, સાતપુડાની ગિરિમાળાનો જરાક અલગ પડી ગયેલો ભાગ છે. અગ્નિકૃત- મતલબ કે જ્વાળામુખી ઠરી ગયો હોય તે પછી સરજાયેલો ખડક છે. આજુબાજુનાં વન પણ એ ભોંયને અનુરૂપ વનસ્પતિથી બન્યાં છે.'' મીનાએ પૂછ્યું- ''પર્વતનું નામ 'પાવાગઢ' અને નગરનું નામ 'ચાંપાનેર' ખરું ને?'' ''લગભગ એવું. પુરાણોમાં આ પર્વતને 'પવનદુર્ગ' કહ્યો છે. ઉપર રાવળવંશના રાજાએ બંધાવેલો કિલ્લો સર કરીને 15મી સદીમાં મોહમ્મદ બેગડાએ નવો, મજબૂત કિલ્લો બનાવડાવ્યો. અત્યારે તો રાજપૂતવંશો દરમ્યાન બંધાયેલું છેક ટોચ ઉપરનું મહાકાળીનું મંદિર અને બે જૂનાં - એ જ સમયનાં જૈન દેરાસરો બચ્યાં છે. બાકીનો મહેલ, કોઠારો, સાત કમાન વગેરે સ્થાપત્ય મોહમ્મદ બેગડાએ જ બંધાવડાવ્યાં છે. આપણે આમાંનું લગભગ બધું જોઇ શકીશું.'' ''ઔર ચાંપાનેર? ઉસકા ભી ડબલ ઇતિહાસ હૈ?'' આમિરે પૂરયું. ''ડબલથીયે વધારે. યાદ કરો- આપણે પાટણ જોતાં હતાં ત્યારે, વનરાજ

ચાવડાની વાત થઇ હતી. એના સાથીઓ-મિત્રો, જેમણે એને ઉછેર્યો, ટેકો આપ્યો, સૈન્ય એકઠું કર્યું અને મૈત્રક રાજાઓ પાસેથી પોતાનું હારેલું રાજ્ય પાછું જીત્યું એ વાત થઇ હતી.''

''હા, હા, યાદ છે બહેન! અણહિલ ભરવાડના નામથી અણહિલપુર નામ પડ્યું અને બીજા સાથી ચાંપા વાણિયાના પરાક્રમથી 'ચાંપાનેર' વસ્યું. એણે આ વિસ્તારનાં ભીલો / આદિવાસીની સેના ઊભી કરી હતી અને છેવટે વનરાજને ગુજરાત-પાટણનો રાજા બનાવ્યો હતો તેથી તેને આ વિસ્તાર સાથે સાંકળીને અમર કરી દીધો... ચાંપાનગર પરથી ચાંપાનેર!'' વંદનાને બરોબર યાદ હતું. એણે બધાંને યાદ કરાવી દીધું. ''બહુ સરસ વંદના, ત્યાર પછી સોલંકી કાળ-વાઘેલા કાળમાં પણ અહીં ક્ષત્રિય-શિવ-શક્તિ ભક્તો રાજાઓ રાજ કરી ગયા. એક વાત બની કે સલ્તનતના શાસનમાં મોહમ્મદ બેગડાએ અહીં ચડાઇ કરી, તે સમયના છેલ્લા રાજપૂત પતઇ રાવળને હરાવીને શાસન સ્થાપ્યું. ચાંપાનેરને કિલ્લા, મહેલો, વાવ, મસ્જિદોથી સજાવ્યું- શણગાર્યું અને નવું નામકરણ પણ કર્યું- મહેમૂદાબાદ.'' રચનાએ ટૂંકમાં છતાં ખાસ્સો ખ્યાલ આવી જાય એ રીતે ઐતિહાસિક ભૂમિકા આપી દીધી. ''તો આપણે બંને જગ્યાઓ જોઇશું ને?'' મીનાનો કાયમી સવાલ.

''હા, આ હાલોલ શહેર વટાવીશું એટલે ચાંપાનેર આવશે. પહેલાં એ જોઇને પછી પાવાગઢ જઇશું. આપણો ઉતારો ત્યાં છે, રાતવાસો પણ ત્યાં જ છે.'' ''લ્યો, આ આવી ગયું ચાંપાનેર. બસ તો સામે પાર્કિંગમાં રાખવી પડશે હોં, બધે હરીફરી લ્યો પછી મને રીંગ કરી દેજો.'' કનુભાઇએ જણાવી દીધું. ''કેમ, સાથે નથી આવવું?'' બાદલે ખેંચ્યાં. ''ના બાપ, બહુ ચાલવાનું છે. મારે તો પાવાગઢ ચઢવો છે પાછો! તમતારે જઇ આવો.''

## ચાંપાનેર

''બહુ સ્વાભાવિક છે કે આપણે જે જોવાના તે ચાંપાનેરના આખા પરિસર (કેમ્પસ)ને હેરિટેજ - 'વૈશ્વિક વરસા' તરીકે જાહેર કરીને અમુક ખાસ







**'જહાંપનાહ' દરવાજો**

નિયમોથી સુરક્ષિત કરી દીધો છે. કિલ્લાની અંદર જ આખું કેમ્પસ સુરિક્ષિત છે. જેટલું સુરક્ષિત છે તેટલું ચાંપાનેર મોહમ્મદ બેગડાએ સજાવેલું છે. આને નાનકડું 'ધાર્મિક નગર' કહી શકાય એમ છે.''

આટલું કહેતાંમાં સૌ કિલ્લાના મુખ્ય દરવાજે પહોંચી ગયાં. ઠીકઠીક ઊંચો-મજબૂત દેખાતો કિલ્લો અમુક શિલ્પને લીધે નાજુક પણ લાગતો હતો. ''કિલ્લાનું નામ 'જહાંપનાહ' પાડવામાં આવ્યું હતું. આની રચનામાં હિંદુ સ્થાપત્યની અસરો જોવાનું ભૂલતા નહિ!''

મોટું-જબરજસ્ત પ્રવેશદ્વાર વટાવ્યું પછી ત્રાંસો પ્રવેશમાર્ગ આવે. જ્યાં બહારથી ધસી આવતા હાથી-ઘોડા-પાયાદળને પોતાની ગતિ રોકવી પડે, જોર ઘટે અને અંદરના સૈન્યને સાવધ થવાનો મોકો મળે એવી આ રચના છે. સલ્તનતના બધા કિલ્લા- જૂનાગઢ, દીવ, અમદાવાદ... આ રીતે બંધાયેલા છે.

તમામ પ્રવેશદ્વારો ઉપર પૂર્ણવિકસિત કમળના ટોડલા જડેલા છે. કમાનો પર અનારકલી (દાડમનાં ફૂલની કળીઓ) ની હારમાળા છે; જે ટિપિકલ સલ્તનતની ભાત હતી. ''તોતિંગ કિલ્લો એક્કેય ખૂણેથી બિહામણો નથી લાગતો, બહેન! વાહ!'' ''અત્યારથી જ વાહવાહ કરીશ તો થાકી જઇશ. જો કે તારી વાત સાચી છે. ગુજરાતી સલ્તનતની તમામ ઇમારતો ભવ્ય હોય છે, જંગી કે બિકાળવી નથી હોતી.'' અંદર પેંસતાં જ લાંબી પરસાળો હતી જ્યાં મુસાફરખાના, (પ્રવાસીઓને રોકાવાની જગ્યા) સરાઇ વગેરે હશે. સામેના ભાગે કડાં, ખૂંટા વગેરે જોઇને શેખરે કહ્યું ''અહીં, ઘોડા-હાથી વગેરેને બાંધવાની જગ્યા હશે - ખાસ તો મહેમાનો અને મુસાફરો માટે.''

ઓટલા, થાંભલા, બારસાખો, મોભ... બધું ભવ્ય અને સુંદર હતું. એકેય ખૂણો આકર્ષક કોતરણી વગરનો નહોતો. સ્થાપત્ય ઇન્ડો-સાર્સેનિક શૈલીનું કહેવાય છે. પ્રવેશ-પરિસર વટાવ્યો ત્યાં ટિકિટબારી અને માહિતી લખેલા ગ્રેનાઇટ પથ્થરો આવ્યા. 'વિશ્વવારસો' જોવાની ટિકિટ પણ ઠીકઠીક હતી. ગ્રેનાઇટ ઉપરની માહિતીમાં ઇન્ડો સાર્સેનિક સ્થાપત્યની ખૂબીઓ, 15-16મી સદીની ઇમારતોની ભવ્યતા વગેરે લખેલું હતું. સામે એક સરસ પણ જૂની જણાતી મસ્જિદ ઊભી હતી. ગ્રેનાઇટ ઉપર એનો પરિચય આપ્યો હતો-'' સહરી મસ્જિદ.''

''મતલબ કે સહર મેં- સુબહ સુબહ મેં નમાઝ પઢને કી મસ્જિદ.'' હમિદે કહ્યું એટલે વિલ્સનને પ્રશ્ન થયો કે, ''સવારે અહીં નમાઝ પઢવાની, એનો અર્થ એ કે બાકીના સમયે અલગ અલગ જગ્યાએ પઢવાની હશે?''

''હા, મોહમ્મદ બેગડો પોતે બહુ ધર્મિષ્ઠ વ્યક્તિ હતો. સાથોસાથ ઇમારતો બંધાવવાનો શોખ અને ઉત્સાહ પણ ઘણા હતા. સત્તા એના હાથમાં હતી. સારામાં સારી ઇમારત ઇબાદત માટે, અલ્લાના નામે હોય- એવી શ્રદ્ધાથી એ જે જે શહેર સ્થાપતો ગયો, આબાદ કરતો ગયો કે જે જે પીર-ઓલિયાને માન આપતો હતો તેમના નામે એણે અદ્ભૂત મસ્જિદો બંધાવી છે. આ નગરને મક્કાની જોડાજોડ બેસાડવાની એની મહેચ્છા હતી એવું મુસ્લિમ ઇતિહાસકારો





લખી ગયા છે. આ જ પરિસરમાં નગીના મસ્જિદ, કેવડા મસ્જિદ ઉપરાંત નમૂનેદાર જુમ્મા મસ્જિદ પણ છે જ. દરેકની કારીગરી અલગ અને આગવી છે. પહેલાં આ સાદી છતાં બેઝિક કહી શકાય એવી 'સહરી મસ્જિદ' જોઇ લઇએ.''

રેતપથ્થર(સેન્ડસ્ટોન) ની આ મસ્જિદ લાંબી અને ખાસી ખુલ્લી છે. કમાનો, થાંભલા અને પાંચ મિમ્બર વગેરે જોતાં અહીં આવનારાની મોટી સંખ્યાનો સહેજે ખ્યાલ આવે. ઇમારતની અંદર જ, જમણી આખી પાંખ(વિંગ)માં અનેક સ્તંભોવાળી, જાળીઓથી ઢાંકેલી એક ખંડ જેવી રચના જોવા મળી. મંડળીએ આવો વિભાગ કદાચ પહેલીવાર જોયો હતો. પ્રશ્ન આવ્યો- ''આ શું?'' ''આને, 'મુલૂક ખાના' કહે છે. હમીદ-આમિર, ખ્યાલ છે તમને આ શું છે?'' બંનેએ માથું ધૂણાવી ઇન્કાર કર્યો.

આ ખાસ જગ્યા છે, ખાસ ગુજરાતની મસ્જિદની ખાસિયત છે. અહીં શાહી કુટુંબોની તેમ જ અમીર-ઉમરાવ કુટુંબોની સ્ત્રીઓ નમાઝ પઢવા આવતી.'' ''હાયલ્લા! ઔરતેં મસ્જિદમેં નમાઝ પઢતીં થી?'' યાસ્મિન-પરવીન બંને દંગ! ''હા, સલ્તનતકાળની તમામ મોટી, સારી મસ્જિદોમાં મુલૂક ખાનું જોવા મળશે. આ જાળીઓની બારીકી એવી છે કે બહારથી ના દેખાય કે અંદર કોણ છે પણ અંદર રહેલી મહિલાઓ નમાઝ-પદ્ધતિને અનુસરી શકે. આ બતાવે છે કે એ સમયકાળ દરમ્યાન મુસ્લિમ મહિલાઓ મોકળાશ માણતી હશે.''

''અંદર જવાનું ક્યાંથી? સીડી તો દેખાતી નથી.'' ધીરજે પૂછ્યું.

''બાહરની બાજુએ સીડી છે. બહેનો બહારથી જ અવરજવર કરતી હશે.'' ''ખરેખર, આ ખંડ આગવું સ્થાપત્ય કહેવાય. જાળીઓ પણ કેટલી ભાતીગળ છે! સ્ત્રીઓના ધાર્મિક અધિકારો સાથે કલાત્મકતા પણ જોડી દીધી - વાહ!'' વંદના. સહરી-મસ્જિદની પાછળની જાળીમાંથી થોડેક દૂર 'એકલ મિનારી મસ્જિદ' દેખાડી રચનાએ એની અનોખી બાંધણીનો ઉલ્લેખ કર્યો: ''સાધારણ રીતે ઇસ્લામી શૈલીમાં ચાર મિનારા, બે મિનારાવાળી મસ્જિદો હોય; પણ

અહીં એકલ મિનારી મસ્જિદની ખૂબી, બેગડાએ મોજથી બધા માટે બનાવડાવી હશે!"

'સહરી-મસ્જિદ' જોઇને બહાર નીકળ્યા ત્યાં સામે અર્ધુ જૂનું-અર્ધુ નવું મહાકાલી મંદિર હતું. આસપાસના પરિસરમાં ક્યાંય હિંદુ ઇમારત નહોતી- આના સિવાય. અલબત્ત, ગામની શેરીઓમાં ઘણાં મંદિરો હતાં; દેરાસર પણ હતાં- જે છેલ્લાં 25-30 વર્ષથી વધુ જૂનાં નહોતાં લાગતાં. "આ મુદ્દો મનમાં નોંધી રાખજો. હવે બે સુંદર મસ્જિદો જોઇએ." મંડળી 'નગીના મસ્જિદ' પહોંચી. એ વળી ખૂબ ઊંચી, વિશાળ અને અત્યંત ભરચક કોતરણીયુક્ત દીવાલો અને છતના ગુંબજોને કારણે ભવ્ય દેખાતી હતી. "કમાલ હૈ યે કલા તો!" "અધધધ... આટલી બધી ઉંચાઇ? પણ આ શું? છત તો સાવ ગાયબ? તૂટી ગઇ હશે કે બનાવડાવી જ નહિ હોય?" આમિર.

"આ મારો બેટો બેગડો બાદશાહ, મહેલને બદલે મસ્જિદમાં જ રહેતો હશે?" શેખરે કોમેન્ટ કરી."અલ્યા, થાકશો નહિ, હજી તો અફલાતૂન જુમ્મા મસ્જિદ જોવાની બાકી છે!" રચનાએ કહ્યું અને નગીના મસ્જિદની ઉમદા કોતરણી ઉપર સૌનું ધ્યાન દોર્યું: "નગીના એટલે રત્ન. તમે જોશો કે અહીંની કોતરણીમાં ફૂલ-વેલ, ભૌમિતિક ભાત, ડબલ ફ્રેમની અંદર ઉપસાવ્યાં છે તે જોતાં એનું નામ સાર્થક થાય છે- જડાવકામના દાગીના જોયાં છે ને; એવો જ દેખાવ છે આ કોતરણીનો." મિત્રોએ મોજથી આ સૌન્દર્ય માણ્યું- મોબાઇલ કેમેરામાં જડી દીધું. ઓટલા ઊતરી, ઝરૂખા જોતાં જોતાં સૌ નીચે ઊતરીને મોટા બાગ-બગીચા વટાવતાં વળી જહાંપનાહના ઉત્તર છેડાના દરવાજેથી બહાર નીકળ્યાં, તો સામે જ જુમ્મા મસ્જિદ હતી. આમ જુઓ તો ગામની બહાર હતી. "આસપાસનાં ગામોમાંથી પણ લોકો એ સમયે અહીં સુધી શુક્રવારે ને વારતહેવારે સગવડપૂર્વક આવી શકે તે માટે આવી ગામના છેડે રાખવામાં આવી હોય" એક તર્ક આવ્યો. અત્યારે તો કેન્દ્ર સરકારે સરસ દરવાજાની અંદર






ટિકિટબારીની પાછળ લીલોતરી (લોન) બનાવીને વિસ્તારને સ્વચ્છ અને આકર્ષક બનાવી દીધો છે. જાળીદાર કમાનો, પાંચ ગુંબજ અને અસંખ્ય સ્તંભો વચ્ચે જુમ્મા મસ્જિદનું જૂનું છતાં અડીખમ માળખું લગભગ અકબંધ ઊભું છે. અલબત્ત, 'હેરિટેજ' વિભાગની મહેનત અને કાળજીપૂર્વકની જાળવણીએ આને ઓપ આપ્યો જ છે પણ મૂળે પણ ખૂબ વિશાળ અને કલાત્મક બાંધકામ છે.અંદરનું મેદાન ખરેખર હજારો શ્રદ્ધાળુઓને સમાવવાની ક્ષમતાવાળું છે. પરસાળો, મિમ્બર, કમાનો, મુલૂકખાના... બધાંની કોતરણી રેતિયા પથ્થરને જાણે માખણિયા બનાવી દીધાં હોય તેવી છે. જુમ્મા મસ્જિદની પાછળ એક અષ્ટકોણાકૃતિ કુંડ જોયો. પગથિયાંવાળો આ 'હૌજે-વઝૂ' છે એવી માહિતી મળી.

"ઐસા હૌજ હમને ન તો દેખા હૈ ન સૂના ભી હૈ." હમિદે કબૂલ્યું.

"સચ્ચી, અપને આપમેં યે અજાયબી હૈ." યાસ્મિન છક્ક હતી.

"એક એકથી ચઢિયાતી આ ઇમારતો જોઇને મને તો લાગે છે કે મહોમ્મદ બેગડાનો સ્થાપત્યશોખ અને સૂઝબૂઝ તો અવ્વલ નંબરનાં હશે જ પણ એને જે શિલ્પીઓ, ઇન્જિનીયરો વગેરે કલાકારો-કારીગરો મળ્યા હશે એ લોકો પણ નંબર વન હશે." વિલ્સનની આ કલાકૃતિઓને પારખવાની સૂઝ પણ નંબર વન જ ને!

'જહાંપનાહ' કિલ્લાની અંદર અને આ જુમ્મા મસ્જિદ- વારસાનો વૈભવ પેટ ભરીને માણીને બહાર આવતાં ગામની પોસ્ટઓફિસ જોઇ. પાટિયા ઉપર લખ્યું હતું- પાવાગઢ ગામ. તરત ધીરજને ચટપટી થઇ- અલ્યા, આ ગામનું નામ તો ચાંપાનેર નહિ? પછી પોસ્ટ ઓફિસ ઉપર પાવાગઢ કેમ ચિતર્યું છે?" રચનાએ કહ્યું આજની ફિડબેક મિટીંગ માટે આ મુદ્દો મહત્વનો છે.પરિસરની બહાર નીકળ્યાં ત્યારે હાઇવેની સામેની બાજુએ કંઇક એક સરખાં નાનાં નાનાં મકાનોની વસાહત દેખાઇ. "પેલી રાહત કોલોની દેખાય છે.2002માં આ વિસ્તારમાં ફાટી નીકળેલા મુસ્લિમ



**જુમ્મા મસ્જિદ**

હત્યાકાંડના અસરગ્રસ્તોને રાખવામાં આવ્યા હતા. પહેલાં તંબુમાં આ લોકોને રાખવામાં આવ્યા હતાં પછી ત્યાં જ કામચલાઉ મકાનો થઇ ગયાં છે. આ આખો મુદ્દો જરા સમજવા જેવો છે- આપણે રાતની મિટીંગમાં વિસ્તારથી વાત કરીશું.'' ''જો કે એક વાત નક્કી કે પાટણની રાણકી વાવ અને આ ચાંપાનેર- બંને સાચા અર્થમાં 'હેરિટેજ સાઇટ' છે. શિલ્પ-સ્થાપત્ય-વાતાવરણ અને ઐતિહાસિક મહત્વ - બધું જ એની યોગ્યતા પૂરવાર કરે છે.'' વિલ્સન ખુશ હતો. ''બીજું મને શું લાગ્યું કે બંનેની પસંદગી પણ બે મહત્વની ધર્મશ્રદ્ધા સાથે જોડાયેલી છે. વાવ મંદિર ભલે ના હોય પણ હિંદુધર્મનો સંદર્ભ મબલખ છે ને આ ચાંપાનેર તો હશે ત્યારે આબાદ શહેર હશે અને નહિતરેય મક્કાની બરાબરીનું ધામ બનાવવાની મહેચ્છા સાથે સંકળાયેલું છે. આમ પણ ગુજરાતના બંને સશક્ત સમુદાયોના પ્રતિનિધિ જેવાં આ બંને સ્થળો બીજું બધું તો ખરું જ પણ સ્થાપત્યકલાના અજોડ નમૂના છે, એમાં ના નહિ.'' શેખરે પૂર્ણાહૂતિ કરી.





## પાવાગઢ

પાવાગઢ પર્વતના વળાંકો વટાવતી બસ ઉપર ચઢી રહી હતી. રસ્તામાં કિલ્લાના છૂટાછવાયા ભાગ વનરાજિમાંથી ડોકિયાં કરી રહ્યાં હતાં. દંતકથાઓ એવું કહે છે કે આ પેલા પતાઇ રાવળનો કિલ્લો હતો; પણ બાંધકામ વગેરે જોતાં આ પણ સલ્તનતની છાપ ઊભી કરે છે.

બસ થોડી વધારે ઉપર ચડી ત્યાં 'નવલખા કોઠાર' અને 'સાત કમાન'નાં બોર્ડ જોયાં. સદંતર ખંડેર જોતાં પણ મોટા ખંડો કોઠારની છાપ અચૂક ઊભી કરતા હતા. 'સાત કમાન' તો નવમી અજાયબી જેવી લાગી. એક શિખરના નાના સપાટ વિસ્તાર ઉપર, ટેકા વગર-થાંભલા વગર સાત કમાનો ખેંચાયેલી હતી. રેતિયા પથ્થરની આ કમાલ શું હશે; એ પ્રશ્ન મિત્રોને થયો ત્યારે રચનાએ થોડુંક શેર કર્યુંઃ ''આની આસપાસ કંઇ હશે? આની ઉપર- નીચે કંઇ હશે? - કંઇ ખબર નથી પણ કશીક અજાયબ ઇમારત છે એ ચોક્કસ. સ્થાપત્યના આવા કોયડા વિદ્વાનોએ ઉકેલવાની તકેદારી કેમ નહિ રાખી હોય? જો કે કંઇક અંશે કહી શકું કે હૈદ્રાબાદના ગોળકોંડા કિલ્લામાં લગભગ આના જેવી જ મોટી કમાનોની કતાર જોઇ છે, ત્યાંના શાસકોના હમામખાના-સ્નાનાગાર કહેવાય છે. કદાચ અહીં પણ એવું હોઇ શકે?''

''હો સકતા હૈ. બેગડા શૈકિન ભી થા, ઉસને ભી ઐસે હમામ બનવાયે હોં!'' હમિદ.

બહુ ગીચ નહિ છતાં સાવ પાંખું નહિ એવું લીલું જંગલ ચોપાસ હતું. પક્ષીઓ, રીંછ વગેરેનાં ફોટા સાથેનાં પાટિયાં અભયારણ્યની માહિતી આપતાં હતાં. થોડી જ વારમાં 'માંચી-હવેલી' પહોંચી ગયાં.

''આ વળી કેવું નામ?'' મીનાનો પ્રશ્ન. રચનાએ ટૂંકમાં પાવાગઢનો ઇતિહાસ કહ્યો.

''પાવાગઢના પતાઇ રાવળને બેગડાએ હરાવ્યો અને સલ્તનતની સત્તા સ્થપાઇ. સલ્તનતના પછી કાળક્રમે અહીં મોગલો અને મરાઠાનું રાજ્ય આવ્યું.

ગાયકવાડ વડોદરા-કડી-અમરેલીના શાસકો હતા. સિંધિયા પાસે મધ્યપ્રદેશ હતો પણ પંચમહાલનો આ વિસ્તાર-જાંબુઘોડા, હાલોલ અને આ પાવાગઢ પણ સિંધિયા પાસે હતું. અંદરો અંદર લડાઈઓ કરનારા આ મરાઠાવંશોએ ગુજરાતને શણગાર્યું ઓછું ને લૂંટ્યું વધારે એ નોંધપાત્ર છે. આ 'માંચી હવેલી' સિંધિયા શાસકોનું રહેઠાણ હતું. હવે અહીં ધર્મશાળા છે.'' મિત્રોએ જોયું કે 'હવેલી' મોટી તો હતી પણ પ્રભાવહીન હતી. રખરખાવના અભાવે અને લોકોની આદતોને લીધે ગંદી અને બિસ્માર લાગતી હતી. હવે આખો વિસ્તાર 'માંચી' તરીકે જ ઓળખાય છે. અહીં બસ સ્ટેન્ડ, રિક્ષાસ્ટેન્ડ છે. ખાણીપીણીના લારી-ગલ્લા ઉપરાંત નાની દુકાનો અને હોટેલો પણ છે. યાત્રાળુઓની ખાસી ભીડ હતી; આબાલવૃદ્ધ હિંદુઓમાં શ્રમજીવી જેવી દેખાતી કોમો વધારે નજરે ચડી. મંડળીનો ઉતારો પણ માંચી ઉપર આવેલા 'ગુજરાત-પ્રવાસન'ના તોરણમાં હતો. પહાડના ઢોળાવો ઉપર કોટેજ બનાવેલાં છે. પોતપોતાના ઓરડામાં સામાન મૂકી, થોડાંક ફ્રેશ થઈને મિત્રો, મહાકાલિના મંદિરે જવા તૈયાર થયાં.

માંચીથી મંદિરે પહોંચવાના બે વિકલ્પો છે- ડુંગરોની કેડીઓ પગથિયાં ચઢીને જવાય અને ઉડનખટોલા (રોપ વે)માં બેસીને પણ જવાય.સમયના અભાવે મંડળીએ ઉડન ખટોલા જ પસંદ કર્યું.

## ઊંચો પર્વત - ઊંડી ખીણ

ઉડન ખટોલાની મુસાફરી થોડીક જ મિનીટોમાં પૂરી થાય છે. મિત્રો આજુબાજુની પર્વતમાળા, ખીણો ઉપરથી પસાર થઇ રહ્યાં હતાં. ઊંડી ખીણો બતાવતાં રચનાએ માહિતી આપી- ''અહીંની ખીણોમાં એકનું નામ છે 'હાથી ખાઈ'. ખાઈમાં મોટાં મોટાં ઝાડને આડા પાડીને હાથીને પકડવાનાં છટકાં (ટ્રેપ) ગોઠવવામાં આવતાં. સલ્તનત ઉપરાંત મોગલકાળમાં પણ અહીં પકડાતા હાથી વિશે 'જહંગીરનામા'માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અકબરે 'જહાંપનાહ' કિલ્લો સર કર્યા પછી અહીં જહાંગીરને સૂબા તરીકે નીમ્યો હતો. જહાંગીરે ગુજરાતના સૂબા રહીને ગુજરાત વિશે ઠીકઠીક સંસ્મરણો લખ્યાં છે.''





''મોગલ બાદશાહોએ આત્મકથાઓ લખી છે, નહિ? બાદલ.

''હા, બાબર, હૂમાયું, જહાંગીર- બધાની આત્મકથાઓ મળે છે; પણ અકબર નિરક્ષર હતો. એણે પોતાના સમયકાળ વિશે, પોતાનાં નવરત્નોમાંના એક અબુલ ફઝલ - જે વિદ્વાન ઇતિહાસકાર હતા - પાસે લખાવડાવેલી 'આઈન-એ-અકબરી' એનું અંગત આત્મચરિત્ ન રહેતાં તેના સમકાલીન ઇતિહાસ-સંસ્કૃતિ વિષેનો અદ્‌ભૂત ગ્રંથ છે.''

''બેન, યે ઇતિહાસ-લેખન મોગલો કી દેન હૈ ના?'' હમિદે પૂછ્યું.

''ફક્ત મોગલો જ નહિ; સુલતાનોનો ઇતિહાસ પણ લખાયો છે- શું દિલ્હી, શું બંગાળ, શું દક્ષિણ... તુઘલખ, સિરાજુદ્દૌલા, ટીપુ સુલતાન વગેરે શાસકોએ ઇતિહાસ લખાય એની તકેદારી રાખી છે. ઇસ્લામી શાસનની એ ખાસિયત રહી છે.'' ''પણ એવા ઇતિહાસકારો બાદશાહોના પગારદાર હોય ને? પછી તટસ્થતા ક્યાંથી રહે?'' શેખરે વ્યાજબી શંકા ઉઠાવી. ''તારો મુદ્દો વ્યાજબી છે પણ કમ સે કમ, ઘટનાઓ અને ઘટનાઓનો સાચો સમયકાળ તો એમાંથી મળી જ જાય. હિંદુઓને તો પૂછો કે દ્વારકાનું મંદિર ક્યારે બંધાયું- તો કહેશે હજ્જારો વરસ પહેલાં! લેખનથી ચોકસાઇ જરૂર જળવાય.''

''એમ તો બહેન, જૈન સાધુઓએ પણ લખ્યું જ છે ને? તમે પાલિતાણા, પાટણ... એ બધું જોયું ત્યારે કહ્યું જ હતું ને?'' વંદનાએ નવી વાત મૂકી. ''હા મિત્રો, થોડીઘણી ભૂલચૂક કે તટસ્થતાના અભાવને ચલાવી લઈએ તો મુસ્લિમો અને જૈનોએ પોતપોતાની રીતે ઇતિહાસ લખવાની જે કંઇ ને જેવી કંઇ કોશીશ કરી છે એનાથી બીજાં બધાંને કદાચ ફરક નહિ પડતો હોય પણ આપણા જેવા અને આપણા કરતાં વધારે ઊંડાણથી અભ્યાસ કરનારાને ઉપયોગી માહિતી તો જરૂર મળી છે.''

''જો કે આમ છતાં, ઇતિહાસ-લેખન એક પેચીદો મામલો છે એમાં ના નહિ!'' બાદલે પૂરું કર્યું ત્યાં જ ઉડનખટોલો થંભ્યો. માતાનું મુખ્ય મંદિર તો બીજા ડુંગર પર હતું - આ તો જાણે ત્યાં પહોંચવાનો 'બજાર ડુંગર' હતો.

''ઊતર્યાં ત્યાં દૂધિયું તળાવ છે, પાછળ છાશિયું તળાવ પણ છે!'' રચના.

''ઐસે નામ કૈસે પડે હૈંગે?'' યાસ્મિન.

''વારતા હશે કે આ તળાવમાં દૂધ વ્હેતું હતું ને પેલા તળાવમાં છાશ! ખરું ને બહેન!'' શેખરે ચોક્કો માર્યો.

''ખરું - મતલબ કે હકીકત નહિ; વાર્તાનું મૂળ!''

''લો, ઐસી કહાનિયોં સે તો વો પગારદારોં કા ઇતિહાસ અચ્છા કે નહિ?!'' હસતાં હસતાં સૌ આગળ વધ્યાં. ત્યાં રાબેતા મુજબની ધાર્મિક દુકાનો હતી. પૂજાપાથી માંડીને પોર્નોગ્રાફીની ચોપડીઓ ને સીડીઓ'- બધ્ધું મળતું હતું. ધાર્મિક ઘોંઘાટ પણ ખરો જ અને ધાર્મિક ગંદકીનું તો પૂછવું જ શું?! તળાવમાં નહાનારાં, મુંડન વગેરે કરાવનારાં અને પૂજાપા વહેવડાવનારાંનો તોટો નહોતો!

બે જૈન મંદિરોનાં ખંડેરો ઉપરાંત જીવતું જૈન મંદિર, નાનું શિવમંદિર, સ્નાનની ઓરડીઓ આ ડુંગર ઉપર હતાં. અહીંથી ચાંપાનેરના અદ્ભૂત સ્થાપત્યનું 'પક્ષીદર્શન' કરી શકાતું હતું. દૂરની કેવડા-મસ્જિદ, સક્કરશાહની છત્રી, એક મિનારી મસ્જિદ વગેરે નહિ જોયેલાં સ્થાપત્ય પણ દેખાયાં. રચનાએ મંડળીને તેની ઓળખ આપી.



મહાકાળી મંદિર

દૂધિયા તળાવ પાસેથી જ, માતાના ડુંગર ઉપર જવાનાં સીધાં પગથિયાં શરૂ થતાં હતાં. છેક મંદિર સુધી જનારાં શ્રદ્ધાળુઓ હાથમાં પૂજાપો લઇને એક તરફથી પર્વત ચડી રહેલાં, તો બીજી





તરફથી હાથમાં પ્રસાદ સાથે નીચે ઉતરી રહેલા આસ્થાળુઓ પણ હારાદોર દેખાતા હતા. ''જૈ મહાકાળી''ના જયજયકાર જગાવતાં શ્રદ્ધાળુઓ સાથે મંડળીએ પણ ચઢાણ શરૂ કર્યું. જે કંઇ જુએ-જાણે તે વિશે રાતે ફિડબેક મિટીંગમાં શેર કરવાનું- ત્યાં સુધી મુક્તવિહાર!

## ઇતિહાસના આટાપાટા અને રાજરમતની ચાલબાજી

માંચી-હવેલીના 'તોરણ'માં ફિડબેક મિટીંગ માટે સૌ ભેગાં થયાં છે. ટેકરીઓના ઢોળાવો ઉપર એકેકા કોટેજમાં ઉતારો છે. એક ખુલ્લા ઢોળાવ ઉપર બાંકડા અને પથ્થરના ટેબલની ગોઠવણ છે. આસપાસનું જંગલ ચાંદનીથી રસાયેલું છે.પાવાગઢ ચૂપ છે.

વહેલી સવારથી મોડી સાંજ સુધીની દડમજલ અને ઇતિહાસ-પુરાણ વચ્ચે ઝોલાં ખાતી મંડળી થોડી પળ માટે પોતાના અનુભવો વાગોળી રહી હતી. મીનાએ શાંતિનો ભંગ કરતાં કહ્યું: ''સૌથી છેલ્લું જોયું એની વાત સૌથી પહેલાં કરવી છે - મહાકાલી માતાનું મંદિર. આ મંદિર તો નાનું લાગ્યું. લગભગ કે પૂરેપૂરું - રિનોવેશન કરેલું છે. ખાલી ગર્ભગૃહ અને પેલી બારસાખો જૂનાં છે. બાકી રંગરોગાન, લાદી, કપચી બધેબધું નવું!''

''પણ મહિમા તો લોકશ્રદ્ધાનો કરવો જોઇએ. કેટલાં શ્રદ્ધાળુઓ - એમનો દેખાવ, પહેરવેશ, રીતભાત, બોલી... વગેરે જુઓ તો એ લોકો મોટેભાગે ગુજરાતી જ હતાં ને તેય કહેવાતી પછાત કોમનાં, શ્રમજીવીઓ હતાં એ ચોખ્ખું વરતાઇ આવતું હતું.'' વંદનાનું નિરીક્ષણ રસપ્રદ હતું. ''આપણે આટલાં દેવસ્થાનો જોયાં એમાંથી એટલું તો સ્પષ્ટ થયું કે દેવીપૂજા-ભક્તિ મોટેભાગે શ્રમિક સમાજના લોકો કરે છે, ધામો પણ એમનાંથી જ ઉભરાય છે. હા, એક મોટાં અંબાજીમાં કહેવાતા ઉજળિયાતો જરાક વધારે દેખાયા.'' બાદલે એ મુદ્દાને આગળ વધાર્યો.

''અમને એ પણ જાણવા મળ્યું કે આ શક્તિપીઠ છે, જ્યાં સતીનો જમણા પગનો અંગૂઠો પડ્યો હતો. અહીં આંગી જ છે.'' ધીરજે વર્ણન કર્યું. ''પર યહાં

બાજુમેં હી કાલિમાતાકી બડીવાલી મૂર્તિ ભી રખી હૈ, વો ક્યા આમ લોગોં કી ફરમાઇશ સે રખી હૈગી?'' યાસ્મિન.

''બની શકે. તમને યાદ હોય તો, અંબાજીમાં પણ છેક બહાર, દરવાજા પાસે વાઘ ઉપર બેઠેલાં અંબામાની નવી મૂર્તિ મૂકેલી છે, વટેમાર્ગુઓ- પ્રવાસીઓ ત્યાં કંકુ-નારિયેળ-ચુંદડી વગેરે ચડાવે છે.'' રચનાએ અનુસંધાન કર્યું.વિલ્સનને મજા તો પડી હતી- ''બાકી તો માહૌલ એક સરખો લાગ્યો. પૂજારીઓ જરાક શાંતિથી દર્શન કરવા દેતા હતા; ને પ્રસાદ પણ આપ્યો- અમે તો ત્યાં એક પૈસોય નહોતો મૂક્યો!''

થોડી પળો ચૂપ બેઠેલા આમિરે ગંભીરતાથી વાત શરૂ કરીઃ ''વૈસે તો કઇ દિન સે મેરે મન મેં યહ બાત ચલ રહી હૈ પર આજ કહને પર મજબૂર હો ગયા! મંદિર કે પીછે હી સદનશાહ પીર કી દરગાહ હૈ. યે વો ઇંગારશા પીરવાલી બાત નહિ હૈ. મંદિર કે હિસ્સે કો સદિયોં પહલે તોડા ગયા થા- ઔર વહાં પર યે દરગાહ કાયમ કી ગઇ. વૈસે જાને કા રસ્તા અલગ હૈ પર... પતા નહિ દિલ કચોટતા હૈ. અપને મઝહબ કો ઝિન્દા રખને કે લિયે દૂસરે કે ધરમ કો નુકસાન સે મુઝે બહુત શર્મ આતી હૈ! સચ્ચી!'' બધાં ચૂપ થઇ ગયાં. વાતે નવો જ વળાંક લીધો હતો. રચનાએ કહ્યું, ''આમિર, તારી સંવેદનશીલતાને સલામ. પણ ઇતિહાસનો બોજ લઇને હંમેશાં ના ચલાય. જે કંઇ બન્યું ત્યારે સામંતી સમાજ હતો. ધર્મ-સંસ્કૃતિ વિશેના ખયાલો બંધિયાર હતા. બળપ્રયોગને ગૌરવ માનવામાં આવતું. ઘણી બધી બાબતે માનવ સમાજ બર્બર હતો. જ્ઞાતિવ્યવસ્થાનો અન્યાય, સ્ત્રીઓ પર થતા અત્યાચાર, હિંસક યુદ્ધો... ઘણી બધી બાબતો એવી છે જેની શરમ સૌને આવવી જોઇએ. આમિરની લાગણી સાચકલી (જેન્યુઇન) છે પણ એને જીવતી રાખવાને બદલે એનું વિશ્લેષણ (એનાલિસિસ) થવું જોઇએ. આવી તોડફોડ પછીના સમયગાળામાં માનવસમાજ ઘણો આગળ વધ્યો છે, સહિષ્ણુ બન્યો છે, સમજદાર બન્યો છે... એવાં ઉદાહરણો નજર સામે રાખીને આશાવાદી બનવું એ જ એક રસ્તો છે.''





''એ સાચું...પણ આવી લાગણીઓને આજની તારીખમાં પંપાળીને, ફૂંકી ફૂંકીને ઉશ્કેરવામાં આવે તો બાબરીધ્વંસ જેવા કિસ્સા પણ બને ને?'' ધીરજ. ''બને જ.પણ આપણા જેવા એને માટે ઊહાપોહ કરે જ છે ને? આજે કેટલા બધા લોકો માનવ અધિકારો અપાવવાની ઝુંબેશ કરી રહ્યા છે? પેલા મધ્યકાળમાં તો રૈયતે રાંક બનીને જોયાં કરવું પડતું હતું, વેઠ્યાં કરવું પડતું હતું. આમિર જેવો અપરાધભાવ અનુભવવો એ ઊંડી સંવેદનશીલતા છે પણ નરવી રીતે ઇતિહાસને જોવા-તપાસવાની કેળવણી પણ આપણી જાતને આપવી પડે! આપણો આ પ્રવાસ એવી કેળવણી તરફનું જ એક ડગલું છે.''

રચનાની વાતથી આમિરને કેટલો સંતોષ થયો હશે એની ખબર નથી પણ પરવીને વળી નવો ફણગો ફોડ્યોઃ ''બેન, આજ પૂરી સુબહ હમને ચાંપાનેર હેરિટેજ વિસ્તાર મેં બિતાઇ. વહાં ક્યા દેખા? વો જબ્બર કિલ્લા ઔર ઢેર સારી મસ્જિદેં! જીસસે લડાકૂપન ઔર મજહબી કટ્ટરપન કી હી પહેચાન હોતી રહી. ક્યા યે હી હૈ હમારા અતીત? કયા ઇસીકો વિરાસત માનના હોગા?'' મંડળી પણ વિચારમાં પડી ગઇ.

''તારા સવાલમાં મહત્વના મુદ્દા છે પરવીન. 'વિરાસત' કોને કહીશું એ એક નૈતિક પ્રશ્ન પણ છે જ. 'સતીપ્રથા' પણ પરંપરા છે, વિરાસત છે, એનું ગૌરવ પણ ભૂતકાળમાં બહુ થયું છે... પણ નૈતિક રીતે એ વિરાસત 'અનૈતિક' છે. ખૈર. 'કિલ્લા' વિશે મારું વિશ્લેષણ કહું તો કિલ્લા ભલે યુદ્ધશોખીન શાસકોએ દુશ્મનોને ખાળવા બંધાવ્યા હોય પણ એનો બીજો કે પહેલો હેતુ નગરની સુરક્ષાનો પણ ખરો જ ને? કિલ્લાનું નામ 'જહાંપનાહ' છે - ચાલો, ભલે આખા વિશ્વની નહિ, પણ પોતાની પ્રજાની રક્ષાની નિસ્બત પણ બેગડાને હશે જ; એની અવગણના કેમ કરાય? તારો બીજો સવાલ થોડો ઊતાવળિયો છે - મજહબી - ધાર્મિક હોવું એટલે કટ્ટરવાદી થઇ જવાય એ સાચું નથી. મજહબ - ધર્મ એ વ્યક્તિની આંતરિક જરૂરિયાત છે, સંસ્કૃતિનું પરિબળ છે. માનવ સમાજને સ્થિરતા, સ્વસ્થતા અને સમતુલા આપવાનું કામ મજહબે કર્યું છે એ સમજવું પડે. જો કે તારી અને ખાસ તો આમિરે કરેલી વાતથી બિલકુલ સંમત

થવું પડે કે એક ધર્મે બીજા ધર્મને નુકસાન પહોંચાડવું ના જોઇએ. પણ એ જ તો આ માનવસમાજની મોટી નબળાઇ છે - 'તારા કરતાં મારી સાડી વધારે સફેદ હોવી જોઇએ; મારીને સફેદ રાખવાને બદલે તારીને ફાડી જ નાખું'... એવો સ્પર્ધાભાવ, ઈર્ષાભાવ છેવટે ધર્મયુદ્ધો / જિહાદ સુધીનાં વરવાં રૂપ લે છે.રહી હેરિટેજની વાત... તો એ તો તહજીબમાં પણ છે. ખોરાક, પોષાક, બોલી, રહેણીકરણી, મોજશોખ, સૌન્દર્યદૃષ્ટિ... એ વિરાસતનો પણ વિચાર થવો જોઇએ જે આપણા દેશમાં સદીઓથી એકમેક સાથે ઓતપ્રોત થઇ ગઇ છે એ સમજવું જરૂરી. ખેર, જે તૂટી ગયું છે તેને નહિ, જે બચી ગયું છે તેને વિરાસત ગણીશું તો મનની મોકળાશ વધશે.'' વંદનાએ આજ સુધી યાદ રખાતા મુદ્દાને ફરીથી યાદ કરાવ્યો: ''પરવીન, એ જે કંઇ ઇમારતો જોઇ એ બાંધકામ-કલાના બેસ્ટ નમૂના છે એ વાત તો મંજૂર ને? એની કારીગરીની કમાલને વિરાસત માનવાની. હવે આવું ક્યાં બંધાય છે?.. અરે, ચડસાચડસીમાં એવું બાંધવાની પ્રેરણા મળે એને વિરાસત માનવાની.'' બધાંએ પોતપોતાની રીતે હામી ભરી. હમિદ શાંતિથી કંઇ વિચારતો હતો; એણે કહ્યું- ''હમને દો દો વિશ્વ-વિરાસતેં દેખીં. એક વો પાટણ કી રાણી વાવ ઔર દૂસરી યહ. રાણી વાવમેં એક તરહ સે દેખા જાયે તો વહ હિંદુ મંદિરો જૈસી થી; ફિર ભી જગહ તો લોગોં કે ઉપયોગ કી - સાર્વજનિક હી થી. યહાં પર બેગડાને ઇતની મસ્જિદે બનાઇ વે ભી અપની પર્સનલ તો નહીં થીં - સાર્વજનિક હી થીં... ઉસ હિસાબ સે ભી હમેં વિરાસત કો દેખના હોગા.''

શેખર હજી શાંત હતો. થોડી વારે એની તરફથી સવાલ આવ્યો- ''બહેન, આ ઇમારતો ઉપર હિંદુ-જૈન મધ્યકાલીન કલાની અસરો છે એટલે તમે એને 'મહાન' કહો છો ને? તમને એટલે જ એ બહુ ગમે છે ને?'' બાકીની મંડળી થોડી સ્તબ્ધ થઇ ગઇ. રચનાની પ્રતિક્રિયા જાણવા ઉત્સુક પણ! રચનાએ સસ્મિત જવાબ આપ્યો- ''હા. કેમ કે મને અને બીજાં ઘણાંને પણ- એમાં સમન્વય અને સહિષ્ણુતા દેખાય છે; જે પંદરમી-સોળમી-સત્તરમી સદી માટે વિરલ ઘટના હતી. રાજકીય-સામાજિક વાતાવરણ તો એવું હતું, જેમાંથી આવી કલાકૃતિઓ નીપજવી મુશ્કેલ હતી. છતાં- પેલી





સાવ સાદી કહેવત જેવું થયું કે કાદવમાંથી કમળ ખીલ્યાં! મુસ્લિમ શાસકો વિશે 'બ્લેક એન્ડ વ્હાઇટ' માં જ વાતો થાય છે, ત્યારે મને આવી ઇમારતોનો સમન્વય, એ શાસકોનો 'પોઝિટિવ ગ્રે' લાગે છે. મતલબ કે બધું કાળું જ નથી હોતું અને બધું સફેદ જ નથી હોતું - વચ્ચેનો રાખોડી રંગ પકડવો પડે. હિંદુસ્તાનના મુસ્લિમ શાસકોનો ગ્રે'-પોઝિટિવ ગ્રે પકડવાનું મને ગમે છે. એનાથી મને આશ્વાસન મળે છે ને મારી જેમ ઘણાંને મળે જ છે. ખાસ તો ગુજરાતના ઇસ્લામી શાસકોએ ગુજરાતની કલાને અપનાવી છે એ મારે મન મહત્વનું છે. વિચાર કરો, આ શાસકોએ પેલા શિલ્પી-કારીગરોને તુર્કી-ઇરાની-અરબી-ઇરાકી શૈલીમાં જ મસ્જિદો બાંધવાનું ફરમાન કર્યું હોત તો? નહીં તો એમનાં કાંડા કાપી નાખવામાં આવશે એવી ધમકી આપી હોત તો? એમની પાસે સત્તા હતી- એ લોકો એવું કરી જ શક્યા હોત. પણ કલામાં આગવા હઠાગ્રહને બદલે સામંજસ્ય (હાર્મની-સંવાદિતા) અને સ્થાનિક સુગંધ પણ હોવી જરૂરી છે, જે એના જોનારાંને આત્મીયતાનો અહેસાસ કરાવે. આપણે ઊંટેશ્વરી જોયું, એમાં ભોળાં લોકોને છેતરવાનો નહિ, પણ આવું પોતીકાપણું લગાડવાની નિસ્બત પણ છે.

વળી જેમણે હિંદુ-જૈન દેવસ્થાનો બનાવ્યાં તેવા કલાકારોને નિમંત્રીને પણ, મસ્જિદનો હુકમ આપીને પણ એમને એમની રીતે કામ કરવાની છૂટ મળી તે કારણે પણ કદાચ આ ઇમરાતો બેનમૂન બની છે. 'મોકળાશમાં મઝા'નાં પરિણામો તરીકે હું આવી ઇમારતોને અણમોલ વિરાસત માનું છું અને બિરદાવું છું.''

સમન્વય અને અભિવ્યક્તિ-સ્વાતંત્ર્યના મુદ્દે મિટીંગનું 'મધુરેણ સમાપયેત' થયું. પાવાગઢના પરિસર ઉપર સુદ પખવાડિયાની ચાંદની રેલાઇ રહી હતી. ચાંદની મઢ્યા ચાંપાનેરનું દર્શન કરતી મંડળી ને રચનાએ વળી જરાક ઝંઝોડી:

''તમને ખબર છે, આને- ચાંપાનેરને વિરાસત જાહેર કરતાં પહેલાં અને પછી બહુ તકલીફો પડી હતી!?''

''લે, વો ક્યા થા ફિર?'' આમિરને નવાઇ લાગી.

''એક તો જે પરિસર કે ઇમારતને 'હેરિટેજ' જાહેર કરવામાં આવે તેની આસપાસ અમુક કિ.મિ. સુધી રહેઠાણ, ધંધા ખેતી વગેરેની મનાઇ છે. એ હિસાબે 'ચાંપાનેર' ગામમાં વિસ્થાપન કરવું પડે તેમ હતું. ત્યાં તાબડતોબ મંદિરો વગેરે નવાં બનાવીને કે જૂનાંને રિનોવેટ કરીને જીવતાં કર્યાં; જેથી વિસ્થાપન ઉપર 'ધાર્મિક લાગણી દુભાવવા'ના મુદ્દે રોક લગાવી શકાય. 'સહરી-મસ્જિદ' જોતાં, સામેના કાલીમંદિરને યાદ રાખવાનું મેં તમને કહેલું ને, તે આ કારણે. એટલું જ નહિ, 'જહાંપનાહ' દરવાજાની રાંગેરાંગે પુષ્કળ લારીગલ્લા હતા, જે સ્વાભાવિક રીતે સ્થાનિક અને આસપાસના લોકોની રોજીરોટી હતી અને યાત્રાળુઓ માટેની સગવડ. તમે સવારે જોયું હશે કે સામેની બાજુએ એ બધું ખસેડવામાં આવ્યું છે.'' ''આ તો બહુ મહત્વનો મુદ્દો છે. 'હેરિટેજ'ના નામે વટ પાડવા, ટિકિટોના યુરો, ડોલર ઉઘરાવવામાં જો સેંકડો કુટુંબોની રોજી રોટી જતી હોય તો ધૂળ પડી એવા વારસા-ફારસા પર! એ કિલ્લો ને મસ્જિદો- બધું પહેલાં પણ ત્યાં જ હતું, ને લોકો જોવાયે જતા જ હતા ને? આવા કહેવાતા સાંસ્કૃતિક નાટકોનો કોઇ મતલબ નથી!'' શેખરનો ઉકળાટ ઝટ શમે તેમ નહોતું.

''હજી આગળ પણ બે ત્રણ મુદ્દા છે. તમારે જાણવા જોઇએ એવા- આ 'હેરિટેજ' બનાવવાનો મુદ્દો લગભગ ઇ.2000 ની આસપાસ ઊભો થયો. ત્યારે આ ગામમાં કેટલાંક ભગવાં પરિબળોએ હિંદુત્વના એજન્ડા ઉપર કામ શરૂ કરી દીધું હતું. કિલ્લામાં અને કિલ્લાની બહાર, રાંગેરાંગે અચાનક નાનાં-મોટાં મંદિરો ઊભા થઇ ગયાં હતાં. ગામની અંદર જે થોડાંક મુસ્લિમ કુટુંબો રહેતાં હતાં તેમની અસલામતી વધી જાય એવું વાતાવરણ ધીમેધીમે ભીંસ લઇ રહ્યું હતું. આર.એસ.એસ.ના કાર્યકરો, તોગડિયા જેવા વક્તાઓનાં ભડકાઉ ભાષણોના દૌર ચાલ્યા. 2001ની નવરાત્રિ અને પૂનમ દરમ્યાન અહીંના લારીગલ્લાવાળા; ટેક્સી અને છકડારિક્ષાવાળા જે હિંદુ-મુસ્લિમ બંને કોમના હતા, તેમની વચ્ચે તોફાનો અને આગજનીના બનાવો બન્યા જે ચોક્કસ રીતે





પેલાં પરિબળો દ્વારા આયોજિત હતા. ગામમાંથી મુસ્લિમોને હટાવવાનું અભિયાન ચાલ્યું, જાણે! ત્યારે જ 'હેરિટેજ' બનશે એવી વાટાઘાટો શરૂ થઇ હતી, એને કોઇ પણ પ્રકારે રોકવાના આ ધમપછાડા હતા. પેલા મુસ્લિમ-જનસંહારનાં બીજ મારે મન તો ગોધરામાં નહિ, અહીં જ વવાયાં હતાં!

''પન ઐસા ક્યોં?''

''કેમ કે બેગડો મુસલમાન હતો અને અહીં બધી મસ્જિદો હતી; એને જો હેરિટેજ જાહેર કરવામાં આવે તો એમના હિંદુત્વનું નાક ન કપાઇ જાય?'' શેખરે બિલકુલ સચોટ તારણ કાઢ્યું. સૌ મિત્રો દુઃખ સાથે સમ્મત થયાં.

''પણ પુરાતત્વવિદો અને કેન્દ્ર સરકાર- મક્કમ હતાં. છેવટે સફાઇ વગેરે શરૂ કરાવ્યું અને આઠેક વર્ષની મહેનત પછી સ્થળ 'હેરિટેજ સ્મારક' બન્યું.''

''હવે તો ખરે જ, આ સ્થળનું મહત્વ મારે મન તો ઓર અધિક બની ગયું.'' બાદલનો અભિપ્રાય.

''પણ પ્રવાસન, સરકાર અને પુરાતત્વ ત્રણેએ સમાધાન કર્યું પેલાં માહિતી-પાટિયાંમાં.  સ્થાપનાવર્ષ લખ્યું છે. ઇન્ડોસાર્સેનિક શૈલીનું વિવરણ કર્યું છે અને પ્રત્યેક સ્થળના શિલ્પ-સ્થાપત્યની વિગતો પણ સમજાવી છે પણ ક્યાંય મોહમ્મદ બેગડાનું નામ નથી!

''હાયલ્લા! ઇતની નફરત?''

''નફરત નહિ- ચાલાકી, સમાધાન! મહેતો મારે પણ નહિ ને ભણાવે પણ નહિ- એવું!'' શેખરે જૂની કહેવતનો યોગ્ય ઉપયોગ કરી સમજાવ્યો. ''બાકી ગુજરાતના ઇસ્લામી શાસનના ઇતિહાસકારોએ તો મહોમ્મદ બેગડાને 'ગુજરાતનો અકબર' કહ્યો છે.આ પાટિયાં એને એ રીતે વખાણી શક્યાં હોત. જો કે આ મુદ્દા સાથે હું સો ટકા સંમત નથી!'' રચનાના અભિપ્રાયથી સૌને નવાઇ લાગી. સૌની આંખમાં પ્રશ્ન હતો. ''બે વાત! એક તો અકબર મોહમ્મદ બેગડા પછી થઇ ગયો. એ તો ઠીક છે પણ અકબર બેગડા જેટલો

'ચૂસ્ત મુસલમાન' નહોતો. ક્યાંય વાંચવા કે જોવા નથી મળ્યું કે અકબરે મસ્જિદો બંધાવી હોય- સિવાય કે ફત્તેહપુર સિક્રી, જે આગ્રા પાસે એની રાજધાની જેવું નગર હતું ત્યાં શેખ સલીમ ચિશ્તી નામે સૂફી સંતની મઝાર! જે પાછી દરગાહ છે - મસ્જિદ નહિ.''

''ઔર અકબર કો તો કઇ સારે ધર્મો મેં ઇન્ટેરેસ્ટ હોતા થા ના?'' આમિર.

''બરોબર, એની ફિલોસોફી હતી 'સુલહ-કુલ'- સર્વત્ર શાન્તિ! દીને-ઇલાહી નામે સર્વ ધર્મ સમભાવી વિચારસરણી પણ એણે શરૂ કરી હતી. જ્યારે મહોમ્મદ બેગડો તો મુસલમાન તરીકે અત્યંત શ્રદ્ધાળુ હતો અને પીર-ફકીર-ઓલિયાઓનો પણ આસ્થાળુ આશિક હતો. ગુજરાતના મોટા મોટા સૂફી સંતો એના શાસનકાળમાં થયા અને એણે એમને ભજ્યા, પૂજ્યા અને અવસાન પછી સ્મારકો પણ બનાવડાવ્યાં. છેક સરખેજથી માંડીને હાજી પીર સુધી ઇતિહાસ આની સાક્ષી પૂરશે.''

''હવે તો બરાબ્બર સમજાઇ ગયું કે આ પાટિયાંઓ પેલા બનાવડાવનારાનાં નામ મૂકવાની અંચઇ કેમ કરે છે!'' ધીરજે સમજીને માથું ધૂણાવ્યું.

''... અને કહેવાય છે કે આપણે સેક્યુલર / બિન સાંપ્રદાયિક લોકશાહી દેશમાં વસીએ છીએ, જ્યાં ધર્મ પાળવાનું સ્વાતંત્ર્ય દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે!'' શેખરે પૂરું કર્યું.

બધાં ઉઠવા લાગ્યાં. ત્યાં જ વંદનાએ જરાક ચીડ સાથે કહ્યું- ''જોયું? વળી પાછી ઇતિહાસ અને રાજકારણની ઘાલમેલ! આવું સરસ શિલ્પ, સ્થાપત્ય જોવાની કેટલી મજા આવી હતી... પણ એની પાછળ પણ આ કાદવકીચ્ચડ! બધ્ધો મૂડ મરી ગયો!''

''અરેરે... બાકી આજ તો સપનામાં જહાંપનાહ કિલ્લો ને નગીના મસ્જિદ જ આવવાનાં હતાં! સપનું જોતાં પહેલાં જ મારી ઊંઘ ઊડી ગઇ!'' વિલ્સનનો અફસોસ!







**સાત કમાન - પાવાગઢ**

રચનાએ હસતાં હસતાં કહ્યું- ''સારું ને ઊંઘ ઊડી ગઇ તે! આપણા જેવાઓએ જાગતાં જ રહેવું પડે! અને વંદના, કલાનું સૌંદર્ય માણવાનો પણ એક નશો હોય છે... જેમ ધર્મ એક અફીણ છે એમ કલાઓ માણવાનો શોખ પણ એવું જ અફીણ છે! ક્યારેક આની વાત પણ કરીશું. ટૂંકમાં ચાંપાનેરની વાસ્તવિકતા કપરી છે, એ સ્વીકારીને જ એને માણી શકાય.''

★★★

## મુકામ - 5

# ડભોઇ

## કિલ્લો કે કારાગાર?

પાવાગઢ જોઇને, જાંબુઘોડાનાં જંગલો જોતાંજોતાં પર્વતીય પ્રદેશમાં બસ આગળ વધી રહી હતી. ગાઢ વનો અને વહેળા વટાવતાં ડભોઇ ગામની ભાગોળે- હાલના નાના ડભોઇ નગરથી દૂર, અત્યંત પ્રાચીન અને ખંડિત કિલ્લાના એક દરવાજે બસ થોભી. કિલ્લો જોતાંની સાથે જ મિત્રોએ, બસમાંથી કૂદીને કિલ્લાનું અવલોકન શરૂ કરી દીધું.

રચનાએ નોંધ્યું હતું કે હવે આ મિત્રોને શિલ્પસ્થાપત્યમાં ઘણો રસ પડતો હતો અને જાતે જ પથ્થરોની પરિભાષા ઉકેલવાના પ્રયત્નો કરી રહ્યાં હતાં.



ડભોઇ કિલ્લો

"બહેન, આ કિલ્લાનું સમારકામ તો ખાસું એવું થયું છે. અને થર છે ખરા પણ મંદિરો કરતાં એનો ક્રમ અલગ છે." વિલ્સનો બરાબર નોંધ્યું હતું.





"આ જુઓ, જળથર નથી, ગજથર તૂટેલો છે; ત્યાં સાદા પથ્થર મૂકાઇ ગયા છે. ઉપર માનવથરમાં નર્તકીઓ, સવારી, મલ્લકુસ્તી દેખાય છે. વાજિંત્રો વગાડનારાં પણ દેખાય છે. ઉપર અપ્સરાથર ટૂટેલ-ફૂટેલ છે અને દેવથર તો ઠેઠ ઊંચે-બરોબર કળી શકાતો નથી." ધીરજે ધીરજપૂર્વક કિલ્લાનો એક અંશ જોયો ને જોતાંજોતાં વર્ણવ્યો.

"મોઢેરા જેટલું અદ્ભૂત નથી પણ ખરેખર, ખૂબ સરસ કોતરકામ છે, નહિ?" મીનાને તુલનાત્મક દૃષ્ટિએ જોવાનું ઠીકઠીક ફાવતું હતું.

"હા, આમ જુઓ તો મને તો શામળાજી કરતાંયે ઘાટીલું લાગ્યું." વંદના બોલી.

## કલાની ચર્ચા - ચર્ચાની કલા

ફરતાં ફરતાં સૌ મોટા દરવાજે આવી પહોંચ્યાં. પ્રવાસનનાં પાટિયાં, બાંકડા અને રાતે થવાની હોય તેવી સર્ચલાઇટનાં ખોખાં પણ દેખાતાં હતાં. પાટિયું હતું! 'હીરા ભાગોળ'. ખરી ખૂબી અહીં જ હતી. દરવાજાને જોડતા ઝરૂખા, ટોડલા, કમાન, તોરણ પથ્થરનાં હતાં પણ જાણે લાકડું કોરીને સજાવ્યું હોય એવાં બારીક નકશીકામથી શોભતાં હતાં. અસલ ગૂર્જરનાગર શૈલીનું કોતરકામ કલાત્મક અને ખીચોખીચ હતું. મંડળીની સાથે ફરતી રચનાએ જોતાં જોતાં મિત્રોનું ધ્યાન બારસાખો ઉપર દોર્યું. ત્યાં 'દશાવતાર' કોતર્યા હતા. મીનાએ તરત કહ્યું: "અરે વાહ, વડનગરમાં આડી પટ્ટીમાં દશાવતાર હતા, અહીં ઊભા - એક ઉપર એક ગોઠવ્યા છે. આ નવી ગોઠવણ જોઇ.સરસ લાગે છે; નહિ?"

"હાં, ઔર કામ ભી જ્યાદા બારીક હૈ; જ્યાદા પુરાના હૈગા ના?" પરવીને કહ્યું.

"પણ મને તો પાટણની રાણી વાવની દશાવતારની મૂર્તિઓ શ્રેષ્ઠ લાગી." વિલ્સનની નજર આમ પણ ઝીણી!

"તમારા બધાંનાં નિરીક્ષણ રસ પડે તેવાં છે. ગુજરાતનાં વિવિધ શિલ્પસ્થાપત્ય જોવાની તક તમને મળી છે એનું પરિણામ અહીં દેખાયું. સરખામણી કરી જ શકાય પણ એ કેમ જાડું કે બારીક છે એના ઊંડાણમાં પણ ઊતરવું જરૂરી.અહીં બેઠાં છીએ તો એક મુદ્દો જરા નિરાંતે ચર્ચીએ."

"આટલા દિવસમાં એક કોમેન્ટ ઘણીવાર આવી કે જૂના જમાનામાં વધારે બારીક કામ થતું હતું ને જેમ જેમ સમય આગળ વધતો ગયો તેમ તેમ કળા 'જાડી' થતી ગઈ. તમને વિચાર આવે છે, આવું શા માટે થતું હશે?" મિત્રો મંથનમાં પડ્યાં. થોડી વારે શેખરે શરૂઆત કરી- "શિલ્પકળા કે કારીગરી પહેલાના સમયમાં અમુકતમુક જાતિઓની જ આવડત હતી, જેમને 'સલાટ' કહેતા. એ લોકોનું એ જ કામ, એ જ રોજગારી અને એ જ ગૌરવ લેવાનું સાધન. જ્યારે આ બધું સાથે મળે ત્યારે એ આવડત કે કારીગરી (સ્કીલ)માં વધારે હોંશિયાર બનવા, સફાઈદાર કામ કરવા, કામની ક્વોલિટી સુધારવાની ઝંખના રહે. પરંપરા પડે અને પેઢી દર પેઢી પરંપરા મુજબ કામ કરવાનું વાતાવરણ મળી રહે - એને કારણે હાથ વધારે પાકો બને! મને લાગે છે 9 મીથી 15-16મી સદીનાં 500-700 વર્ષમાં આ પેઢી-દર-પેઢી અને સમુદાય કે અમુક જ્ઞાતિની પરંપરાને નામે પણ આ કલા બારીક અને ઉત્તમ બની હશે. આ મારો વિચાર છે." બધાંને રસ પડ્યો. "ફિર હમને કહાનિયાં પઢી-સુની હૈ ઔર પિક્ચર મેં ભી દિખાતે હૈં કિ જબ રાજામહારાજા નવાબ બાદશાહ થે તબ કારીગરોં કો ઇનામ દેતે થે, સોનામહોર દેતે થે; તો ઉસકે ચલતે ભી કારીગરોં કો શાબાશી, કદ્રદાની કે સાથસાથ ઐસા પ્રેક્ટીકલ મુઆવજા મિલેં તો ઉસકા અસર ભી બઢિયા પડેગા હી ના?" આમિરે પોતાની સમજ રજૂ કરી.

"બંને દૃષ્ટિકોણ સાચા છે. જ્ઞાતિની કારીગરીની પરંપરાને રાજ્યાશ્રય મળતો હતો- શાસકો એમને પોષતા અને ઇનામ વગેરેથી વધારાની કદર પણ કરતા. સામંતશાહી-રાજા-બાદશાહોના સમયમાં આ થતું, શક્ય બનતું. પરિણામે, કામ ચોક્કસ સઘન રીતે થતું, એની પાછળ સમય લેવામાં આવતો અને કારીગરો પરંપરાને ટકાવી રાખવા, નામના / પ્રસિદ્ધિ મેળવવા પણ જીવ રેડીને કામ કરતા હશે."





"પછીના સમયમાં કદાચ જ્ઞાતિપરંપરામાં થોડો ફેરફાર આવ્યો હોય; જેમ કે શિલ્પી બાપનો દીકરો કદાચ એ કામને બદલે બીજો વ્યવસાય પસંદ કરતો થયો હોય, પરિણામે પેલી લીંક તૂટી ગઈ હોય એમ પણ બને." બાદલે નવો વિચાર મૂક્યો. થોડાક ખચકાટ સાથે હમિદે પણ ઝંપલાવ્યું: "કુછ કુછ વખ્ત ઐસે ભી આયે હોંગે જબ મંદિર યા મસ્જિદ યા ઐસી ઇમારતેં બંધવાના પોસિબલ હી ના રહા હો- જૈસે હમલે, લડાઇયાં, બદલતી હુઇ રાજસત્તા... ઐસા હો સકતા હૈ ના, બહેન?"

"બિલકુલ.તમે લોકોએ ખાસો વિચાર કર્યો છે. મજા આવે છે.પછી? બીજું કોઈ?" રચનાએ અપેક્ષાથી બધાંની તરફ નજર ફેરવી.

"ફિર તો બેન, ઐસા ભી હુઆ હોગા ના, કિ મશીન વગૈરા આને લગા તબ કુછ કુછ કામ તો મશીનોં સે હોને લગે હોંગે; ફિર હાથોં કી મહેનત ઔર કલા- દોનોં પે અસર પહુંચ સકતા હૈ; હૈ ના?" આમિરે સંક્રાન્તિની વાત કરી. "બરોબર છે, ઉદ્યોગો-મશીનરી આવી ગયા પછી કામના વિકલ્પો પણ વધ્યા હશે.લોકો બીજા કામે જવા લાગ્યા હશે. આવા ઝીણાં કામમાં વર્ષો લગાડવાને બદલે રોજે રોજ રોકડી કરવી ફાયદાકારક નહિ?!" શેખરે વહેવારૂ વાત કરી.

"શેખરે જે વાત કરી, તેમાં એક ઉમેરો કરું કે આપણે ત્યાં ઉદ્યોગો અને અંગ્રેજી શાસન સાથોસાથ આવેલાં. નિશાળો, દવાખાનાં, કોલેજો વગેરે નવાં સાર્વજનિક સ્થળો બંધાવાં શરૂ થયાં હતાં; જેમાં જૂનાગઢ કે વડોદરા જેવા શહેરોમાં જૂની પરંપરા ચાલુ રહી શકી છે પણ મોટેભાગે સાર્વજનિક ઇમારતો ઉપર પશ્ચિમની કાં તો મિશ્ર શૈલીની અસરો જોવા મળે છે."

"એક બીજો મુદ્દો પણ આમાંથી નીકળે છે કે હવે પૈસાદારો મંદિરોને બદલે સાર્વજનિક ઇમારતો વધારે બંધાવવા માંડ્યા જેથી મંદિર વગેરેની કલાકારીગરી ભૂલાવા લાગી. પૈસાદારોને તો નામના કમાવી હતી- મંદિર કે દવાખાનું!!!" શેખરે કહ્યું."બીજી બાજુ અંગ્રેજોએ બધાંને શિક્ષણ-નોકરી વગેરે આપવાનું પણ શરૂ કર્યું હતું ને? આખી વાત જ બદલાવા માંડી'તી? એ સમયમાં તો ધર્મની સ્થતિ પણ ડામાડોળ થઇ'તી; પેલી હવેલીઓ બની એટલે

મંદિર બનાવવાની કળા ઝાંખી પડી હશે, નહિ?'' વંદનાએ પણ નવો મુદ્દો ઉમેર્યો.

''ઔર અંગ્રેજી સ્ટાઇલકે શહર જો બઢતે ગયે તો વૈસે હી બંગલે-ફ્લેટ ભી બનતે હી ગયે હૈંગે ના?'' પરવિને પણ ફાળો નોંધાવ્યો.

''બહુ સરસ; આ કેવા મહત્વના મુદ્દા આવી રહ્યા છે, જાણો છો? કદાચ વિદ્વાનોના સેમિનારમાં આવી ચર્ચા થતી હશે; બાકી તો...'' રચનાએ વાક્ય છોડી દઇને ઘણું બધું કહી દીધું.

''છતાં પણ એક મુદ્દો છે બહેન, સોમનાથ મંદિરને ખાસ શણગારી શક્યા નથી એની ચર્ચા થઇ ગઇ પણ આજની તારીખમાં, પાલિતાણામાં અને બીજે બધે પણ જૈન દેરાસરો હજી મસ્ત કલાકોતરણી સાથે જ બનતાં જોવા મળે છે; ત્યાં આ બધા પ્રશ્નો નહિ નડતા હોય?'' ધીરજે મહત્વનો પ્રશ્ન કર્યો.

''અલ્યા, એ શેઠિયાઓ કારીગરોને તગડું વળતર ને ઇનામબિનામ બધું આપતા હશે. કારીગરોને પ્રોત્સાહન મળતું હશે ત્યારે હાથ ચાલતા હશે!''

''બની શકે. શેખરે જે મુદ્દો આપ્યો એનો 'સર્વે' કરવા જેવો; ભવિષ્યમાં પેલાં 'પ્રોજેક્ટ' કરવા છે ને, એમાં આનેય ઉમેરી દેજો.'' રચનાએ મુદ્દો પકડ્યો. વિલ્સને બીજી મહત્વની વાત કરી- ''બહેન, એવા કારીગર જ્ઞાતિસમુદાયમાંથી કારીગરો પણ શોધવા પડે ને? એમને કદાચ તાલીમ પણ આપવી પડે; એવું કશું ચાલતું હશે?''

''ખ્યાલ નથી, પણ આ મુદ્દો બહુ મહત્વનો છે. નવાં સ્થાપત્યો તો ઠીક પણ કમ સે કમ, મરમ્મત કરાવવા માટે પણ કારીગરોની નવી પેઢી તાલીમો આપીને તૈયાર કરવી જોઇએ, નહિ તો મોઢેરાના સૂર્યમંદિરને સાદા પથ્થરોથી બંધ કરી દીધું છે કે જ્યાં ત્યાં ચોસલાં મૂકી દીધાં છે એને બદલે સરસ કારીગરી જોવા મળે.'' ''બહેન, મુઝે પાટણવાળા વો મુદ્દા યાદ આતા હૈ- પટોલાવાલે કલાકાર દૂસરોં કો યે કલા નહીં સિખાતે હૈં... ઐસા પ્રોબ્લેમ ભી આતા હોગા!'' હમિદે વિચિત્ર છતાં સાચી હકીકત ઉપર આંગળી મૂકી!





''અને પેલા શ્રેષ્ઠ કલા-શિલ્પ ઘડનારાનાં આંગળાં કાપી નાખવાના કિસ્સા પણ આપણે સાંભળ્યા... એ બધાંની વચ્ચે પારંપરિક કલાને ટકાવી રાખવી કેટલી મોટી તકલીફ હશે એ સમજી શકાય છે.'' બાદલે જાણે મુદ્દાને સમેટ્યો.

''સરસ. દોસ્તો, તમારી ચર્ચામાંથી બહુ મહત્વના મુદ્દા બહાર આવ્યા કે કલા-કારીગરીની ઉત્તમતા સરજાવવા અને ટકાવવા સામાજિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક અને આર્થિક પરિબળો કેટલા મહત્વના છે! એક વત્તા એક બરાબર બે- જેવું આમાં કંઇ ના નીકળે એ પણ તમે જાણો છો. તમે વિમર્શ કર્યો, મુદ્દા મૂક્યા અને મંથનમાંથી જે કંઇ નીકળ્યું એ બધું શિલ્પ-સ્થાપત્યનું જે દર્શન આપણે કર્યું એ સંદર્ભે ખૂબ મહત્વનું છે.''

''બહેન, આ કિલ્લાની પણ કોઇ વાર્તા હશે ને? મીનાનો પ્રશ્ન!

''ઇસકા નામ 'હીરા ભાગોળ' કૈસે પડા હૈગા, યહ ભી બતાના.'' યાસ્મિન.

''ઓ હાં, આપણે તો કલાચર્ચામાં પડી ગયા, નહિ?! પહેલાં જરા આ ડભોઇ વિશે ઐતિહાસિક પરિચય જોઇએ, પછી વાર્તાઓ...'' રચનાએ ડભોઇનો ઐતિહાસિક સંદર્ભ કંઇક આ પ્રમાણે મૂક્યોઃ

''ડભોઇનું પૌરાણિક નામ 'દર્ભાવતી' હતું. આ શહેર એક કાળે, ગુજરાતના ક્ષત્રિય વંશો સોલંકી અને વાઘેલાઓનું પૂર્વપટ્ટીના પાટનગર જેવું હતું. ત્યાર પછીના ગાળામાં યાદવો અને પરમારોએ અહીં રાજ કર્યું. (છેક 11મી સદીથી 17મી સદીનો ગાળો) ડભોઇનો કિલ્લો વાઘેલા રાજા વિશલદેવે બંધાવ્યો છે. તમે જોઇ શકશો કે સોલંકી કાળની શૈલીનો ખાસો એવો પ્રભાવ છે. મોટેભાગે 13મી સદીમાં ખિલજી સુલતાનના સેનાપતિ ઉલૂઘખાને આ વિસ્તારમાં જે તોડફોડ કરી તેમાં ડભોઇનો કિલ્લો પણ તૂટ્યો હોવાની સંભાવના છે. કિલ્લાની અંદર બે જૂની મસ્જિદો છે તે પણ એ જ જમાનાની શાખ પૂરે છે. આમ તો ડભોઇ ગામથી આ સ્થળ દૂર છે- પણ કિલ્લાની અંદર જૂના નગરનાં જે અવશેષો છે તેમાં મહાકાળીનું મંદિર, શિવમંદિર અને બે જૂનાં જૈન મંદિર છે - જે આજે પૂજાય તો છે. તદ્દુપરાંત 700 મીટર પહોળા અને 900 મીટર

લાંબા કિલ્લાના એક દરવાજાને હીરા ભાગોળ કહે છે, બીજો છે વડોદરા દરવાજો, ચાંપાનેરી દરવાજો. દરેક દરવાજે તમને અહીં જેવી જ કોતરણી દેખાશે. કિલ્લેબંધી નગરનો સુંદરમાં સુંદર દરવાજો અહીં છે એમ કહેવાય.''

''તો તો ચાંપાનેરના પાડોશી તરીકે કિલ્લાને બિરદાવવો જોઈએ.'' વિલ્સને કહ્યું.

''અબ બહેન, વો હીરા ભાગોળવાલી કહાની બતાઈએ.'' યાસ્મિને યાદ કરાવ્યું. વંદનાએ હળવેથી કહ્યું- ''બહેન, મેં વર્ષો પહેલાં એક વાર્તા વાંચી હતી - 'વિનિપાત'. ધૂમકેતુ નામના લેખકે લખી હતી. એમાં હીરાધર નામના શિલ્પીની વાર્તા છે જેણે આ દરવાજાની ડિઝાઇનો બનાવી હતી.એ વાર્તામાં પ્રજાને શિલ્પ-સ્થાપત્યની કદર નથી એ મુદ્દો કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે.''

''સરસ-પણ દંતકથા એવું કહે છે કે હીરા ભાગોળમાં શિલ્પી હીરાધરને જીવતો ચણાવી દીધો હતો!''

''અરે, ક્યોં?''

''રાજા હીરાધરની પ્રેમિકાને જોઇ ગયો, એને પામવા માટે એણે હીરાધરને આ કિલ્લો ચણાતો હતો ત્યારે ચણાવી દીધો હતો!''

''ઐ હૈ; કિતના ઘિનૌના કામ?''

''પછી તો આ દંતકથામાં બધું જાતજાતનું ઉમેરાયું છે પણ ટૂંકમાં એક શાસકની લંપટતાનો ભોગ બનેલો કલાકાર પોતાની કલાકૃતિમાં જ શહીદ થયો.''

''બહેન, એ કયો રાજા હતો?''

''દંતકથાનો હિરો હીરાધર હતો અને વિલન સિદ્ધરાજ જયસિંહ. સિદ્ધરાજ સ્ત્રીઓ પ્રત્યે લોલુપ હતો એના બીજા કિસ્સા વિશે તમે જૂનાગઢ અને પાટણમાં જાણ્યું- બની શકે કે એ દંતકથા હોય પણ રાજાની પોતાની પ્રજાની સ્ત્રીઓ તરફની કુદૃષ્ટિ એના રાજ્યનું પતન નોંતરે છે એવો નીતિબોધ તારવી શકાય.''





''રાણકદેવી, જસમા ઓડણ અને આ હીરાની પ્રેમિકા. સિદ્ધરાજ માટે કલંકરૂપ કથાઓ હતી એ આમજનતાએ કહેવાતા સવર્ણ વાર્તાકારોની શેહશરમ રાખ્યા વગર ગાઇ છે - કહી છે; એને કદાચ ઇતિહાસ ઉપર લોકમાનસની જીત કહવાય!'' શેખરે બહુ સરસ રીતે હીરા ભાગોળની દંતકથાનું અર્થઘટન કરી આપ્યું.

''એક નાનકડા ગામનો આ ખૂબ પ્રસિદ્ધ કિલ્લો લગભગ આપણે માટે છેલ્લી આ પ્રકારની જોવાલાયક જગ્યા છે જેમાં મધ્યકાલીન શિલ્પ-સ્થાપત્યની શૈલી અને સુંદરતા જોવા મળશે. હવેનો પ્રવાસ જુદા લેવલ પર થશે, જોવાલાયક જગ્યાઓ હશે પણ જુદા પ્રકારની. ઇતિહાસ પણ હશે પણ કદાચ નજીકનો! હીરાભાગોળ એ રીતે એક ખૂબ જ કલાત્મક અલ્પવિરામ કહેવાય આપણા પ્રવાસનું.''



**હીરા ભાગોળ**

''તો તો બહેન, આ નિમિત્તે આપણે જે કલાચર્ચા કરી એ બહુ મહત્વની.હવે કોઇ પણ પ્રકારનું શિલ્પ જોઇશું ત્યારે હીરા ભાગોળની ભાગોળ કાયમ યાદ આવશે. ઇમારતોને ઇતિહાસ ઉપરાંત રાજકીય અને આર્થિક સંદર્ભો પણ અગત્યના છે એ સ્પષ્ટ થયું.''

''અરેરે... આપણને આટલું સમજાવવા માટે બિચારા હીરાધરને દીવાલમાં ચણાઇ જવું પડ્યું, નહિ?!'' શેખરે પૂર્ણવિરામ મૂક્યું.

★★★

**મુકામ - 6**

# રેવાકાંઠો

## વિપ્લવથી માંડીને અસ્થિવિસર્જન સુધી

ડભોઇથી નીકળેલી મંડળી કેવડિયા કોલોની તરફ જઇ રહી છે. ''નર્મદાનદીના સરદાર-સરોવર-સ્વરૂપને જોતાં પહેલાં નદી વિશે જાણવાજોગ જાણવું જોઇએ.'' રચના શેખરની આ શરૂઆતથી હસી પડી. ''નર્મદા ભલે સ્વરૂપ બદલે પણ સ્વભાવ બદલે તેવી નથી!''

''આમ તો નર્મદાનું નામ પંદર વીસ વરસથી વાજતું ગાજતું થયું છે તે આ સરદાર સરોવરને લીધે જ ને? બાકી તો નર્મદા ગુજરાતની મોટામાં મોટી નદી છે એવું ભણી ગયા- પાંચમા ધોરણની ભૂગોળમાં. બીજું તો શું?'' મીના પાસે સહેલા જવાબ હતા જ. ''નર્મદાની પરકમ્મા બહુ જાણીતી છે ને?'' વંદના હજી બોલી રહે એ પહેલાં હમિદ પૂછી ઊઠ્યો- ''નદીકી પરકમ્મા? યે કૈસે પોસિબલ હૈ? મંદિર કી પરકમ્મા હોતી હૈ, પર્વત કી હોતી હૈ... વહ સુના હૈ પર નદીકી ચારોં ઓર કૈસે ઘૂમ સકતે હૈં?''

''અલ્યા, સાબુ વાપર, સાબુ! ગોળ ફરીને નહિ; નદીને કિનારે કિનારે થાય પરકમ્મા.'' વિલ્સને કહ્યું... ''અને તેય પદયાત્રા, પેલી અંબાજી-રામાપીર-ભડિયાદ જેવી!'' હમિદ હસી પડ્યો- ''અબ સમઝા.મગર વિલી! યે સાબુ ક્યા હૈ?''





''સામાન્ય બુદ્ધિ-કોમન સેન્સ!'' વિલ્સને ગંભીર ચહેરે જે રીતે કહ્યું તેનાથી બધાંને હસવું આવી ગયું.

''મતલબ કે મધ્યપ્રદેશના અમરકંટકથી નીકળેલી નર્મદા, અહીં ખંભાતના અખાતને મળે ત્યાં સુધીની પદયાત્રા? અધધધ!'' ધીરજથી બોલી પડાયું.

''હા.નર્મદા હિંદુ શ્રદ્ધાળુઓ માટે ખૂબ પવિત્ર નદી મનાય છે. કહે છે કે ગંગા સુધી ન જવાય તો ચાલે; નર્મદામાં નાહ્યા એટલે ભયો ભયો.એવું પણ કહેવાય છે કે ગંગાનું પાણી ખૂટશે પણ નર્મદાનું પાણી કદી નહીં ખૂટે.''

''ઇક્યો... ને વળી એવુંયે કે'વાય કે નરબદાના તો કંકર ઇ શંકર!'' કનુભાઇ પાસે પણ માહિતી હતી.

''એ વળી શું?'' મીનાને કહેવત ગમી ગઇ.

''મૂળે પુરાણોમાં નર્મદાને 'શિવપુત્રી'તરીકે ઓળખાવી છે તેથી હજારેક વર્ષથી અહીં શિવપૂજાનો ખાસો મહિમા છે. નદીના બંને તટે, મધ્યપ્રદેશથી છેક ખંભાત સુધી અસંખ્ય શિવમંદિરો છે, ખૂબ તીર્થધામો છે; એટલે આ કહેવત પડી કે નર્મદાના કાંકરે કાંકરામાં શિવલિંગ શોધી શકાય.'' રચનાએ સમજાવ્યું. ''અરે, અમે તો વરસમાં ઓછામાં ઓછી પચ્ચી વાર અહીં પાલ્ટી લઇને આવીં. એમને અહીં સરવણી કરવાની હોય, ફૂલ પધરાવવાનાં હોય, ચાતુર્માસ કરવાના હોય... ચાણોદ-કન્યાળી સૌથી પવિત્ર કે'વાય! ઓલા સિધપુર જેવું જ!'' કનુભાઇએ નર્મદાનો મહિમા કર્યો.

''કનુભાઇ, યે સબ ક્યા બોલ ગયે આપ? હમારે પલ્લે કુછ નહિ પડા.'' આમિર. રચનાએ દોર સંભાળી લીધો- ''અહીં નર્મદાકિનારે ચાણોદ અને કર્નાળી મોટાં ધામ કહેવાય છે; ત્યાં લોકો શ્રાદ્ધ કરવા, મરેલાંના અસ્થિ / હાડકાં પધરાવવા અને ચોમાસાના ચાર મહિના વ્રત-ઉપવાસ કરવા આવીને રહે છે.




**ચાણોદ - કરનાળી, રેવા કાંઠો**

''આ સિવાય પણ નર્મદા અને નર્મદાઘાટીનો મહિમા છે તે મારે તમને કહેવો હતો. આખા વિસ્તારમાં પર્વતમાળા છે. ગાઢ જંગલો પણ છે અને બિહામણાં કોતરો પણ છે. આ બધાં સ્થળોએ સાધુ-સંન્યાસીઓના આશ્રમો પણ છે અને કહેવાય છે કે આ આશ્રમો 1857ના સ્વાતંત્ર્ય સેનાનીઓનાં આશ્રય-સ્થાનો હતાં.'' રચનાએ અજાણ્યા ઈતિહાસનાં પાનાં ખોલ્યાં. મિત્રોને રસ પડી ગયો. '' સાધારણ રીતે એવું મનાય છે કે 1857ના વિપ્લવમાં ગુજરાતનો કંઈ ખાસ ફાળો નહોતો. જો કે છેલ્લાં થોડાં વર્ષોનાં સંશોધને કેટલાક વિપ્લવીઓ શોધી કાઢ્યા છે જે ગુજરાતી હતા; પણ અહીં તો આપણે રાષ્ટ્રીય ક્રાન્તિકારીઓની વાત કરવી છે, જેમનાં નામ કદાચ તમે જાણતા હશો.''

''નાના સાહેબ પેશ્વા, તાતિયા ટોપે... એ બધાંની વાત છે ને, બહેન? શેખર.

''હા, એ લોકો અને બીજા ઘણા વિપ્લવીઓ નર્મદાના આ જંગલો અને કોતરોમાં છુપાઈને રહેતા અને વ્યૂહરચનાઓ ઘડતા. ગામેગામ ફરીને વિપ્લવનો સંદેશો લોકોમાં ફેલાવતા. રોટી અને કમળ વિપ્લવની નિશાનીઓ હતી. જેને અંગ્રેજો સામેના સશસ્ત્ર વિપ્લવમાં સામેલ થવું હોય તે રોટી ચાખે ને કમળનો સ્વીકાર કરે; અને પછી આગળ મોકલી આપે- પાસ ઓન કરે. આ તમામ ચળવળમાં નર્મદાકિનારો ગુપ્ત રણભૂમિ બન્યો હતો. અનેક





સાધુસંન્યાસીઓ સાથે દયાનંદ સરસ્વતીનું નામ પણ આ વિપ્લવીઓમાં લેવાય છે. નર્મદાનું બીજું નામ છે રેવા. રેવા એટલે ઉછળતી-કૂદતી. આ 'રેવાકાંઠો' વિપ્લવના ઈતિહાસનો સાક્ષી છે.'' ''તો તો નવી કહેવત બનાવવી જોઈએ, ''રેવાકાંઠાના વૃક્ષેવૃક્ષે વિપ્લવ.'' વંદનાએ પ્રાસ બેસાડ્યો; બધાં ઈતિહાસની બીજી બાજુની ટચૂકડી માહિતીથી મૂડમાં આવી ગયાં હતાં. વંદના એકદમ અધીરાઈથી બોલી - ''બેન આ તો ર.વ.દેસાઈની 'ભારેલો અગ્નિ' નવલકથામાં છે જ ને... રચના - ''હું તારી આ વાતની જ રાહ જોતી હતી.''

શેખરે નવો મુદ્દો મૂક્યો- ''આજકાલ કહેતાં ત્રીસેક વર્ષથી આ જ રેવાકાંઠો નવી લડતનો સાક્ષી બન્યો છે ને? હાલત તો એવી થઈ છે કે આ લડતનું તો સૂત્ર છે કે ''નર્મદા બચાવો!''

''તું સરદાર સરોવર યોજનાની વાત કરે છે ને? આમ જુઓ તો એ લડત પણ સરકાર અને સ્થાપિત હિતો સામે છેડેલા વિપ્લવથી કમ નથી.'' ''... હા, અને એના જેવી જ- બહાદૂર પણ નિષ્ફળ!'' શેખરે પૂરું કરવા ધાર્યું પણ રચનાએ કહ્યું- ''સફળ કે નિષ્ફળ એ તો સ્થળ ઉપર જઈને, જોયા પછી, આખી યોજના અને એની સામેના સંઘર્ષને સમજ્યા પછી જ નક્કી કરીશું. હમણાં તો રેવાકાંઠે રેવાકાંઠે પહોંચીએ કેવડિયા; હવે તો કેવડિયા કોલોની- સરદાર સરોવર પ્રવાસન ધામ.''

★★★

**મુકામ - 7**

# કેવડિયા કોલોની

## કેવડિયાનો કાંટો અમને અધવચ હૈયે વાગ્યો જી!

“થોડી જ વારમાં કેવડિયા કોલોની પહોંચી જવાનાં. સરદાર સરોવર ડેમ આજે ઊભો છે તેનો પણ ઇતિહાસ છે. પહેલાં એ વિશે વાત કરીને પછી આગળ જવું છે કે પહેલાં જોઇ લઇશું ને પછી ફિડબેક મિટીંગમાં વાત કરીશું?” રચનાએ મિત્રોને પૂછ્યું.

થોડી અંદરોઅંદરની વાટાઘાટો પછી પહેલાં ડેમ જોવાનું નક્કી થયું.

“... તો પછી આપણે એક ગાઇડ સાથે નક્કી કરી લઇએ જેથી દરેક જગ્યા વિશે બરોબર સમજ પડે.” રચનાએ બાબુભાઇનો સંપર્ક કરીને, ગેસ્ટહાઉસ ઉપર આવી જવા કહ્યું. પછી મંડળીને કહ્યું કે, “બાબુભાઇ, જે આપણા ગાઇડ છે તે પોતે વિસ્થાપિતોમાંના એક છે. એમનાં મા ગંગાબેન ‘નર્મદા બચાવો’ આંદોલનનાં સક્રિય કાર્યકર હતાં.”

થોડી જ વારે કેવડિયા કોલોનીમાં આવેલા સરકારી ગેસ્ટહાઉસના દરવાજે બસ પહોંચી. કેવડિયા ગામના પાદરમાં થઇને વહેતી નર્મદા ઉપર જ ડેમ બન્યો છે એટલે કેવડિયા ગામને આખી યોજનાનું હેડક્વાર્ટર / મુખ્ય મથક બનાવવામાં આવ્યું છે. સરકારી કાર્યાલયો, વિવિધ વિભાગો સાથે જુદી જુદી કક્ષાનાં ગેસ્ટહાઉસ સુદ્ધાં બનાવવામાં આવ્યાં છે. કર્મચારીઓ, કામદારો,





અધિકારીઓના નિવાસ (હાઉસિંગ ક્વાર્ટર્સ) પણ અહીં જ છે. ’80 સુધી જે આદિવાસી ગામડું હતું તે આજે ‘ટાઉનશીપ’ બની ગયું છે. હાલમાં તો ‘વહીવટીનગર’ દેખાય છે, જે જોતજોતાંમાં પ્રવાસધામ બનીને ધમધમી ઊઠવાની તૈયારીમાં છે, એને રાજકીય ટેકો પણ પૂરેપૂરો છે.

મંડળીનું બુકિંગ પણ સરકારી ગેસ્ટહાઉસમાં અગાઉથી થઇ ગયું હતું. પોતપોતાના રૂમ્સમાં સામાન ગોઠવી, સાદું ભોજન જમીને સૌ તૈયાર હતાં ત્યાં જ બાબુભાઇ ગાઇડ આવી પહોંચ્યા. રચનાએ પરસ્પર પરિચય કર્યો-કરાવ્યો. બાબુભાઇ બોલવે-ચાલવે ખૂબ નમ્ર અને વિનયી, ટિપિકલ આદિવાસી યુવાન લાગ્યા. પોતે ડભોઇની કોલેજમાં ગ્રેજ્યુએટ / સ્નાતક થયેલા પણ અહીં ગાઇડની નોકરીથી મન મનાવવું પડ્યું. બાદલે સહજપણે પૂછ્યું: “આ તમારી કાયમી નોકરી?”

“ના રે! સાવ હંગામી, ને તેય મારો ફોન નંબર અહીંની ઓફિસમાં નોંધાવી રાખવો પડે. જરૂર પડે ત્યારે ફોન કરીને બોલાવી લે. કામ પૂરું થાય એટલે સાંજ પડ્યે પ્રવાસીઓ પાસેથી એમણે ઉઘરાવેલા પૈસામાંથી એમને મન થાય એટલું અમને આપે. મારા જેવા ઘણા શિક્ષિત આદિવાસી ભાઇઓ આ રીતે ગાઇડનું કામ કરે છે.”

ખેર, વિકાસના વિક્ટીમ આદિવાસી ભાઇ, મંડળીના માર્ગદર્શક(!) બનીને બસમાં ગોઠવાયા.

સરદાર સરોવર ડેમ તરફ બસ આગળ વધી રહી હતી અને બાબુભાઇ સામાન્ય માહિતી આપી રહ્યા હતા. “ડેમની ઊંચાઇ 121.9 મી.છે ડેમ જોવા માટે, ડેમની સામેના ખડકોને ભાંગીને ત્યાં ખાસ કૃત્રિમ ટેકરીઓ બનાવીને, બગીચા બનાવીને, વચ્ચે વચ્ચે રંગબેરંગી છત્રીઓ મૂકાવીને ‘વ્યૂ પોઇન્ટ’ બનાવ્યાં છે. આપણે સૌથી પહેલાં ત્યાં જઇશું.”

બસ વ્યૂ પોઇન્ટવાળા બગીચે અટકી. એક છત્રી નીચે બાબુભાઇ સાથે સૌ જઇને ઊભાં. બાબુભાઇએ સમજાવ્યું તે પ્રમાણે, એક તરફ વિંધ્યાચળ અને બીજી

તરફ સાતપુડાની વચ્ચે ધમધમતી વહેતી નર્મદાને નાથીને, મુખ્યત્વે બે હેતુસર આ ડેમ બાંધવામાં આવ્યો. એક તો નહેરો દ્વારા નર્મદાના પાણીને આસપાસના જિલ્લાઓથી માંડીને, સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પહોંચાડવું. સિંચાઇ યોજનાઓ દ્વારા જમીનને ફળદ્રુપ કરવી. બીજો હેતુ છે હાઇડ્રલ પાવર / જળવિદ્યુત / વીજળી પેદા કરીને ખેતી તેમ જ ઉદ્યોગોને વેગ આપવો. તત્કાલીન ભારતના વડાપ્રધાને આ યોજનાને સાકાર કરવા 1961માં અહીં શિલાન્યાસ કર્યો હતો. જો કે ડેમનું બાંધકામ તો એની પછી પંદરેક વર્ષે માંડ શરૂ થઇ શક્યું હતું. 1985માં જ્યારે વિશ્વબેંકની લોન મળી ત્યારે પાછું પાટે ચડ્યું.''

સામેનો ગંજાવર કદનો ડેમ જોઇને મંડળી ખૂબ પ્રભાવિત થયેલી લાગી. પાણી તો બંધ હતું પણ સરોવર ભરેલું હતું. ચોપાસ ડુંગરમાળ, લીલોતરી અને ભૂરા આકાશ નીચે જબરજસ્ત ડેમ અને બાબુભાઇએ વર્ણવેલા હેતુને સાંકળતી મંડળી પાસે અહોભાવ સિવાય કોઇ પ્રતિભાવ નહોતોઃ ''બેન, યે તો સહી મેં જબરજસ્ત યોજના હૈ.બોલે તો ગુજરાત મેં પાની કી જો કિલ્લત(ખામી) હૈ વહ દૂર તો હોગી હી હોગી.'' હમિદે કહ્યું. ''આમ પણ આવડી મોટી નદીનું આટલું બધું પાણી એમ જ સમુદ્રમાં વહી જાય એને બદલે લાખ્ખો લોકો સુધી પહોંચાડવામાં આવે એમાં ખોટું શું?'' વંદનાએ કહ્યું અને ધીરજ સંમત થયો.



**સરદાર સરોવર બંધ**





બીજા મિત્રો માટે તો આ યોજના અને એના હેતુઓ કદાચ પહેલી વાર આટલા સ્પષ્ટ થતા હતા. ''હું તો પેપરમાં વાંચું ત્યારે કાયમ થાય કે આ ડેમ ક્યારે પૂરો થાય, કયારે નહેરોમાં પાણી જાય ને ક્યારે ગામેગામ નંદનવન થાય!'' બાદલ. રચનાને લાગ્યું કે આવો અહોભાવ સ્વાભાવિક છે પણ આની પાછળનાં નકારાત્મક પરિબળો પણ એમણે જાણવાં પડે. એ મનોમન કશું વિચારી રહી હતી.

પંદર-વીસ મિનિટ એ મહાકાય બાંધકામ જોયાં કર્યું ત્યાં બાબુભાઇએ જણાવ્યું કે એ ડેમનું સ્ટ્રક્ચર(બાંધકામ), તેનાંથી બનાવેલાં સરોવરો (વિયર્સ) અને જળવિદ્યુત મથક (હાઇડ્રલ પાવર સેન્ટર) જોવા જવાનું છે. સૌ મિનીબસમાં બેઠાં. અમુક જગ્યાએ જઇને મિનીબસ મૂકી દેવી પડી. 'ડેમ ઓથોરિટી'ની બસમાં સૌ ગોઠવાયાં. કનુભાઇને સખ્ખત રસ પડી ગયો હતો.એ પણ સાથે થયા; પોતાની ગાડીની ચિંતા છોડીને!

એક પુલ ઉપર થઇને બસ જઇ રહી હતી ત્યારે બાબુભાઇએ પાછળનું સરોવર દેખાડ્યું. દૂરદૂર સુધી લગભગ દરિયા જેટલો ફેલાવો જોઇને મંડળી ખુશ.ચોતરફની કુદરત પણ ખોબેખોબે સુંદરતા પાથરી રહી હતી. મંડળી ડેમ-સ્ટ્રક્ચર ઉપર પહોંચી. રાક્ષસીકદનાં યંત્રો ધમધમી રહ્યાં હતાં. ઉપરના ભાગે ઊંચાઇ હજી નિશ્ચિત નહોતી થઇ છતાંયે એક પ્રકારની સક્રિયતા જાણે યોજનાની સફળતાની એંધાણી આપતી હતી. ''બહેન, જબ્બરજસ્ત છે બધું, નહિ? અહીં પણ 'માનવશક્તિની જય' બોલાવવાનું મન થઇ જાય છે!'' ધીરજ મંત્રમુગ્ધ હતો.

વિલ્સને એના મનની વાત કહીઃ ''આપણે પેલી સુંદર મૂર્તિઓ અને ભવ્ય ઈમારતોને જોતાં ત્યારે મન સભર થઇ જતું હતું, કંઇક અનોખો આનંદ અંદર અંદર જ ખિલતો રહેતો હતો. પણ આ બાંધકામ જોતાં એક જાતનો ડર લાગે છે; બહુ સ્પષ્ટ નથી કહી શકતો પણ મનમાં થાય છે કે માનવશકતિની સાથે અહીં યંત્રશક્તિ ભળે છે ત્યારે કેવું મહાકાય બાંધકામ ઊભું થાય છે! કશુંક અંદર અંદર કંપી જતું હોય એવું લાગે છે. કિલ્લા પણ

જબરજસ્ત હતા પણ આ તો...?'' એ પૂરું ન કરી શક્યો પણ એની વાત રચનાને પહોંચી તો ગઇ.

બાબુભાઇ ક્યા વિયરમાં કેટલા ક્યુસેક પાણી સમાય છે, ક્યાંથી ક્યાં આ પાણી પહોંચી શકશે વગેરે માહિતી આપી રહ્યા હતા અને મંડળી ધ્યાનપૂર્વક સાંભળી રહી હતી. આંકડા તો જોકે એમને યાદ રહેવાના નહોતા પણ ગુજરાતના ભવિષ્યની જળભરપૂર વાતો સાંભળીને રોમાંચ જરૂર અનુભવી રહ્યાં હતાં. રચના જો કે મનોમન કશુંક ગોઠવી રહી હતી.

પંદરેક મિનિટ આ વિકાસવાર્તા-વિરાટવાર્તા સાંભળીને સૌ પાછાં બસમાં ગોઠવાયાં અને જળ-વિદ્યુત મથક જોવા ગયાં. આખો પ્લાન્ટ ભૂગર્ભમાં છે. અંદર સુરંગમાં જવાનું, યંત્રજાળ જોવાની, જાતભાતના અવાજો અને જાતભાતની પ્રકાશ યોજનાથી ચકાચોંધ-મંડળી ઉત્સુક હતી. અહીં છેક અંદર યંત્ર વિભાગમાં તો જવાતું નહોતું. આટલે પહોંચતાં પહેલાં દરેક મથકે સિક્યોરિટીમાંથી પસાર તો થવું જ પડ્યું હતું. એક મોટા ખંડમાં ધ્વનિ-પ્રકાશ આયોજનની વચ્ચે રંગીન ફોટા-રેખાચિત્રો-ગાણિતિક ગ્રાફ વગેરે 'સજાવેલું' લાગ્યું.

શેખર બબડ્યો પણ ખરોઃ ''આ વળી નવી જાતનો સાઉન્ડ એન્ડ લાઇટ શો!'' મંડળી અભિભૂત તો હતી પણ ક્યાંક હવે ગૂંચવાવા લાગી હતી - આ બધું કોના માટે? અહીંના આદિવાસીઓને આ બધાનો ખ્યાલ આવતો હશે? આટલા બધા કર્મચારીઓને જોયા તેમાં આદિવાસીઓ કેટલા હશે?.. આ બધો ગણગણાટ શરૂ તો થઇ જ ગયો હતો. મિત્રોની સંવેદનશીલતાની ધાર બુઠ્ઠી નથી થઇ એની તો રચનાને ખાત્રી હતી... મિત્રો પ્રશ્નો લઇને બહાર નીકળ્યા.આંખો અંજાઇ ગઇ હતી પણ મન મૂંઝાયાં હતાં. ઘણું બધું કહેવું હતું. ઘણું બધું પૂછવું હતું. હવે? રચનાએ નિર્ણય કરી લીધો હતોઃ ''ચાલો દોસ્તો, પરિસરમાંથી બહાર નીકળીને જરા ચા-નાસ્તો કરીને એક ખાસ વ્યક્તિને મળવા જઇશું. ત્યાં તમારે જે પૂછવું હોય તે પૂછી લેજો... બધ્ધો આઇડિયા આવી જશે.''





## ''કોનું છે, તે કોણ ભોગવે?''

લગભગ કલાકેક પછી, ઢળતી બપોરે મિત્રો કેવડિયા ગામના રહ્યસહ્યા મૂળવિસ્તારના મૂળનિવાસીઓમાંના એક વયોવૃદ્ધ મૂળજીકાકાના ઘરના ફળિયામાં બેઠાં હતાં. વિશિષ્ટ જણાતું છતાં સાધારણ આદિવાસી ઘર હતુંઃ લાંબું, પહોળું, ઘાસ-વાંસ અને નળિયાંવાળું. મોટા ઓરડા, એક બાજુએ રસોડું અને કોઠાર, જેમાં મોટી મોટી ગારમાટીની કોઠીઓ, માટીનો ચૂલો અને માટી ઉપરાંત પિત્તળ અને સ્ટીલનાં વાસણોથી સજાવેલી છાજલી. અંદરથી પણ જોઇ લીધું. ખાટલા ઉપર રંગીન ગોદડીઓ પાથરતાં મીઠાં કાકીનો આવકારો પણ મીઠો હતો.

''કેમ છો, મૂળજીકાકા? બહુ વર્ષે મળ્યાં, નહિ? આજે ઓચિંતી જ આ મિત્રોને લઇને આવી પહોંચી છું તે આપણા બાબુભાઇના પ્રતાપે. ગુજરાત આખાની જોવાલાયક જગ્યાઓ ફરીને અહીં પહોંચ્યાં છીએ.'' રચનાએ કહ્યું.

''હા ભૈ, આમ તો આ ડેમ જોવાલાયક જગ્યા જ થૈ ગયો છે ને!'' મૂળજીકાકાના આવાજમાં પહેલાંના જેવું જ ટીખળ હતું. બાબુભાઇએ એમાં ઉમેરો કર્યોઃ ''અમે આદિવાસીઓ પણ ધીમેધીમે જોવાલાયક જગ્યાઓ થઇ જવાનાં ને?''

મંડળી થોડીક વિચલિત (ડિસ્ટર્બ) થઇ ગઇ. રચનાએ દોર લંબાવ્યોઃ ''કાકા, અમે ડેમ તો જોઇ લીધો, હવે તમારા જેવાને મળીને ડેમ પાછળની હકીકતો જાણવા જ ખાસ તમારી મુલાકાત લીધી છે.''

''અરે બેન, હવે તમે તો બધું જાણો છો- સમજાવી દોને બધાંને...''

''ના કાકા, જેમણે વેઠ્યું છે તેમના જ મોંઢેથી હકીકતો જાણવા મળે એનાં જેવું એક્કે નહિ.'' શેખરે મુદ્દાની વાત કરી.

''ડેમ તો સમજો ને એક મોટું નાટક છે અને અમે બધાં પડદા પાછળના કલાકારો.'' બાબુભાઇએ બળાપો કાઢ્યો.

"આમ તો ડેમ બહુ જબરજસ્ત લાગ્યો. અમને ત્યાં બાબુભાઇએ જે કંઇ માહિતી આપી એના ઉપરથી તો લાગે છે કે સિંચાઇ અને વીજળીકરણની માંગ મોટાપાયે પૂરી થશે. પણ આવડી મોટી-લાંબી-પહોળી ઇમારત અને આસપાસ એના નામે વપરાતી જમીન જોઇ એટલે પહેલો સવાલ એ ઉઠ્યો કે કેટલી બધી જમીન રોકાઇ છે? અહીં આની પહેલાં શું હશે?" બાદલે પૂછ્યું. "બસ, બસ... બધી મોંકાણની શરૂઆત જ જમીનથી થઇ ને!" કાકાએ નિસાસો નાખ્યો."માંડીને વાત કરો કાકા, અમારે બધું જાણવું છે." વંદનાએ આગ્રહ કર્યો. "અરે બેન, માંડીને વાત કરવા બેસું તો ભવ લાગે. જણાવાજોગું ટૂંકું જ કઉં- ઠેઠ 1961-'62ની સાલમાં અમોને કે'વામાં આવ્યું કે અહીં બંધ બંધાશે. લોકને દૂર દૂર સુધી પાણી પોંચશે. જમીન-ખેતર ખાલી કરો. દેશ માટે ભોગ આપવાનો છે. પછી બંધ બાંધવા જે વિસ્તાર પસંદ કર્યો ત્યાં પહેલાં છ (6) ગામ વસેલાં હતાં. બધાંને સારી એવી ખેતી હતી. અમારામાંના મોટા ભાગનાંને તો કશી સમજ જ નો'તી પડી. ને જેને પડી હતી તેમણે દેશને ખાતર અંગૂઠા પાડી આપેલા."

"એ છ ગામ ક્યાં?" મીનાનો સવાલ.

"આ કેવડિયા, વાઘોડિયા, લીમડી, કોઠી, ગોરા અને નવાગામ. આ બંધને પહેલાં 'નવાગામનો બંધ' કહેતા." કાકાએ કહ્યું.



**ડૂબમાં ગયેલું ગામ**

"ગામ-ખેતર ખાલી કરાવ્યાં તો કંઇ વળતર પણ આપ્યું હશે ને?" વિલ્સન. "રામ-રામ કરો! એ વળી મોટી રામાયણ! કેટલાંકને અંગૂઠો પાડવાનો રોકડો એક(1) રૂપિયો





મલેલો ને કેટલાક ને વળી એકર દીઠ 90/- થી લઇને 250/- ચૂકવેલા... જમીનો ઓહિયા કરી ગયા, મારા વાલા!" બાબુભાઇ.

"અમારી સાથે એક ખ્રિસ્તી ફાદર કામ કરતા'તા. એ કે'તા કે સરકારે જે વળતર આપ્યું છે એમાંથી આદિવાસીની વરસદા'ડાની રોટી તો શું, લંગોટીયે ના નીકલે!" હસી કાઢવાની આ રીત પાછળ કેટલી વેદના હતી!

"અમે તો સાંભળ્યું છે, અને ડભોઇથી અહીં આવતાં'તા ત્યારે રસ્તામાં જોયું પણ ખરું કે સરકારે ડેમનાં વિસ્થાપિતોને ઘર બનાવી આપ્યાં છે" ધીરજ. "હોવે! પણ એ તો પૂછો કે કેટલી લાંબી ને કેવડી જબરી લડાઇ લડ્યા પછી મલ્યાં છે; ને તેય અમારી મરજી કે અમારી અરજી મુજબ નંઇ!" અત્યાર સુધી ચૂપ બેઠેલાં મીઠાંકાકીના અવાજમાં વલોપાત હતો અને ધાર પણ! "ભોળાભાવે અમે તો બધુંય આલી બેઠાં; ખેડવા જમીન નહિ ને રહેવા ઘર નહિ- એવો તાલ થયો'તો. કામ તો શરૂ થઇ ગયું ને અમારામાંનાં ઘણાંય ઊઠી ઊઠીને વેરવિખેર થઇ ગયાં. કોઇ શે'રોમાં નીકળી ગયાં ને કોઇ અહીં રયાં તે હાથેપગે થઇ ગ્યાં- અમારી જેમ! ત્યારે... આમ તો બા'રનાં કે'વાય એવા લોકો અમારી તકલીફ દૂર કરવા ઠેઠ અંઇ આવી ગ્યાં. "નર્મદા બચાવો આંદોલન" (NBA) શરૂ થયું." કાકા જાણે દૂ... ર પહોંચી ગયા હતા. "મેધાબેનનું નામ તો હાંબલ્યું જ હશે ને?" મીઠાંકાકી ટહૂક્યાં.



**વિસ્થાપિતોને મળેલું ઘર**

"હાં, હાં, બેશક. પર મુઝે યે હી અજીબ લગ રહા હૈ કિ વે તો આદિવાસી નહીં હૈ, ફિર ભી આદિવાસીઓં કે હક્કકી લડાઇ લડને કૈસે આ ગઇ - વહ ભી બંબઇ સે?" યાસ્મિન. "યાસ્મિન, બીજાંના દુ:ખથી પીડાય તે કર્મશીલ / એક્ટીવીસ્ટ કહેવાય. મેધાબેનની સાથે ઘણાં કર્મશીલો આ લડતમાં હતાં. વૈજ્ઞાનિકો હતા જેમણે ડેમની પાછળ અવૈજ્ઞાનિકતા છે એનું લાંબું સંશોધન કરેલું. પત્રકારો-લેખકો હતા જે બધું જોઇ-સમજીને દેશમાં ને દુનિયામાં આ અન્યાયકારી વિકાસની વાતો ફેલાવતા હતા. વિદ્યાર્થીઓ અને અધ્યાપકો હતાં જે ગામેગામ ને ઘેરઘેર ફરીને વિસ્થાપનની વિગતો એકઠી કરતાં હતાં. આવડી મોટી બંધયોજનાનાં લેખાં-જોખાં કરીને એનાથી લાભ કેટલાં લોકો સુધી પહોંચશે ને સામે કેટકેટલાં લોકોને આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક રીતે, શિક્ષણ-રોજગારી-આરોગ્યની રીતે વેઠવું પડશે- અન્યાય થશે એ વિશે આ લડવૈયાઓએ ઊંડો અભ્યાસ કરીને પોતે જાણ્યું, દુનિયાને જણાવ્યું.." રચનાએ વિગતે સમજાવ્યું, ત્યાં જ કાકા બોલ્યા- "અને અમને પણ ત્યારે જ સાચી વાત સમજાઇ, અમારી આંખો ત્યારે જ ઊઘડી અને અમે પણ લડતમાં જોડાયાં."

"પછી તો વિશ્વબેંક જાત તપાસ માટે 1994માં આવી ને જે જોયું, NBA આંદોલન તરફથી જે આંકડા-વિગતો-માહિતી મળી તે જાણીને ફાઇનલ નિર્ણય કરવા વિશ્વબેંક પાછી ગઇ હતી ને કામ અટકી ગયું હતું." બાબુભાઇએ ઊમેર્યું.

"પેલાં છ (6) ગામ, પછી ઓગણીસ ઉમેરાયાં. કુલ પચીસ ગુજરાતનાં, 36 મહારાષ્ટ્રનાં અને ઘણાં ગામો મધ્યપ્રદેશનાં ડૂબમાં જાય ત્યારે આ ડેમ બંધાય એવી સમજ ત્યારે પડી."

"ડૂબમાં એટલે? બધેબધું ડૂબી જાય? ગામ-ખેતર...?" ધીરજ જરા આભો બની ગયો હતો... "પેલા શામળાજીના મેશ્વોડેમમાં બૌદ્ધ સ્થાનકો ડૂબેલાં તેમ?"





"હા, એનાથીયે વધારે મોટું નુકસાન! એ તો સ્થાનકોનાં ખંડેર હતાં; આ તો જીવતાં માણસો અને એમની આખી જિંદગી!" શેખરને મુદ્દા સમજાયા હતા તે દેખાયું. "પણ એ તો આંદોલન શરૂ થયું ત્યારે આ નુકસાનનું વળતર માગવાનો હક માણ્યો." બાબુભાઇએ કહ્યું તો ખરું સાથે એક નવો શબ્દ બોલ્યા- "આંદોલનને લીધે તો આર.એન્ડ આર.પોલિસી આવી ને?" "મતલબ" - મંડળીમાંથી સમૂહસ્વરે પ્રશ્ન! રચનાએ થોડી સ્પષ્ટતા કરી આપી- "રિલિફ એન્ડ રિહેબીલીટેશન પોલિસી- રાહત અને પુનર્વસન નીતિ. આમ તો દેશમાં આ પહેલાંયે ઘણા મોટા ડેમ બન્યા છે, મોટી વિકાસ યોજનાઓ થઇ છે પણ એના લીધે જે વિસ્થાપિતો થાય તેમના હક વિશે વિચારાયું જ નહોતું. ભાખરાનાંગલ, હીરાકુંડ, ઉકાઇ... બધાંના વિસ્થાપિતો રસ્તે રઝળી પડ્યાં ને હજી રઝળપાટમાં જ છે. આથી NBA અને એને ટેકો આપનારા વકીલો, બુદ્ધિજીવીઓ, માનવ - અધિકારવાળાઓએ મળીને આંદોલન કરીને દબાણ કર્યું - સરકારે આવી નીતિ / પોલિસી ઘડી જેના આધારે વિસ્થાપિતોના મૂળભૂત હક્કો જળવાય અને મળે. હવે પછી કોઇ પણ મોટી યોજના વખતે સરકારે આ પગલાં તો લેવાં જ પડે."

"તબ તો સારે આદિવાસીઓં કો અપને હક મિલે હી હોંગે ના?" હમિદે પૂછી લીધું.

"ના ભૈ ના.આ બધી નીતિઓ કાગળ ઉપર રહી જાય છે ને મલે તે પૂરું નથી પડતું.અમારી સંસ્કૃતિયે ગઇ ને અમારી જિંદગીએ ગઇ..." બાબુભાઇ અફસોસ કરતા હતા. "... અને અમારામાં તડાં પડ્યાં એ જુદાં! કેટલાકને લાગ્યું કે સરકારે વચનો આપ્યાં છે- નીતિયો ઘડી છે તે એ મુજબ અમલ તો કરશે જ ને! એટલે સરકારના ખોળે બેઠાં; પણ જેમને ગંધ આવી ગઇ'તી કે વચનો પોકળ છે એમણે લડત ચાલુ રાખી! પછી તો એવું યે સૂત્ર આપ્યું કે 'નો ડેમ!' 'બંધ જ ના જોઇએ'! કાકા. "પણ આ આવડો મોટો ડેમ તો ખડો થઇ ગયો...!" ધીરજે જરા ઊંચા સાદે કહ્યું.

''તે થાય જ ને?! અમે આદિવાસીઓ ભેગાં થઇને ના લડ્યાં તો પછી વેઠવું જ રહ્યું!'' બાબુભાઇ.

''અરે, એ તો કંઇ સહેલું હતું?! સરકારો બધી એ કહેવાતા વિકાસવાળી આવી ને આવે છે. એમનં વાજાં મોટાં. લોકો એમનું સાંભળે. બાકી તો લડાઇમાં શું બાકી હતું? કેટકેટલી રેલીઓ- કેટકેટલાં ધરણાં- ઉપવાસો- જળસમાધિ... ઠેઠ દિલ્લી-મુંબઇ જઇને તો કેટલીયે વાર આવેદનો આપ્યાં, ચર્ચાઓ કરી પણ જાણે ભીંત સંગાથે માથાં ફોડતાં હોઇએ એવું થયું.પછી નમતું જોખ્યું- ભઇ, બંધ બાંધવો હોય તો બાંધો પણ ઊઠી ગયેલાં તરફ કૈંક તો ધ્યાન આપો!''

''છતાં બધું વેરવિખેર છે અને ડેમનું કામકાજ પણ અટક-ભટક ચાલે છે.'' ''મતલબ?'' ''થાય છે ને અટકી જાય છે ને થાય છે એમાં ભ્રષ્ટાચાર ઝાઝો છે!''

''ખરું પૂછો તો જ્યાં જરૂર છે ત્યાં પાણી પહોંચાડવા આવી યોજનાઓ તો બને-બનવી જોઇએ પણ આ કહ્યું તે ભ્રષ્ટાચાર બાંધકામમાં તો હશે જ; પણ પાણીની વહેંચણીમાં પણ ભયાનક થઇ રહ્યો છે એનું શું? પાણી પહોંચાડતી કેનાલોનું કામ બાકી જ છે અને કચ્છમાં પાઇપો નાખીને બેઠાં છે પણ બધે ક્યાં મળે છે?'' રચનાએ કહ્યું ને તરત મિત્રો કૂદી પડ્યાં- ''ધોરડોના રણોત્સવમાં, સિધ્ધપુરમાં શ્રાદ્ધ કરવા, અમદાવાદમાં રિવરફ્રન્ટ ઉપર જલસા-તમાશા કરવા! નર્મદા ના હોત તો આ બધાનું શું થાત?''

''અને ઓછું હોય એમ, હવે તમારા જેવી જવાનિયાંની ટુકડીઓ સરદાર પટેલનું બાવલું જોવાયે આવશે ને?'' કાકાએ વર્તમાનની વાસ્તવિકતા જણાવી.

આ વાત હજી તો હવામાં હતી ને મોટરસાઇકલની ઘરઘરાટી સંભળાઇ. લખનભાઇ મૂળજીકાકાને મળવા આવ્યા હતા. બેઠાં, મંડળી સાથે કેમ છો - સારું છે-ને થોડો વિસ્તૃત પરિચય થયો. આવ્યાં ત્યારે 'બાવલું'(પૂતળું) શબ્દ કાને પડેલો... એમણે જ વાત માંડી!





''શાનાં પૂતળાંની વાત છે મિત્રો? એ તો આપણે બનવા દઇએ તો બનશે ને?!'' ''કેમ, એને અટકાવવાના કોઇ પ્રયત્નો શરૂ થયા છે કે શું?'' બાદલ ઉત્સુક હતો. ''હા. આ વખતે તો બધા લડવૈયાને ભેગા રાખવાનું નક્કી કર્યું છે.અમે પહેલાં બહુ ભૂલો કરેલી, એને હવે સુધારવી છે.'' લખનભાઇના અવાજમાં નિખાલસ કબૂલાત હતી.

''મતલબ?'' પરવીનનો પ્રશ્ન.

''મતલબ એ કે બહેન, જ્યારે આ ડેમને રોકવાની લડત ચાલતી'તી, વિસ્થાપિતોના હકની લડત ચાલતી'તી ત્યારે અમે અલગ રહેલા. કંઇક એવા વિશ્વાસે કે સરકાર સૌનું ભલું જ કરશે!... પણ અન્યાય અને આંધળો વિકાસ થતો જોયો ત્યારે અમને અમારી ભૂલ સમજાઇ. હવે તો આ પૂતળાના મુદ્દે, ગરૂડેશ્વર વિયરના મુદ્દે બધાંય નર્મદાવાસીઓને એકઠા કરવા છે. હું મૂળજીકાકાને એટલે જ મળવા આવ્યો છું.''

''આટલી મોટી, આટલી જગપ્રસિદ્ધ લડત NBA વાળા લડ્યાં તોય બધાંની છાતી ઉપર આ ડેમ બંધાઇ જ ગયો ને! પૂતળાંનુંયે ક્યાંક એવું ન થાય!'' શેખર. ''ના, એટલેસ્તો શરૂઆતથી જ ચેતી ગયાં છીએ ને? છેક સુપ્રિમમાં અરજી કરી છે- પૂતળાં વિશે લોકોને જાણકારી નહોતી, લોકોની સંમતિ લીધી નહોતી, એ માટે ગ્રામસભાઓ ભરી નહોતી, પર્યાવરણ-પ્રદૂષણના નિયમોનો ભંગ થાય છે, વનજીવન, જંગલો અને સૌથી વધુ તો 70 ગામનાં આદિવાસીઓનું સંપૂર્ણ વિસ્થાપન થાય છે, એટલું જ નહિ- માત્ર પૂતળાની આજુબાજુ વહેડાવવા એક ખાસ વિયર-સરોવર બનવાનું છે- ગરૂડેશ્વર વિયર- તેનાંથી 10 / 11 ગામ વળી વધારાનાં વિસ્થાપિત થાય છે... આ બધા મુદ્દા લઇને અરજી કરી છે ને એમાં ગુજરાતના બુદ્ધિજીવીઓ અને કર્મશીલોનો પૂરો સહકાર છે.'' લખમણભાઇ જે રીતે બોલતા હતા એમાં લડાયક ખુમારી તો હતી જ પણ શિક્ષિત-અનુભવી કર્મશીલની ખાસ ભાષા અને લઢણ પણ હતા. મંડળીને લાગ્યું કે વાતમાં દમ છે.

"લખનભાઇ, બેનને ને છોકરાંવને પેલું કાડાવાળું સમજાવો ને!" મૂળજીકાકાએ આગ્રહ કર્યો. "કાડા? એ વળી શું?" મંડળીનો સમૂહ-પ્રશ્ન!

"કેવડિયા એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી." લખનભાઇએ આખો શબ્દ આપ્યો- "મતલબ કે કેવડિયા વિસ્તારના વિકાસની હકૂમત કહો તો તે અને દાદાગીરી કહો તો તે- સરકારના હાથમાં! 'કાડા'ના નિયમો એવા છે કે આ કેવડિયા વિસ્તારમાં આદિવાસીઓ સ્વતંત્રરૂપે આર્થિક પ્રવૃત્તિઓ કરી શકશે નહિ- મચ્છીમારી, મધમાખી ઉછેર, પશુપાલન વગેરે નહિ થઇ શકે. કાછિયા શાકબકાલું પકવી શકશે નહિ, વેચી શકશે નહિ."

"અરે, યે કૈસા નિયમ? યે તો જુલુમ હી હૈગા ના?" પરવીન.

"અરે, સાંભળો તો ખરાં, પણ આ જ વિસ્તારમાં નવા પગરસ્તા, શેરીઓ, રોડ-રસ્તા, મેદાનો, બાગબગીચા, થિયેટરો, હોટેલ, ગટર, લાઇટ્સ એવાં ઉપયોગી બાંધકામો અને સગવડો તૈયાર કરીને વિસ્તારનો ઉત્તમ વિકાસ કરવામાં આવશે." લખનભાઇએ હૈયા ઉપર પથ્થર રાખીને કહેતા હોય એમ વર્ણન કર્યું.

"એનો અર્થ એ કે વિસ્તારનો વિકાસ એટલે આદિવાસીનું વિસ્થાપન!" ધીરજ.

"... આદિવાસીકા વિનાશ હી બોલે તો!" હમિદ ગણગણ્યો.

"એમ જ! પેલી તરફ હજી ડેમનાં પાણીની વ્યવસ્થા તો પૂરી કરી શક્યા નથી. જ્યાં પહોંચાડવાની ડંફાસો મારેલી એને બદલે ભળતી જગ્યામાં જ પાણી ગયું છે. કેનાલ / નહેરોનું કામ પૂરું નથી થયું, જે થયું છે તે ભ્રષ્ટ હોવાને લીધે કાચું પડ્યું છે - તૂટી ગયું છે! ભરૂચના હેઠવાસમાં તો પીવાલાયક પણ નથી રહ્યું. જેમનું છે એમની પાસેથી ઝૂંટવીને પારકાંને પહોંચાડ્યું છે. ખબર છે, ઉદ્યોગગૃહોને (કોર્પોરેટ સેક્ટર્સ) કેટલું પાણી- કેવા ભાવે આપે છે?- ફક્ત 10 રૂપિયાનું એક હજાર લિટર! વિચાર કરો... આ નવી જાતનો કાડા ઊર્ફે સેઝ,





આ વિયરની-પૂતળાંની યોજના... આને ને ડેમના પાણીની ઉપયોગિતાને છે કશી લેવાદેવા?!" "પણ તોયે આ સરકારનાં વખાણ તો લોકો ખોબલે ખોબલે કરે છે!" મીનાએ કહ્યું એમાં શેખરે જોડ્યું- "લોકોની સાથે કહેવાતા ભણેલાગણેલા અને સામાજિક સંસ્થાઓ, મિડિયાનું રાવણું પણ એમનાં જ ઢોલ પીટે છે ને?!"

"ભઇલા, અમોં આ પચ્ચા પચ્ચા વરસથી લડી રિયાં છીએ- પેલાં દાદો લડતો'તો, હવે પોતરાંને પણ લડવું પડે છે... ખબર નથી ક્યાં સુધી લડવું પડશે?" મૂળજીકાકાના અવાજમાં શું હતું?

બાબુભાઇ પણ કંટાળીને બોલ્યા- "અમે તો કાયમ નારિયેળ આપીને કોઠાં લીધાં... લાખના બાર હજાર કર્યા છે ભઇ! આ નર્મદાને બધા જીવાદોરી કહે છે પણ અમારે માટે તો ફાંસીદોરી બની ગઇ છે!"

"ના હોં, આપણી લડતો એમ સાવ એળે નહિ જાય! કમ સે કમ સરકારને સાઇઝમાં કાપવાનું કામ તો કરીને રહીશું!" લખનભાઇનો જોસ્સો જારી હતો.

મંડળી મનમાં વિમાસતી હતી કે દેશનો વિકાસ કેમ શોષિતો-પીડિતોના ભોગે જ થાય છે? ક્યાં સુધી થતો રહેશે? છેવટે મૂળજીકાકા અને મિત્રોની વિદાય લઇ, ઊભાં થતાં થતાં રચનાએ કહ્યું- "કાકા-બાબુભાઇ-લખનભાઇ! બેસો ત્યારે! આવજો... શુભેચ્છા રાખીએ કે સરદાર પટેલુંનું પૂતળું અને પૂતળાંની આંખોમાંથી ડેમ બતાડનારી જોવા લાયક જગ્યા જોવા અમારે આવવું ના પડે!"

★★★

## વિભાગ - 2 : દક્ષિણ ગુજરાત.

**મુકામ - 8**

## રતનપુર - ઝઘડિયા

### જંગલી પીર - બાબા ઘોર

આછાં-ઘેરાં વન, પર્વતથી ભરપૂર રેવાકાંઠાનું દર્શન કરતાં કરતાં બસ ભરૂચ જિલ્લામાં પ્રવેશી. રચનાએ મિત્રોને ટહૂકો કર્યોઃ ''યાદ છે, આપણે સૌરાષ્ટ્રમાં, ગીરવિસ્તારમાં પેલા ચાના ગલ્લે સીદી સમુદાયના કેટલાક લોકોને જોયા હતા?'' ''હા, હા, ત્યારે તમે પ્રોમિસ કર્યું હતું ને, કે દક્ષિણ ગુજરાતમાં આપણે કોઈ સીદી સૂફી સંતની દરગાહ જોવા જઈશું?'' મીનાને યાદ હતું.

''મીના, તેં ઠીક યાદ રાખ્યું! અત્યારે આપણે એ સૂફી સંત સીદી બાબા ઘોરની દરગાહ જોવા જઈએ છીએ.''

શેખરે કહ્યું, '' આ જરાક નવી વાત નહિ? એક તો આ આદિવાસી વિસ્તાર કહેવાય, અહીં સૂફીની દરગાહ હોય એવું ધાર્યું જ નહોતું.''

''એ ખરું કે વિસ્તાર આદિવાસી; પણ જિલ્લો તો ભરૂચ ને? યાદ કરો, સૂરત-ભરૂચ તો સદીઓથી પુરાણાં બંદરો હતાં. આરબ વેપારીઓ, આફ્રિકાના ખારવા-ખલાસીઓ તો કહેવાય છે કે ઈસ્લામનીયે સ્થાપના પહેલાં અહીં વેપારી સંબંધે આવતા હતા. ઈસ્લામની સ્થાપનાના શરૂઆતના સમયમાં અહીં





મસ્જિદો પણ બંધાઈ હતી. મુગલકાળમાં તો આ દરિયા-દરવાજેથી જ મક્કા જવાતું તેથી પણ આ વિસ્તાર ઈસ્લામી સંસ્કૃતિની અસરો ધરાવતો થયો.''

''બેન, તો ક્યા બાબા ઘોર યહીં પર હો ગયેલે?'' યાસ્મિને જાણે યાદ કરાવ્યું કે આપણે શું જોવા આવ્યાં છીએ!

''હા, દોસ્તો. કહેવાય છે કે આજથી 600 વર્ષ કે એનાંથીયે પહેલાં, અમદાવાદના સ્થાપક સુલતાન અહમદાશાહના શાસનકાળમાં પૂર્વ આફ્રિકાથી હિંદનાં ખંભાત-ભરૂચ-સૂરત બંદરે આવતા આરબ વેપારીઓ પોતાની સાથે આફ્રિકાના મૂળ વતની સીદીઓને ગુલામ તરીકે પકડી લાવતા હતા. વહાણોમાં તનતોડ મજૂરી કરાવતા, શહેરોમાં ઊંચા ભાવે વેચતા. અહીંના અમીર-ઊમરાવો એમને ખરીદતા અને પોતાની વિવિધ જરૂરિયાતો પૂરી કરતા.''

''આફ્રિકાના આ મૂળ વતનીઓએ તો ગોરાઓની ગુલામી પણ બહુ કરી હતી ને?''

''ઔર કુછ સુલતાન અપને જનાને મેં ભી ઈનકો રખતે થે ના? બેગમોં કી સલામતી કે વાસ્તે?'' હમિદને ખ્યાલ હતો.

''રાઈટ્. આમ તો ખડતલ અને પડછંદ આફ્રિકીઓ સદીઓથી ગુલામીનું દુઃખ વેઠતા આવ્યા હતા. બાબા ઘોર પણ આવા જ અનામ-અણજાણ ગુલામોમાંના એક હતા. એ કયારે હિંદુસ્તાન આવ્યા, કેટલાં વર્ષ ગુલામ રહ્યા, કેવી રીતે એ વેઠમાંથી મુક્ત થયા, અધ્યાત્મસાધના શી રીતે કરી... એ પ્રશ્નોનો જવાબ કયાંય મળતો નથી. એમનો કાર્યકાળ 15મી સદીનો ગણાય છે.''

''ગુલામોનો ઈતિહાસ કોણ લખે?.. એ કંઈ રાજા-બાદશાહ થોડા જ હતા?'' શેખર.

''એટલે જ, ખંભાતના અકીકના ઉદ્યોગોના દસ્તાવેજોમાં એમનું મહત્વનું પ્રદાન હતું એવો ઉલ્લેખ મળે છે તે જાણીને મને પણ નવાઈ લાગી હતી.''

“અરે, ક્યાં ખંભાત ને ક્યાં ભરૂચ?” ધીરજ પણ નવાઇ પામ્યો.

“આ ભરૂચ-રાજપીપળાના પર્વતીય વિસ્તારમાં નિમોદ્રાના ડુંગરોમાંથી અકીકનો પથ્થર મળે છે. અકીક એક જાતનો નરમ પથ્થર હોય છે.”

“પર્વત મેં, ખાનોં મેં હૈગા ના, આરસપહાણ કી તરહ?” પરવીન.

“હા.સફેદ, દૂધિયો, રાખોડી, નારંગી, લાલ... એવા અકીક પથ્થરમાંથી બનેલાં વાસણો, સુશોભનની વસ્તુઓ, દાગીના... ઈસ્લામી સંસ્કૃતિમાં ખૂબ પ્રચલિત હતાં.”

“અભ્ભી ભી હૈ. હમારે વહાં તસ્બી (જપમાળા) અકીક કી હી હોતી હૈં, ઔર કઇ લોગ અંગૂઠિયાં ભી પહેનતે હૈં. કહતે હૈં, સક્સેસ કે લિયે અકીક પહનો!” આમિરે કહ્યું ત્યારે બધાં હસી પડ્યાં.

“આમિરની વાત સાચી છે. અહીંનો અકીક (ગલ્ફ) ખાડીના દેશોમાં, તુર્કી, ઈરાન અને ગ્રીસ સુધી જતો એમ લખાયું છે. ગ્રીસમાં કહે છે શરાબની પ્યાલીઓ અકીકની બનતી. લેખિત દસ્તાવેજો મળે છે કે બાબા ઘોર પહેલાં તો અચ્છા અકીક-કારીગર હતા. અહીંના ડુંગરાળ વિસ્તારોથી માંડીને છેક ખંભાતના બંદર સુધી અકીક-કલાકારોની ધૂમ મચેલી. સીદીઓ, શ્રમજીવી મુસ્લિમોને બાબા ઘોરે અકીક તરાશીને (કાપી-ઘસીને) ચીજવસ્તુઓ બનાવતાં શીખવાડીને મુખ્ય પ્રવાહના આર્થિક વ્યવસાયમાં પગભર કર્યાં હતા. સીદીઓ અને આદિવાસીઓ વચ્ચે સંબંધો સ્થાપાયા હતા.”

“વૈસે સીદી ભી મુસલમાન હોતે હૈં ના?” પરવીને પૂછ્યું.

હા, બાબા ઘોરની પ્રકૃતિ આધ્યાત્મિક હતી ને હતા પાછા શ્રમજીવી. આપણે ત્યાં ભક્તિયુગમાં કબીર, દાદુ, રૈદાસ, જનાબાઇ, ગોરા કુંભાર વગેરે સંતભક્તો પણ આવા જ શ્રમજીવીઓ હતા, સમાજનાં છેવાડાનાં જણ હતાં. જેમણે પ્રેમણક્ષણા ભક્તિ, સર્વધર્મ સમભાવ, કોમી એખલાસનાં ભજન-પદો રચ્યાં અને ગાયાં, ઠેરઠેર ફરીને એ મૂલ્યોનો







**બાબા ઘોરની દરગાહ**

પ્રચાર કર્યો. એ સમય ગાળાની અસર ગુલામીનું જીવન જીવતા બાબા ઘોર ઉપર થઇ હશે. બાબાએ આ પહાડી પ્રદેશમાં સૂફી ચેતનાની ચિંગારી પેટાવી. ગરીબો-શ્રમિકો એમના અનુયાયીઓ બન્યા અને એખલાસનું વાતાવરણ અહીં સરજાયું. આ વિસ્તારના લોકોએ જ એમને ‘જંગલી પીર’ નું બિરૂદ આપ્યું. બાબા ઘોરનું અવસાન ઇ.સ. 1465માં થયું ત્યારે ગુજરાતમાં મોહમ્મદ બેગડાનું શાસન હતું, જેની આણ જૂનાગઢથી પાવાગઢ સુધી અને ભરૂચ-સૂરતના સમુદ્રતટ સુધી ફેલાયેલી હતી. બની શકે કે બેગડો પોતે બહુ આસ્થાવાન હતો, સૂફી-ઓલિયાનો મુરીદ (ચેલો) હતો; તેણે જ આદરપૂર્વક અહીં બાબા ઘોરની દરગાહ બંધાવડાવી હોય.” “બેન, આપને તો બતાયા, ઈતિહાસ નહીં લિખા ગયા હૈ... તો ફિર યે માહિતી કહાં સે મિલી?” પરવીને પૂછી લીધું.

“બાબા ઘોરનો અંગત ઈતિહાસ નથી પણ ગુજરાત, ખંભાતના અકીકના ઉદ્યોગ અને નિકાસની માહિતી જે વિદેશી ઈતિહાસકારોએ આપી છે એમાંથી આ વિગતો મળી. જેમ કે પોર્ચુગિઝ મુસાફરો બાર્બોસા, ફ્રાન્સિસ અલ્વારેઝ અને ડચ વહાણવટી જિન દ થેવેનો ઉપરાંત અકબરના ઈતિહાસકાર અબુલ ફઝલે ‘આઇને અકબરી’માં આ વિગતો આપી છે. આ બધા 16-17મી સદીમાં થઇ ગયા અને પેલા વિદેશી મુસાફરો એ અરસામાં હિંદુસ્તાનમાં આવેલા.”

આટલી વાત થતી હતી ત્યાં બસ ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રતનપુર ગામે પહોંચી. પહાડી વિસ્તાર અને ગીચ વૃક્ષઘટાની વચ્ચે દરગાહની ઈમારત

હતી. મધ્યમકદની, સાવ સાદી અને સફેદ ઓઇલ પેઇન્ટ લગાવેલી દરગાહનો ઘુમ્મટ એની સલ્તનત કાળની શૈલી (16મી સદી)નો પરિચય આપતી હતી- મોહમ્મદ બેગડા સુધી ખેંચી જતી હતી.

પરિસર તદ્દન શાંત હતો. એક-બે વૃદ્ધો છૂટાછવાયા બેસીને તસ્બી ફેરવી રહ્યા હતા. મુંજાવર અંદર મઝાર પાસે મોટો મોરપીંછનો જૂડો લઇને બેઠા હતા; શાંતિપૂર્વક કંઇ દુવા પઢી રહ્યા હતા.

સ્વચ્છ, રળિયામણી પણ સૂની દરગાહ જોતાં જ આમિર બોલી પડ્યો: ‘‘અરે, યાં પર તો કોઇ નહીં હૈ! યાં તક લોગ આતે-જાતે હોંગે યા નહીં?!’’ આ સાંભળીને મુંજાવર બહાર આવ્યા: ‘‘આવે છે, આવે છે.કેમ નહિ? દર જુમ્મે રાતે (ગુરૂવારે) આવો તો અહીં પગ મેલવાની જગ્યા ના મલે. પીરની ઝિયારત (દર્શન) થાય, નારિયેલ-ચુંદડી ચડે, ન્યાઝ (અર્પણ-પ્રસાદ) ચાલે...! અરે, અહીં તો અમારી બોન્યું ગરબા ગાય. ખુદ બાબા ઘોરે ગરબા બનાવેલા.’’



**ગરબા ગાતી મુસ્લિમ બહેનો**





આટલું કહેતાંમાં હાથમાંનો પીંછો ઊંચો કરીને પોતે જ લલકારવા લાગી ગયા: ‘‘લાલ ચુંદડી રે, માની ચુંદડી રે!’’ ‘‘મા, મક્કેસે આયા બાબા ઘોર’. ને બોન્યુંએ જોડેલું કે ‘‘ઝઘડિયામાં જંગલી પીર બિરાજે રે, ઝઘડિયામાં બાબા ઘોર બિરાજે રે!’’

મીઠી હલક સાથે ગાઇ ઊઠેલા મુંજાવરબાબાની સાથે સાથે મીના-વંદના-યાસ્મિન-પરવીન અને આમિર સુદ્ધાં ડોલી ઊઠ્યાં.

થોડું ફરી, થોડું બેસીને, આદરપૂર્વક મુંજાવરને સલામ કરીને મંડળીએ વિદાય લીધી.

જતાં જતાં બાબા ઘોરના પેલા ગરબા મનમાં ગૂંજતા હતા. ધીરજે જાણે સૌનાં મનની વાત કહી- ‘‘આવી નાની ને અંતરિયાળ જગ્યાઓ કેટલું બધું શીખવી જાય છે! અહીં આદિવાસી, હિંદુ, મુસ્લિમ સૌ આવે છે; લગભગ બધી દરગાહોની જેમ! ગુજરાતના ચારેય ખૂણે, કેવી કોમી એખલાસની સાદી સીધી લાગણી ફેલાયેલી છે?’’

‘‘આપણું મીડિયા આવી જગ્યાએ કેમ પહોંચતું નહિ હોય? બાકી ગુરૂવારે અને ઉર્સ-ઇદ જેવા વાર-તહેવારે અહીંના માહૌલનું કવરેજ કરીને ચેનલોમાં ફેલાવો તો સમાજમાં કેટલો સકારાત્મક સંદેશો ફરી વળે!’’ બાદલે વ્યાપક વાત કરી. વિલ્સને વળી એથીયે વ્યાપક વાત કરી: ‘‘અહીં ફક્ત શ્રદ્ધાળુઓ જ હિંદુ-મુસ્લિમ-આદિવાસી છે, એવું નથી- આ ગરબા, અંદરની ભાષા... અરે, મુંજાવરદાદા પણ કેવી સરસ સ્થાનિક ગુજરાતી બોલતા’તા? જાણે ધર્મનું કોઇ ભારણ જ નહોતું.’’

બાદલે વળી ઓર નવી વાત કરી- ‘‘બાબા ઘોર તો સૂફી સંત હતા ને એમની સમજણ વિશાળ જ હતી પણ એ સમજણને છસો છસો વર્ષ સુધી ચાલુ રાખવી અને આજની તારીખમાં, કોમી વાતાવરણમાં પણ એને અકબંધ રાખવી એ મારે માટે બહુ મોટી વાત છે. અહીંના લોકોને સલામ!’’

"મને તો બાબા ઘોરનું સૂફીપદ માનપાત્ર લાગે છે એની ના નહિ, પણ એમણે જે રીતે ગુલામોને, અંતરિયાળ જીવતા આદિવાસીઓને નવો ઉદ્યોગ શીખવીને, બજારની વાસ્તવિકતા સામે ઝૂઝતા અને જીવતા કર્યા એ બાબતને સલામ કરવાની ઈચ્છા થાય છે!" શેખર, બીજું કોણ?!

"ક્યા પતા, વે સૂફી થે ઇસ લિયે ભી લોગોં ને ઉનકા દિખાયા હુઆ રાસ્તા પકડા હો, ઐસા ભી હો સકતા હૈ." હમિદ.રચના આ સાંભળીને વિચારી રહી હતી કે નાનકડી જગ્યાઓ ખરેખર, કેટલું બધું શીખવી જતી હોય છે!

ગાડીને ગિયરમાં નાખતા કનુભાઈએ મોં ખોલ્યું.

"ઓ હો હો... આવા જંગલમાંયે પીરના પરચા છે! આપડા રામાપીર, દાતારપીર, હાજીપીર ને મીરાદાતાર... ઓહોહોહો... ખરેખર!

★★★





**મુકામ - 9**

# ભાંગે જ ભાંગે તે ભરૂચ!

"નર્મદા તટે વસેલું પુરાણપ્રાચીન શહેર તે ભૃગુકચ્છ - ભરૂચ. આજકાલ કહેવાય છે કે આ શહેર આ ભૂખંડનું જૂનામાં જૂનું શહેર છે. પાઘડી પને વસેલાં શહેરોમાં ઉલ્લેખનીય છે." રચનાએ નર્મદાની ભેખડો જોતાં શરૂ કર્યું. બાદલે તરત પૂછ્યું: "પહેલાં આ 'પાઘડી પને' એટલે શું એ સમજાવો." "પાઘડીને જો ખુલ્લી કરો તો એની લંબાઈ ખાસી લાંબી હોય- 8થી 10 મીટર. પણ એનો પનો (પહોળાઈ) બહુ ટૂંકો હોય. પોતાની ભૌગોલિક સ્થાનસ્થિતિને કારણે ભરૂચ આવું લાંબું પણ પહોળું નહિ- એવું શહેર છે."

"ઔર દૂસરા મુદ્દા યહ કિ યહ કૈસે સાબિત હો સકતા હૈ કિ ભરૂચ સબ સે પુરાના શહેર હૈ? લોથલ-ધોળાવીરા-હરપ્પા વગૈરા સે ભી પુરાના?" હમિદના સવાલનો જવાબ જરા વિસ્તારથી આપવો પડે તેમ હતું. "છેલ્લાં થોડાંક વર્ષોનાં સંશોધન ઉપરથી તારણો નીકળી રહ્યાં છે કે નર્મદા ઘાટી, સાતપુડા પર્વત અને ડાંગનાં જંગલોમાં અત્યંત પ્રાચીન માનવ વસાહતો હતી. નર્મદાનાં મેદાનોમાં પ્રાચીન અવશેષો મળ્યા છે, જે હરપ્પાથીયે જૂના છે. જુરાસિક યુગના ડાયનોસરનાં પગલાંની છાપ અને ઇંડાં પણ મળ્યાં છે."

"હાયલ્લા! જુરાસિક બોલે તો વો હોલિવુડવાલા જુરાસિક પાર્ક?" આમિર. "હા.જે બતાવે છે કે આ વિસ્તારમાં માનવ વસ્તી કરતાંયે પહેલાંની જીવસૃષ્ટિએ શ્વાસ લીધા હશે. ત્યાર પછી પેલા આર્યવાદીઓએ તો અહીં

આદિવાસી / શબર અને આર્યો વચ્ચેના સંઘર્ષની કથાઓ કરી છે, શબરો જંગલી હતા અને આર્યોએ- ખાસ તો અહીંના ભૃગુવંશના બ્રાહ્મણ પરશુરામે એમને 'સુધાર્યા' કહેવાય છે. સરવાળે નર્મદા-વિસ્તારને આર્ય-અનાર્ય સંસ્કૃતિના સંઘર્ષનો વિસ્તાર માનવામાં આવે છે. ભૃગુકચ્છ નામ પણ વૈદિકકાળનું છે." "આ... આજે દેખાઇ રહ્યું છે એ શહેર તો..." ધીરજે વાક્ય પૂરું કર્યા વગર જ ભરૂચની સાઇઝ માપી લીધી!

"ના ના! આજનું ભરૂચ તો ખૈર- પણ અહીં જે જૂનામાં જૂની નિશાની મળે છે તે પેલો દેખાય છે તે કિલ્લો. મૂળે સોલંકીઓથી પહેલાં અહીં રાજ કરનારા રાષ્ટ્રકૂટ વંશે બંધાવ્યો કહેવાય છે. જો કે સોલંકી કુમારપાળે ભરૂચ જીત્યું, સર કર્યું અને કિલ્લો ઉપરાંત મંદિરો, જૈન દેરાસરો બંધાવીને સોલંકીવંશનું દક્ષિણ ગુજરાતનું થાણું બનાવ્યું. આ બંદર તો હતું જ."

"આ બધો લેખિત ઇતિહાસ મળે છે?" શેખરનો વેધક પ્રશ્ન.

"હા, બે સ્રોત છે; કહો તો ત્રણ. એક તો વૈદિક સાહિત્ય. પછીના મધ્યકાળ વિશેની ઐતિહાસિક વિગતો જૈન પ્રબંધોમાં ઠીકઠીક ચોકસાઇપૂર્વક લખાતી. "એ તો કુમારપાળે જૈન ધર્મ સ્વીકારેલો એટલે..." શેખરના સ્વરમાં કટાક્ષ હતો. "એ ખરું પણ આમ પણ, આપણે પાટણમાં વાત કરી હતી કે જૈન સાધુઓએ માત્ર ધર્મ નહિ- ઇતિહાસ, ભાષા વ્યાકરણ... વગેરેમાં ઊંડો અભ્યાસ કર્યો છે અને લખીને રાખ્યો છે."

"બેન, હમ યહાં ક્યા ક્યા દેખેંગે?" યાસ્મિનનો 'રૂટીન' પ્રશ્ન.

"ના બેન, આપણે અહીં નથી ઊતરતાં. આમ જુઓ તો મધ્યકાળમાં મરમ્મત થયેલા આ શહેરનેય હજારેક વર્ષ થઇ ગયાં. અતિ પ્રાચીન ગણાતા આ શહેરે અનેક વારાફેરા જોયા છે, અનેક વાર આસમાની-(કુદરતી આફત)-સુલતાની (શાસકો દ્વારા આપવામાં આવતો ત્રાસ) વેઠી છે. નર્મદા નદી આમ પણ સભર નદી છે. વળી લગભગ દર ચોમાસે પૂર તો આવે જ છે અને વચ્ચે વચ્ચે મોટી રેલ પણ ખરી જ. ઉપરવાસથી ધસમસતાં પાણી આવીને ભરૂચને, એના ઘાટ-ઓવારાને,





પુરાતન કિલ્લાને વારંવાર નુકસાન પહોંચાડે છે. વળી અહીં શબરો ઉપર આર્યોના જ નહિ; સલ્તનત, મોગલો, પોર્ચુગિઝો, મરાઠા જેવી લડાયક જાતિઓના હુમલા પણ થતા રહ્યા છે. શહેર એક જાણીતું બંદર હતું એ ગ્રીસ-રોમ-ઇજિપ્તના ઇતિહાસોમાં લખેલું છે પણ રાજક-દૈવકથી આ બંદર ઘસાતું ગયું તોયે એની સંભાળ કે સાચવણ કરવાની દરકાર કોઇએ રાખી નહિ અને સૂરત શહેર મોટા બંદર તરીકે વિકસતું ગયું. પરિણામે આ શહેર ખરા અર્થમાં પડી ભાંગ્યું."

"આમ તો પેલી કહેવત- ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ- પ્રમાણે ગમે એટલું ભાંગે પણ એની અમુક ગુણવત્તા ટકી ગઇ છે...એ વાત ખરી છે?" વિલ્સનનો સવાલ. "વિલ્સન, ઇતિહાસ ગમે તેટલો ઊજળો હોય પણ વર્તમાન નબળો હોય તો પછી કોઇ પણ બહાને ગૌરવ ટકાવી રાખવાના પ્રયાસો થાય! ઉલ્લેખનીય વ્યક્તિઓને યાદ કરીને એમના નામે અસ્મિતા જાગૃત કરવાના પ્રયાસો થાય અને ભરૂચના સંદર્ભે આ થયું- વૈદિક-પૌરાણિક ઋષિઓ-ભૃગુ અને પરશુરામથી માંડીને ગાંધી-યુગના છોટુભાઇ-અંબુભાઇ પુરાણી, લેખક અને રાજદ્વારી ક.મા.મુનશી વગેરેનું જન્મસ્થળ-કર્મસ્થળ ભરૂચ છે એમ કહીને પેલી કહેવતને સાચી પાડવાની કોશીશો થાય છે. બાકી ભરૂચ એક રીતે જુઓ તો 'દબાઇ' ગયેલું'શહેર થઇ ગયું.- પેલી તરફ અમદાવદ, વડોદરા જેવા ઐતિહાસિક સમૃદ્ધ શહેરો અને આ તરફ મુંબઇ-સૂરત જેવાં નવાં-સમૃદ્ધ શહેરો! કોઇ પણ શહેરના વિકાસમાં બીજાં પરિબળો ઉપરાંત ભૌગોલિક સ્થાનસ્થિતિ પણ મોટો ભાગ ભજવે છે તેનો નમૂનો છે ભરૂચ!"

"હમને સુના હૈ કિ 2002 કી ધમ્માલ કે બાદ ગુજરાત કે કઇ સારે મુસલમાન ભરૂચમેં સેટલ હુએ હૈં?" હમિદનો પ્રશ્ન વર્તમાનમાં ખેંચી લાવ્યો.

"હા, આમ પણ બંદર હોવાના કારણે, સલ્તનતના કારણે ભરૂચમાં પાંચેક સદીથી મુસ્લિમો તો ઠરીઠામ થયેલા જ છે. વળી કોંગી શાસનમાં જે રીતે રાજકીય ટેકો મળ્યો તેને કારણે પણ ભરૂચ મુસ્લિમ-અભયારણ્ય બન્યું છે. આજે અહીં ખૂબ મોટી દાર-ઉલ્-ઉલૂમ(ઇસ્લામી શાસ્ત્ર ભણાવતી યુનિવર્સિટી) છે, જૂની-નવી મદ્રેસાઓ છે, નવી મસ્જિદો બની છે જેનાં ઘાટ-ઘૂટ અસલ




**ભરૂચનો કિલ્લો**

ગુજરાતીને બદલે મધ્યપૂર્વના દેશોની નકલ સમાં છે. અહીંના હોટલ-મોલ-ટ્રાન્સપોર્ટ ધંધા મોટાભાગે મુસ્લિમોના હાથમાં છે, જે એમની કુનેહ, સાહસ અને મહેનતથી સમૃદ્ધ બન્યાં છે. ગુજરાતના વિકાસમાં ભરૂચના મુસ્લિમોનો ફાળો નોંધપાત્ર છે.'' ''એ તો જે તટસ્થ હોય તે જ નોંધી શકે ને?.. હવે સમજાયું કે ભાંગ્યુ ભાંગ્યું તોયે ભરૂચ... કોના માટે કહેવાય છે!'' શેખરે પૂરું કર્યું ત્યારે ભરૂચ વટાવીને બસ નવા બ્રિજના ગેટ ઉપર પહોંચી; જ્યાં બે-એક કિ.મિ.જેટલી ટ્રાફિકની લાઇન હતી... વાટ જોવામાં કલાકો વીતવાના હતા!!! ''એ ચાલોને, અંતાક્ષરી રમીએ!'' મીનાનું રમતિયાળ સૂચન સૌએ વધાવી લીધું. કલાકેક અંતાક્ષરી ચાલી. જૂનાં-નવાં ગીતો ખૂટ્યાં.હવે?!!! વંદનાએ ગીત લલકાર્યું- બાદલે સૂર પૂરાવ્યો- ''મા રેવા! તેરા પાની અમૃત!'' એ ગીત પણ પૂરું થયું.શેખરે તદ્દન અલગ જ મૂડનું ગીત છેડ્યું- જેમાં રચના પણ જોડાઇ ગઇ! ''નર્મદાકી ઘાટીમેં અબ લડત જારી હૈ; ચલો ઊઠો! ચલો ઊઠો! રોકના વિનાશ હૈ.''

આ તરફ ગીત પૂરું થયું અને પેલી તરફ ટ્રાફિક પણ વહેતો થયો.

★★★





**મુકામ - 10**

# સૂરત

સાંજે સાતેક વાગે સૂરતમાં પ્રવેશ કર્યો ત્યારે રસ્તા ટ્રાફિકથી ધમધમતા હતા. અનેક 'ફલાયઓવર' વટાવતી બસ ઇલેક્ટ્રીક રોશનીના વરસાદ વચ્ચેથી જાણે પસાર થતી હતી. ખૂબ ઊંચા ઊંચા રહેણાક ફ્લેટ્સ, ઝાકઝમાળ શોપિંગ કોમ્પ્લેક્સની સાથોસાથ સસ્તાં કપડાંની દુકાનો અને ખાણીપીણીનાં લારી-ગલ્લા ઉપરાંત બેશુમાર ચોપગાં, બેપગાં, ત્રણપગાં વાહનોથી ફાટફાટ થતું શહેર ગુજરાતની જ નહિ, દેશની મૂડીવાદી રાજધાની મુંબઇની નાની બહેન જેવું દેખાતું હતું. બેફામ ટ્રાફિક અને ભીડભર્યા રસ્તા વટાવી બસ ઉતારે પહોંચી.

બાદલે પહોંચતાં જ કહ્યું: ''અલ્યા, પેલી કહેવતનું શું?- સૂરતનું જમણ? એનો ચટાકો લીધા વિના પ્રવાસ અધૂરો કહેવાય હોં! ભાતભાતની વાનગીઓ પણ સંસ્કૃતિનો જ ભાગ છે ને?''

''હા ભૈ હા! એ જમાડ્યા વગર તમને અહીંથી લઇ જઉં તો મને કાશીનું મરણ જ મળી જાય ને?!'' રચનાએ કહેવત પૂરી કરી! ''પણ ખમો, અત્યારે ઝટપટ જમીને જરા મિટીંગ કરી લઇએ. સૂરત જોવાની પૂર્વતૈયારી માટે થોડીક ભૂમિકા હોવી જરૂરી છે.''

મંડળી તાજીમાજી થઇ, વાળુ કરીને એકઠી થઇ ગઇ. આજે રચનાની ભૂમિકા મોટાભાગે વહીવંચાની હતીઃ એણે બોલવાનું હતું અને મિત્રોએ સાંભળવાનું હતું. રચનાએ માંડીને સૂરતનો પરિચય આપ્યો, એ લખવા બેસીએ તો થોથાં ભરાય છતાં સૂરતની મુખ્તસર હકીકત જાણવી તો પડે.

## સૂરતઃ સદીઓથી સોનાની મૂરત, ઉપર રેશમની સાડી ને ઉપર હીરાના દાગીના

સૂરત પણ અમદાવાદની જેમ, સલ્તનતકાળ અને તે પછીના મોગલકાળમાં વિકસેલું- વિસ્તરેલું શહેર છે. અંગ્રેજી અમલે એને અર્વાચીનતા અને નવાચારની સમજણથી સજાવેલું ત્યારે પણ સૂરતનું સંસ્કાર કલેવર બંધાયું એમ કહેવાય. પણ પુરાણકથાઓ કંઇક જુદું કહે છે. પુરાણકાળમાં આને 'ભાનુક્ષેત્ર' કહેવાતું(સૂર્યની ભૂમિ).અહીં વહેતી તાપી નદીને તપતી- સૂર્યપુત્રી માનવામાં આવી છે અને શહેરનું પૌરાણિક નામ 'સૂર્યપુર' આપવામાં આવે છે. આ કાંઠે સૂર્યપુર અને સામે કાંઠે સૂર્યપત્ની રન્નાદે-રાંદલનું નગર રાંદેર- આવી કથાઓ મળે છે.

જો કે ઐતિહાસિક સંદર્ભમાં સૂરત નહિ, પણ રાંદેર 13-14મી સદીમાં મોટું બંદર હતું. આગળ દરિયાને તાપી નદી જ્યાં મળે છે ત્યાં સુંવાળી ગામે ફુર્જો- ધક્કો હતો. રાંદેરનો વેપારી સંબંધ ત્યારથી જ ખાડીના દેશો અને યુરોપના દેશો સાથે જીવંત હતો. સૂરત ઉત્તર-પશ્ચિમે, સૌરાષ્ટ્રની છેક દક્ષિણે દીવ બંદર પણ સુલતાનોનું વેપારી મથક હતું. રાંદેર અને દીવ અને બંને મોહમ્મદ બેગડાના નૌકા કાફલાના સેનાપતિઓ(એડમિરલ ઇન ચીફ /અમીરુલ બહર) અનુક્રમે મલેક ગોપી, ખુદાવંદખાન અને મલેક અયાઝના તાબામાં હતાં. ઇતિહાસ નોંધે છે કે પેલી તરફ મલેક અયાઝ દીવને ચડિયાતું બંદર બનાવવાની સ્પર્ધામાં હતો અને અહીં મલેક ગોપીને ખસેડીને ખુદાવંદખાન રાંદેરને શ્રેષ્ઠ બંદર બનાવવાની સામ-દામ-દંડ-ભેદ-થી તૈયારી કરતો હતો. પણ પેલી તરફ 16મી સદીમાં દીવ પોર્ચુગીઝોએ કબ્જે કર્યું પછી રાંદેર વધારે ખીલ્યું. અહીં મોગલ સૈન્યો પર હુમલો કર્યો. મોગલ નૌકાસૈન્ય સલ્તનત જેટલું સબળ નહોતું. વેપારી નીતિ મોકળી હતી. સૂરત / રાંદેરને પ્રવાસીબંદર તરીકે જરૂર વિકસાવાયું હતું. મોગલશાસકોના પરિવારો અહીંથી જ વહાણમાં બેસીને હજ પઢવા મક્કા જતા. સૂરતને મોગલ ઇતિહાસમાં 'બાબ-ઉલ્-મક્કા- કહ્યું છે.(મક્કાનું પ્રવેશદ્વાર). ડચ વહાણવટીઓ-વેપારીઓ અહીં એ જ અરસામાં આવ્યા. મોગલ બાદશાહ જહાંગીરના સમયમાં જ અંગ્રેજોને વેપાર કરવાની





મંજૂરી અપાઇ અને સૂરતમાં અંગ્રેજી 'કોઠી' નંખાઇ. ફ્રેંચ વેપારીઓએ પણ અહીં કોઠી નાખી.

બંદર તો રાંદેર ને સુંવાળી હતાં પણ કોઠી - વેપારી મથક સૂરતમાં હતું. સૂરતની 'નાણાંવટ' (વિદેશી નાણું વટાવવાની જગ્યા) વિવિધ દેશોના નાણાં- વહેવારથી ધમધમતી હતી એમ નોંધવામાં આવ્યું છે. ઇ.સ. 16મી થી 19મી સદી દરમ્યાન સૂરત પચરંગી બન્યું- વિવિધ દેશોના લોકોની અવરજવરને લીધે અનેક પ્રકારની ભાષા-પોષાક-ખોરાક-ધર્મશ્રદ્ધા-સ્થાપત્ય- શિલ્પ... દરેક રીતે વૈવિધ્ય એ સૂરતની જાણે ખાસિયત બની ગઇ. બંદર હોવાના કારણે સૂરત પશ્ચિમભારતના ઉત્તર વિભાગનું જાણે આર્થિક પાટનગર હતું. યાદ રહે, 18મી સદીના અંતે મુંબઇ વિકસવા માંડ્યું ત્યાં સુધી આ દરજ્જો સૂરતના નામે લખાયેલો હતો.

સૂરતથી મોટાભાગે કાપડની વિવિધ કિંમતી જાતો- રેશમ, મશરૂ, કિનખાબ, ગજી ઉપરાંત સુતરાઉ મલમલ તો ખરી જ- વિદેશમાં જતી. ઉપરાંત ખંભાતના કારીગરોએ બનાવેલાં, રાજપીપળાના ડુંગરોમાંથી નીકળેલા અકીકના દાગીના અને સુશોભનની ચીજો સાથે શરાબના પ્યાલા પણ બનતા અને એની નિકાસ યુરોપના દેશોમાં થતી. ચા-કોફીની આયાત થતી. મુસ્લિમ ઇતિહાસકારો, જૈન પ્રબંધકારો અને વિદેશી મુસાફરોએ સૂરત વિશે પુષ્કળ લખ્યું છે. ટેવર્નિયર, ફ્રાન્સિસ ડ્રેક, થેવેનો જેવા યુરોપિયન પ્રવાસીઓની ડાયરીમાં સૂરતને 'વિન્ડો ટુ ધ વેસ્ટર્ન વર્લ્ડ' (પશ્ચિમના દેશોની બારી) કહ્યું છે.

જો કે આ દરમ્યાન, ઇ.સ. 1664માં શિવાજીએ સૂરતને લૂટ્યું અને પછી તો પરંપરા ચાલી. કોઇ કહે છે ચાર વાર, કોઇ કહે છે સાત વાર! આ ઓછું હોય તેમ પ્રચંડ પૂર અને ભયાનક આગે પણ 17-18મી સદીમાં સૂરતને ભરખી ખાધું હતું. વારંવારની આસમાની-સુલતાની (કુદરતી અને રાજકીય) આફતોનો માર ખાઇને પડતું અને વળી વળીને આંતરિક તાકાત અને આર્થિક પ્રવૃત્તિઓના ઉદ્યમથી વારંવાર બેઠું થતું સૂરત જાણે અગનપંખીની જેમ પોતાની જ રાખમાંથી નવસર્જન પામતું રહ્યું છે.

આટલે સુધીની ઐતિહાસિક ભૂમિકા મિત્રો માટે અજાણી હતી. પણ 19મી સદીના સૂરતનો પરિચય-ખાસ તો સુધારાયુગને લગતો તબક્કો કંઇક અંશે જાણીતો હતો. અંગ્રેજોનું શાસન અને અંગ્રેજી કેળવણી (બ્રિટીશ પદ્ધતિની, મેકોલે નામના અધિકારીએ દાખલ કરેલી સાર્વજનિક શિક્ષણ પદ્ધતિ) નું નામ પડતાં જ વંદનાને એવા શિક્ષિત સમાજ સુધારકો તરત યાદ આવી ગયાં- સુધારકોના અગ્રણી દુર્ગારામ મહેતાજી, દાદોબા પાંડુરંગ, મહિપતરામ નીલકંઠ અને એમનાં પત્ની પાર્વતીકુંવરે સમાજમાં પ્રચલિત અંધશ્રદ્ધાઓ, વહેમ, જાદૂમંત્ર, નિરક્ષરતા, કજોડાં-બાળલગ્ન જેવાં લગ્નને લગતા કુરિવાજો, વિધવાની અસહાય દશા જેવા મુદ્દે જાણે ઝૂંબેશ શરૂ કરી હતી. પોતાનાં જીવન પણ નવાચારથી રસાયેલાં હતાં. એમની બીજી હરોળમાં હતા કરસનદાસ મૂળજી, નર્મદ, નંદશંકર અને નવલરામ- જેમણે ઉપલા મુદ્દા ઉપરાંત પાખંડી ધર્માચાર્યો સામે પણ મોરચો માંડ્યો હતો. નાનાં નાટકો, કવિતા, ભાષણો, અખબાર અને સાહિત્ય કૃતિઓ આપીને સમાજસુધારાને ક્ષેત્રે ખાસું પ્રદાન કર્યું- પહેલ કરી.

શેખરને ત્યાર પછીના તબકકા વિશે માહિતી હતી કે રાજકીય રીતે પણ અંગ્રેજો સામે સ્વાતંત્રસંગ્રામમાં સૂરત અને આસપાસનાં વિસ્તારોએ મોટો ફાળો આપ્યો છે. હરિપુરા કોંગ્રેસ(1938), બારડોલી સત્યાગ્રાહ (1928) દાંડીકૂચ(1930) જેવાં લોક આંદોલનો અને રાજકીય લોક ભાગીદારીમાં સુધારાની જેમ જ, ગુજરાતભરમાં સૂરત અગ્રેસર હતું.

અહીં રચનાએ ઊમેર્યું કે 19મી સદીના પાછલા ચરણમાં ને 20મી સદીમાં સૂરતનું બૌદ્ધિકધન ધીમેધીમે મુંબઇભેગું થતું ગયું. અંગ્રેજોએ નવા ધંધા-ઉદ્યોગો-સંસ્થાઓ મુંબઇમાં સ્થાપ્યાં. મુંબઇ પણ બંદર તો હતું જ- અંગ્રેજોએ પૂરબહારમાં વિકસાવ્યું અને આ તરફ કુદરતી કારણોસર સૂરત બંદર મંદ પડતું ગયું. વળી શેખરે જોડ્યું કે આઝાદી મળ્યા પછી, છેક '70 સુધી એ જ હાલ હતા પણ પહેલાં પાવરલૂમ્સ અને પછી હીરાઉદ્યોગોની શરૂઆત થઇ, જેને કારણે જાણે સૂરતની ખૂબસૂરતી પાછી ચમકતી થઇ અને છેલ્લા ત્રણ દાયકામાં





અહીં હજીરા બંદરને વિકસાવવામાં આવ્યું જેને કારણે કદાચ પેલી જૂની ભવ્યતા અને સંપત્તિ પણ નવા રૂપે- મૂડીવાદના નવા ચરણમાં સૂરતને દેશનું અગ્રણી સમૃદ્ધ શહેર બનાવશે એવું વાંચ્યું છે, સાંભળ્યું છે- એટલે પણ સૂરત જોવાની બહુ ઇચ્છા છે.

''બેન, હમને યહ ભી સૂના હૈ કિ સૂરત કી પાવરલૂમોં મેં યા ફિર હજીરા પોર્ટ મેં કામ કરને આંધ્ર, ઓડિશા ઔર ખાનદેશ સે સેંકડો મજદૂર આતે હૈં ઔર યહીં પર બસ જાતે હૈં.'' હમિદે પૂછ્યું.

''અને હીરાઉદ્યોગમાં તો આખું કાઠિયાવાડ ઊતરી આવ્યું છે જાણે! ધોળકા-ધંધુકાથી માંડીને ઠેઠ અમરેલી ને રાજુલા સુધીનું માણા'આયાં હીરાઘંટીએ લાગેલું છે.'' કનુભાઇને પોતાના વતનના વિસ્તારની આજીવિકાનાં મૂળનો ખ્યાલ હતો એ એમણે શેર કર્યો.

''કોઇ પણ મહાનગરની જેમ, સૂરત પણ શ્રમિકોના પસીનાથી સિંચાયું છે. ઘણીવાર કહેવાતા તળ સૂરતીઓને વલોપાત કરતા વાંચ્યા-સાંભળ્યા છે કે 'બહાર'ના લોકોએ અમારા સૂરતને બગાડી મૂક્યું છે.ત્યારે મને તદ્દન ઉલ્ટું કહેવાનું મન થાય છે કે 'બહાર'ના કહો છો તે લોકોએ તો સૂરતને વારંવાર ધૂળમાંથી બેઠું કર્યું છે!'' રચનાએ કહ્યું.

''બેન, સૂરત મેં કૌમી ધમ્માલ કા ક્યા સીન હૈ?'' આમિરે પૂછ્યું.

''વિચિત્ર. આમ તો મેં ઇતિહાસ જણાવ્યો, એમાં સૂરતના સર્જન-ઘડતરમાં મુસ્લિમો-શિયા,સુન્ની, વહોરા તમામનો સકારાત્મક ફાળો છે, પણ '92માં બાબરી મસ્જિદનો ધ્વંસ થયો ત્યાર પછી સૂરતના શ્રમજીવી વિસ્તારોમાં ભયંકર રમખાણો ફાટી નીકળેલાં. મુસ્લિમ સ્ત્રીઓ ઉપર જે અત્યાચારો થયા હતા એ તો શરમજનક જ નહિ, ઘૃણાસ્પદ હતા. પણ વળી પાછા 2002 ના મુસ્લિમ જનસંહાર વખતે સૂરત શાંત હતું. જો કે ટૂંકમાં કહું તો અમદાવાદની જેમ સૂરતમાં કોમી હિંસાનો લાંબો અને સતત ઇતિહાસ નથી એ નોંધપાત્ર છે.''

''2002 મેં બચ કૈસે ગયા?'' પરવિનનો પ્રશ્ન.

''જાણીતા ઉદ્યોગગૃહના ધનિકોએ, હિંસા કરાવનાર-કરનાર અને ઢાંકનાર પરિબળોને મબલખ પૈસા આપીને શાંત પાડ્યાં એવી પ્રમાણભૂત માહિતી મળી છે. મૂડીવાદને જાત-ધરમના ભેદભાવ નડતા નથી સાબિત થયું!'' રચનાએ અગત્યની માહિતી આપી.

છેવટે વિખેરાતાં પહેલાં મીનાએ પૂછી જ લીધુંઃ ''બેન, આપણે સૂરતમાં શું શું જોવાના?''

''થોડીક ઐતિહાસિક અને થોડીક ધાર્મિક જગ્યાઓ, મ્યુઝિયમ અને બંદર પણ જોઈશું.''

કનુભાઈએ જરાક હઠાગ્રહ સાથે કહ્યું- ''બેન, માઠું નો લગાડશો હોં. પણ સૂરતની શેરીઓ સાંકડી ને ભીડ ભારે.ઠેઠ ગામમાં(જૂના શહેર) ફરવું હોય તો ચાલવાની તૈયારી રાખજો- ગાડી ત્યાં લઈ જાવી મુશ્કેલ!'' સૌ સંમત હતાં અને ચાલવું પડે તો ચાલવા માટે તૈયાર પણ હતાં.


સૂરતના ઈતિહાસ અને વર્તમાનની માહિતીએ મંડળીને તત્પર બનાવી હતી.

## સૂરત-દર્શનઃ ઇતિહાસની અટારીએથી -

વળતી સવારે મંડળી સૂરત-દર્શન માટે નીકળી ત્યારે કિલ્લાનો ક્રમ પહેલો હતો. 16મી સદીમાં સૂરતના નૌકાધ્યક્ષ અને સરસૂબા ખુદાવંદખાને બંધાવેલો અને ડચ(વલંદા) અને અંગ્રેજોએ કંઈ કંઈ સુધરાવેલો-ઉમેરાવેલો કિલ્લો બિલકુલ તાપી નદીના તીરે છે. આ કિલ્લો કોઠી-સરકારી કચેરી હતો. નદીના પ્રવાહને ઝીલવા-ઝેલવા પથ્થરની મજબૂત દીવાલો, ઈંટ-ચૂનાની આ ઈમારત નાની-સાંકડી બારીઓથી શોભતી હતી. જ્યાંથી પ્રવેશ કરીએ તો દરવાજો તો સૂરતના ચોક બજારમાં પડતો હતો. આગળ સરસ હરિયાળી (લૉન)વાળો બાગ હતો. પાર્કિંગમાં ગાડી મૂકીને આગળ વધ્યાં ત્યાં 'રસ્તો બંધ- કામ ચાલુ છે'નાં બેરિકેડ (અવરોધ) મૂકેલાં. મંડળીને જોઈને જ બાગનો ચોકીદાર દોડી







**સૂરતનો કિલ્લો - ૧૬મી સદી**

આવ્યો. સામેથી જ જણાવ્યું કે કિલ્લાનું રીપેરિંગ-રીનોવેશન ચાલે છે. કિલ્લાને હેરિટેજ પ્રોજેક્ટમાં લેવામાં આવ્યો છે એટલે સ્થળ દર્શન બંધ છે. તૈયાર થઈ જશે પછી ખોલવામાં આવશે. પાછળ નદીકિનારે રિવરફ્રન્ટ પણ કરવાનો છે. બધું નવું જ થઈ જશે! - વધામણીથી મંડળી તો નાખુશ થઈ ગઈ. ''ચાલો, અહીં પણ ટૂરિઝમના નેજા નીચે આમ જનતાને ઈતિહાસથી આઘી રાખવામાં આવશે.''

''હાસ્તો, ટિકિટ લઈને ઈતિહાસ સમજનારાં નહિ, રિવરફ્રન્ટ ઉપર સેરસપાટા કરવાવાળાં વધારે આવવાનાં! આમેય કહેવત તો છે જ- સૂરતી લાલા સહેલાણી.'' વંદનાએ ભાવિદર્શન કરી લીધું.

કિલ્લાને અડીને હતો 'મક્કાઈ પુલ'. અહીંથી મોગલ પરિવારો મક્કાની હજ પઢવા વહાણમાં બેસવા જતાં તેથી આનું નામ મક્કાઈ પુલ પડ્યું'' ''અચ્છા, યે બાત? મૈં તો સમઝા, યહ આદિવાસીઓ કા વિસ્તાર હૈ તો 'મક્કાઈ ભૂટ્ટા' સે જુડા હુઆ નામ હોગા.'' આમિરે ભોળાભાવે કહ્યું.

''લે કર વાત! આદિવાસીઓને આ સમાજે આવું સન્માન વળી ક્યારે આપ્યું છે!'' શેખરે લપડાક મારી.

પુલથી પાછા ચોક તરફના ઢાળે વળ્યા ત્યાં ડાબે હાથે, 'એન્ડ્રૂઝ લાયબ્રેરી'નું એકદમ ઈંગ્લીશ ઢબનું વિશાળ મકાન ઊભું હતું. લાંબે પને પથરાયેલી ઈમારત સળંગ ઝરૂખા-બાલકનીથી શોભતી હતી. ઉપલા મજલે, બરોબર વચ્ચોવચ, કમાન ઉપર સુંદર કોતરકામવાળા રાજમુગટ જેવો ઝરૂખો મૂક્યો હતો. બહાર ઊભેલી મંડળી અંગ્રેજી સ્થાપત્યનો આનંદ લેતી હતી. રચનાએ માહિતી આપી કે ઇ.સ.1850ની 18મી જૂને 'સૂરત લિટરરી સોસાયટી'ની સ્થાપના કરવામાં આવી હતી. તે સમયના નિવૃત્ત જજ (ન્યાયાધીશ) મિ.એન્ડ્રૂઝના નામથી આ લાયબ્રેરી ખુલ્લી મૂકાઇ. આજે 300 વર્ષથીયે વધારે જૂના ગ્રંથો અહીં મળી આવે. નજીક ગયા ત્યારે જાણવા મળ્યું કે પ્રવેશ પાછળથી થાય છે. પાછળ ગયાં, ત્યાંના ખુરશીઓ-ટેબલો-કબાટો-બારી-બારણાં તમામ અંગ્રેજી ઢબનાં હતાં. સૂરતના ચોકમાં જાણે લંડન ખડું કરવામાં આવ્યું હતું. અંદર બેઠેલા એક વૃદ્ધ વાંચકે માહિતી આપી કે આ મકાનને પણ 'હેરિટેજ પ્લાઝા'માં સમાવી લેવાશે.આગલી બાજુની અંગ્રેજી શૈલીની સાફસફાઇ કરી- લાઇટ્સ વગેરેથી શોભાવીને એનું દર્શન કરાવાશે.''

ત્યાંથી નીકળ્યાં તો ચોકની વચ્ચે જ સરેઆમ એવી જ અંગ્રેજી શૈલીની લાલ પથ્થર અને ઈંટોની બનેલી જબરજસ્ત ઈમારત હતી. 'સર સોરાબજી ટ્રેનિંગ કોલેજ'નું એ મકાન પણ 19મી સદીની ભેટ. પ્રાંગણમાં જ તેના દાતા-સ્થાપક સર સોરાબજીનું ભવ્ય પૂતળું છે. ''પારસી સમુદાય પણ ગુજરાતના સમાજનો એક અગત્યનો હિસ્સો છે. આપણે ઉદવાડા થઇને ડાંગ બાજુ જઇશું ત્યારે વિસ્તારીને વાત કરીશ.'' રચનાએ એક નવો મુદ્દો મૂક્યો પણ બાકી રાખ્યો અને સૌ બસમાં બેસીને આગળ વધ્યાં.

ચોકબજારની ભીડ વચ્ચેથી ગાડી કાઢતાં કાઢતાં દસેક મિનીટના રસ્તે જ રચનાએ ગાડી ઊભી રખાવી. જમણી બાજુએ, 'સૂરત મહાનગર પાલિકા'નું (મ્યુનિસીપલ કોર્પોરેશન) મકાન આવ્યું. પાટિયું હતું અંગ્રેજી-હિંદી-ગુજરાતીમાં- 'મુગલીસરા'. રચનાનાં ભવાં ચઢી ગયાં. આ તે કેવી બેદરકારી? - બેદરકારી કે પછી સાચી જાણકારીનો અભાવ?! - શી ખબર!





એણે તરત મિત્રોનું ધ્યાન દોર્યું- ''અહીં મુગલ સરાઇ લખવું જોઇએ. મોગલોએ બંધાવેલી કે મોગલો માટેની સરાઇ / ઉતારો / વિશ્રામગૃહ / પથિકગૃહ... એને બદલે આ તો જાણે શબ્દને કોઇ ઇતિહાસ જ નથી, કોઇ પહેચાન જ નથી!''

''આજે તો અહીં સૂરત મ્યુનિસિપાલિટી બેસે છે, નહિ?'' વિલ્સને કહ્યું.

''હા, પણ બહારથી ઠીકઠીક જાળવણી કરી છે. રંગરોગાન છે, એક-બે મજલા પણ નવા બનાવેલા છે પણ એનો ઠાઠ બાકી બચ્યો છે ખરો. આપણે પહેલાં પણ વાત થઇ કે અકબરના શાસનમાં સૂરત જીતાયું, મોગલો અહીંના બંદરેથી મક્કા જતા. ત્યારે આ સરાઇનો ઉપયોગ થતો હશે. જમણી તરફ અત્યારે જ્યાં બહુમાળી પાર્કિંગ છે ત્યાં પહેલાં તબેલા જ હોવા જોઇએ અને આ નાની નાની ભોંયતળિયાની ઓરડીઓ સેવકવર્ગ માટે હશે. એ જમાનામાં બાદશાહો-ઉમરાવો પોતાના રસાલામાં સેવકો-ચાકરો ઉપરાંત નાચવા-ગાવાનો વ્યવસાય કરતી સ્ત્રીઓને પણ સાથે ફેરવતા!'' મંડળીને રમૂજ થઇ અને એ જમાનાની ઐયાશીનો ચિતાર મળ્યો.

અંદર પેસતા ત્રણે તરફ કમાનોવાળી પરસાળો, બાલ્કનીઓ અને વિશાળ ખંડોવાળું મોટું મકાન હતું. વચ્ચે વિશાળ-ખુલ્લો ચોક અને એની વચ્ચે સરસ ફુવારો હતો. મોગલોનો શોખીન સ્વાભાવ અહીં પણ ઝળક્યો. રચનાએ મોગલ અને સલ્તનતની ઈમારતો વચ્ચેનો તફાવત ચીંધ્યો- ''પથ્થરની આ ઈમારતો કદાચ પહેલી નજરે અને ઓછું ટેવાયેલી આંખે સરખી લાગે પણ ધ્યાનથી જોશો તો મોગલ ઈમારતો ખડતલ અને સાદી, સપાટ હશે. કોતરણી ઓછીને આછી હશે. પેલાં પ્રતીકો ભાગ્યે જ જોવા મળે. જ્યારે સલ્તનતની ઈમારતોની કમાનો નાજુક, થાંભલા, ઝરૂખા વગેરે કોતરણીથી ભરપૂર હશે અને ફૂલવેલ, કમળ, કંદીલ વગેરે તો ખરાં જ! તમે પોતે પણ હવે તો આ તફાવત પારખી શકશો. સૂરત પછી તો ઈમારતો જોવા મળવાની નથી પણ અહીં જોવા મળતી ઈમારતોના પ્રકાર ઓળખી પાડજો.''

ચોકમાં ઊભાં રહીને ઇમારતની ભવ્યતા નિહાળી થોડી વારે બહાર નીકળ્યાં ત્યારે પાછાં 21મી સદીમાં પહોંચી ગયાં હતાં- દરવાજામાં જ સાયબર રૂમ, રિસેપ્શન રૂમ, ઝેરોક્સ કેબીન વગેરે હતાં અને લોકોની લાંબી લાઇનો લાગેલી હતીઃ આધાર કાર્ડ માટે!

## સૂરત વચ્ચે અમદાવાદ?.. કે પછી મહેમદાવાદ?!

‘મુગલ સરાઇ’ જોઇને મંડળી બહાર નીકળીને કતારગામ તરફ જવા નીકળી. થોડેક દૂર જતાં જ રચનાએ કનુભાઇને ગાડી થોભાવવા કહ્યું. મંડળીને નીચે ઊતરવા કહ્યું. સામે બહારથી નવી બનાવેલી મોટી ઇસ્લામી ઇમારત દેખાઇ. બાજુમાં જૂની, જરા પડતર અને ઝાંખી દેખાતી દરગાહમાં બધાંને દોર્યાં. મધ્યમકદની ઊંચાઇવાળી પણ પહોળા ને બેઠા ઘાટની ઇમારત દેખાઇ. થાંભલા, પરસાળો, કમાનો અને દરગાહનું પ્રવેશદ્વાર- બધું જાણે જોયેલું ને જાણીતું લાગતું હતું. એ બંધ જેવી દરગાહના ઓટલે થોડા વૃદ્ધો બેઠા હતા. વાતાવરણ ઉદાસ અને ઉદાસીન હતું. માહિતીનું પાટિયું એક ખૂણે હતું પણ ઝાંખું અને અવગણાયેલું. રચનાને મંડળી સાથે આવતી જોઇને ઓલિયા મરજાન શામી કેવા મહાન હતા અને સૂરતના ચાર ખ્વાજાઓમાંના સૌથી પહેલા નંબરે હતા- આજે પણ એમના નામથી ચમત્કારો બને છે... વગેરે પેલા વૃદ્ધ શ્રદ્ધાળુઓ એકસાથે બોલવા લાગ્યા. મંડળી થોડી મુંઝાઇ. સાંભળી રહી. પણ માહિતી-પાટિયા ઉપર તો સૂરતના સૂબા ખ્વાજા સફર સલમાની ઉર્ફે ખુદાવંતખાંની મઝાર ઉર્ફે રોજો છે એમ લખ્યું છે - એ મુદ્દા ઉપર વિલ્સને એ બુઝુર્ગોનું ધ્યાન દોર્યું. ત્યારે એમાંના એકે કહ્યું, ‘‘હા હા- એ પણ ખ્વાજા હતા પણ આમના (મરજાન શામી) ચેલા!’’ ખરેખર તો મરજાન શામીની મઝાર, બાજુમાં પેલી નવનિર્મિત મોટી ઇમારતમાં હતી. છેવટે આ અમદાવાદી-મહેમદાવાદી-ચાંપાનેરી લાગતી ઇમારત વિશે રચનાએ જ માહિતી આપવા માંડીઃ ‘‘સૂબા ખ્વાજા સફર સલમાની ઊર્ફે ખુદાવંદખાન વિશે ગઇ રાતની પરિચય મિટીંગમાં વાત કરી હતી. તેણે સુલતાનોના સૂબા તરીકે સૂરતમાં શાસન કર્યું. સૂરત બંદરને અને નૌકાસૈન્યને ખૂબ મજબૂત બનાવ્યા. એ દીવના





પોર્ચુગીઝો સાથે મૈત્રી બાંધવા માગતો હતો કેમ કે એના મતે વિદેશી દરિયાઇ વેપાર અને વહાણવટા માટે પોર્ચુગીઝો સાથે મીઠા સંબંધો વિના નહિ ચાલે! બેગડાના બીજા અમીર-ઉલ-બહર (સમુદ્રી અધિકારી) મલેક અયાઝ સાથે આ મુદ્દે મતભેદ હતો. સુલતાન મહમૂદ ત્રીજાએ સફરી સલમાનીને ‘ખુદાવંદખાન’નો ઇલ્કાબ આપેલો. સૂરતનો ભવ્ય કિલ્લો એણે જ બંધાવેલો જે સુરક્ષા ઉપરાંત વેપારમથક તરીકે પણ જાણીતો બન્યો હતો.’’

‘‘રિનોવેશન થાય ત્યારે આ બધું સાચી રીતે રજૂ થાય તો સારું; નહિતર તો...’’ વિલ્સને વાક્ય છોડી દીધું. બધા એના ‘ભાવિ ડર’માં સંમત હતા. ‘‘એક મઝાની માહિતી આપું- આ સફર સલમાની આમ જુઓ તો ‘પરદેશી’ કહેવાય. એમના પિતા આલ્બેનિયન(મધ્ય પૂર્વના એક દેશના) હતા અને માતા ઇટાલિયન હતી. એમનો જન્મ ઇટલીમાં થયો હતો. માતા-પિતા ખ્રિસ્તી હતાં પણ પોતે ઇસ્લામ કબૂલ્યો હતો. પોર્તુગાલ, સ્પેનનો યુરોપિયન દરિયો ખૂંદીને આફ્રિકા થઇને એ દીવ પહોંચેલો અને ત્યાંથી સૂરત. ગુજરાતના સુલતાનોનો માનીતો હતો અને ‘એડમિરલ ઇન ચીફ’(અમીર ઉલ્ બહર) બન્યો. દીવમાં સલ્તનતના સૈન્યનો સેનાપતિ બનીને અંગ્રેજો સામેના યુદ્ધમાં લડવા પોર્તુગીઝોની મદદે ગયો હતો. ત્યાં જ મરાયો. ઇ.સ. .1546માં. એના પુત્ર રજબખાને એનું શબ સૂરત આણ્યું અને એની મરજી મુજબ અહીં દફનાવ્યો.

રજબખાને જે આ મઝાર બનાવડાવી; સુલતાને પછીથી એને સૂરતનો સૂબો નીમ્યો. સૂરત અને સલ્તનત માટે આ પિતા-પુત્રે જાન કુરબાન કરી એમ કહેવાય.’’ ધીરજે આ માહિતી સાંભળીને બહુ સરસ રીતે સમાપન કર્યું- ‘‘બહેન, તમે કાલે રાતે સરસ વાત કરેલી કે સૂરતને બહારના કહેવાતા લોકોએ વિકસાવ્યું અને સમૃદ્ધ કર્યું છે. ખુદાવંદખાન પણ આવા જ ‘બહારના’શાસક કહેવાય, જે ‘અહીંના’ થઇને રહ્યા.

મિત્રોને ‘મરજાન શામી’ ખ્વાજાની મઝાર જોવાનું પણ કુતૂહલ થયું. અંદર ગયા ત્યારે તદ્દન નવીનીકરણ (રિનોવેશન) થયેલી ઇમારત હતી. જેમાં રંગીન

ટાઇલ્સ અને આરસની ફર્શબંદી, સાદી મોગલાઇ લાગતી કમાનો સિવાય કશું સ્થાપત્ય સૌન્દર્ય દેખાયું નહિ. ખ્વાજાના ચમત્કારોનું સ્થાનિક લોકોને ખાસ મહત્વ લાગ્યું. ઇતિહાસના પુસ્તકોમાં મરજાન શામીને વધારે મહત્વ અપાયું છે. બંને મઝારો જોડિયા ઇમારતો તરીકે ઓળખવામાં આવે છે. જો કે બંને મહાપુરુષો વચ્ચે તાર્કિક સંબંધ દેખાતો નથી. પ્રકૃતિ પણ જુદી છે. ‘‘ખેર, ઇતિહાસગ્રંથો પણ જો ‘મરજાન શામી’નું નામ અમર કરવા માગતા હોય તો પછી આપણે તે કોણ ખુદાવંદખાનના ચમચાઓ?!’’ શેખરે બહાર નીકળતાં કોમેન્ટ કરી.

ત્યાંથી થોડેક દૂર મિર્ઝાપુર વિસ્તારમાં હતું પ્રખ્યાત ચિંતામણિ પાર્શ્વનાથનું દહેરાસર. મિત્રોનું ધ્યાન તરત ખેંચાયું કે આખો વિસ્તાર 95% મુસ્લિમ વિસ્તાર છે એની વચ્ચે આવું પ્રખ્યાત અને સમૃદ્ધ દેરાસર કેવું સુરક્ષિત છે! જો કે દેરાસરની પાછળના વિસ્તારમાં જૈન-હિંદુ વસ્તી હતી. થોડીવાર પછી દેરાસરમાં મળેલા એક શ્રદ્ધાળુએ જણાવ્યું ત્યારે એનાથીયે વધુ આશ્ચર્ય થયું કે મૂળે આ ચિંતામણીનું દેરું 17મી સદી સુધી અત્યારે જ્યાં મરજાન શામીની દરગાહ છે ત્યાં હતું! દેરામાં તોડફોડ કરીને મઝારો બંધાઇ છે!




ચિંતામણિ પાર્શ્વનાથનું દહેરાસર

ખેર, ખૂબ અનોખા આ દેરાસરનું પ્રવેશદ્વાર કે ચોક કંઇ ખાસ પ્રભાવશાળી ના લાગ્યાં. જો કે નાના-સાંકડા ચોકની વચ્ચે એક નાના કાચના શો-કેસમાં તીર્થંકરનાં પગલાં મઢીને મૂક્યાં હતાં. ત્યાં અખંડ દીવો જલતો હતો. શ્રદ્ધાળુ શ્રાવકો એ પગલાંની પ્રદક્ષિણા કરતાં જોયા, માથું નમાવતાં જોયા. બહારથી લાંબું, બેઠા ઘાટનું





હવેલી પ્રકારનું દેરાસર હતું. નાનું શિખર અને ધજા પણ નાની-બહારથી સાવ સાદી ઇમારત હતી. વંદનાએ તરત યાદ કર્યું ‘‘16મી સદીમાં મુસ્લિમ આક્રમણોથી બચવા આવી હવેલી બંધાવી હશે, નહિ?’’ ‘‘બરાબર છે, વળી આપણે ઇતિહાસ પણ જાણ્યો. હવેલી- દેરાસર અંદરથી જોઇશું?’’

આદિનાથનાં પગલાંની પાછળ કાચનાં બે મોટાં કબાટમાં, દેશનાં મુખ્ય જૈનધામોનું પટ્ટચિત્ર અને બીજાં પાલિતાણાના આખા તીર્થધામનું પટ્ટચિત્ર હતું. બારીક વિગતો, નામોલ્લેખ સાથે સુંદર મધ્યકાલીન શૈલીનાં આ ચિત્રો ઉપર સોના - રૂપાના વરખ અને કિંમતી રત્નો પણ ચોંટાડેલાં. પટ્ટચિત્રો બેઉ રીતે કિંમતી હતાં. ‘‘પટ્ટચિત્રો એક રીતે સાંસ્કૃતિક / ધાર્મિક દસ્તાવેજ કહી શકાય. ઘણીવાર દૂર જઇને જાત્રા કરવાની શક્યતા કે ક્ષમતા ના હોય તો શ્રદ્ધાળુઓ પટ્ટચિત્રનાં દર્શન કરીને જ ધન્યતા અને સંતોષ માને છે. આના ઉપરાંત લાભપાંચમના હિંદુ તહેવારને જૈનો ‘જ્ઞાનપંચમી’ તરીકે ઉજવે છે. એ દિવસે આવાં પટ્ટચિત્રોનાં ખાસ દર્શન ગોઠવાય છે, લેખન સામગ્રીની પૂજા થાય છે. એવાં પટ્ટચિત્રોમાં ક્યારેક ચિત્રકામને બદલે જરદોઝી કામ કરવામાં આવે છે. સોના-રૂપાના તારથી ભરતકામ થાય છે. સૂરતની જરદોઝી આમ પણ વિખ્યાત છે. લોકો જો કે કિંમતી કપડામાં આવું ભરત કરાવીને વધુ કિંમતી બનાવીને શુભપ્રસંગે પહેરે છે. પણ જૈનો એનો ધાર્મિક ઉપયોગ પણ કરે છે.’’ રચનાએ પટ્ટચિત્રની વિસ્તૃત માહિતી આપી.

મંદિરની અંદર પ્રવેશ કરતાં જ મંડળી ચૂપ! એક તો પરમ શાંતિ વચ્ચે પૂજા આરતી ચાલી રહ્યાં હતાં, શ્રાવકો જપમાળા કરતાં હતાં... પણ બીજી રીતે - અંદરનો દેખાવ ભવ્ય -સુંદર-અનોખો અને પાવન હતો. કપૂર-કેસર-ચંદનની ખુશ્બૂ ફેલાયેલી હતી... જે માહૌલમાં પણ મંડળી શાંત થઇ ગઇ. અંદરનો અત્યાર સુધી નહિ જોયેલો દેખાવ ખરેખર અનોખો-આગવો હતો. આરસપહાણ, ગ્રેનાઇટ, લાલ પથ્થર... વગેરેમાંથી રચાયેલાં મંદિરો- દહેરાસરો તો સૌએ ઘણાં જોયાં’તા; પણ આખું કામ લાકડાની કોતરકલા હોય એવું મંદિર પહેલી જ વાર નજર સામે હતું.



અદ્‌ભૂત કાષ્ટકામ

સભામંડપ, અંતરાલ અને ગર્ભગૃહ મધ્યમકદનાં હતાં. ફર્શ ઉપરની લાદી, આરસપહાણ સિવાય તમામ કામ લાકડાનું હતું- સ્તંભો સુધ્ધાં. સ્તંભોમાં સ્તર યોજના હતી-જળથર, મકરમુખ, હાથી, વ્યાલિ-તમામ લાકડાનાં. નર્તકીઓ-સવારીનો માનવથર હતો; જો કે શામળાજી-મોઢેરાવાળો નહિ! અંતરાલ અને ગર્ભગૃહને પણ અદ્‌ભૂત કાષ્ટકામથી સજાવી દીધાં હતાં. તોરણ અને બારસાખો ઝીણી કોતરણીવાળાં હતાં. એક નવીન વાત બીજી પણ હતી કે સ્તંભો, બારસાખ અને ગર્ભગૃહ- અંતરાલનાં કાષ્ટશિલ્પને પૂર્ણપણે પારદર્શક, સાદા, મજબૂત કાચથી મઢી દેવામાં આવેલાં. વણજોઈતા સ્પર્શ અને ધૂળ- માટી-કસ્તરથી બચાવવાનો આવો ઉપાય પહેલી જ વાર જોવા મળ્યો. બીજી, ખૂબ મહત્ત્વની બાબત એ હતી કે તમામ કાષ્ટકામ રંગીન હતું. બદામી, સુખડિયા, કથ્થઈથી માંડીને લીલા, મોરપંખી, મજીઠિયા, લાલ અને સોનેરી-રૂપેરી રંગો એટલી ખૂબીથી પ્રયોજાયેલા કે આંખને ક્યાંય નડે નહિ. ગીચતા કે રંગોનો ડખો લાગે નહિ. બલ્કે મનોરમ રંગોળીનો આનંદ માણતાં હોઈએ એવી કલાત્મકતા હતી. મૂર્તિઓની સેવાપૂજા ચાલતી હતી. વીજળીના પ્રકાશ ઉપરાંત કાચના ગ્લાસ, હાંડી, ઝુમ્મરનો પ્રકાશ પણ દેરાસરને ઝગમગાવી રહ્યો હતો. ગર્ભગૃહની ત્રણે તરફનો ફરતો પ્રદક્ષિણા-પથ પણ કોતરણી-ભરપૂર હતો. ત્યાં ફૂલવેલનાં સુશોભનો ઉપરાંત ચોવીસે તીર્થંકરોની પ્રતિમાઓ બેસાડેલી જેને પણ કાચની કેબિનેટમાં સાચવી રાખેલી. મંદિરની કલા અને તેની સાચવણી- બંનેનો સાથેસાથે વિચાર કરવામાં આવ્યો દેખાય છે. વારંવાર જીર્ણોદ્ધાર







દેરાસરની છત

કરવામાં તો આવ્યો હશે પણ મૂળ કલા - 17મી સદીની અખંડ જળવાઇ છે એની ના નહિ. નાનું પણ ખૂબ સુંદર ધામ જોઇને સૌ બહાર આવ્યાં ત્યારે ગુજરાતની અને ખાસ તો સૂરતની ધર્મપ્રેરિત કાષ્ટકલાનો ઉત્તમ નમૂનો જોયાનો આનંદ અને સંતોષ સાથે લઇને નીકળ્યાં હતા.

## બહુરંગી સૂરતમાં રાખોડી ઝાંય

“હવે તદ્દન અલગ જ જાતનું ને નોખી ભાતનું સ્થાપત્ય આપણે જોવા જઇ રહ્યાં છીએ. સૂરત ઉપર ગુજરાતના સુલતાનો, સૂબાઓ, મિર્ઝાઓ, મોગલો અને મરાઠાઓનું શાસન છેલ્લાં 600 વર્ષ દરમ્યાન રહ્યું. છેલ્લી સદીમાં સત્તા ઉપર અંગ્રેજો હતા પણ બંદર હોવાને કારણે ડચ (વલંદા), આર્મેનિયન, ફ્રેન્ચ અને પોર્તુગીઝો અહીં આવી વસ્યા હતા. અહીં હિંદુ-મુસલમાનો સિવાયના સમુદાયોનાં કબ્રસ્તાનો પણ આવેલા છે. આમ લોકોની કબરો તો ખોવાઇ ગઇ હશે, ધમરોળાઇ ગઇ હશે, નવા સૂરતની નવી ઇમારતોની નીચે દટાઇ ગઇ હશે... પણ પરદેશી સત્તાધારીઓ અને અમીર વેપારીઓની કબરો બચી ગઇ છે; કેમ કે સત્તા અને ધનના જોરે અનોખું સ્થાપત્ય રચાયું અને રાજક-દૈવકની વચ્ચે પણ ટકી ગયું.” રચનાએ ભૂમિકા બાંધી.

સરિયામ રસ્તા પાર કરીને બસ કતારગામના રસ્તે, શહેરની બહાર નીકળી. વિદેશીઓના કબ્રસ્તાનનું સરનામું ઇતિહાસગ્રંથોમાં આપવામાં આવ્યું હતું- ‘કતારગામ દરવાજાની બહાર’ પણ દરવાજો શોધ્યો ન જડે! પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે નવો ઓવરબ્રિજ બંધાય છે તેથી દરવાજો તો નથી રહ્યો.

ઓવરબ્રિજની બાજુમાં અને આગળ એક મુસ્લિમ બાપુની જગ્યામાં આવી ઈમારતો છે ખરી!

છેવટે ડાબી-જમણે કરતાં કરતાં હવડ વગડા જેવી જગ્યાએ પહોંચ્યાં જ્યાં સાધારણ મુસ્લિમ કબ્રસ્તાનમાં પહોંચી ગયાં હોઇએ એવું લાગ્યું. મેદાન ઉપર છવાયેલા ઘાસ અને ધૂળના ટીંબા ઉપર છૂટી છવાઇ કબરો દેખાતી હતી. કોઇ ઉપર ક્રોસ હતા, કોઇ ઉપર દેવદૂતો, પરીઓ, ફૂલનો ગુચ્છો (રીથ) જેવાં ખ્રિસ્તી પ્રતીકો કોતરેલાં હતાં. એક કબર ઉપર વહાણનું લંગર, સાંકળ અને ઉપર ક્રોસ હતો- કોઇ વહાણવટીની કબર હશે! દૂરના વિસ્તારમાં કબરો ઉપર સ્તંભો રાખેલા હતા. ક્યાંક લંબચોરસ પાળિયા હતા, જેમાં મૃતકનાં નામ-ઠામ અને શોકસંદેશ (એપિટાફ) પણ હતા. 1850થી 1915 સુધીના ગાળાની આ કબરો હતી. ક્યાંક ઊકેલી શકાતાં નામો ઉપરથી ફ્રેન્ચ-આર્મેનિયન કે અંગ્રેજી નાગરિકત્વ ઓળખી શકાતાં હતાં. બહુ જ ઉદાસ વાતાવરણ હતું. ‘‘આને જોવાલાયક સ્થળ શી રીતે કહેવાય? જે જોવા જેવું છે એનાં કોઇ ઠેકાણાં નથી અને બતાવનાર-સમજાવનાર પણ કોઇ નથી. શા માટે ઈતિહાસના ચોપડાઓમાં આવી અધૂકડી માહિતી આપતા હશે?!’’ બાદલની ખીજ ક્યાં ખોટી હતી?

આમ બબડાટ ચાલતો હતો ત્યાં શેખરની નજર એ કબ્રસ્તાનના એક છેડે બાંધેલા કાચાપાકા ઘર તરફ ગઇ. એકઢાળિયા જેવું ઘર હતું તો ઠીકઠાક. પરસાળમાં ખાટલો ઢાળીને એક પ્રૌઢવ્યક્તિ બેઠા બેઠા કંઇક વાંચી રહ્યા હતા. ભીંત ઉપર ઈસ્લામી સ્પર્શવાળા ચિત્રો-કુરાનની આયાતો વગેરે દેખાતું હતું. એ સજ્જન મુસ્લિમ હતા એ સ્પષ્ટ હતું. સૌ પાસે ગયાં દુવા-સલામ કરી, પૂછતાછ કરી કે આ કઇ પ્રજાનું (ડચ-આર્મેનિયન-અંગ્રેજ-ફ્રેન્ચ) કબ્રસ્તાન છે? પોતે કોણ છે? મંડળીના સવાલના જવાબમાં એમણે દરેકને હાથમાં એકેકી નાની પત્રિકાઓ આપી; જેમાં દુખઃદર્દ અને તકલીફોના નિવારણ માટે તાંત્રિક ટૂચકા અને જાદૂમંત્ર વગેરેની જાહેરાત હતી! મંડળી તો નવાઇમાં! સૌની આંખોમાં ઘણા સવાલ હતા. પેલા સજ્જને બહુ સહજતાથી કહ્યું: ‘‘હું લગભગ પાંસઠ





(65) વર્ષથી અહીં રહું છું. મને સ્થાનિક ચર્ચના ફાધરે અહીં રાખ્યો છે. થોડું મહેનતાણું પણ આપે છે.’’

‘‘આપ યહાં ક્યા કરતે હૈં?’’ હમિદના સવાલનો જવાબ એમની પાસે નહોતો.

‘‘બસ, અલ્લાની ખિદમત કરું છું. પહેલાં હું અહીં કેળાની લારી ચલાવતો. ફાધરોને લાગ્યું કે અહીં કબરોની સાચવણી માટે કોઇ હોવું જોઇએ-બસ, જુગાડ થઇ ગયો!’’

મંડળીએ હવે વધુ કંઇ પૂછતાછ કરવાની નહોતી. જગ્યા સાથે બિલકુલ લગાવ વગરની વ્યક્તિ વિશેષ શું કહી શકવાની હતી?! જો કે એમણે જે કંઇ કહ્યું એમાં એક મુદ્દો ધ્યાન બહાર જાય એવો નહોતો- ‘અહીં છેલ્લાં 15 વર્ષ દરમ્યાન એમની જાન ઉપર જોખમ તોળાઇ રહ્યું છે અને આ જગ્યા પણ ટકશે કે કેમ એનો કોઇ ભરોસો નથી.’ રાતની મિટીંગ માટે મહત્વનો મુદ્દો! વળી પાછાં, હજી વધુ જાણીતા ‘ડચ કબ્રસ્તાનની શોધ શરૂ કરી. થોડી વધારે પૂછપરછ પછી, ઈતિહાસનાં પુસ્તકોમાં શોભતી પણ લોકપહોંચની સાવ બહાર એવી અ-પૂર્વ ડચ / વલંદાઓ અને અંગ્રેજોની કબરો નજરે ચઢી. હતી તો રાજ્ય પ્રવાસન અને ASI દ્વારા સુરક્ષિત ઈમારતો. દીવાલની અંદર, વ્યવસ્થિત ઝાંપા-જાળી સાથે હતી. આખો પરિસર બહુ જ સ્વચ્છ હતો કેમ કે ત્યાં ચોકીદાર ઉર્ફે સફાઇ કામદાર સિવાય બીજું કોઇ નહોતું- કાળું કૂતરું પણ નહિ! સહેલાણીઓ તો નહોતા જ પણ રાહદારીઓ પણ આ બેજોડ વારસાથી અજાણ હતાં કેમ કે લગભગ અડધા કલાકની પૂછપરછનો જવાબ રાહદારીઓ પાસે પણ નહોતો.

ખૈર, વીસેક જેટલાં નાનાં-મોટાં સ્મારકો ત્યાં ઊભાં હતાં. જોતાં જ સૂરતની પચરંગી તાસીરને સલામ થઇ ગઇ. મંડળી હજી તો પરિસરમાં પગ મૂકતી જ હતી ને હમિદ બોલી ઊઠ્યોઃ ‘‘અરે, યે તો મુસ્લિમ મકબરે લગતે હૈં!’’ બધાયે હામી ભરી.પરવીને વળી નવી ધારણા કરીઃ ‘‘હો સકતા હૈ, ઈન વિદેશીઓને ઈસ્લામ કબૂલ કિયા હો!’’



મિશ્ર શૈલીનું વિદેશી અધિકારીઓનું કબ્રસ્તાન

"ના દોસ્તો! આને ફ્યૂઝન-સંમિશ્રણ કહીશું. સાંસ્કૃતિક અસરોના બેનમૂન નમૂના કહીશું. સૂરતના આ હાકેમો(શાસકો-અધિકારીઓ)નાં સ્મારકો ઉપર ઇસ્લામી શૈલીનો પુષ્કળ પ્રભાવ છે, જે સ્થાનિક કલા સાથે તેમની પોતાની સંસ્કૃતિનું મિશ્રણ કરીને સૂરતની ભાતીગળ સંસ્કૃતિનો અસલ પરિચય આપે છે. આ પ્રકારનું ઇસ્લામી અને ખ્રિસ્તી શૈલીનું મિશ્રણ ધર્મયુદ્ધો (ક્રૂઝેડ) પછીના સ્પેન-ઇટલી-ગ્રીસ જેવા દેશોના સ્થાપત્યમાં ખૂબ જણાતું હતું. પોતાના જીવનનો અંત વતનથી-દૂરના સ્થળે આવે ત્યારે બંને ભોમકા-જન્મભૂમિ અને કર્મભૂમિની ખુશ્બૂ જાળવવાની કોશીશ અનોખી છે. અમદાવાદમાં અને કલાકત્તામાં મેં આવા જૂજ નમૂના જોયા છે.

આટલું સાંભળતાંમાં તો મંડળી આખા પરિસરમાં, એક એક સ્મારકને જોતી પરખતી ઘૂમી વળીઃ "અરે, આના થાંભલા તો જૂનાગઢના મકબરા જેવા છે." "આની કમાનો તો આપણા ત્રણ દરવાજા જેવી!" યે દેખીયે - પૂરા ગુંબજ મસ્જિદ જૈસા હૈ, પર યહાં કૈસા કટ મારા હૈ!" "શાયદ બડા સા ઘંટા ટાંગને કે લિયે!" "આ ઓટલા પછીથી ચણ્યા લાગે છે, પણ ઉપરનું બાંધકામ બિલકુલ દરગાહ જેવું જ છે!" "કોતરણી યુરોપિયન અને ઇસ્લામી છે - એ પણ જૂનાગઢની યાદ અપાવે છે!" આમ પોતાની જાણકારી વધારવા પોતાની પાસે હતી એ જાણકારીના પ્રકાશમાં મિત્રોએ મિશ્ર સ્થાપત્યની મજા માણી.

સરકારનો આભાર માનવો રહ્યો કે એક માત્ર મોટા માહિતી-પાટિયા ઉપર કબરો વિશે ટૂંકી માહિતી હતી તો ખરી! એમાં એક બહુ મહત્ત્વનું વાક્ય





વાંચવા મળ્યુંઃ વીસમી સદીના, લોકપ્રિય બ્રિટીશ હાકેમ લોર્ડ કર્ઝને આ સ્મારકોની સફાઇ અને જાળવણીમાં ખાસ રસ લીધો હતો. અહીં તત્કાલીન મુંબઇના ગવર્નર સર જિરાલ્ડ ઑંગિયર પણ શાંતિમાં પોઢ્યા છે - એવી નોંધ વાંચી. આવા અનેક જાણીતા-અણજાણ્યા સત્તાધીશોની કબરોની મિશ્ર કારીગરી જોઇને સૂરતના બહુરંગી મિજાજની સાથોસાથ સૂરતની મહાનગર પાલિકા ઉપરાંત નાગરિકોની ઉદાસીનતાનો એક સાથે પરિચય મળી ગયો! રચનાને લાગી રહ્યું હતું કે આજની ફિડબેક મિટીંગમાં ખાસી વાતો થવાની!

હવે? "બહેન, તમે સૂરતનું જમણ જમાડવાનું પ્રોમિસ આપેલું!" બાદલ છોડે કંઇ! જોકે રચનાનું આયોજન પણ હતું જ કે મંડળીએ સૂરતી ચટાકો તો માણવો જ જોઇએ.

એક સરસ - જાણીતા ડાઇનિંગ હોલમાં સૂરતી ગુજરાતી થાળી જ્યારે સામે ગોઠવાઇ ત્યારે લગભગ બધ્ધાંના મોંમાં એક જ વાત હતી "આટલી બધી વાનગીઓ?" "થાળી મંગાવો ત્યારે આ જ પ્રોબ્લેમ!" "હશે, બધ્ધી વાનગી જરા જરા જ મૂકવામાં આવી છે, એક એકને ન્યાય આપીશું તો પેટ જરૂર ભરાઇ જશે!" "હાં યાર, આજ દબાદબા કે નહિ ખાનેકા, ચખતે ચખતે જાનેકા!"

આમ ગમ્મત ગુલતાન સાથે રસ-પૂરી-પાત્રાં-ઢોકળાં-માવાઘારી, કઢી, પુલાવ અને બે ચાર ચટણીઓ 'જમકે' જમીને સૌ ઊઠ્યાં ત્યારે 'ભયો ભયો' થઇ ગયું. તોયે જલજીરા પીને જ ઓહિંયા થયું! હવે? હવે તો મસ્ત આરામ કરવો જોઇએ… એવું કોઇક કહેવા ગયું ત્યાં જ રચનાએ કહ્યું- "હવે આ ખાધેલું પચાવવું પડશે ને? તમને ખૂબ ચલાવવા લઇ જઉં છું- 'સાયન્સ સેન્ટર' જોવા જઇએ છીએ!"

"સાયન્સ-સેન્ટર"- ધીરજનો અવાજ ઊંચો થઇ ગયો! "હા, નામ તો આ છે પણ અંદર જાતજાતની ગોઠવણી છે. સરવાળે તો રાષ્ટ્રવાદી સરકારનો નવો એજન્ડા પૂરો કરવા આવું જરાક ભ્રામક નામ આપ્યું લાગે છે!"

"મતલબ કે આ સાયન્સ સેન્ટરમાં ખગોળને બદલે જ્યોતિષ, શરીર વિજ્ઞાનને બદલે અનુમાન શાસ્ત્ર, નૃવંશવિદ્યાને બદલે પુરાણકથાઓ અને ફિઝિક્સની જગ્યાએ મંત્ર-તંત્ર… એવું બધું હશે ને?" શેખરે અનુભવ મુજબ ધારણા કરી. "અલ્યા, હવે તો એટલે સુધી કહેવાય છે કે રામાયણમાં પુષ્પક વિમાન છે એનો અર્થ એ કે વિમાનો આપણે ત્યાં હતાં જ. પ્લાસ્ટિક સર્જરી, ક્લોનિંગ, સ્ટેમ સેલ.. બધું આપણે ત્યાં હતું જ ને પાછા મારા વહાલા - મહાભારત ને રામાયણનાં ઉદાહરણો આપીને કહે છે!" "અલ્યા હતું તો પછી ગયું ક્યાં?" "એ તો વિધર્મીઓ અને વિદેશીઓએ હુમલા કર્યા ને, એમાં બધ્ધું ખલ્લાસ થઇ ગયું!" - બાદલ અને ધીરજની જુગલબંદીમાં ફક્ત મજાક નહોતી- સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના નામે હિન્દુત્વની બોલબાલા કરનારા તરફ, અન્ય સમુદાયોની, આધુનિક વિજ્ઞાનની ધરાર અવગણના કરનારાઓ તરફની ખીજ પણ હતી.

"યાર, દેખને સે પહલે હી યે સબ? દેખ તો લે; ફિર કરના ફિડબેક!" હમિદને જરાક અજૂગતું લાગ્યું!

"પણ એમની શંકા ખોટી નથી. ચોક્કસ પ્રકારનો સત્તાધારી પક્ષ જ્યારે ફટાફટ આવાં સંસ્થાનો ઊભાં કરી દે ત્યારે દાનત વિશે શંકા થાય પણ ખરી! ખેર, જોઇ આવીએ પછી ફિડબેકમાં વધુ ચર્ચા થવાની જ છે!" રચના.

## સંગ્રહાલય કે પછી?..



સાયન્સ સેન્ટર

સૂરતના સૌથી વધુ વૈભવશાળી વિસ્તારમાં, જબરજસ્ત વિશાળ પરિસરમાં, નવી જ ઢબની વિશાળતમ





ઈમારતને 'સાયન્સ સેન્ટર' કહે છે.અહીં વિવિધ વિભાગો છે- સૂરતનો ઈતિહાસ, કલા-કારીગરીનો વિભાગ છે. ખગોળ અને ભૌતિક વિજ્ઞાનના સિદ્ધાંતો ઉપર આધારિત રમતનાં સાધનોનો એક વિભાગ છે. હીરાઉદ્યોગનો ઈતિહાસ, પ્રક્રિયા અને વર્તમાન સ્થિતિનો ત્રીજો વિભાગ છે. ચોથા વિભાગમાં આકાશદર્શન પણ છે. પુસ્તકો અને હસ્તકલાના નમૂના વેચતી નાની દુકાન પણ છે.

ટિકિટ કાઉન્ટર ઉપર ટિકિટનો ભાવ જાણીને પહેલો પ્રતિભાવ હતો: "લ્યો, આનો અર્થ એ કે સામાન્ય આર્થિક સ્થિતિના લોકોએ આવા જ્ઞાન-વિજ્ઞાનનો લાભ લેવો હોય તો એક ટંક ભૂખ્યા રહેવાનું!" શેખર, બીજું કોણ? "અલ્યા, આવડા મોટા મકાનની દેખરેખ, સાફસફાઈનો ખર્ચો પણ આવતો જ હશે ને?" વંદનાએ ટકોર્યો!

"ચલો, બહસ બંધ! પહલે દેખના હૈગા!" યાસ્મિને બધાંને ધક્કેલ્યાં.

"સૂરતના ઈતિહાસનો આ વિભાગ પહેલાં આખું સંગ્રહસ્થાન હતો. અંગ્રેજોના સમયમાં 1891માં સ્થાપાયું ત્યારે વિન્ચેસ્ટર મ્યુઝિયમ એવું નામ હતું- આઝાદી પછી 'સરદાર પટેલ સંગ્રહાલય' હતું". "અને હવે… 'અસ્મિતા ભવન' કહેવાશે ને?" રચનાની વાતને શેખરે આગળ વધારીને પૂરી કરી!

આધુનિક ઢબછબથી બનાવેલા, કાચ, કોંક્રીટ અને ક્રોમીયમના મોટા ખંડમાં સૌ પહોંચ્યાં. પ્રવેશની સામે જ રગ્બી બોલ(લંબગોળ ફૂટબોલ) જેવો નાનો વિડીયો હોલ હતો. ત્યાં સૌને બેસાડવામાં આવ્યાં. સૂરતના ઈતિહાસ વિશે 25-30 મિનીટનો વિડીયો શો જોવા મળ્યો. પૂરો થતાંની સાથે જ ટીમમાં અકળામણ હતી. રચનાને ખબર જ હતી કે બધાં ખળભળી ઊઠ્યાં છે પણ 'શાંતિ જાળવો'ના બોર્ડ સામે આંગળી ચીંધીને ધીમેશથી કહ્યું- "રાતે, મિટીંગમાં!" બીજાં બે-ત્રણ દર્શકો સાથે મંડળી મ્યુઝિયમનો બાકીનો ભાગ જોવા વળી.

સૂરત શહેરની જોવાલાયક, ઐતિહાસિક જગ્યાઓની સરસ તસ્વીરો હતી. મધ્યકાળ-રજવાડાંકાળમાં મળી આવેલાં શસ્ત્રોની પણ તસ્વીરો હતી. સૂરતમાં આયાત થયેલા કાચ, ચિનાઇ માટી, પોર્સેલીનનાં વાસણો-કપ-રકાબી-વાઝ વગેરે નમૂના પણ રખાયેલા જેમાં જૂનાં અને નવાંની સરખામણી પણ કરી હતી. ચીન, જાપાન, હોલેન્ડ, ફ્રાન્સ જેવા દેશોના નમૂનાઓની સરસ ગોઠવણી હતી. એક વિભાગમાં બર્માટીક તરીકે ઓળખાતા કિમતી સાગના લાકડાંનું રાચરચીલું રાખવામાં આવ્યું હતું; સોફા-ટેબલ-ડ્રેસીંગ ટેબલ વગેરે... જે કોઇ વહોરા સમુદાયના ધનપતિ-વેપારીના ઘરના કાટમાળથી લાવવામાં આવ્યું હતું. 'વહોરા' શબ્દ જોતાં-સાંભળતાં જ મીનાએ યાદ કર્યું- ''વહોરા? આ તો પેલા સિદ્ધપુરવાળા નહિ?'' ઉત્સાહમાં જોરથી બોલવાને કારણે શાંત જગ્યામાં પડઘા પડ્યા- દૂર ઊભેલા ચોકીદારે જોરથી સીટી મારી એને ચૂપ કરી. મીના જીભડો કાઢીને આગળ વધી, એને પણ ફિડબેક વખતે વાત કરીશું એવું આશ્વાસન આપીને મંડળી આગળ વધી.

કાષ્ટકલાના અન્ય નમૂના તરીકે થાંભલા સહિત મોભ, ટોડલા વગેરે પણ મૂકવામાં આવ્યા હતા. વ્યવસ્થિત વિભાગો- નામ વગેરે સમજપૂર્વકનાં હતાં. ઉપરના મજલે સૂરતની હસ્તકલાઓ-જરીકસબનાં કાપડકલાના નમૂના, ખાસ તો તસ્વીરો હતી. મશરૂ-હિમરૂ-કિનખાબ-ગજી વગરે જાતો સૂરતની વિશેષતાઓ હતી. એ જ રીતે ઝવેરાત-દાગીનાની પણ તસ્વીરો જ હતી. આમિરને આ મુદ્દે નવાઇ લાગી હતી કે બીજા મ્યુઝિયમમાં તો પ્રત્યક્ષ નમૂના જોવા મળતા હતા; અહીં તો 90% ફોટા જ છે- એમ કેમ? આ મુદ્દો પણ ફિડબેક માટે રહ્યો!

સંગ્રહાલય કહેતાં આટલું હતું. કંઇક ઊભડક સ્થળની છાપ પડી. વિજ્ઞાનવિભાગમાં પહોંચ્યાં ત્યારે ઠીકઠાક પ્રમાણમાં બાળકો-કિશોરોને એનો લાભ લેતાં જોયાં. એમાં ઉચ્ચાલન, ઘનતા, વજન, ગુરૂત્વાકર્ષણ જેવાં બેઝિક નિયમો ઉપર આધારિત રમતનાં સાધનો હતાં જે ગમ્મત સાથે જ્ઞાન આપતાં હતાં. આમ તો બાળસહજ કૌતુકની તરસ છિપાવે તેવું છે,





એથી વિશેષ કશું નહિ. અમદાવાદના વિક્રમ સારાભાઇ વિજ્ઞાન કેન્દ્રમાં લગભગ આવું ને આટલું તો છે જ પણ એ હવે જૂનું લાગે છે; અહીં બધું સૂરતની સંસ્કૃતિ પ્રમાણે નવું અને ચમકદમકવાળું હતું. મંડળી માટે એક આંટો કાફી હતો. તારાદર્શન / પ્લૅનેટોરિયમ પણ હતું પણ સમય ઓછો હતો. હજી ગોપી તળાવ અને હજીરા- બંને બાકી હતાં. જરાક બહાર, લોબીમાં ઊભાં રહીને મંડળી ચર્ચા કરતી હતી કે તારાદર્શન જોવું છે કે આગળ વધવું છે? હજીરા 30 કિ.મી. દૂર છે, ગોપીતળાવ શહેરમાં જ છે; અત્યારે તળાવ જોઇને આરામ કરીએ; સવારે હજીરાથી દિવસની શરૂઆત કરીશું. ચર્ચા લોકશાહી ઢબે થઇ રહી હતી. સામે પુસ્તકોનું કાઉન્ટર હતું. ત્યાં ઊભેલા એક નવજવાન આ બધું સાંભળતા લાગ્યા. નજીક આવ્યા, શાલીનતાથી ધીમા સાદે પોતાની ઓળખ આપી- ''હું જિજ્ઞાસુ! અહીં દસ્તાવેજીકરણ વિભાગમાં છું- ફોટોગ્રાફર છું. તમને લોકોને ક્યારનાં જોઉં છું. રસપૂર્વક તમે બધું જોઇ રહ્યાં છો. કંઇ અભ્યાસ-પ્રવાસ છે કે શું?'' એમને રસ પડ્યો જાણીને મંડળીને પણ રસ પડ્યો. અરસપરસ ઓળખ થયા પછી જિજ્ઞાસુભાઇએ વિનયપૂર્વક કહ્યું: ''તમે ગોપી તળાવ અને હજીરા વિશે ચર્ચા કરતા હતા ને? હું જરા માથું મારું? ગોપી તળાવનું સંપૂર્ણ સમારકામ શરૂ થઇ ગયું છે. હેરિટેજ પ્લાનમાં એનો પણ સમાવેશ થયો છે. વર્ષોથી હવડ પડી રહેલું તેથી તેની મરમ્મત પણ ખાસી કરવાની છે. સૂરતના હાકેમ મલેક ગોપીએ બંધાવેલું; જે ખુદાવંદખાનનો સમકાલીન હતો અને હરીફ પણ. કહેવાય છે કે એની હત્યા કરવામાં આવી હતી. ખૈર, સમારકામ કરાવ્યા પછી એમાં પાણી ભરવામાં આવશે અને તમારા કાંકરિયાની જેમ પ્રવાસન ધામ તરીકે વિકસાવાશે.''

''પાણી ભરશે? ક્યાનું? નર્મદાનું?'' શેખરથી રહેવાયું નહિ.

''ના, ના. તાપીનું જ. ટૂંકમાં મારે કહેવાનું એટલું કે અત્યારે જોવા જેવું કંઇ નહિ મળે-ક્રેન ને ખટારા ને ટ્રેક્ટરો ને કામદારો સિવાય! બે'ક વર્ષ પછી આવજો, ભૂસું-ભજિયાં ખાવા!''

જિજ્ઞાસુભાઈની સલાહ વ્યાજબી હતી. માંડી વાળ્યું. તો હવે… હજીરા? ''અરે હા, હજીરા વિશે તો મારે ખાસ કહેવાનું છે. ત્યાં તો દીવાદાંડી નવેસરથી બનાવી એમાં ઘણી તોડફોડ કરવી પડી એમાં આ હજીરો સાફ થઇ ગયો! હવે ત્યાં માત્ર એક તકતી જ છે! બીજું, અત્યારે સાંજ પડવા આવી છે, ત્યાં પહોંચતાં સામો ટ્રાફિક નડશે તેથી વાર થશે અને અંધારું થઇ જશે. વળી હવે તો હજીરા પોર્ટ તરીકે વિકસી રહ્યું છે તેથી પણ રસ્તે ભીડ ઘણી છે અને જઇને જોવાનું કંઇ ની'મલે!'' બધાંને આ વાત પણ વ્યાજબી લાગી. મંડળીએ જિજ્ઞાસુભાઇનો આભાર માન્યો અને મ્યુઝિયમમાંથી બહાર નીકળ્યાં.

## આજે પણ જરૂર છે ડાંડિયાની

મ્યુઝિયમથી થોડેક જ દૂર એક નવી પણ ઇતિહાસની વિરાસત શોભાવતી સંસ્થા હતી- ''નર્મદ સાહિત્ય સભા.'' રચનાને લાગ્યું કે ત્યાં સૂરતની ખુમારી ને ખમીર જોયા વગર 'જાતરા' અધૂરી.

મંડળી ખાસી મોટી, બે મજલાની આધુનિક ઇમારતે પહોંચી. નર્મદ વિશે આગલી રાતે સૂરત-પરિચયમાં વાત તો થઇ ચૂકી હતી. અર્વાચીન ગુજરાત અને ગુજરાતી ભાષાના આ જોસ્સા ભરપૂર જોધ્ધાનું સ્મારક છે. નીચેના મજલે વિશાળ ગ્રંથાલય (લાયબ્રેરી) છે, સૂરતના સુધારકો અને સાહિત્ય-સર્જકોના પરિચયાત્મક ફોટા સાથેનું પ્રદર્શન પણ છે. જેમાં સૂરતના સુધારકો, સાક્ષરો



**કવિ નર્મદ ગ્રંથાલય(લાયબ્રેરી)**

નવલરામ, નંદશંકર દુર્ગારામ, મહિપતરામ, દાદોબા વગેરેનો પરિચય મેળવ્યો. નર્મદનું ચરિત્ર વિગતે લખેલું તે





વાંચીને મિત્રો ખાસ્સા પ્રભાવિત થયા. કવિ નર્મદનો જીવનકાળ (1833-1886) વિવિધ સાહસો અને કામગીરીથી ધમધમતો રહેલો. કવિતા તો ખરી જ, નિબંધો, નાટકો, કથા અને શબ્દકોશનું ભગીરથ કાર્ય એણે એકલવીરની જેમ કરેલું તે જાણવા મળ્યું. માહિતી વાંચતાં વાંચતાં શેખરે ઉદ્ગાર કાઢ્યા ''આપણે તો ભાઇ, નર્મદના 'ડાંડિયા' ના આશિક થઇ ગયા! 19મી સદીમાં નીકળેલું એનું એ છાપું જાણે આજે પણ આપણને ચેતવી રહ્યું છે- ''જાગતા રહેજો!'' સમાજને પેલા અફીણના ઘેનમાંથી જગાડનાર એક નવા નર્મદની, જાગૃત ડાંડિયાની જરૂર કદાચ આજે વધારે છે!'' સૌ મિત્રો સંમત થયાં. રચનાને પણ જરાક 'ફિલગુડ' જેવું લાગ્યું કે ચાલો, પેલા કહેવાતા 'સાયન્સ સેન્ટર' ના ઉઝરડા આ નર્મદ-સ્મારકથી થોડાક તો રૂઝાશે! સૂરતનાં મહેમાનો માટે આ સુધારકોનાં સ્મરણો હજી જે રીતે જળવાયાં છે તે નવી રીતે 'વકરી' રહેલા સૂરતની છાપ સુધારવામાં ખાસ્સાં મદદરૂપ થયાં.

ખાસ્સીવારે બહાર નીકળતાં વંદનાએ પણ કંઇક આવી જ વાત કરીઃ ''લો, અમને-સાહિત્યનાં વિદ્યાર્થીઓને 'કવિ નર્મદ' અને 'કલમને ખોળે' વિતાવેલું જીવન વગેરેની માહિતી મળે છે પણ કુધારા અને પાખંડી ધર્મગુરૂઓ સામે બાંયો ચડાવનારા હિંમતબાજ સુધારક વિશે તો આછી પાતળી વિગતો જ જાણવા મળે. આજે આ સ્મારક જોઇને લાગ્યું કે ચાલો, સૂરતની સફર સાર્થક થઇ.''

## સૂરત : અગનપંખી નગર?

મિત્રોએ સાંજે ચોપાટીની હવા ખાધી અને સાથે સાથે લોચો-ભેળપુરી-પકોડીની લિજ્જત માણી. પાછી ફરેલી મંડળી ફિડબેક મિટીંગ માટે બેઠી હતી.

સૌથી પહેલી શરૂઆત આજે વંદનાએ કરી. ''મને તો સૂરત ખાસું જૂનું અને ઐતિહાસિક શહેર લાગ્યું. અમદાવાદ કરતાં પણ વધારે તડકી-છાંયડી જોનારું શહેર છે; તારીખની રીતે ભલે અમદાવાદ જૂનું હોય પણ જેને અફરાતફરી કહીએ એવું સૂરતમાં વધારે થયું લાગે છે.''

"તું જે કહે તે, વંદના, પણ સૂરતમાં વારસાની કિંમત પણ નથી અને સાચવણી માટેની કાળજી પણ નથી." બાદલ: "ઇતિહાસમાં જે છે તેને જાણે ભૂલીને આગળ વધો-દોડી પહોંચો... એવી કોઇ વૃત્તિ ધરાવતું શહેર મને તો લાગ્યું!" "વારસાની વાત પહેલાં પેલી વિડીયોમાં જોયેલી કહેવાતી ઐતિહાસિકતાની વાત મારે કરવી'તી." શેખરે જાણે મૂળમાં ઘા કર્યો:" સાયન્સ સેન્ટર ગણાતી જગ્યામાં જ્યારે સૂરતનો ઇતિહાસ બતાડવાની કોશીશ થતી હોય ત્યારે પુરાણકથાઓથી શરૂઆત કરવી અને એના ઉપર આટલો બધો ભાર મૂકવો ને જાણે શહેરની સમૃદ્ધિ સૂર્યદેવની કૃપાને લીધે જ વધતી ગઇ એવું કહેવું એ બહુ જૂનવાણી લાગે છે. અને દુઃખની વાત એ છે કે એક દસેક વર્ષની બાળાના પિતા એને ઇતિહાસમાં વધારે માર્કસ લાવવા માટે આ બધી કથાઓ કહેતા હતા! પોતાના શહેરને વધુ જાણવા-સમજવા માટે ઇતિહાસમાં તપાસ કરવી પડે એ અભિગમ તો બાળકો-યુવાનો સુધી પહોંચતો જ નથી!" "ઇતિહાસ કે સાથ સાથ જગહોં કા રેફરન્સ(સંદર્ભ) ભી દેના ચાહિયે થા તાકિ જો ભી માહિતી હૈ, ઉસકા મૌજુદા સબૂત ભી હૈ- ઇમારતોં કે રૂપ મેં!" હમિદની આ વાતમાં આમિરે ઉમેરો કર્યો- "મુઝે તો લગા કિ ફિલ્મ બનાને કે પીછે અલગ અલગ કહાનિયોં કો જોડને કા હી મકસદ થા; ભાડમેં જાય ઇતિહાસ!" "મતલબ કે જેટલો ઇતિહાસ વાર્તાઓ દ્વારા મળે છે એ મૂકી દેવો; બાકી બધું રામભરોસે!" ધીરજે પણ આ જ વાત કરી.

"બીજું મને શું લાગ્યું કે સૂરતની કાપડકલા અને હસ્તકલાને સાવ આઘી જ રાખી છે. એ તો સંગ્રહસ્થાનમાં થોડા નમૂના જોયા ના હોત તો આટલી કિંમતી અને આટલી બારીક જરદોઝી ને મશરૂ, કિનખાબ અને ગજી વિશે ખબર જ ના પડત!" વિલ્સનનો કલાકાર જીવડો ભૂખે મર્યો'તો જાણે!

રચનાને લાગ્યું કે આ બધા મુદ્દા મહત્વના છે, ચર્ચામાં સંકલન થશે તો સૂરતને ઓળખવા-પારખવામાં મદદરૂપ થશે. એણે જાણે કે પહેલા પ્રશ્નથી જ દોર હાથમાં લીધો- "જુઓ ભૈ! એ વિડીયો તો તમે કહ્યું તેમ ઐતિહાસિક અભિગમથી નથી બન્યો એટલે એને આઘો જ રાખો; આપણે માટે એમાંથી કશું





શીખવા જેવું નથી પણ તમે બધાંએ-ખાસ તો શેખરે કહ્યું તેમ, આવી મિડીયા સામગ્રી જોનારને નવી દૃષ્ટિ કે ઐતિહાસિક અભિગમ નહિ જ આપી શકે. સવાલ એ ઉઠવો ને ઉઠાવવો જોઇએ કે ઇતિહાસમાં દંતકથાને કેટલી ને શા માટે ભેળવવી?! આવી સામગ્રીનો જાહેરમાં સમીક્ષાત્મક વિરોધ કરાય?! બીજો મુદ્દો જે વંદના અને બાદલ વચ્ચેના સંવાદ-વિવાદનો છે. વંદનાની વાત સાચી છે. સૂરતે તડકીછાંયડી વધારે વેઠી છે; બંદર હોવાને કારણે રાજકીય ખેંચતાણ પણ ખાસી થઇ છે. હું સરખામણીને બહુ પ્રોત્સાહન નહિ આપું પણ એ નિરીક્ષણ સાચું છે કે અમદાવાદની રાજકીય સ્થિરતા વધારે હતી. એક નાની વાત કરીને આગળ જઇએ કે સૂરત ઉપર કુદરતી આફતો પણ ઘણી ઊતરી આવેલી. 17મી સદીમાં શિવાજીની વારંવારની લૂંટ ઉપરાંત 19મી સદીની ભીષણ આગે પણ સૂરતને પાયમાલ કરેલું. એ જ ગાળામાં તાપી નદીમાં પૂર પણ આવેલું. બરોબર સદી પૂરી થઇ ના થઇને 1990 થી પાછી સૂરતની સ્થિતિ માઠી થવા માંડી- પૂર, પ્લેગ અને કોમી રમખાણોએ સૂરતની આર્થિક-સામાજિક અને સાંસ્કૃતિક હાલત ડામાડોળ કરી મૂકી હતી; છતાં એ વાત પણ સાચી કે સૂરત અગનપંખી (ફિનિક્સ પક્ષી)ની જેમ પોતાની રાખમાંથી વારંવાર બેઠું થયું છે. પણ સવાલ એ ઉઠવો ને ઉઠાવવો જોઇએ કે કોના જોરે? કદાચ શહેરીકરણ-ઔદ્યોગિકીકરણ સાથે સંકળાયેલા આ મુદ્દાને સમજવો જરૂરી છે. લગભગ બધાં શહેરો ગામડાં ભાંગીને બનતાં હોય છે. મતલબ કે કારીગરો કે કસબી કલાકારો, મજૂરો ને દા'ડિયાઓ ગામડામાં ચાલતી પોતાની હસ્તકલા છોડીને કે પછી જમીન વિહોણા હોય તો ખેતમજૂરી છોડીને ને એનાથી પણ વંચિત હોય તો બે ટંકનો રોટલો રળવા શહેરમાં ઘસડાઇ આવે છે. પણ સૂરત જેવા શહેરમાં તો આસપાસનાં ગામડાં ઉપરાંત ખાનદેશ-મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારો, આંધ્રનાં-ઓડિશાનાં અને છેક તામિલનાડુનાં શ્રમિકો-દલિતો લાખ્ખોની સંખ્યામાં ખેંચાઇ આવ્યાં છે. છેલ્લાં પચાસેક વર્ષમાં સૂરત જે રીતે સમૃદ્ધ બન્યું, કુદરતી કે સામાજિક હોનારતો પછી બેઠું થવા પામ્યું તે આ લાખ્ખો 'બહારના'શ્રમિકોની મહેનતના જોરે! જ્યાં સુધી સૂરતના ઇતિહાસકારો આ શ્રમિકોની કદર નહિ કરે, ગણતરી નહિ કરે ત્યાં સુધી ઇતિહાસ અધૂરો."

''બહેન, હીરા-ઉદ્યોગમાં સૌરાષ્ટ્રના કામદારોનો મોટો ફાળો છે, એ પણ નોંધવું જોઇએ.'' ''બરાબર છે, બાદલ. પણ થયું છે શું તે કહું- આ શ્રમિકોની બહારના કહીને અવગણના જ નહિ, વગોવણી પણ કરાય છે. ગંદા, ગલીચ, ગીચ અને ગુનાઇત વિસ્તારોનો અને એમાં જનમતી કહેવાતી ગુનાખોરી માટે દોષનો ટોપલો આ શ્રમિકો ઉપર ઢોળવામાં આવે છે. પ્લેગ કે કોમી હિંસા જેવા મુદ્દે પણ આ શ્રમિકોને જવાબદાર ગણવામાં આવે છે.'' હમિદ થોડો ચંચળ દેખાયો- એને કંઇક કહેવું હતું.

''મેરે મનમેં એક સવાલ ઉઠ રહા હૈ. હો સકતા હૈ, કિસીકો નેગેટિવ ભી લગે. પર મૈં શેર કરુંગા જરૂર. સૂરત કે 'જોવાલાયક જગ્યાઓ' કે સાથ ભી યહ બાત જાતી હૈ, ઇસ લિયે ઇસીકો ભી જોડના પડેગા. મેરા કહના યહ હૈ કિ જો સચમુચમેં 'બાહર સે' આતા હૈ, ઉસકી કદ્ર તો હોની ચાહિયે પર દૂસરા મુદ્દા યે હૈ કિ હાલાંકિ વહ ઇતિહાસ મેં હિસ્સેદાર હૈ ફિર ભી ઉસે ઇસકા પતા તક નહિ હૈં. સૂરત કે સ્મારક યા મ્યુઝિયમ યા યુનિવર્સિટી... સબકા ઉસસે ક્યા વાસ્તા? ઇસ શહર કી અસ્સી પ્રતિશત(80%) બસ્તી બાહરવાલોં કી હૈ, તો વે ક્યોં સૂરત કે લિયે કુછ મહસૂસ કરેંગે? ઉન્હેં તો અપની પગાર, અપની મજૂરી યા બોલે તો આર્થિક અધિકાર કે સિવા ક્યા ચાહિયે હોગા? બાદલને કહા કી શહર પૈસે કે પીછે ભાગતા હુઆ દિખ રહા હૈ- તો ઔર ક્યા હો સકતા હૈ?! વહ તો દૂર સે પૈસા કમાને કે લિયે હી આયા હૈ; ઉસે સૂરત કે ઇતિહાસમેં ક્યા ઇન્ટેરેસ્ટ? કબ્રેં ઐસી હૈ- વૈસી હૈ- ધૂલધક્કડ હૈ યા મંદિર કિમતી ચિત્રકારી સે ભરપૂર હૈ... વગૈરા વગૈરા સે ઉસકો ક્યા લેનાદેના?!'' રચનાને લાગ્યું કે આ વાત વિચારવા જેવી તો ખરી. શહેરીકરણ અને પ્રવાસન સાથે શહેરના 'માઇગ્રન્ટ' (બિનનિવાસી) શ્રમજીવીઓનો સંદર્ભ તપાસવા જેવો તો ખરો; સૂરત જેવા શહેરો માટે ખાસ. એમની સેન્સ ઓફ બિલોંગિન્ગ ન હોય તો વાંક કોનો? અરે 'વાંક' શબ્દ પણ વપરાય ખરો?!

''બેન, અભી ઉસ હજીરા કે બારે મેં આપ સે સુનના તો બાકી હી હૈ''- યાસ્મિન.





''હાં, દેખ તો નહિ પાયેં પર જાનના તો પડેગા!''

''બહુ રસપ્રદ સ્થળ હશે જ્યારે એને જોઇ શકાતું હશે. વોકર સાહેબ 19મી સદીમાં, સૂરતના હાકેમ હતા. સૂરત શહેરની ઉન્નતિમાં એમનો ફાળો હતો. અહીં દરિયાકિનારે એ તરવા પડ્યા અને ડૂબી ગયા. સૂરત મ્યુનિસિપાલીટીએ અહીં એમનું જે સ્મારક કર્યું તે પેલા ડચ સ્મારકો જેવું- એનાં કરતાંયે વધારે- ઇસ્લામી શૈલીનો પ્રભાવ હતો. વોકર સાહેબ પોતે સમન્વયમાં માનતા હતા; તેથી સૂરતના પ્રજાજનો અને આ વિસ્તારના ખારવા-ખલાસીઓ આ સ્મારકને 'હજીરો' જ કહેતા- ત્યારથી આ વિસ્તારનું નામ પણ 'હજીરા' પડી ગયું અને આજે તો મોટાં મોટાં ઉદ્યોગગૃહોએ આ બંદરને ખૂબ વિકસિત કરીને વૈશ્વિકસ્તરના વેપારનાં સફળ સાહસો શરૂ કરી દીધાં છે.

''અરેરે! આવા સરસ સ્મારકનું સત્યનાશ વાળી દીધું?'' મીનાનો અફસોસ.

''આ જ વાસ્તવિકતા છે. આગળ ધપતા મૂડીવાદને ઇતિહાસ માટે ક્યાં ફુર્સદ છે?!'' શેખરે મમરો મૂક્યો.

''હજી એક મુદ્દો મારા મનમાંથી ખસતો નથી. આમ તો બેને, સૂરત જોતાં પહેલાં જે પરિચય આપ્યો તેમાં 2002માં સૂરતામાં હિંસા અટકાવી શક્યા તેનો સંદર્ભ આપ્યો હતો. પણ આજે મ્યુઝિયમમાં પેલી વિડીયો એટલો વળી પાછો જોરદાર રીતે ઊભર્યો!'' વિલ્સને નવો મુદ્દો કાઢ્યો. મંડળીએ આગ્રહ કર્યો એટલે એણે વાત મૂકી- ''શિવાજી સૂરત લૂંટવા આવ્યા ત્યારે લૂંટફાટ અને હિંસા અટકાવવા પેલા શેઠિયા વીરજી વોરા એ શિવાજીને લાખો રૂપિયા આપ્યા હતા. 2002માં પણ જાણીતા ઉદ્યોગપતિઓએ ભગવાં કટ્ટરવાદીઓને આમ જ પૈસા આપીને પાછા વાળ્યા હતા... તો શું એ લોકો આખા ગુજરાતને બચાવી શક્યા ના હોત?!'' કેવો નિર્દોષ પ્રશ્ન હતો એનો? ''પહેલો વાંધો તો મારો એ છે કે ગુજરાતમાં આવો ભયાનક હત્યાકાંડ જ શા માટે થવો જોઇએ? પૈસા આપીને છાનાં રખાય એવાં ચાલાક-હિંસક પરિબળોને પંપાળવા જ શા માટે જોઇએ?'' શેખરે કહ્યું. શેખરના આ સવાલો કંઇ મંડળી સામે જ

નહોતા… કદાચ એકવીસમી સદીના નવઉદારવાદી, મૂડીવાદી ગુજરાત સામે હતા.

“સૂરતનો ભૂતકાળ ભવ્ય હતો, ભવિષ્ય પણ ભવ્ય જ હશે… પણ એ બધું આર્થિક સંદર્ભમાં જ હશે! આપણે સુધારાની-સમાજ સુધારકોની જે વાતો કરી એમની જરૂર તો મને આજે પણ એટલી જ, બલ્કે એથીયે વધારે તાકીદની લાગે છે.કોઈ પણ શહેર ગમે એટલું આધુનિક કે સમૃદ્ધ ભલેને થાય… સામાજિક અને સાંસ્કૃતિક ઘડતર જ ના થયું હોય એને તો હું પછાત જ ગણું!” બાદલે ઉગ્રતાથી કહ્યું.

“અલ્યા, કેમ એકદમ હવાઇની જેમ આડો ફાટ્યો? બચાડા સૂરતે તારું એવું તે શું બગાડ્યું છે?” ધીરજ.

“સૂરત વિશે આમ તો ઘણું લખાયું છે, એમ નહિ કહેવાય પણ કેટલાક સાહિત્યકારોની આત્મકથાઓ-જેમ કે નર્મદ, ચં.ચી.મહેતા, જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતા, નાનુભાઇ નાયક, ગુણવંત શાહ, ભગવતીકુમાર શર્મા- માં સૂરતની અદલાતી બદલાતી સ્થિતિ અને ગરિમા વિશેની ઝાંખી અચ્છી મળે… જેમને રસ હોય એ મિત્રોએ વાંચવું જોઇએ. બાકી તો એક સાર્વત્રિક છાપ ‘સૂરત સોનાની મૂરત’ કે ‘સૂરતી લાલા સહેલાણી’ની છે તે બરકરાર છે અને કહી શકાય કે સૂરત ગુજરાતનું આર્થિક પાટનગર છે!”

★★★





**મુકામ - 11**

# દક્ષિણપથ પર

સૂરત છોડીને, દક્ષિણ ગુજરાતમાં, મિત્રો આછો પરિચય લેતાં લેતાં ડાંગ તરફ ગતિ કરી રહ્યાં હતાં. દરિયા કિનારાની ‘લાઇન’ પકડતાં સૂરતની પાડોશમાં દરિયાકિનારે સહેલ કરવાના જાણીતાં મથકો આવે- ડુમસ, ઉભરાટ મોસમી સહેલગાહો બની ગયાં છે; દરિયો કાદવિયો બની ગયો છે. ડુમસની આ સ્થિતિ વર્ષોથી છે. ઉભરાટ પ્રમાણમાં ઠીકઠાક છે પણ સૂરત પાસેનું ઉધના ઔદ્યોગિક વિસ્તાર હોવાથી દરિયા ઉપર ચોક્કસ પ્રદૂષણનો પ્રભાવ પડ્યો છે. “દાંડી વિશે જરાક વિગતે વાત કરવી પડે.” રચનાએ દાંડી શબ્દ કહેતાંની સાથે જ વંદના, ધીરજ, મીના, હમીદ… બધાં લગભગ એક સૂરે-એક સરખું કંઇક બોલી ઊઠ્યાંઃ “દાંડી તો દાંડીકૂચવાળું ને?” “દાંડી તો ગાંધીજીવાલા ને?” “નમકનો સત્યાગ્રહ અહીં જ થયો હતો ને?” “બહેન, આને ‘નમક સત્યાગ્રહ’ શા માટે કહે છે.” મીનાનું કુતૂહલ.

“સારો પ્રશ્ન છે. યાદ કરો, આપણે દ્વારકા પાસે ‘ટાટા’કંપનીના મીઠા(નમક) નાં કારખાનાં જોયા હતાં ત્યારે જરાક વાત થઇ હતી. અંગ્રેજો આપણા પર શાસન કરતા હતા ત્યારે મીઠું પકવવાના ઇજારા એમની પાસે હતા. ટેક્સ, ભાવ બધું એ લોકો નક્કી કરતાં એટલું જ નહિ, મીઠું પકવવા પરવાનો(લાયસન્સ) લેવો પડતો હતો; જે ગુલામગીરીની નિશાની હતી. ગાંધીજીએ સત્યાગ્રહના મુદ્દે આ પ્રકારનું ‘ના-કર’આંદોલન પણ ચલાવ્યું હતું. જેમાં આર્થિક સ્વાતંત્ર્યના અધિકારની

વાત હતી. દાંડી-ધરાસણા વગેરે સ્થળોએ ટેક્સ કે પરવાના વગર મીઠું પકવીને ગાંધીજીએ સત્યાગ્રહ કે કરવેરા પ્રત્યેના અસહકારનું પગલું ભર્યું. 12 માર્ચ 1930 ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડી સુધીની પદયાત્રા કરતાં કરતાં હજારો લોકોને આ આંદોલનમાં જોડ્યા અને 8મી એપ્રિલે દાંડી પહોંચી, વગર મંજૂરીએ હાથમાં મીઠું ઉપાડીને કર-પરવાનો આદિ નિયમનો ભંગ કર્યો. અંગ્રેજોએ મૂકેલી પોલીસે સત્યાગ્રહીઓ ઉપર લાઠીચાર્જ કર્યા, ધરપકડો કરી, આંદોલનને દબાવવાની કોશિશ કરી પણ ચપટી મીઠાનું આ આંદોલન દેશમાં જ નહિ, દુનિયાભરમાં લોક આંદોલનનું યાદગાર ઉદાહરણ બની ગયું.'' રચનાએ વિગતે સમજાવ્યું.

''બહેન, આપણે દાંડી જવાના?'' મીના- બીજું કોણ?

''ના, ભૈ, ત્યાં દરિયાકિનારાથી થોડે દૂર, સલામત જગ્યાએ એક સરસ સ્મારક બનાવેલું છે, પાળિયા જેવું અને મેં તમને જણાવ્યો એ ઇતિહાસ વિસ્તારથી લખીને મૂક્યો છે; બસ. વળી જગ્યા અંતરિયાળ છે, આટલું જોવા હાઈવે છોડવો પડે અને બીજી જગ્યાઓ પર મોડા પહોંચાય.''રચના.

## પારસીઓઃ દૂધમાં સાકર?

હાઈવે પર જ 'ઉદવાડા'નું પાટિયું આવ્યું. રેલ્વેસ્ટેશન પણ હતું. ''મિત્રો! આપણે ઉદવાડાથી પસાર થઇ રહ્યાં છીએ. આમ તો સૂરત વખતે પારસીઓ વિશે વાત કરવી હતી પણ આ જગ્યા વધુ યોગ્ય લાગે છે. પણ હા... આપણાંમાંથી પારસીઓ વિશે કોણ કોણ જાણે છે? શું શું જાણે છે?'' રચનાએ જેવું પૂછ્યું કે તરત અમુક મિત્રો ઉમંગભેર બોલી ઊઠ્યાં' ''પારસીઓ આપણા દેશની કદાચ નાનામાં નાની સંખ્યાવાળી લઘુમતી છે.'' ''છતાંય ક્યારેય એમણે ધમાલો કે તોફાનો નથી કર્યાં.'' ''પારસીઓ આપણી સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે.'' ''મૂળે ઈરાનના પર્શિયનો તે જ પારસીઓ. આ લોકો ઝરથ્રોસ્તી ધર્મ પાળે છે. ઈરાનનાં 7મી-8મી સદીમાં ઝનૂની ઈસ્લામીઓ એ ધર્મપ્રચાર માટે હિંસા શરૂ કરી







ઉદવાડામાં પારસી અગ્યારિ

ત્યારે આ લોકો જીવ બચાવવા અને પોતાનો ધર્મ બચાવવા હિંદ તરફ ભાગી આવ્યા હતા.'' ''સંજાણ બંદરના રાજા જાદવ રાણાએ પારસીઓને આવકાર આપીને અહીં વસાવ્યા ત્યારથી પારસીઓ હિંદની પ્રજા સાથે હળીમળીને રહે છે.'' ''બહેન, અમે ઉમાશંકર જોષીની એક સરસ કવિતા ભણી ગયાં- ''સૌ પારસી, પૂજક અગ્નિના જે...'' એમાં આખી કથા આપેલી છે.'' ''વંદનાએ સરસ યાદ કરાવ્યું.પારસીઓ અગ્નિપૂજકો હતા અને છે. તેઓ 13મી સદીમાં પોતાનો પવિત્ર અગ્નિ- ''આતશ બહેરામ'લઇને સંજાણ બંદરે ઊતર્યા અને આ ઉદવાડામાં એમનું મંદિર સ્થાપ્યું જેને અગ્નિનું સ્થાન- 'અગ્યારિ'કહેવાય છે. ઉદવાડામાં 700-800 વર્ષ જૂની અગ્યારિને હવે તો નવા મકાનમાં બદલવામાં આવી છે પણ ધાર્મિક વિધિ અને પરંપરામાં કોઇ બદલાવ નથી આવ્યો.'' રચનાએ વિગતે સમજાવ્યું.

''અહીં એ લોકો તો બહારથી જ આવેલા કહેવાય ને, તો સૂરતને સમૃદ્ધ કરનારા બહારનાંઓમાં પારસીઓ પણ ખરા જ ને?'' બાદલ. ''હા, 19મી

સદીના સુધારકો-લેખકો-શિક્ષકો તરીકે સૂરતના પારસીઓ, નવસારીના પારસીઓ અગ્રેસર હતા. દાદાભાઇ નવરોજી અને માદામ ભીખાઇજી કામા રાષ્ટ્રભક્ત પારસીઓ થઇ ગયા. પહેલું ગુજરાતી દૈનિક છાપું 'મુંબઇ સમાચાર'કાઢનાર ફરામજી મર્ઝબાન હતા. પહેલી ગુજરાતી નવલકથા "હિંદુસ્થાન મધ્યેનું ઝૂંપડું" લખનાર પણ પારસી હતા. 'ગુણવંતી ગુજરાત' જેવું ગુજરાતપ્રેમનું કાવ્ય લખનાર અરદેશર ફ. ખબરદાર હતા. દેશભરની પહેલી ધંધાદારી રંગભૂમિ 'પારસી થિયેટર'ના નામે ઓળખાઇ. પહેલી હિંદી ટેક્નીકલર ફિલ્મ અને ગુજરાતના-હિંદુસ્તાનના ઇતિહાસને મૂર્ત કરતી ફિલ્મના નિર્માતા-નિર્દેશક સાહેરાબ મોદી હતા. પહેલું વિમાન ચલાવનાર અને વિમાન સેવાઓ શરૂ કરનાર જમશેદજી ટાટા હતા. આમ ઘણાં ક્ષેત્રે પહેલ કરનાર પારસીઓ પોતાને ગુજરાતી જ ગણાવે, ગુજરાતીમાં જ બોલે, મોટી ઉંમરની બહેનો તો આજે પણ ગુજરાતી ઢબની સાડીઓ પહેરે. જો કે 19મી સદીના અંતભાગમાં જ મુંબઇનો જે રીતે વિકાસ થયો એમાં પારસીઓ જાણે સીધા ભાગીદાર હોય તેમ અંગ્રેજો સાથે ભળેલા હતા અને દક્ષિણ ગુજરાતમાંથી બહાર નીકળીને મુંબઇ-પૂના વસતા થયા હતા. 20મી સદીમાં - 21મી સદીમાં તો હવે સદંતર ફેરફાર દેખાય છે. આમ પણ દેશમાં પશ્ચિમી (અંગ્રેજી) ઢબછબ અને રહેણીકરણી સૌથી પહેલી અપનાવનારા પારસીઓ જ હતા અને હવે તો પૂરા પશ્ચિમી રંગે રંગાવા માંડેલા પારસીઓની નવી-વર્તમાન પેઢીની ભાષા અને ઢબછબ અંગ્રેજી થઇ ગઇ છે. ગુજરાત સાથેનો નાતો, કદાચ દર વર્ષે એમનું 'નવું વરસ' / 'નવરોઝ' ઉજવવા ઉદાવાડા આવતા હશે એટલા પૂરતો બાકી રહ્યો છે."

"બહેન, હમને પારસીઓ કે શાદી-બ્યાહ કે બારે મેં સુના હૈ કિ વે ઉસ મામલેમેં બહુત ચુસ્ત હોતે હૈ! સહી હૈ?" હમિદના સવાલનો જવાબ રચનાએ થોડો વિસ્તારથી આપ્યોઃ "હા દોસ્તો! એ ચુસ્તતા એવી બંધિયાર ને પિતૃસત્તાક છે કે જો પારસી યુવતી પારસી સિવાયની કોમના યુવકને પરણે તો 'સમાજબહાર'કહેવાય છે અને એનાં સંતાનો પણ પારસી નથી કહેવાતા. એમને ધાર્મિક અધિકારો પણ નથી રહેતા."





"ઔર, અગર પારસી મર્દને 'બહાર' શાદી કી હો, તબ?" હમિદ.

"તો પણ આવનારી 'વહુ' પારસી નથી કહેવાતી. આ ચુસ્તતાના વિરોધમાં ઘણાં પારસી યુવક-યુવતીઓ અપરિણિત રહેવાનું પસંદ કરે છે."

"એટલે જ એમની વસ્તી સાવ ઘટી ગઇ હશે ને?" મીનાનું તારણ સાચું હતું.

"લગ્ન ઉપરાંત એમની મરણ સાથે જોડાયેલી વિધિઓમાં પણ આવી જ ચુસ્તતા જોવા મળે છે. તમારામાંથી કોઇને કંઇ ખ્યાલ છે?"

"હાં, જૈસે હમ મુસલમાન ઔર ખ્રિસ્તી લોગ લાશ કો દફનાતે હૈં, હિંદુ ઉસે જલાતે હૈં પર પારસી ન જાને કૌનસી વિધિ કરતે હૈં વહ તો માલૂમ નહિ, પર કૂવે પર લે જાતે હૈં, ઐસા સુના હૈ." યાસ્મિન.

"હા, એમના સ્મશાનકૂવાને 'દખ્મા' કહે છે. લાશ ઉપર દહીં ચોપડીને એને કૂવાની ટોચે મૂકી દેવામાં આવે છે; જેથી ગીધ-કાગડા વગેરે પક્ષીઓ એનું માંસ ખાઇને એનો નાશ કરે. હાડકાં વગેરે કૂવામાં રાખેલી ચોક્કસ પ્રકારની ભઠ્ઠીમાં પડે અને નાશ પામે."

"અરે, લાશ કો ચીલ-કૌવોં કો ખીલા દેનેકી તો હમ ગાલી દેતે હૈં, યહાં ઐસા ક્યોં?"

"આમિર, આની પાછળની ભાવના એ છે કે મર્યા પછી પણ માનવદેહનો બીજા જીવો માટે ઉપયોગ કરીને પુણ્ય મેળવવું." રચનાએ સમજાવ્યું.

"ઓહો! આ તો બહુ કહેવાય! આપણને 'દખ્મા' જોવા મળે? મીનો પ્રશ્ન.

"ના, પારસીઓ જેમ પોતાના નિયમોમાં ચૂસ્ત છે તેમ પોતાની ધાર્મિક વિધિઓ ગુપ્ત રાખવામાંયે ચૂસ્ત છે!"

"એટલે! દખ્મા જોવા ના જવાય?"

"ફક્ત દખ્મા જ નહિ- અગ્યારિમાં પણ બિનપારસીથી ન જવાય. એટલે સ્તો, લગભગ 800 વર્ષ જૂની છે છતાં ઉદવાડાની અગ્યારિ જોવા નથી મળવાની એટલા કારણે જ અહીંથી આગળ જવાનું રાખ્યું."

"અગ્યારિમાં ક્યા દેવ હોય- અગ્નિદેવ?" વિલ્સન.

"હા- મતલબ સતત જ્વલંત એક જ્યોત કે જ્વાળા કહેવાય એવા અગ્નિની અખંડ જ્વાળાની ભક્તિ થાય. એમના પૈગમ્બર અષો જરથુસ્તની તસ્વીર હોય અને એક પક્ષીની આધ્યાત્મિક પ્રતિકૃતિ હોય જે એમના પરમાત્મા-અહુર-મઝદ્ છે. પ્રત્યેક પારસી અગ્નિના દર્શન કરવા જાય ત્યારે એમાં સુખડનું લાકડું પધરાવે. નારિયેળ-ચુંદડીની જેમ જ સુખડ પણ વેચાતું મળે.ધૂપ પણ હોય. આપણે તો જોયું નથી પણ વાંચ્યું- સાંભળ્યું છે."

"અમદાવાદમાં પણ અગ્યારિ અને દખ્મા હશે જ ને?" ધીરજ.

"હા-હા, રાયખડ-ખમાસાગેટ વિસ્તારમાં અગ્યારિ છે અને જશોદાનગર પાસે દખ્મા."

"મને એક વિચાર આવે છે, કહું? આમ તો રહેણીકરણી-બોલવેચાલવે આ પારસીઓ પાશ્ચાત્ય આધુનિકતાથી ખાસા પ્રભાવિત છે, પણ ધાર્મિક મુદ્દે કેમ આવા જૂનવાણી? નવી પેઢીના લોકોએ લગ્નના નિયમમાં છૂટછાટ ના માંગવી જોઇએ? અને આ જરાક ક્રૂર લાગતા અંતિમ વિધિને બદલે ઈલેક્ટ્રીકમાં બાળવાનું કે દફનાવવાનું શરૂ ના કરવું જોઇએ?" શેખરના પ્રશ્નનો જવાબ તો કહેવાતા આધુનિક પારસી સમુદાયે જ આપવો રહ્યો!

બાદલને એક જૂનો સંદર્ભ યાદ આવ્યો. આદિવાસીઓ સાથે પારસીઓના કેવા સંબંધો હતા?

"પારસીઓની દયાભાવના અને પુણ્યભાવનાની સર્વત્ર બોલબાલા છે. મોટા મોટા દાનવીરો પારસીઓ હતા જેમણે 19-20મી સદીમાં દેશમાં સાર્વજનિક સુખાકારી, શિક્ષણ, જ્ઞાનવિજ્ઞાન અને સમાજસુધારના મુદ્દે કરોડો શું અબજો





રૂપિયા દાન કર્યું છે ને કરે છે.ટાટા ને ગોદરેજ જેવી કંપનીઓ આમાં આવે. એમનાં 'ઘરડાંના ઘર' પણ વખણાય. કોઇ પારસી ભૂખે ના મરે એની દેખરેખ 'પારસી પંચાયત' રાખે. નવસારી-ઉદવાડા-વલસાડથી માંડીને મુંબઇ-પૂનાના પારસીઓ મોટેભાગે ખાધેપીધે સુખી."

"મને એક પ્રશ્ન છે બહેન, આમ તો પારસીઓ બહારના, પછી એ લોકો અહીં આવીને માલદાર કેવી રીતે થયા?"

"દક્ષિણ ગુજરાતના પારસીઓએ આ વિસ્તારના આદિવાસીઓને લગભગ 'બંધુઆ મજદૂર'- 'વેઠિયા ગુલામ' બનાવીને રાખ્યા હતા. અંગ્રેજોના શાસનથી એની શરૂઆત થઇ હતી. અંગ્રેજોએ અહીં ઔદ્યોગિકીકરણની શરૂઆત કરી એમાં રેલ્વે એક મહત્વનું સાધન હતું. દેશના ઉત્પાદનને બહાર મોકલવા મુંબઇ-કલકત્તા-મદ્રાસ જેવા બંદરો સુધી પહોંચાડવા રેલ્વે નંખાઇ."

"યેલ્લો, તો ક્યા રેલગાડી હમ ઇન્સાનોં કે લિયે નહિ બની થી?" યાસ્મિન.

"એ તો પછીનો ઉપયોગ. પહેલો ને મુખ્ય હેતુ તો આ હતો. સૌથી પહેલાં રેલપાટા મુંબઈથી શરૂ થયા. એના સ્લીપર માટે લાકડું જોઇએ. દેશનાં જંગલોને કાપીને લાકડું મેળવવાનું હતું. જંગલોના રહેવાસી હતા આદિવાસી. એમને હટાવીને જ જંગલ કાપી શકાય. અંગ્રેજોએ દક્ષિણ ગુજરાતના પારસીઓને પોતાના દલાલ / એજન્ટ બનાવ્યા એમ કહેવાય છે. જઇને આદિવાસીઓની જમીન પડાવવી, એમને ઘરવિહોણાં કરવા અને છેવટે જંગલ ઉપર સરકારનો કબજો કરાવવો એવી અંગ્રેજોની યોજના હતી. એમાં જમીનદાર પારસીઓ એક નવો શોષક અને વગદાર વર્ગ બન્યા. આદિવાસીઓને પોતાનાં ખેતર-વાડીમાં વેઠિયા બનાવ્યા; મૂળે એ જમીન આદિવાસીની હતી. એમ પણ કહેવાય છે કે આદિવાસીની અંદરનો વિદ્રોહ ખતમ કરવા એમને નબળા પાડવા દારૂની લતે ચડાવનાર પારસીઓ!"

"પણ દારૂ તો આદિવાસીઓની સંસ્કૃતિનો એક ભાગ છે, એમાં પારસીઓનો શો વાંક?" શેખર.

"તારી વાત સાચી, શેખર! પણ રીતરિવાજ કરાતાંય, વધારે લત પડી જાય અને એનો કોઇ ફાયદો લઇ જાય એનું શું? અને આ તો લેખિત ઇતિહાસ છે. ટૂંકમાં મહેનતુ અને મસ્ત આદિવાસીઓને લગભગ પશુવત્ બનાવીને એમનું આર્થિક, સાંસ્કૃતિક અને સ્ત્રીઓનું જાતીય શોષણ કરવામાં આવ્યું.

"મૉના પાત્રાવાલા નામે લેખિકાએ પારસીઓના આ ઇતિહાસને કથાઓ દ્વારા રજૂ કરવાની મોટી હિંમત કરી છે. એ પોતે પણ પારસી જ છે." રચના.

"બેન, હાથમેં જબ ધનસત્તા હો- સાથ મેં રાજસત્તા હો તો અપના બોલબાલા કરવાને મેં કોઇ વાંધા નહિ હોતા હૈ- યહ અબ સમજમેં આયા. હમિદ.

"આ પારસીઓ જેવી જ વહોરા-બોહરી સમુદાય છે; એની વાત પણ ભેગાભેગી કરી લઇએ. દક્ષિણ ગુજરાતના મોટા વેપારીઓ-દુકાનદારો-નાના ઊદ્યોગ સાહસિકો બહોરી છે. સૂરત મ્યુઝિયમમાં પેલું વૈભવશાળી રાચરચીલું બહોરી ઘરવખરી હતી. બહોરી શિયા હોય છે. ગુજરાત-અમદાવાદના બહુમતી મુસ્લિમો સુન્ની છે. આમ પણ શિયા-સુન્નીને સદીઓથી આડવેર છે. ઇરાક-ઇરાન વગેરે દેશોમાં ભયાનક યુદ્ધો આ બે સમુદાયો વચ્ચે ચાલે છે એ તમે જાણો છો! સૂરતને સમૃદ્ધ કરવામાં રાંદેર બંદરનો જ ફાળો છે એના વસાવનાર અને સમૃદ્ધ કરનાર વહોરા લોકો છે. પરિણામે 2002ના મુસ્લિમ હત્યાકાંડ વખતે જાત અને જમાતને બચાવવા એમણે મોટાપાયે પ્રચાર કરેલો કે અમે વ્હોરા છીએ, પેલા તમારા દુશ્મન મુસલમાનો કરતાં જુદા છીએ. ઓછું હોય તેમ, સૂરતમાં મોટા ઊદ્યોગમેળાનું આ સમુદાયે આયોજન કર્યું અને પોતાના હાથ કેવા ચોખ્ખા છે, એ પણ બતાડી દીધેલું."

"એ જ સમુદાયને પેલા સદ્‌ભાવનામેળામાં મુખ્યમંત્રીએ બોલાવ્યા હતા અને મિડીયાની આંખમાં ધૂળ નાખી હતી!" શેખર.

"અરે, વોહરાઓની મોટી હવેલીઓ તો સિદ્ધપુરમાં પણ આપણે જોઇને? એમ આ પારસીઓએ કંઇ જોવાલાયક જગ્યાઓ બનાવી છે કે નહિ?" મીનાના





રૂટીન પ્રશ્ન ઉપર શેખરે સિક્સર મારી- "હંઅક્ને! મુંબઇની તાજમહેલ હોટલ!"

આ મુદ્દે સૂરતના પચરંગી ભૂતકાળ અને સતરંગી વર્તમાનની ઝાંખી કરાવતી ફિડબેક મીટીંગ સમેટીને આવનારી સવારની પ્રતીક્ષામાં સૌ વિખેરાયાં.

## આદિવાસી-વિસ્તાર અને આદિવાસીઓ

નવસારી, વલસાડ, ઉદવાડા વટાવીને બસ હવે ડુંગરાળ અને વનવિસ્તારમાંથી પસાર થઇ રહી હતી. ઉનાળાની શરૂઆતના દિવસો હતા. ડુંગરા પરનું ઘાસ લીલું મટીને બદામી થઇ રહ્યું હતું. સાગનાં વૃક્ષ ઉપર ઝીણાઝીણાં ફૂલ બેસી ચૂક્યાં હતા. ખાખરા-આંબા-ચીકુ તો પોતાનાં ફૂલ-ફળની મબલખ મૂડી લૂંટાવી ચૂક્યાં હતાં. આ સઘળા વનવૈભવ ઉપરાંત બસ-રસ્તાની બન્ને બાજુએ શહેરીકરણના ખાસા અણસાર હતા. વસ્તી જો કે સઘન નહોતી પણ જે કંઇ હતાં તે ઘરો પાકાં જોયાં. વચ્ચે વચ્ચે સ્કૂલ, આંગણવાડી, સરકારી કચેરીઓ વગેરે પણ જોવા મળતાં હતાં. વનવિભાગનાં પાટિયામાં અભયારણ્ય, મધમાખ-ઉછેર કેન્દ્ર... વગેરેની માહિતી દેખાતી હતી.

"આપણે ડાંગ જિલ્લામાં છીએ. બસમાંથી દેખાય છે તેનાંથીય ગાઢાં વનો અંદરની બાજુએ છે. તીરકામઠાંથી ચકલાં પાડી ખાનારાં અને હજી લંગોટી પહેરનારા આદિવાસી પણ ક્યાંક મળી આવે પણ હવે જે રીતે રાજકારણે આદિવાસીઓમાં નવેસરથી રસ લેવા માંડ્યો છે, એને લીધે આ વિસ્તારના આદિવાસીઓ ખાસા પ્રમાણમાં મુખ્ય પ્રવાહમાં આવવા માંડ્યા છે." રચના.
"રાજકારણ સાથે ધર્મકારણ પણ ખરું જ ને? આપણે ત્યાં હવે એ બે વચ્ચે ક્યાં ફરક જ રહ્યો છે?!" શેખરે જોડ્યું.

"શેખરના મુદ્દાને હું બીજી રીતે પણ જોઉં છું. વર્ષોથી આદિવાસીઓ સાથે જાતજાતના પ્રયોગો થઇ રહ્યા છે. અગાઉ અંગ્રેજો અને પારસીઓ વિશે વાત થઇ ગઇ. ગુજરાતના જ સંદર્ભમાં આપણે વાત કરી રહ્યાં છીએ

ત્યારે પેલો માનગઢવાળો 'ભગત સંપ્રદાય' પણ મહત્વનો ભાગ ભજવી ગયો. એમાં દયાનંદ સરસ્વતીના પ્રેર્યા ગુરૂ ગોવિંદની પહેલ હતી. ત્યારે જ ગાંધીવાદીઓએ આદિવાસીઓ ઉગ્ર બનવાના રસ્તે ના વળી જાય પણ 'સુધરે' એવા પ્રયાસો શરૂ કર્યા. ઠક્કરબાપા, જુગતરામભાઇ વગેરેએ સ્વચ્છતા, સુધારો, દારૂબંધી, શાકાહાર, ખાદી-કાંતણ, પ્રાર્થના-ભજનના નામે જે મુખ્ય પ્રવાહ તરફ એમને દોર્યા એ મોટેભાગે હિંદુ મુખ્ય પ્રવાહ જ હતો.'' ''હા, આમ તો આદિવાસીઓ પ્રકૃતિ / કુદરતી જ પૂજા કરે, ખરું ને?'' વિલ્સન. ''સાચી વાત. એને આદિધર્મ પણ કહેવાય. ટેકનીકલી, ઘણા લોકો એવું કહે છે કે આદિવાસીઓનો કોઇ ધર્મ નથી, શાસ્ત્ર નથી...! પણ ખરેખર તો એમની પ્રકૃતિપૂજાના વિવિધ દેવો છે - વાઘદેવ, મોગરા (મગર) દેવ, ડુંગરદેવ... અને દરેકની પૂજા વિધિ છે, ભોગ ચડાવવાની પરંપરા છે. ધાર્મિક તહેવારો પણ ધામધૂમથી ઉજવાય છે. એમના ભૂવા-બડવા પણ હોય છે.''

''તો ફિર એસા ક્યોં કહતે હૈંગે કિ આદિવાસીઓં કા ધરમ હી નહીં હૈ!''

''યાસ્મિન, એમનું કોઇ લેખિત શાસ્ત્ર કે ધર્મ પુસ્તક નથી તેથી! જે કંઇ છે તે મૌખિક પરંપરામાં જ જળવાયું છે. હજારો વર્ષ જૂની પરંપરા હોવાથી મને તો ' આદિધર્મ' યોગ્ય શબ્દ લાગે છે.''

''પણ આદિવાસીનો કોઇ ધરમ નથી- એમ કહીને એમનો લાભ ઊઠાવનારા પણ નીકળી પડ્યા હશે ને?'' બાદલનો વેધક સવાલ મૂળગામી હતો.

''ઘણા આદિવાસીઓ ખ્રિસ્તી થયા છે ને બહેન?''

''હા, જેમ ગાંધીવાદીઓએ સુધારવા માટે એમને હળવા હિંદુકરણ તરફ દોર્યા તેમ 20મી સદીમાં મિશનરી પાદરીઓએ શિક્ષણ, સુધારણા, રોજગારીની દિશામાં લઇ જતાં પહેલાં ખ્રિસ્તી બનાવ્યાં; અંશતઃ પશ્ચિમી ઢબે રંગ્યાં'' ''હા હોં! હવે કંઇ આદિવાસીઓ લંગોટી ને એવું બધું નથી પહેરતા. એ લોકો પણ મોટેભાગે પેન્ટ-શર્ટ પહેરે છે ને બહેનો સાધારણ સાડી કે પંજાબી ડ્રેસ પહેરે છે.





અમદાવાદની કોલેજોમાં ઘણા આદિવાસીઓને મેં જોયા છે.'' વંદનાનું નિરીક્ષણ સાચું હતું.

''મૈને તો સુના હૈ, સાબરકાંઠા મેં- બનાસકાંઠા મેં આદિવાસી મુસલમાન ભી બને થે.'' આમિરે નવી જાણકારી આપી.

''સાચી વાત છે. બહુ થોડા; છતાં મુસ્લિમ આદિવાસીઓ પણ છે ખરા.''

''યે તો સહી હૈ પર હમને સુના હૈ ઔર આપને ભી બતાયા થા કિ, 2002 કે હિંસાકાંડ મેં સાબરકાંઠા-પંચમહાલ કે આદિવાસીયોં ને હમારેવાલોં કો લૂંટા-પીટા ઔર બેઘર-બેરોજગાર કર દિયા થા! વે કૌનસે આદિવાસી થે?'' ''હમિદ, એ પોતાને હિંદુ માનવા લાગેલા આદિવાસીઓ હતા અને દુઃખની વાત એ છે કે હવે એવા આદિવાસીઓની સંખ્યા વધતી જ જાય છે! કેમ કે આજકાલ હિંદુત્વ એ જ મુખ્યપ્રવાહ છે.''

''પન 2002મેં તો સુના થા, વહ સોચીસમઝી સાઝીશ થી; ફિર?''

''કેટલાંય વર્ષોથી આ અભિયાન શરૂ થઇ ગયું હતું. પેલા ગાંધીવાદીઓએ જાણે અજાણ્યે આદિવાસીઓમાં આમ તો સર્વધર્મસમભાવનાં બીજ રોપ્યાં હતાં. પણ વિવિધ પંથો; જેનો આપણે ઘણીવાર મહિમા કરતાં હોઇએ છીએ એમણે કબીરપંથ, સત્‌પંથ, ભગત આંદોલન... હિંદુ તત્વજ્ઞાન સરળ ભાષામાં, તળપદી રીતે પીરસ્યું હતું. '80ના દયાકામાં 'સ્વાધ્યાય' પ્રવૃત્તિથી તો રીતસર હિંદુ-બ્રાહ્મણધર્મની દીક્ષા અપાવી શરૂ થઇ હતી. જનોઇ, ગીતાપાઠ, ઉપનિષદનું શિક્ષણ વગેરે પ્રવૃત્તિઓ આપણી આખી પૂર્વપટ્ટી-સમગ્ર આદિવાસી વિસ્તારમાં ફેલાઇ ચૂકી હતી. એ સોફ્ટ હિંદુત્વની શરૂઆત હતી, આજની પેલી 'ઘરવાપસી' નું પ્રાથમિક રૂપ હતું. ત્યાર પછી વી.એચ.પી., આર.એસ.એસ. ના કાર્યકરોએ રીતસર મિશનરી શિક્ષણ સામે શાળાઓ, છાત્રાલયો અને વનવાસી અને વનબંધુ મંડળો સ્થાપીને હિંદુત્વ ઉપરાંત ખ્રિસ્તીઓ પ્રત્યે નફરતનાં વાવેતર કર્યાં.

સૌથી મોટો વળાંક 'શબરીધામ'ની સ્થાપના અને 'શબરી કુંભમેળા' ના આયોજનથી આવ્યો.''

''બેન, હમ શબરીધામ દેખેંગેં ના?'' યાસ્મિન.

''હા, કનુભાઇ; આપણે સુબીર તરફ લઇ લેજો.''

''બેન, એ તરફ જ લઉં છું. કુંભમેળા વખતે ઘણી પાર્ટીઓને ઠેઠ ગાંધીનગરથી અહીં લઇ આવેલો. રોડ બરાબર જાણું છું.'' કનુભાઇએ એલાન કર્યું અને ગાડી એ તરફ મારી મૂકી.

★★★





**મુકામ - 12**

# શબરીધામ

## આદિવાસીઓના હિંદુકરણની વ્યૂહરચના

''સુબીર ગામને હવે 'શબરીધામ' કહે છે. 1997માં અસીમાનંદ નામના હિંદુસાધુએ અહીં શબરી-મંદિર બનાવડાવ્યું. એ પહેલાં આપણે વાત કરી તેમ લગભગ વીસ-પચ્ચીસ વર્ષથી વિસ્તારમાં 'રામભક્તિ'નું વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું હતું. દા.ત. 'ડાંગ' એટલે પુરાણકાળનું દંડકારણ્ય-જ્યાં વનવાસ દરમ્યાન રામ-સીતા-લક્ષ્મણ રહ્યાં હતાં. અહીંનાં આદિવાસીઓ તે કાળે(રામાયણકાળમાં) 'શબર' કહેવાતા અને એમનામાંની જ એક સ્ત્રી શબરી. જેના હાથનાં એંઠા બોર રામે ખાધેલાં-એ વારતાને વરસોથી અહીં વાવીને વટવૃક્ષ બનાવવામાં આવેલી.''



**શબરીધામ**

''બાપ રે! રામાયણ તો સાહિત્ય છે; સાહિત્યમાં પાત્રોને સાચાં મનાવવાની બળજબરી થઇ આ તો!'' ધીરજે સચોટ વાત કરી.

''બળજબરી કેમ કહેવાય? આ તો ગમતી વાત થઇ. તમારાં મૂળિયાં છેક રામાયણ સુધી જાય છે એ તો હિંદુપણાનું ગૌરવ થયું ને?'' શેખર. ''બિલકુલ સાચું કહ્યું તેં. આમ પણ રામાયણના વાનરો આદિવાસીઓ જ હતા, એવું જાહેર કરીને આ વિસ્તારોમાં હનુમાન ભક્તિ પણ જોરદાર ચાલુ કરી છે. ટીંબે ટીંબે હનુમાનની દહેરીઓ છે. વળી આ વિસ્તારનું જાણીતું શહેર ' ઉનાઇ' પણ રામાયણનું પાત્ર જ છે!''

''એટલે?'' વંદનાને નવાઇ લાગી.

''ઉનાઇમાં કુદરતી ગરમ પાણીના કુંડ છે. દુનિયાભરમાં પાણી સાથે નીચે અમુક ખડકો હોય તો રાસાયણીક સંમિશ્રણ થવાથી એ જગ્યાનું પાણી ગરમ રહે છે. ગોધરા પાસે ટુવા-ટીંબામાં આ જોવા મળે છે. હિમાલયમાં તો થોડા થોડા અંતરે ગરમ પાણીના કુંડ જોવા મળે. પણ આ પ્રાકૃતિક સ્થિતિ પાછળનું વિજ્ઞાન ન સમજવાને કારણે વર્ષોથી ચમત્કારકથા ચાલે છે. રામ-સીતા અહીં વસતાં હતાં ત્યારે સીતાને ગરમ પાણીથી નહાવાનું મન થયું. વનમાં ગરમ પાણી ક્યાંથી? રામે ખડકમાં બાણ મારીને ગરમ પાણી કાઢી આપ્યું. સીતા નાહ્યાં. ''હાશ... હું નાહી!'' એમ બોલ્યાં, તે લોકજીભે થઇ ગયું- 'ઉનાઇ!'

''લો કલ્લો બાત! મતલબ કી યહાં પર રામાયણકી ઝાંકિયાં પહલે સે હી થી; શબરીધામ બાદમેં યહાં પર હોના તો લાજિમી (વાજબી)હી થા.'' ''બિલકુલ. સરવાળે 2004માં મંદિરના કળશસ્થાપન અને મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થઇ અને મોટાપાયે હિંદુ સાધુસન્યાસીઓ અને વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરો ઉપરાંત ભાજપના કાર્યકરો-મંત્રીઓ ભેગા થયા હતા.

દશેરા નિમિત્તે, ઓક્ટો. 2004માં આ સંમેલનમાં ગુજરાતના લોકપ્રિય રામકથાકાર મોરારિબાપુ પણ અહીં આવ્યા હતા.'' વંદનાથી રહેવાયું નહિ- ''મોરારી બાપુ પણ આશરે '80ના દાયકાથી જ લોકપ્રિય થતા ગયા છે, નહિ?''





''હા. એ પણ આ રામભક્તિ કે હિંદુકરણની વ્યૂહરચનાનો એક ભાગ હોઇ શકે. ખેર, મોરારિબાપુ અને વી.એચ.પી.ના સાધુ-સંતોએ અશીમાનંદને પ્રોત્સાહન આપ્યું અને સૂચન કર્યું કે શબરીધામ પાસે પંપા સરોવર છે; જે પણ રામાયણમાં લખેલું પવિત્ર સ્થળ છે. અહીં આગામી વર્ષોમાં કુંભમેળો ભરવો જોઇએ અને આદિવાસીઓની લોકભાગીદારીનો લાભ લેવો જોઇએ.''

''બેન, એક મિનટ! યે કુંભમેલા તો ગંગાકિનારે હોતા હૈ ના, ફિર...?''

''હા આમિર. હરદ્વાર, અલ્હાબાદ, બનારસ, ઉજ્જૈન એમ પારંપરિક નગરોમાં જ કુંભમેળાની પરંપરા છે. કુલ ચાર જ કુંભધામ કહેવાય છે પણ મોરારિબાપુ બોલે પછી ટાળી કેમ શકાય? શબરીકુંભની યોજના ફટાફટ બની ગઇ અને ફટાફટ સંપન્ન પણ થઇ ગઇ- 2006ની 11,12, 13મી ફેબ્રુઆરીએ.

''તો યાં પર ઐસા બડા કુંભમેળા લગા હૈગા?''

''યાસ્મિન, એમની મહેચ્છા તો મોટી હતી પણ મેળો તો સાધુ-સંતો સુધી સીમિત રહ્યો. જો કે લાખ્ખો આદિવાસીઓ જોડાયા, જમ્યા, નાચ્યા ને રામધૂન પણ ગાઇ.''

''આનું નામ હિંદુત્વનું સંસ્કૃતિકરણ! શેખર, બીજું કોણ!

બસ 'શબરીધામ' પહોંચી ગઇ. સહેજ ઊંચી ટેકરી ઉપર, પ્રમાણમાં નાનું કહેવાય તેવું આરસપહાણનું મંદિર છે. બાંધકામ આમ તો ગૂર્જર શૈલીનું પણ સીધું-સપાટ મંદિર-કોતરણી, સુશોભન વિનાનું. બહારનો દેખાવ કંઇક ઊંટેશ્વરીની યાદ અપાવે. અંદર પ્રવેશતાં, પારપંરિક સભાગૃહ ખુલ્લું અને ચોખ્ખું. મંદિર કરતાં ચોરા જેવું વધારે લાગે. પેલા સાધુમંડળને સ્થાનિક લોકોને ખુશ કરવાનો ખ્યાલ હોય એવું લાગ્યું. ગર્ભગૃહમાં મધ્યમ કદની ત્રણ આરસની મૂર્તિઓ મૂકેલી. રામ, લક્ષ્મણ અને શબરીબાઇ. બરોબર મધ્યમાં કેન્દ્રસ્થાને રામની મૂર્તિ, ડાબી બાજુ ઊભેલા લક્ષ્મણ જાણે ધનુષ-બાણ લઇને રામની ચોકી કરતા હોય તેવું લાગતું હતું. રામની જમણી તરફ, નીચે



**શબરીધામ કે રામધામ?**

શબરીબાઇને બેસાડેલાં, હાથમાં છાબડીમાં બોરાં અને ચહેરા ઉપર પ્રેમભરી વિનંતીનો ભાવ. આરસમાં કોતરેલાં સાદાં વસ્ત્રો વનવાસ અને વનવાસીની છાપ ઉપસાવતાં હતાં.

"અલ્યા, આ તે શબરીધામ છે કે રામધામ?" ધીરજથી રહેવાયું નહિ.

"કોઈ ખૂણેથી- કોઇ છેડેથી આ આદિવાસી મંદિર નથી લાગતું! ન તો આદિવાસીઓનું, આદિવાસીઓ માટેનું કે આદિવાસીઓ દ્વારા બનાવેલું!" બાદલ.

વંદનાઃ ક્યાંથી લાગે? આખી ભાવના જ લાદેલી છે, પછી?"

"યહાં તો લગતા હૈ, જંગલ ઔર કુદરત પર હિંદુ ધર્મ-સંસ્કૃતિને ધાવા બોલ દિયા હૈ!" હમિદ.

"બહેન, '97-'98ની નાતાલ વખતે આ વિસ્તારનાં આદિવાસી ચર્ચની તોડફોડ કરેલી, સળગાવેલાં તે આ હિંદુરાષ્ટ્રના પ્રચાર માટે જ ને? વિલ્સનને બાળપણમાં સાંભળેલું યાદ આવ્યું.

"હાસ્તો, બાકી તો આદિવાસીઓ મિશનરીઓનાં દવાખાનાં અને નિશાળોનો લાભ લેતા જ હોય છે ને- વગર ખ્રિસ્તી બન્યે પણ!" શેખરે ધારદાર રીતે કહ્યું. "સરવાળે, આદિવાસીને હિંદુ બનાવીને મુસ્લિમો અને ખ્રિસ્તીઓ સામે લડવા એમણે રામ-સેના બનાવી હતી." "એમની રામાયણમાં પણ રીંછ-વાનરની સેના જ બનાવી હતી ને, એમ જ!" રચનાની વાતમાં ધીરજે વળી ઉમેર્યું.





"જો કે મિશનરીઓને-માર્યા, સળગાવ્યા પછી પણ તાત્કાલિક તો એ લોકો નહોતા ફાવ્યા. અસીમાનંદની ભારત સરકારે ધરપકડ કરી એની અસર આ ધામ ઉપર પણ પડી હતી. આ ધામને ઘણા સમય સુધી 'સીલ' વાગી ગયેલાં. હું છેલ્લે એક ટુકડી સાથે આવી ત્યારે બિલકુલ બંધ હતું." રચના. વિલ્સને કહ્યું, "આમ તો અહીં આજેય કાગડા જ ઊડે છે, ભલે ને કોઇ દીવો કરી, ફૂલ ચડાવી, પૂજા કરી ગયું હોય; આસપાસ કોઇ દેખાતું નથી!"

"જો કે એનો અર્થ એ નથી કે આદિવાસીઓનું હિંદુકરણ અટકી ગયું હોય! મેળો ભરાશે ત્યારે લાખ્ખો ભેગાં થવાનાં એ નક્કી!" રચનાએ પૂરું કર્યું ને સૌ બહાર આવ્યાં.

"અસીમાનંદ તો પેલા માલેગાંવ બોમ્બકાંડવાળાજ ને" - વિલ્સન.

મંદિરની પછીતે ઝાડ નીચે ત્રણ પુરાણી શિલાઓ પડી હતી. ત્યાં પણ ધૂપદીપ હતાં. "આ કદાચ મૂળ જગ્યા લાગે છે" - બાદલની ધારણા સાચી હતી. પાસે એક ઊભો પાળિયો હતો જેમાં વાઘદેવ, મગરદેવ, વૃક્ષદેવનાં પ્રતીકો કોતરેલાં હતાં જે આદિધર્મનાં મૂળતત્વો હતાં.

"બહેન, રામાયણને આદિવાસીઓ જોડે બહુ સંબંધ છે નહિ?- રામસેના, શબરી, શંબૂક... એટલે હિંદુત્વવાદીઓને અહીં પોતાની 'જગ્યા' દેખાઈ હશે." શેખરે તારણ કાઢ્યું.

"તે ખરું, પણ સૂરતના એક સમાજવિદ્યાના પ્રાધ્યાપક અને લેખકે મને સ્પષ્ટ જણાવેલું કે ભીલોનું રામાયણ છે, એમાં ક્યાંયે આ વિસ્તારમાં પંપાસરોવર કે શબરી હતાં એવા ઉલ્લેખ નથી. રામે ભીલડીનાં બોર ચાખેલાં એવો કોઇ પ્રસંગ નથી. એ તો વાલ્મિકી અને તુલસીદાસની રામાયણના પ્રસંગો છે; મતલબ કે મુખ્યપ્રવાહની રામાયણોના પ્રસંગો છે."

"ઐં! તો ક્યા, રામાયણ એક સે ભી ઝ્યાદા હૈં?" પરવીન.

"હા. દેશની અનેક ભાષાઓ-બોલીઓમાં કંઇ કંઇ ફેરફાર સાથે રામાયણ મળે છે. દક્ષિણ ભારતની રામાયણોમાં વળી રાવણનો મહિમા કરેલો છે. જાવા-સુમાત્રા જેવા અગ્નિએશિયાના દેશોમાં પણ રામાયણ લોકપ્રિય હતી. સિયામના રાજાઓનો આખો વંશ 'રામવંશ' કહેવાતો હતો. પચાસેક વર્ષ પહેલાં એક ખ્રિસ્તી ધર્મગુરૂ કામિલ બુલ્કેએ ઊંડાણપૂર્વક સંશોધન-અભ્યાસ કરીને લગભગ 300 રામકથાઓની તુલના કરતો ગ્રંથ લખ્યો છે. આ ફાધર ફ્રેન્ચ હતા."

"લો કલ્લો બાત! ઐસે પાદરીઓં કે સાથ યે સો-કોલ્ડ રામભક્ત કૈસા સુલૂક કર રહે હૈ?!" આમિરે જાણે પૂરું કર્યું.

સુબીર ગામની વિદાય લેતાં મંડળીએ મિશનરી શાળા, છાત્રાલય, ખેતરો-વાડીઓ પણ જોયાં અને મનોમન વિચારતાં થયાં કે કહેવાતા ભારતીય, હિંદુ કટ્ટરવાદીઓએ ધર્મ-સંસ્કૃતિને કેટલાં સંકુચિત બનાવી દીધાં છે!

કનુભાઈએ ડુંગરના વળાંકો પસાર કરતાં જે વિધાન કર્યું તે કદાચ 'શબરીધામ'ની ફળશ્રૃતિ હતીઃ "મારા વાલા સાધુસંતોએ તો જાણે અહીં માન ન માન મેં તેરા મહેમાન જેવું કર્યું; પેટમાં પેસીને પગ પહોળા કર્યા! તમારી જોડે ના આયો હોત તો હું યે તે આંયાં તાળીઓ જ લેતો હોત!"

★★★





## મુકામ - 13

## સાપુતારા

"સાપુતારાને ગુજરાતનું એક માત્ર ગિરિમથક (હિલ સ્ટેશન, હવા ખાવાનું સ્થળ) કહે છે. વર્ષો પહેલાં માઉન્ટ આબુને પણ ગુજરાતનું જ ગણવામાં આવતું હતું. અલબત્ત, એ વાત સાચી કે આબુ હોય કે સાપુતારા- પ્રવાસીઓમાં ગુજરાતીઓની સંખ્યા સૌથી વધારે હોય.



**સાપુતારા - વિહારધામ**

પણ 1960માં જ્યારે મુંબઇ રાજ્યના ભાષાભેદે ભાગલા પડ્યા ત્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર છૂટાં પડ્યાં અને આબુ વળી રાજસ્થાનમાં ગયું. આ ભૌગોલિક વિભાજન હતું. પણ આબુ ગુજરાતે ગુમાવ્યું એટલે એક હિલસ્ટેશનની આવક અને લોકપ્રિયતા ગુમાવી એમ કહેવાય. પેલી બાજુ માથેરાન, મહાબળેશ્વર, લોનાવાલા, પંચગની, ખંડાલા... લગભગ તમામ ગિરીમથકો મહારાષ્ટ્રમાં હતાં જ, પરિણામે સાપુતારા માટે, ખાસ તો ડાંગ માટે રાજકીય ખેંચતાણ ચાલી હતી.''

રચનાએ આટલી શરૂઆત કરી ત્યાં સુધીમાં બસની બહાર ખૂબ સુંદર વનરાજી શરૂ થઇ ગઇ હતી. સાગ-સાદડ-અર્જુન-ખાખરા ઉપરાંત અહીં આંબા-ચીકુ જેવાં ફળાઉ વૃક્ષોની વાડીઓ પણ દેખાતી હતી. ડુંગરોના ઢાળ ચડતી ગાડીની બહારનું સૌન્દર્ય જોતાં ધરાઇએ તેવું નહોતું. પણ બાદલને પેલો શબ્દ- 'રાજકીય ખેંચતાણ' પકડી રાખતો હતો. બાદલથી ન રહેવાયું-

''યાર, આ રાજકીય ખેંચતાણ પહેલાં સમજવા દો, જંગલ-વાડીમાં જીવ પછી પરોવાશે! બહેન, સહેજ વિગતથી સમજાવોને...''

''સમજવું જ પડશે; એમનેમ ડાંગની મઝા લેવાય નહિ! હાં... તો બંને રાજ્ય- ગુજરાત અને મહારાષ્ટ્રનાં નેતાઓ, સેવાભાવી કર્મશીલો, સાહિત્યકારો, સમાજવિદ્યાના વિદ્વાનો વગેરેની ટુકડીઓ બનાવવામાં આવી, ડાંગ વિસ્તારની સંસ્કૃતિ, ભાષા, રહેણીકરણી વગેરેની 'જાતતપાસ'(સર્વે) કરવામાં આવી. લાંબા વિવાદો પછી નક્કી થયું કે આ તમામ સંદર્ભે ડાંગ ગુજરાતની સંસ્કૃતિની વધારે નજીક છે એટલે ડાંગને ગુજરાતમાં ભેળવવું જોઇએ. સરવાળે, સાપુતારા ગુજરાતનું ગિરિમથક 1960માં બન્યું પણ છેલ્લાં દસેક વર્ષમાં જ પ્રવાસનનો વિકાસ શરૂ થયો એમ સો ટકા કહી શકું!''

''હાસ્તો! હવે તો બચ્ચન પણ આ વિકાસમાં ભાગીદાર હોય પછી શી ખામી?'' શેખર- બીજું કોણ?







**ગિરા ધોધ**

થોડી વારે રસ્તા ઉપર 'ગિરા ધોધ' નું બોર્ડ વાંચ્યું; ત્યાં ગાડીને વળાવી. લીલીછમ પર્વતમાળાને ફોડીને પહેલા પથારે જળધારા જબરજસ્ત જોશથી પડતી હતી.

''આ ગિરાધોધ! આપણા રાજ્યનો સૌથી મોટો, સૌથી સુંદર ધોધ.'' રચનાએ કહ્યું.

મંડળી મંત્રમુગ્ધ બનીને જોઇ રહી. આખા સાપુતારા વિસ્તારમાં આનાથી સુંદર કે યાદગાર સ્થળ મળવું મુશ્કેલ. લીલી વનરાજી, કાળા ખડકો અને ધોળાં ફીણવાળો જળધોધ! રંગોની ઉજાણી હતી જાણે! ધોધનો ઘૂઘવાટ અતિશય મોટો નહોતો પણ પાણીને બોલતું-ગાતું સાંભળવાનો લ્હાવો લેવા જેવો હતો. અમેરિકાનો નયાગ્રા ધોધ, દક્ષિણ આફ્રિકાનો વિક્ટોરિયા ધોધ તો ભવ્ય છતાં ભયંકર લાગે એવા ધોધ છે. આપણા દેશમાં માયસોરનો જોગનો ધોધ, જબલપુર પાસે ધૂંવાધાર, મસૂરીમાં હિમાલયમાંથી પડતો કેમ્પ્ટી ધોધ ચેરાપુંજીનો ધોધ, બધા ખરે જ! જબ્બર ધોધ છે. મેં પણ કંઇ બધા નથી જોયા; પણ સાપુતારાનો આ ગિરા ધોધ પણ કંઇ કમ નથી!'' મિત્રોએ કદાચ પહેલીવાર આવો જળધોધ જોયો; બધાં ખુશ હતાં, કુદરતી સૌન્દર્યનો આનંદ

માણી રહ્યાં હતાં. આવો અવસર હવે ફરી ક્યારે મળશે, એવો વિચાર પણ આવતો હતો.

''એ હાલો, હાલો! બવ થ્યું! ધોધમાં જ ધરાઇ જશો તો બીજું શું જોશો?'' કનુભાઇની હાકલે મંડળી માંડ ગાડીમાં પાછી ગોઠવાઇ.

## પ્રવાસનધામ

વળાંકો ચડતી બસ છેવટે સાપુતારા પહોંચી. મોટા નાગની ફેણ દેખાઇ, જાણે આવનારા સૌ કોઇનું સ્વાગત કરતી હતી.

''આ તો નાગ છે! સાપુતારાનું જો મુખ્ય પ્રતીક આ હોય તો 'નાગુતારા' નામકરણ થવું જોઇએ!'' વિલ્સને તરત વાંધો પાડ્યો!

''કોમન સેન્સનો સવાલ છે, અલ્યા! લોકોને આકર્ષી શકાય એવું પ્રતીક, એની સાઇઝ, એની જગ્યા અને નાનકડો બગીચો... બધું પૂરતું છે.'' બાદલ.

થોડીવાર મંડળીએ એ સ્થળે ગમ્મત કરી.

સાપુતારામાં પ્રાકૃતિક સુંદરતાને વિવિધ સ્થળેથી-ખૂણેથી જોવા માટે સનરાઇઝ પોઇન્ટ (સૂર્યોદય સ્થળ), સનસેટ પોઇન્ટ (સૂર્યાસ્ત સ્થળ), ઇકો પોઇન્ટ (પડઘા સ્થળ) સાપુતારા તળાવમાં નૌકાવિહાર, રોપ-વે (ઉડનખટોલા) વગેરેની રચના કરવામાં આવી છે. છેલ્લાં દસ-પંદર વર્ષથી, વરસોવરસ એમાં સગવડો અને ટેક્નીકો વધતી જાય છે. પ્રવાસીઓ પણ ઘણા બધાં જોયાં. મંડળીએ બપોરનું સાદું ભોજન



**આદિવાસી મ્યુઝિયમ**





લઇને નિર્ણય લીધો કે પહેલાં સાપુતારાનું પ્રખ્યાત 'આદિવાસી મ્યુઝિયમ' જોવું જોઇએ; બાકીનાં પ્રાકૃતિક સ્થળો સમય રહે તે પ્રમાણે સાંજે જોવાં અને બાકી રહે તો આવતી કાલે સવારે જોઇને અહીંથી નીકળવું.

રચનાએ ખાસ યાદ દેવડાવ્યું કે મધ્ય અને દક્ષિણ ગુજરાતની આજે છેલ્લી ફિડબેક મિટીંગ હશે. બસ આદિવાસી સંગ્રહાલય પર જઇ ઊભી.

## સર્વસંગ્રહનું સ્થાન

સાપુતારાનું આદિવાસી મ્યુઝિયમ, સરસ, નવીન અને મધ્યમકદના મકાનમાં છતાં વિશાળ જગ્યામાં સમાવાયેલું છે. રાજ્ય સરકારે ઘણું મહત્વાકાંક્ષી અભિયાન હાથ ઉપર લીધું છે. રચનાને યાદ આવ્યું કે લગાતાર વધુ ને વધુ સામગ્રી, માહિતી વગેરે ઉમેરાતું જાય છે. મ્યુઝિયમને ખૂબ વ્યવસ્થિત રીતે વિભાગીકરણ કરીને સજાવાયું છે. એક વિભાગમાં ડાંગ જિલ્લાનું ભૌગોલિક સ્થાન, વનવિસ્તાર, સહ્યાદ્રિની ડુંગરમાળ ઉપર ફેલાયેલા ગિરિમથકનાં જોવાલાયક સૌન્દર્ય સ્થળો - જેમ કે વઘઇ, વાંસદાનાં અભયારણ્યો, વિવિધ જળધોધ જેમ કે ગીરા, ગીરમાળ, માયાદેવી, શિંગલા વગેરે વિશે સચિત્ર-ફોટોગ્રાફિક પ્રદેર્શન મૂક્યું છે જે માહિતી ઉપરાંત પ્રાકૃતિક રમણીયતાથી જોનારને આકર્ષે છે. એ જ વિભાગમાં, વિસ્તારનાં પશુ-પંખીનાં ફોટા ઉપરાંત મસાલો ભરેલા નમૂના પણ માહિતીપ્રદ રીતે ગોઠવેલાં છે. બીજા વિભાગમાં નૃવંશવૈજ્ઞાનિક માહિતી છે જેમાં પૃથ્વી પર સૃષ્ટિની શરૂઆત, વનસ્પતિ ઉપરાંત જીવસૃષ્ટિ અને વાનરમાંથી વનમાનવ સુધીનો વૈજ્ઞાનિક ક્રમિક વિકાસ બતાવ્યો છે, જે ડાર્વિનના સિદ્ધાંતનો આધાર રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. એ જ વિભાગમાં દુનિયાના અન્ય દેશોના આદિવાસીઓનાં પૂતળાં છે; જેને જે તે જાતિના વેશભૂષા, હથિયારોથી જીવંતપણે સજાવેલાં છે. ક્યાંક થોડી ભેળસેળવાળી સમજ ઊભી થાય એવું પણ છે. આદિમાનવ અને આદિવાસી એક જ છે એવો ખ્યાલ ઊભો થાય છે. હકીકતે આદિમાનવ તો સમગ્ર માનવસમુદાયનો આદિપૂર્વજ હતો અને આદિવાસીઓ તો માનવસમુદાયની અમુક જાતિઓ છે જે પોતાના વન-પર્વતના પરિવેશ, આજિવિકાના સાધનો

અને સંસ્કૃતિને કારણે આજની તારીખમાં પણ આગવાપણું જાળવી રાખનારા વિવિધ માનવસમુદાયો કહેવાય. જોતાંવેંત શેખરે આ મુદ્દો તારવ્યો અને રાતની મિટીંગમાં ચર્ચવાનું નક્કી કર્યું.

ત્રીજો વિભાગ બહુ રસપ્રદ હતો. ગુજરાતભરના લગભગ તમામ આદિવાસી સમુદાય વિશે સાંસ્કૃતિક ઝાંકીઓ (ટેબ્લો) ગોઠવેલા છે. જેમાં જે તે પ્રજાતિના પોષાક, આભૂષણો, રહેઠાણ, ઘરવખરી, ગૃહઉદ્યોગની પ્રવૃત્તિ, લાક્ષણિકતાની સરસ ગોઠવણી છે. વાસ્તવિક દેખાતાં પૂતળાં પેલા ભૂજ મ્યુઝિયમની યાદ અપાવતાં હતાં. દરેક સમુદાયના ભૌગોલિક પ્રદેશ અને વસ્તી વગેરે વિશે લેખિત માહિતી પણ મૂકેલી. મિત્રોએ આ બધું ખૂબ ધ્યાનપૂર્વક જોયું, કેટલુંક નોંધી પણ લીધું. ઘણું બધું નવું હતું, જાણવા જેવું હતું તેથી શાંતિથી બધું જોતાં રહ્યાં હતાં.

મકાનની લાંબી લોબીઓ (પરસાળો)નો પણ સરસ ઉપયોગ કરવામાં આવેલો. આદિવાસીઓનાં ચિત્રો ત્યાં મૂકેલાં જેમાંની બે ખાસ શૈલી તરફ રચનાએ મંડળીનું ધ્યાન દોર્યું. ડાંગનો કૂંકણા આદિવાસી સમુદાય, વારલી સમુદાય પોતાનાં જીવનનું દસ્તાવેજીકરણ કરતાં ‘વારલી ચિત્રો’ આગવી ઢબનાં રેખાચિત્રો ચિતરે છે. એમાં માનવમુદાય, તેમનાં રહેઠાણ, રાચરચીલું, ખેતી-પશુપાલન-શિકાર જેવી પ્રવૃત્તિઓ, ધાર્મિક વિધિ અને તે દર્શાવતા નાચ... વગેરે ખૂબ જ સાદી છતાં વિશિષ્ટ રેખાંકન પદ્ધતિથી જ દોરવામાં આવે છે. લીંપણની સપાટીને ગેરૂથી રંગીને, ઉપર સફેદ ખડી વડે આ રેખાચિત્રો બનાવવામાં આવે છે.



**વારલી ચિત્રકલા**





એમાં વિધિઓ-લોકવાર્તાઓ અને વારલી / કુંકણાઓની સૃષ્ટિકથાનું પણ નિરૂપણ કરવામાં આવે છે. આ બધું મિત્રોએ શાંતિથી જોયું અને આગવી કળાનો આનંદ માણ્યો.

બીજી ચિત્રકળા હતી ‘પિઠોરો’. આ મૂળ રાઠવા આદિવાસીઓની ચિત્રકળા છે; જે પંચમહાલ-દાહોદ-છોટાઉદેપુર વિસ્તારની છે. પિઠોરો વીસ ફૂટ લાંબા ને દસ-પંદર ફૂટ પહોળા પટ ઉપર દોરાતું સીધું (ડાયરેક્ટ) ભીંતચિત્ર છે. આ એક જોરદાર વિધિ સાથે જોડાયેલું છે. સમુદાયના લોકો ભેગા થાય છે. બડવા (ગુરૂ)ની હાજરીમાં ભીંતચિત્ર શરૂ થાય છે. જેમાં પણ આદિવાસીના જીવનનું દસ્તાવેજીકરણ હોય છે. વન, પર્વત, ઝાડ, ફૂલ, પાક, પશુ, પક્ષી, સૂરજ, ચંદ્ર, તારા સાથે પિઠોરો દેવ જે વરસાદ અને પાક / ખેતીનો દેવ છે એનું ચિત્ર આલેખીને પછી વર્તમાન મુદ્દાઓ પણ દોરાય છે જેમ કે, વિસ્તારમાં ટ્રેન આવતી હોય તો તે, બસ, સિપાઇ, વીજળીના લેમ્પ અને હેલિકોપ્ટર સુદ્ધાં મિત્રોએ ‘પિઠોરા’માં જોયાં. ‘પિઠોરો’ ખરે જ આદિવાસી જીવન દર્શન હતું. ભીંતો ઉપર વિવિધ પ્રકારનાં મ્હોરાં(માસ્ક) પણ લટકાડેલાં; જેમાં રામ, સીતા, લક્ષ્મણ, હનુમાન, અન્ય વાનરો અને રાવણનાં દસેદસ માથાં હતાં. રચનાએ જણાવ્યું કે આ વિસ્તારમાં રામાયણનાં લોકનાટક ‘સોંગાડ્યા’ (વેશ)(સ્વાંગ) થાય છે તે આ મ્હોરાં પહેરીને કરવામાં આવે છે. ડાંગની ‘રામભક્તિ’માં એકનો ઉમેરો થયો. ભીંતો ઉપર વિવિધ વાજિંત્રો પણ હતાં જે વિવિધ સમુદાયના આદિવાસીઓ વારે-તહેવારે વગાડીને નાચે છે. શ્રમ અને શ્રમ ભાંગવાનું મનોરંજન- એ આદિવાસીઓનું જીવન દર્શન છે. કાચનાં કબાટોમાં આદિવાસીઓનાં મણકા, કીડિયાં, ચાંદી, રંગીન દોરીનાં ઘરેણાં હતાં જે પણ તેમના કલાત્મક જીવનની પિછાણ કરાવતાં હતાં.

એક અન્ય વિભાગમાં માટીનાં ઘોડા, વાઘ, મગર, ગિલોડી જેવાં જાનવર-જીવડાં બનાવીને મૂકેલાં. કેટલાંક રમકડાં હતાં પણ મોટાભાગનાં દેવોને અર્પણ કરવાનાં ‘નિવેદ’ (ઓફરિંગ) હતાં. પહાડ, પથ્થર, પાણી, વૃક્ષને અર્પણ કરવાની પ્રથા આજે પણ ચાલે છે. વંદનાને શામળાજી મ્યુઝિયમનો

આવો નાનો વિભાગ યાદ આવી ગયો. મિત્રોએ બધું જોઈને એટલું જરૂર નોંધ્યું કે અહીં લગભગ સમગ્રલક્ષી આદિવાસી કેન્દ્રી માહિતી છે, સરસ રીતે ગોઠવેલી છે, લખાણો ગુજરાતી-અંગ્રેજી-હિંદી... બધામાં છે અને સૌથી સારું એ લાગ્યું કે ઘણા લોકો-શાળાનાં બાળકો, યાત્રિકો અને જુવાનિયાં સુદ્ધાં, ઓછામાં ઓછું એક આંટો તો મારવાનું પસંદ કરે છે. મ્યુઝિયમ માટેની પેલી જૂની છાપ ભૂંસાય એવું જીવંત 'સર્વસંગ્રહાલય' લાગ્યું.

દોઢ-બે કલાક મ્યુઝિયમમાં ગાળીને મિત્રો બહાર આવ્યા ત્યારે તડકો નમવા લાગ્યો હતો. તળાવમાં 'બોટિંગ' કરવાની લિજ્જત માણવા જેવી હતી. એ પહેલાં તળાવ કિનારે જ ખાણી-પીણીના ગલ્લાનો લાભ લીધા વગર કેમ ચાલે? આમિરે તરત કહ્યું, "યહાં મૈં ભેલપૂરી ખાઉંગા. ઠંડા શરબત ભી હૈ, પીના પડેગા." બાકીનાં મિત્રોએ પણ યથારુચિ ખાટું-મીઠું-તીખું તમતમતું ખાધુંપીધું. સાથે બે'ક મુદ્દા વિશે ચર્ચા થઇ તે બહુ મહત્વની હતી.

"મ્યુઝિયમમાં ઘણાં માણસો હતાં એ નવી ને સારી બાબત હતી. એ સિવાય, અમે ધ્યાનથી જોતાં હતાં ને સાંભળતાં પણ હતાં કે લોકોમાંના ઘણાં મોટેભાગે મરાઠી જેવી બોલીમાં વાત કરતાં હતાં." "શેખરનું નિરીક્ષણ બહુ મહત્વનું છે. કૂંકણા આદિવાસીઓ, જે ડાંગનાં તળ નિવાસીઓ છે તે મરાઠી જેવી કૂંકણા કે ડાંગી બોલી બોલે છે. બીજા તળ નિવાસીઓ છે ભીલો; જેમની ડાંગીમાં થોડોક ફરક પડે. જો કે આપણે માટે તો આદિવાસી બોલીઓ અજાણી જેવી છે પણ વધુ ધ્યાનથી સાંભળીએ કે અભ્યાસ કરવાનું પસંદ કરીએ તો મહત્વનો મુદ્દો એ બને છે કે સાંસ્કૃતિક રીતે ડાંગ કોનું? -ગુજરાતનું કે મહારાષ્ટ્રનું?!" રચનાએ જાણે રાતની મિટિંગ માટે મુદ્દો આપ્યો. એણે અહીં લારીઓ તરફ પણ ધ્યાન દોર્યું કે આ ફેરિયાઓ, દુકાનદારો તમામ કૂંકણા છે. કાં તો તદ્દન પાડોશનાં, મહારાષ્ટ્રના જિલ્લા-માલેગાંવ કે નાસિકના છે, જે રોજે રોજ રોજીરોટી માટે 'અપ-ડાઉન' કરે છે. આ ખાણીપીણી ચોકનો પૂરો માહૌલ મહારાષ્ટ્રરંગી હતો અને મૂર્તિઓ-ધજાઓના પ્રતાપે ભગવારંગી પણ હતો.





સાપુતારાના સૌન્દર્ય વિશે વિચારતાં વિચારતાં, બોટિંગ કર્યું; બતક અને માછલાં સાથે ગેલ ગમ્મત કરી. મંડળી અને રચના જાણે ગંભીર ચર્ચા ટાળી રહ્યાં હતાં- એક તો, રાતની મિટીંગ છેલ્લી જોરદાર મિટીંગ બનવાની હતી અને આમ જુઓ તો આખાય પ્રવાસમાં આવું વિહારધામ એકેય નહોતું માણ્યું જેમાં ફક્ત પ્રાકૃતિક સૌન્દર્ય જ માણવાનો હેતુ હોય. બોટિંગ(નૌકાવિહાર) પછી સૌ 'ટેબલ-લેન્ડ' પહોંચ્યાં ત્યારે ખરેખર સાંજ ઢળી રહી હતી. સનસેટ પોઈન્ટ ઉપર પુષ્કળ ભીડ હતી. પચરંગી પ્રવાસીઓ ચબૂતરા પર કલશોર કરતાં વિવિધ પંખીઓની જેમ પોતપોતાની ભાષામાં વાતો-ગમ્મત-બૂમો-આનંદોદ્‌ગારો કરી રહ્યાં હતાં. કેમેરા ક્લીક્ થઇ રહ્યા હતા. મંડળી પણ ભીડમાં ભળી, મોજ માણી રહી હતી. કલાકેકની આનંદયાત્રા પછી સૌએ પાછાં ફરવાનો નિર્ણય લીધો. સારી રેસ્ટોરાંમાં જમીને, ઉતારે પહોંચ્યાં. સાપુતારાનો સૂર્યાસ્ત સોનેરી હતો... સૂર્યોદય ક્યા રંગનો હશે, તે પ્રશ્ન બધાંના મનમાં સળવળી રહ્યો હતો.

## છેલ્લું ભોજન-મનનો જમણવાર

છેલ્લી ફિડબેક મિટીંગમાં સૌ ગંભીરતાથી ગોઠવાઇ ગયાં હતાં. કનુભાઇ પણ આવીને બેઠા. આજની શરૂઆત વંદનાએ કરી: "આજનો આખો દિવસ ભરચક્ક રહ્યો; ખાસ તો કુદરતી સૌન્દર્યથી મન તરબતર થઇ ગયું. આવા પર્વતો, ઝરણાં, જંગલ, જળધોધ... કદી જોયું નહોતુંય એ બધું જોવાનો લ્હાવો પણ પહેલવહેલો હતો. ગુજરાતની સંસ્કૃતિ ઉપરાંત પ્રકૃતિનો આનંદ, આમ પ્રવાસના છેક છેલ્લા દિવસે માણવા મળ્યો એ પણ બહુ યાદગાર કડી બનશે."

"કુદરત કે સાથ સાથ કુદરતકી સંતાન જૈસે આદિવાસીયોં કે બારે મેં ભી કિતના સારા જાનને - સમઝને મિલા! હમ ઉધર બડે શહરો મેં રહેનેવાલે ઇન આદિવાસીઓં કે બારે મેં કિતના કમ જાનતે થે યે ભી સમઝમેં આયા". હમિદ.

“ઔર ક્યા?! હમારે લિયે તો આદિવાસી માનેં શહરોં કી સડકેં બાંધનેવાલે, મકાન બાંધનેવાલે ઔર રાષ્ટ્રીય ત્યૌહારોં પર અજીબ તરાહ કે લિબાસ વગૈરા પહન કર, ઘૂંઘરું બાંધકર નાચનેવાલે! બસ…” આમિરે કબૂલ્યું.

“આમિર, સાવ એવું કેમ કહેવાય? એમ તો આપણે સાબરકાંઠામાંયે એમના વિશે વાત કરેલી કે હિંદુત્વવાદીઓના હાથા બનીને કેવી રીતે મોટાભાગના આદિવાસીઓ મુસ્લિમોની લૂંટફાટ કરવા દોડી ગયા હતા! કેવડિયામાં તો આપણે ત્રણ ત્રણ આદિવાસીઓને રૂબરૂ મળ્યા; જે પોતાના હક્કો માટે વરસોથી લડત લડી રહ્યા છે અને એવાં પુનર્વાસનાં ઘરો પણ જોયાં જેમાં આદિવાસીઓએ મન મારીને, રહેવાનું સમાધાન કરી લીધું છે, જે કદાચ એમની સંસ્કૃતિથી સાવ જુદું છે!” ધીરજે આમિરને સિક્કાની બીજી બાજુ પણ યાદ દેવડાવી.

રચના જોતી-સાંભળતી હતી અને મનોમન નોંધી પણ રહી હતી કે મિત્રો હવે મુદ્દા તારવી શકે છે, ચર્ચી શકે છે અને વિશ્લેષણ પણ કરતાં જાય છે. પોતાના હસ્તક્ષેપની જરૂર નહિવત્ લાગી.

“બધી બાજુઓથી જોતાં મને શું લાગે છે, કહું? શેખરે મમરો મૂક્યો. બધા ધ્યાનપૂર્વક સાંભળતાં હતાં. “આદિવાસીઓ જાણે ત્રિભેટે આવીને ઊભા છે. એક તરફ એમની પ્રાચીન અને પ્રકૃતિપધાન સંસ્કૃતિ છે. નવા ઉદ્યોગયુગને લીધે એમની પ્રકૃતિ ઉપર એક જાતનું આક્રમણ થઇ રહ્યું છે. પ્રકૃતિ ધીમેધીમે લોપ પામી રહી છે; આદિવાસીઓને માત્ર ‘પ્રકૃતિનાં બાળ’ રહેવું પોસાય તેમ પણ નથી અને શક્ય પણ નથી. એમણે આર્થિક સાંસ્કૃતિક અને રાજકીય- ત્રણે મુદ્દે નવા વિકલ્પની પસંદગી કરવાની છે. આપણે બહુ જાણતાં નથી અને આપણા પ્રવાસ દરમ્યાન અમુક આંકડાકીય માહિતી ઉપર આપણે ધ્યાન પણ નથી આપ્યું. શોધી કાઢવું જોઇએ કે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે ? સરકારી નોકરીઓ કેટલા કરી શકે છે? ખેતર-જમીન કોની પાસે છે અને ખેતી કેટલા કરી શકે છે?- બહુ દૂર ન જઇને પણ, ફક્ત ગુજરાતના આદિવાસીઓના આ આંકડા મેળવવા જોઇએ.”





“આપણું ફોકસ સાંસ્કૃતિક મુદ્દે રાખું તો મારો સવાલ એ છે કે અહીં મ્યુઝિયમમાં જોયાં તેવા પોષાક, ખોરાક, દાગીના, રીતરિવાજ કેટલા ટકા આદિવાસીઓ ‘જેમનાં તેમ’ વાપરે છે-પાળે છે-ચાલુ રાખે છે? સાવ લંગોટીવાળા આદિવાસી ગુજરાતમાં છે ખરા? હશે તે કદાચ સ્વેચ્છાએ, ઘરમાં એમ રહેતા હશે બાકી ઘર છોડીને બહાર જનારાં ઉપર તો ખાસી શહેરી અસરો થયેલી જોવા મળે જ છે.” બાદલે મહત્વના મુદ્દા મૂક્યા. “ધર્મ પણ સાંસ્કૃતિક મુદ્દો જ કહેવાય. છેલ્લાં થોડા સમયથી આપણે જોઇ રહ્યા છીએ કે આદિવાસીઓએ મુખ્યપ્રવાહ, પ્રગતિ, આર્થિક ઉન્નતિ માટે ધર્મને સીડી બનાવ્યો છે; એ પછી ખ્રિસ્તી ધર્મ હોય કે આજકાલ પેલું હિંદુ - ઘરવાપસીવાળું હોય! માત્ર ને ફક્ત પોતાનો આદિધર્મ કોણ પાળે છે? આદિવાસી પોતે પણ કેટલા ‘આદિવાસી’ રહેવા માગે છે એનો વિચાર કરવા જેવા!” વિલ્સનના મુદ્દા ધારદાર હતા પણ સાચા હતા.

ધીરજે એમાંથી નવો તાર કાઢ્યોઃ “મને તો લાગે છે કે આદિવાસીઓ મજબૂરીથી, નવા જમાના સાથે કદમ મિલાવવા બેવડી-ત્રેવડી જિંદગી જીવી રહ્યા છે! મૂળ સંસ્કૃતિ અમુક રીતરિવાજમાં ટકી ગઇ હશે. લગ્ન, પરણ, મરણ પછીની વિધિઓ વગેરે વિશે મ્યુઝિયમમાં જોયું તો ખ્યાલ આવ્યો કે આ બધા મુદ્દે આદિવાસી, આદિવાસી રહેવા માગે છે… બાકી શા માટે કોઇ પોતાને જંગલી કે ગમાર કે પછાત કહેવાડાવવાનું પસંદ કરે?!”

“આમ તો દેશમાં આદિવાસી મંત્રીઓ પણ થવા લાગ્યા છે. વોટબેન્ક તરીકે એમની વગ પણ વધી છે… ઝારખંડ, છત્તીસગઢ જેવાં તદ્દન નવાં રાજ્યો બન્યાં તે એમની રાજકીય સ્થિતિની પ્રગતિ જ બતાવે છે ને?!” શેખરે ઉમેર્યું. “અલ્યા, આ તમે કીધું એટલે કઉં છું હોં! ઠેઠ મુખ્યમંત્રી બની જવા જેવડું કાહું કાઢયું હોય તોયે આદિવાસીના અમુક રિવાજ પાળવામાં લાભ લાગે તો લોટી પડવાનું હો! એવું આપડા ગુજરાતમાંયે નો’તું થ્યું?” કનુભાઇને ‘ખાસ’ મુદ્દો યાદ આવ્યો. મિત્રોને બહુ ખ્યાલ ન આવ્યો પણ રચનાએ ટૂંકમાં સમજાવ્યું કે આદિવાસી તરીકેના વિશિષ્ટ સાંસ્કૃતિક અધિકાર બરકરાર રાખીને આપણા

એક આદિવાસી મુખ્યમંત્રીએ બહુ પત્નીત્વનો લાભ લીધો હતો! મિત્રોના ચહેરા પર એક સરખો ભાવ- 'ઓત્તારી'! વંદના જરા ગૂંચવાઇ- "આ તો પિતૃસત્તાનો મામલો કહેવાય! મેં તો એવું સાંભળ્યું છે ને વાંચ્યું પણ છે કે આદિવાસીઓ તો સ્ત્રી-પુરુષ સમાનતામાં માને! મિલકતનો અધિકાર, જમીન ખેડવાનો અધિકાર... બધામાં સમાનતા હોય; તોયે આવું!"

"બીજા બધામાં મુખ્યપ્રવાહની અસરો હોય, તો વલણોમાં પણ કહેવાતા ઉજળિયાતોની અસર પડે જ ને? મરદ દેખાવું હોય તો 'બાપુ' જેવો મિજાજ પણ બતાડવો પડે ને?" બાદલે ગમ્મતમાં મૂળ સાર કહી દીધો. "ભઇ, જો ભી હો, મુઝે તો આદિવાસીઓંકી જીંદગી ઔર સંસ્કૃતિ-સબ ખતરે મેં લગતે હૈં; બાકીવાલી દુનિયા પૂરી કુદરતકો નોચને ખસોટને જો બૈઠ ગઇ હૈ!" પરવીનના સ્વરમાં અફસોસ હતો.

"એટલે જ કહું છું ને- ગુજરાતનો આદિવાસી ત્રિભેટ ઊભો છે! નાછૂટકે એણે શહેરીકરણ અપનાવવું પડશે... કાં તો એમાં ભળી જઇને, કાં તો એના નિર્માણમાં પાયાના પથ્થર બની ચણાઇ જઇને!" શેખરે વેગથી કહ્યું. "એમણે ક્યા રસ્તે જવું એ આપણે શા માટે નક્કી કરીએ?" રચનાથી હવે ન રહેવાયું." પરમ્પરામાં રહેવું કે છોડવી- કઇ રાખવી ને કઇ છોડવી એ એમને જ નક્કી કરવા દઇએ તો કેવું? ખરેખર તો એમની ભૌગોલિક અને સાંસ્કૃતિક સ્થિતિ-ચુસ્તતાને કારણે બાકીના બહારના જગત સાથે પૂરા જોડાવાનું યે બાકી છે! અથડાતા-કૂટાતા જ સમજશે એ તો! અને તે પણ કોઇ સમજવા દેશે તો!" રચનાના અવાજની વ્યગ્રતાથી મીના પૂછી બેઠીઃ "બેન, તમે તો સાવ કેવી નિરાશાની વાત કરો છો!"

"બીજું શું કહું? એક તરફ વધતાં જતાં આર્થિક-સાંસ્કૃતિક પરિવર્તનો છે જેનો સામનો કરવા એકતા અને સંગઠન જરૂરી છે. પેલા લખનભાઇ શું કહેતા'તા યાદ છે ને? લડતો તો છે પણ અલગ અલગ છે; એને એકઠી કરવી પડશે... પોતે શોષિતો છે એવી એક જ ઓળખ ધારણ કરવી પડશે. અહીં તો પોતે બનાસકાંઠાના ભીલ ગરાસિયા છે, સાબરકાંઠાના ડુંગરી





ગરાસિયા છે, દાહોદ-પંચમહાલના ભીલ છે, પટેલિયા છે, નાયકડા છે કે પછી વડોદરાના રાઠવા-ધાનકા-નાયકા-તડવી છે... ભરૂચ-નર્મદાના વસાવા, ભીલ, તડવી, રાઠવા કે ગામીત છે; તાપી-સૂરતના ચૌધરી-દૂબળા- ધોડિયા-ગામિત-કૂકણા-કોટવાળિયા-હળપતિ છે કે પછી અમે નવસારીના હળપતિ ને કૂંકણા તે જુદા એવું જુદારું છે. વારલી ને ધોડિયા, કુનબી ને ભીલ, વલસાડના કોળી-કાથોડિયા-કોળધા વળી જુદા... આમ અનેક પ્રજાતિઓથી ઓળખાય છે અને નાના-નાના ફરકોનું ગૌરવ પણ પંપાળે છે. પોતપોતાની સંસ્કૃતિ છે ને પોતપોતાની અસ્મિતા છે." મંડળી ચકિત્!

"બહેન, આદિવાસીઓની જ્ઞાતિ-નાત-જાત હિંદુઓમાંની ના હોય ને?" કનુભાઇએ મહત્વનો પ્રશ્ન પૂછ્યો.

"ના. નૃવંશીય રીતે આ બધી પ્રજાતિઓ છે. હજારો વર્ષથી ભૌગોલિક સ્થિતિને લીધે સાંસ્કૃતિક માળખું અલગ જ છે. જ્ઞાતિવ્યવસ્થા કે વર્ણવ્યવસ્થામાં એ લોકો નથી આવતા."

"તો તો પછી એમને એમની રીતે રહેવા દેવા જોઇએ ને? જેમ લઘુમતિઓ માટે છે તેમ!" ધીરજે સાર કાઢ્યો.

"પણ મોટો પ્રશ્ન ત્યાં જ છે ને?! એ જે ધર્મને સ્વીકારે છે તે મુજબ એમની સંસ્કૃતિ નવો આકાર લે છે. ખ્રિસ્તીધર્મે એમને અંશતઃ પશ્ચિમી રંગે રંગ્યા પણ અમુક કેથલિક પાદરીઓનો સિદ્ધાંત એવો છે કે ભલે ધર્મ ખ્રિસ્તી પાળે; સંસ્કૃતિ એમની તળપદી રહેશે! બાઇબલ - અન્ય પૂજાવિધિ કે ભજનો વગેરે વર્ષોથી આદિવાસીઓની બોલીઓમાં થતાં રહ્યાં છે. પણ આ ક્યાં સુધી? બીજું કે ખ્રિસ્તી થવાથી કોઇ અનામત વગેરેનો લાભ નથી મળતો જ્યારે S.T. - આદિવાસીનો લાભ તો બંધારણે આપેલો જ છે."

"તે એ તો હિંદુ ધર્મ સ્વીકારશે તોયે ક્યાં લાભ મળવાનો? S.T.નો જ ને? એમને કઇ જ્ઞાતિમાં સમાવાય?!" ધીરજે મૂળ વાત કરી.

"એ તો એમ પણ થઇ શકે ને, કે થતું જ હશે કે ધર્મ ગમે તે હોય પણ સંસ્કૃતિ પોતાની તળપદી - આગવી જ રહે?" બાદલે ભોળું સમીકરણ આપ્યું. "એવું ક્યાં સુધી ટકે, તે વિચારજો.તમે આટલા દિવસથી હિંદુ ધર્મસ્થળો, પરંપરાઓ, પૂજાવિધિઓ જોતાં આવ્યાં છો- આ સર્વસમાવેશી હોય છે - છેવટે આગવાપણું ના રહે!"

"યે ભી અજીબ હૈ! એક તરફ "આગવાપણાની અસ્મિતા રાખવાની" ઔર દૂસરી તરફ મુખ્ય પ્રવાહમેં- સબમેં સમાવેશ હો જાઓ!" હમિદનો કટાક્ષ!

"પાછી એ અસ્મિતા ખાલી ઢોલ-ડોબરું-નાચ ને દારૂમાં જ સમાઇ જાય એટલી જ રાખવાની અને વારેતહેવારે દિલ્લીના રાજપથ-જનપથ ઉપર પ્રદર્શન માટે જ ટકાવવાની એ જુદું! અને બીજી તરફ મોટી યોજનાઓના શિકાર બનવા પહેલી હરોળમાં ઊભા રહી જવાનું! એમની જિંદગી મોટી કે અસ્મિતા?!" શેખરે પૂછી નાખ્યું!

"ખરેખર, આ પ્રશ્ન તો આપણે આદિવાસીઓને પૂછીએ એ એક વાત છે, આદિવાસીઓએ પોતે-પોતાની જાતને પૂછવાનું છે કે તેમને શું જોઇએ છે? મહાન પરંપરાનો મોભો કે સ્વમાનભેરનું સમાન નાગરિકત્વ?!" રચનાએ આ વાત મૂકી ત્યારે મંડળી વિચલિત થઇ ગઇ હતી.

"બહેન, મને તો એક બીજો મુદ્દો પણ ખટકે છે. તમે આ 'સમાન નાગરિકત્વ' કહો છો એમાં આદિવાસીઓને પણ ગણવાના જ હોય ને?" શેખરે જરાક દાઢમાં બોલીને પ્રશ્ન ઉઠાવ્યો.

"હાસ્તો! કેમ, એ લોકો ભારતના નાગરિકો તો છે જ ને?"

"તો પછી અમુક વિશેષાધિકારો એમને શા માટે મળવા જોઇએ? હું અભ્યાસ અને નોકરીના ક્ષેત્રની અનામતની વાત નથી કરતો; હું પેલા બહુપત્નીત્વનો વિરોધી છું અને ખાસ તો એમનામાંનાં સામંતશાહી વલણો હવે જવા જોઇએ એવું પણ માનું છે." શેખરે સ્વસ્થ અવાજમાં પોતાના મુદ્દા મૂક્યા.





"જરા એક્સ્પ્લેન કરો ના, શેખર!" હમિદ. રચનાના ચહેરા ઉપર પ્રશ્ન હતો.

"બહેન, હું પેલા ડાંગ-દરબારના નાટક વિશે વાત કરું છું!"

મિત્રોને થોડોક આઘાત લાગ્યો હોય એવા ચહેરા પરના ભાવ હતા.

"મતલબ?" યાસ્મિનનો પ્રશ્ન.

રચનાએ શેખરને જ એ મુદ્દો મૂકવા કહ્યું.

"હોળીના આગલા દિવસોમાં ડાંગના રાજાઓને સન્માનવાનો કાર્યક્રમ હોય છે એને 'ડાંગ દરબાર' એવું નામ આપવામાં આવે છે. આ દિવસોમાં ડાંગવિસ્તારના પાંચ / છ આદિવાસી રાજાઓની સવારી નીકળે છે, સાથે એમના બાહુબલિ(બોડીગાર્ડ-વીર રખેવાળો) પણ હોય છે. ઘોડા-બગ્ગી-મોટર શણગારીને વઘઇ-વાંસદા-આહવા જેવા જિલ્લાના મોટા શહેરોમાં શોભાયાત્રા નીકળે છે. મોટા મેદાનમાં જોરદાર મેળો ભરાય છે. ગામેગામથી ડાંગીઓ ઉભરાય છે. નાચ-ગાનની હરીફાઇઓ ચાલે છે, ખાણીપીણીની મજા માણે છે. ખરીદી માટે વૈવિધ્યથી ભરભૂર બજાર તો ખરું જ. એમાં હવે તો નવા ભવાઇવેશ ને સરકારી પ્રચારનાં શેરીનાટકો પણ ભજવાય છે. સૌથી મોટી વાત તો એ કે રાજ્યસરકારના મંત્રીઓ-અધિકારીઓ હાજર રહે છે અને રાજાઓને સાલિયાણું આપીને નવાજે છે." એકીશ્વાસે બોલી ગયેલા શેખરના અવાજમાં મજાક હતી-કટાક્ષ હતો અને અકળામણ પણ હતી જ.



**ડાંગ દરબાર**

"આમ તો દેશ આઝાદ થયા પછી રાજારજવાડાં નાબૂદ થઇ ગયાં હતાં. જે કંઇ વર્ષાસન મળતું હતું તે પણ વખત જતાં બંધ થઇ ગયું. કહેવાતા મુખ્યપ્રવાહના રાજારજવાડાં સંપૂર્ણ રીતે સામાન્ય બની ગયાં પણ આદિવાસી - ને તેમાંય આ ડાંગના રાજાઓ કેમના રાજા રહી ગયા?" બાદલે પોતાની સમજ મુજબ વિશ્લેષણપૂર્વકનો પ્રશ્ન કર્યો. મંડળી હજી સ્પષ્ટ નહોતી થઇ; એ જોઇને રચનાએ કહ્યું: "શેખર અને બાદલ બંનેના મુદ્દા મૂળ મહત્વના છે.ડાંગ દરબાર વિશે શેખરે 'નાટક'શબ્દ વાપર્યો; મને તો 'છેતરપિંડી' કહેવાનું મન થાય છે. અને આદિવાસીઓ સાથે આ છેતરપિંડી અંગ્રેજોના સમયથી થતી રહી છે. આપણે આગળ પણ વાત કરી હતી કે આદિવાસીઓનાં જળ-જંગલ અને કુદરતી સંસાધનો ઉપર અંગ્રેજોએ કબ્જો મેળવવા માટે જંગલના કાનૂન રચ્યા, જંગલની જમીન ખેડવાના પ્રતિબંધ કર્યા, જમીનો કબ્જે કરી... ને સાથે સાથે, જાણે આદિવાસીઓને પટાવવાની યુક્તિ તરીકે આવો સમારંભ ઉપજાવી કાઢ્યો. ઇ.સ.1843માં પહેલો ડાંગ દરબાર ભરાયો, જેમાં રાજાઓને સાલિયાણું-સન્માન-પાઘડી-પોષાક આપવાનું નાટક કરવામાં આવ્યું. અંગ્રેજ અધિકારીઓ પણ ડાંગના દુર્ગમ વિસ્તારોમાં આવ્યા અને આદિવાસીઓની આંખે પ્રશંસાના પાટા બાંધવાનું શરૂ કર્યું. વરસોવરસ આ ચાલ્યું, કઠપૂતળી સમા રાજાઓએ પણ પેઢી દર પેઢી આ કહેવાતું સન્માન મેળવવામાં ગૌરવ અનુભવ્યું. ખૂબીની વાત એ હતી કે વર્ષાસનની રકમ સાવ નજીવી હતી પણ 'સરકારી ઇનામ'ની ટીકા કોણ કરે? કેવી રીતે કરે? અથવા તો આ નાટક છે એવી ખબર પણ આદિવાસીઓને પડવી જોઇએ ને?!"

"અચ્છા, ફિર તો યૂં ખાલી ખાલી ખુશ કરકે ઉનકે અધિકારોં કો છીનનેકી ચાલાકી કરીબ દો સૌ સાલ સે ચલ રહી હૈ!" આમિરે સ્પષ્ટ અભિપ્રાય આપ્યો.

"પણ દેશ આઝાદ થઇ ગયો પછી પણ...?" ધીરજના સવાલનો જવાબ શેખરે ઓર તીખાશથી આપ્યો: "એ તો ટોપા ગયા ને ટોપીઓ આવી! આદિવાસીઓની હાલતમાં કંઇ ફરક નથી પડ્યો એ તો કેવડિયાવાળા વડીલોએ પણ કહ્યું ને?"





"ફરક નથી પડ્યો એવું નથી. પણ બદલાતા સંદર્ભો સાથે છેતરપિંડી અને નાટકો પણ ટીપટોપ થઇ ગયા છે એમ કહેવાય. દેશ સ્વતંત્ર થયો, ડાંગને ગુજરાતમાં ભેળવવામાં આવ્યું; એવા એવા મહત્વના રાજકીય વળાંકો પછી પણ જો આવાં છેતરપિંડીનાં નાટક ચાલુ રહે તો એમાં આપનાર અને લેનાર- બંને પાર્ટીનો સ્વાર્થ સંકળાયો છે એવું લાગે છે!" રચનાએ કંઇક કડવી વાત કરી.

"આદિવાસીઓને વળી શો સ્વાર્થ?" "મુખ્યપ્રવાહમાં સ્વીકાર થવાનો!"

"બિલકુલ! વળી આપણા મંત્રીઓ-નેતાઓ તો આદિવાસીઓને સંસ્કૃતિના મામલે 'મામો' બનાવતા જ રહ્યા છે ને? ભલે એમનાં ઘરબાર-રોજીરોટી ડૂબી જાય પણ નાચીગાઇને એમણે તો સાંસ્કૃતિક ગૌરવનું પ્રદર્શન કર્યે રાખવાનું! મેં આ ડાંગ દરબાર વિશે આખું ટી.વી.કવરેજ જોયું હતું ત્યારે, કોઇએ આદિવાસીઓના હક-હિતની વાત ભાગ્યે જ કરેલી; કરી તેય શિક્ષણ ને દારૂબંધી જેવી સરકારી ભાષામાં જ કરી હતી પણ દરેક વક્તાએ આદિવાસીઓની ભવ્ય પરંપરાને એવી તો બિરદાવી હતી કે ત્યાં બેઠેલા એકેએક આદિવાસીની છાતી ગજ ગજ ફૂલે- પછી ભલેને પહેરવા શર્ટ સુધ્ધાં ના હોય!" શેખર પાસે આંખે દેખ્યો અહેવાલ હતો.

"સરવાળે, દરેક સરકારે આદિવાસી સાથે આ જ કર્યું છે, એમ ને?"

"વિલ્સન, સવાલ યે ઉઠતા હૈ કિ ઐસા કરને ક્યોં દિયા જાતા હૈ!"

"હમિદ, આમ પણ આપણા આદિવાસીઓ - ખાસ તો ગુજરાતના- સરકારો આગળ નમતા આવ્યા છે. પેલું ઝારખંડ-બિહાર-છત્તીસગઢનું ઉદ્દામવાદી આંદોલન તો ગુજરાત સુધી નહિવત્ પહોંચ્યું છે. 'ઉલગુલાન'ના બિરસા મુંડા ને આપણે યાદ કરીએ, પૂજીએ એનાં ગીતો- નાટકો કરીએ પણ એ મિજાજ આપણી પાસે ક્યાં? વળી ઉગ્રવાદી ગણાતા ડાબેરી આંદોલનને ડામી જ દેવાયું છે!... અંતરિયાળ વિસ્તારોમાં કર્મશીલો સક્રિય નથી એવું નથી પણ ઉદ્દામ વલણોનું માપ જાણે ઊણું પડે છે અને 'બંધારણીય રાહે' કાનૂની લડાઇઓ લડવાની તાસીર જાણે વધતી

જાય છે, એવું લાગે છે. વળી આપણી પાસે પેલો 'ગાંધીચીંધ્યો માર્ગ'તો સદી જૂનો થઇ ગયો છે!''....

''પણ પોતે કયા રસ્તે જવું એ તો આખરે એમણે નક્કી કરવાનું છે ને?'' ધીરજે વાત વાળી.

''તોયે, કમ સે કમ ખાલી અસ્મિતા ને પરંપરાના નામે ચાલતાં આવાં હાસ્યાસ્પદ સામંતવાદી કાર્યક્રમો સામે તો લાલ આંખ કરી જ શકાય ને?'' બાદલ.

''કોણ કરે? હવે તો અસ્મિતા સાથે બજાર પણ જોડાઇ ગયું છે ને? આવા સમારંભોમાં વરસોવરસ કમાણી કરી લેનારા કંઇ 'બહારના લોકો' જ હોય એવું કોણે કહ્યું?! અને હવે તો પ્રવાસન વિભાગના પ્રચંડ પ્રયત્નોથી ડાંગ સમૃદ્ધ છે એવું પણ સાબિત કરવું જ પડશે ને?- ભલે ને પછી ડાંગીઓ ગમે તેટલા ગરીબ હોય!'' શેખરના નિરીક્ષણનો સહેજે વિરોધ થાય એવું કોઇ કારણ-તારણ હતું ખરું?!



**આદિવાસી વાદ્યો**

''ખેર, સાપુતારાના મુદ્દે આમ તો આપણે આખા આદિવાસી સમુદાય વિશે ચર્ચાઓ ખાસી કરી- મજાની કે દુઃખની વાત એ છે કે અહીં નવા સાહસની પહેલ કોણ કરશે? કોણ ઘસીને ના કહેશે કે ''ના -હું નહિ નાચું! પહેલાં મને જીવવાનો અધિકાર આપો.'' રચનાની આ વાતથી સાપુતારાના ડુંગરામાં સોપો પડી ગયો.રાત જામતી હતી. છેલ્લી રાત હતી. કાલે સૂર્યોદય પણ સાપુતારામાં જ જોવાનો હતો... કંઇક નવું જોવા મળશે એવી આશા સાથે મંડળી વિખેરાઇ.

★★★





# ... અને થોડુંક પછી

## (સમાપનઃ મધ્ય અને દક્ષિણ ગુજરાત)

મંડળીએ સૂર્યોદય તો સાપુતારામાં જોયો પણ ત્યાંથી નીકળીને પહોંચ્યાં સીધા દમણ. મંડળીની છેલ્લી ફિડબેક મિટીંગ કહો તો તે અને જોવાલયક જગ્યા ગણો તો તે- દમણમાં હતી. ચિંતનભાઇ અને ગીતાબહેન ત્યાં પહોંચી ગયાં હતાં. દરિયાકિનારે ઉતારાની વ્યવસ્થા હતી. ફિડબેક મિટીંગ પહેલાં બબૂકડું 'દમણ-દર્શન' પણ રાખ્યું હતું. દમણનો કિલ્લો, ચર્ચ અને પોર્ચુગીઝકાળના અવશેષો જોયા પછી ભોજન અને મિટીંગનો કાર્યક્રમ હતો.



**દમણનો કિલ્લો**

બપોરે બેના સુમારે દરિયાકિનારાની હૉટલમાં મંડળી ભોજન માટે બેઠી ત્યારે ભરતી જોઇને ગેલમાં આવી ગયેલા આમિરે કહ્યું, ''લો, આખિર મેં કંડલામેં દેખા થા તો આજ દમણ મેં દેખા સમદંર કો!'' ''બેશક, યહ જગહ બહુત ખુશનુમા હૈ પર સમંદર મેં વો-વાલી બાત કહાં હૈ?!'' હમિદ જાણે થોડોક નિરાશ થયો.

''હા, આમ તો આ ખંભાતના અખાતનો છેડો કહેવાય છે. મુંદ્રા-કંડલામાં પણ આપણે ખાડી જ જોઇ હતી; જો કે મોકળો દરિયો તમે ખાસ્સો માણ્યો છે એટલે અહીં થોડું ઊણું જ લાગે!'' રચનાએ કહ્યું. ''અલ્યા, અહીં દમણમાં શું શું જોયું? કેવું લાગ્યું?'' ચિંતનનો પ્રશ્ન સાંભળીને બાદલે શરૂઆત કરીઃ ''દીવ જોયું ત્યારે જ, પોર્ચુગીઝો સાથેનાં યુદ્ધો, તેમનું શાસન, તેમના ખ્રિસ્તીધર્મ-પ્રચાર વિશે ખાસી વાતો થઇ હતી એટલે દમણમાં ઇતિહાસ સમજતાં મુશ્કેલી ના પડી! અહીંનો કિલ્લો ખાસો લાંબો-પહોળો છે; જો કે દીવના કિલ્લા કરતાં ઓછો ભવ્ય! સંત જેરોમનું સરસ પૂતળું, દેવદૂતો અને મધ્યકાલીન ધાર્મિક પ્રતીકોવાળો દરવાજો આકર્ષક લાગ્યો.''

''કોતરણી હતી તો સરસ પણ જરા રફ અને જાડી લાગી!'' મીનાનું નિરીક્ષણ બારીક હતું. તોયે ખ્રિસ્તીધર્મની ઝાંખી તો જોવા મળી.'' ''આ કિલ્લો યુદ્ધભૂમિ હશે ને વેપારી મથક પણ હશે એ સ્પષ્ટ દેખાતું હતું. 17-18મી સદીમાં પોર્ચુગીઝો અને મરાઠાઓ વચ્ચે નાનીમોટી લડાઇઓ ચાલી હશે એ સાચું પણ આજનું દમણ તો મને મહારાષ્ટ્રનું કોઇ નાનું, અવિકસિત નગર અને મધ્યમકક્ષાનું વિહારધામ જ લાગ્યું! મારી માતૃભૂમિ ખાનદેશમાં છે એટલે મહારાષ્ટ્રનાં લક્ષણો મને ઝટ્ ઓળખાય!'' વિલ્સને સારો મુદ્દો મૂક્યો.

''એક તો મહારાષ્ટ્રની સાવ નજીક છે ને વળી પાછું મુંબઇનો પાડોશ એટલે ખાસી બધી સાંસ્કૃતિક અસરો છે. હનુમાન અને ગણપતિની દહેરીઓ કેટલી બધી જોવા મળી? શિવસેનાના રંગારાઓએ અહીં પણ ભગવા લપેટા મારી જ દીધા છે!'' શેખર- બીજું કોણ? ''દીવ ઉપર હજી પણ પોર્ચુગીઝ અસરો બાકી





છે; ભલે ને થોડું 'ઘેટ્ટો' જેવું લાગે! અહીં તો ભાષા કે પોષાક... કશું સચવાયું નથી!'' વંદનાને લાગ્યું કે જાણે 'ધક્કો' થયો!

''અલ્યાં, આપણે વાત નહોતી થઇ, કે ભૂગોળ સંસ્કૃતિ ને સભ્યતાનું ઘડતર કરનારું મહત્વનું પરિબળ છે!... તો પછી? દીવ અને દમણની ભૂગોળની સરખામણી કરો- જવાબ મળી જશે! વળી તમે જ કહ્યું ને કે મુંબઇની પાડોશમાં છે... તો પછી? અને ભૂલવું ના જોઇએ કે દીવમાં પણ આપણને ધીમું હિંદુકરણ જોવા મળ્યું જ હતું.'' રચનાએ મંડળીને સહેજ ટપારી.

''ખેર, એ તો હવે સમય સાથે સત્તા પણ બદલાઇ છે એટલે ધીમેધીમે બધું એકરંગી બનવાનું! કમ સે કમ અત્યારે તો આ પોર્ચુગીઝ ખૂશ્બૂવાળી વાનગીઓ જમો અને પ્રવાસની પૂર્ણાહૂતિ કરો; પછી ફિડબેક મિટીંગ શરૂ કરીએ.'' ચિંતનની સૂચના પછી મિત્રો દરિયાઇ વાનગીની લિજ્જત માણ્યા પછી, ત્યાં જ સમુદ્રકિનારાની હરિયાળીમાં વર્તુળાકારે ગોઠવાયાં.

''સોચ રહા હૂં, કહાં સે શુરૂ કરું? વૈસે મહેમુદાબાદ ઔર ચાંપાનેરવાલી જોડી હી અચ્છી રહેગી! હાલાંકિ 'મહેમદાવાદ'મેં થોડી નિરાશ હી હુઇ થી; પર ભમ્મરિયા કૂવા સે અહમદાબાદ કે ભદ્ર તક ભોંયરે જાતે હૈં યહ સુનકર બડા અજૂબા હુઆ! સહીં મેં સુલતાન બેગડા બહાદૂર લડાકૂ હોગા ઔર જીતને પર કલાપ્રેમી બન જાતા હોગા. ચાંપાનેર ઔર પાવાગઢ પર્વત પર બની હુઇ ઇમારતોં કો દેખકર ગુજરાત કી ઇસ્લામી કલા-કારીગરી પર નાઝ હુઆ.'' ''ચાંપાનેર 'હેરિટેજ-સાઇટ' બને એ ગૌરવની વાત છે પણ એની પાછળના રાજકારણના આટાપાટા અને છેવટે 2002નો જનસંહાર... શરમજનક છે!'' વંદનાના અવાજમાં દુઃખ હતું. ''આમ જુઓ તો સમન્વયનું સ્થાપત્ય કહેવાય પણ સ્થાનિક રાજકારણે એને ઝાંખપ લગાડી દીધી.''

''એ પછી અમે હીરા ભાગોળ-ડભોઇનો કિલ્લો જોયો, ત્યાં પણ દંતકથામાં લપેટાયેલો લોહીયાળ ઇતિહાસ જાણ્યો ત્યારે ત્રાસ છૂટેલો. સામંતકાળની આવી ઘટનાઓ એ કાળમાં રચાયેલા સ્થાપત્ય સામે સવાલો ઊભા કરી દે છે.'' ધીરજે

કલા અને ઇતિહાસ વચ્ચેના હિંસક જોડાણને ઉજાગર કર્યું. "આ તમે લોકોએ ઠીક પકડ્યું! સુંદરતા સાપેક્ષ હોય છે. મતલબ કે એકને મન સુંદર હોય તે બીજાની પીડા પણ હોઈ શકે! તાજમહેલની બેજોડ ખૂબસુરતી વિશે ખૂબ લખાયું છે, એનાં વખાણ કરીએ એટલાં ઓછાં પણ પ્રખ્યાત જનવાદી ઉર્દૂ શાયર સાહિર લુધિયાનવીના પેલા શેરે, વર્ષો પહેલાં સૌન્દર્યના માપદંડો સામે સવાલ ઊઠાવવાનું સાહસ કરેલું:

*"એક શહનશાહને અપની દૌલત કા સહારા લેકર*

*હમ ગરીબોં કી મોહબ્બત કા ઊડાયા હૈ મઝાક!"*

આ કંઈ અણઘડ, ઉછાંછળા યુવાનનો અધકચરો પૂર્વગ્રહ નહોતો; ખરું ને?" ચિંતને બહુ સરસ રીતે સંસ્કૃતિને-સુંદરતાને નાણવાનો નુસ્ખો આપી દીધો.

"ડભોઈથી જ નર્મદા યોજનાનો સ્વાદ ચાખવા મળ્યો હતો..."શેખરે શરૂ તો કર્યું પણ ચિંતને કહ્યું, "એક મિનીટ શેખર, આદિવાસી-વિસ્તારો અને તેમના પ્રશ્નો વિશે એક સાથે જ વાત કરીશું; એ પહેલાં ભરૂચ, સૂરત..."

"ભરૂચ તો બોલે તો અંદર સે દેખનેકા પ્રોગ્રામ નહિ થા પર ઉસકે બારે મેં જો બાતેં હો સકી ઉસ પર સે કહ સકતે હૈં કિ ઇસ્લામ કે બારે મેં સ્ટડી કરનેવાલોં કે લિયે ઇમ્પોર્ટન્ટ શહર હૈ. આજ કે ગુજરાતમેં ઇસકા આબાદ હોના અપને આપ મેં એક પોઝિટિવ મુદ્દા લગા."

"જબ બાબા ઘોર કી દરગાહ પર ગયે તબ બહુત અચ્છા લગા. વૈસે તો જુમ્મેરાત(ગુરૂવાર)કા દિન નહિ થા પર જબ હોતા હૈગા તબ ઉસકી શાન કૈસી હૈગી યહ બાત સમઝ સકતે હૈં. સબસે અચ્છા તો તબ લગા જબ ગુજરાતી સૂફી ગરબે સુનને કો મિલે. આમ લોગોં કે દિલ કિતને બડે હૈંગે યે જાનકર સહીમેં સૂકૂન મિલા." યાસ્મિન અભિભૂત હતી. "જો કે પરદેશી ઇતિહાસકારોએ તો બાબા ઘોરને અકીકની કારીગરીના ઉસ્તાદ અને ગુલામોને વેપારી સાહસિકો બનાવનારા ઉદ્યોગસાહસિક તરીકે જ ઉલ્લેખ્યા છે. બાબાના સૂફીવાદનો ઉલ્લેખ ભાગ્યે જ છે." શેખરે જરા કચવાટ સાથે કહ્યું. "... તો સામા પક્ષે જે





લોકો બાબાના અનુયાયી છે, ભક્તો છે એમને એમની ઉદ્યોગ-સાહસિકતાની કંઇ ખબર જ નહિ હોય! ઇતિહાસમાં રોમાંટિક કશું નથી હોતું; હકીકતોને યાદ રાખવા માટે સમાજ વાર્તાઓ વણે છે અને ફેલાવે છે." ચિંતનના આ ટૂંકા પણ સચોટ નિરીક્ષણને મંડળીએ વધાવી લીધું. એમના ઘણા બધા કોયડાનો ઊકેલ આમાં છૂપાયો હતો ને!

"સૂરત તો વિકાસ તરફ ઝડપભેર ગતિ કરી રહેલું શહેર લાગ્યું. એનોયે હેરિટેજ પ્રોજેક્ટ શરૂ થયો છે એટલે ઐતિહાસિક સ્થળોમાં કિલ્લો કે ગોપીતળાવ જોવા ના મળ્યાં પણ જાણકારી ખાસ્સી મેળવી લીધી." ધીરજે શરૂઆત કરી એટલે બાકીનાં મિત્રો પણ કંઇ ને કંઇ કહેવા તલપાપડ બની ગયાં.

"પેલા વલંદા, આર્મેનિયન અને અંગ્રેજોની કબરો એકદમ આગવી અને સમન્વયના ઉત્તમ નમૂના જેવી લાગી પણ એના વિશે ખુદ સૂરતીઓને પણ કેટલી જાણકારી હશે એની શંકા છે! જો કે પ્રમાણમાં ઠીક કહેવાય એવી સફાઇ પણ જોવા મળી અને માહિતીનાં પાટિયાં પણ વ્યવસ્થિત હતાં પણ શૈલીઓના સમન્વય વિશે આધારભૂત / ઓથેન્ટિક માહિતી મળવી જોઇએ એવું મને લાગ્યું. આપણા સોલંકી, સલ્તનતના સ્થાપત્ય વિશે લખતા હોય છે ત્યારે વિદ્વાનો શૈલીની સમજ આપતા હોય છે પણ સૂરતમાં એ જોવા ના મળ્યું." વિલ્સને અફસોસ સાથે કહ્યું. "સંકુચિત રાષ્ટ્રવાદી સમજણે આપણને વિદેશીઓના સકારાત્મક પ્રદાનની નોંધ લેવાનું ભૂલાવી દીધું છે! એ લોકોને મન વિદેશી શાસકો એટલે લૂંટારા અને શોષકો! એ પરિબળો આપણને એ નથી કહેતા કે એ વિદેશી શાસકોએ, વહાણવટીઓએ સૂરતના વહાણવટાને વૈશ્વિક સ્તરે મૂકી આપ્યું, વિજ્ઞાન અને ટેક્નોલોજીનો પ્રભાવ 18મી સદીથી જ સૂરત ઉપર પડવા લાગ્યો. શિક્ષણ, સમાજ-સુધારો, પ્રિન્ટિંગ પ્રેસ... બધું પશ્ચિમ ભારતમાં સૌ પ્રથમ સૂરતમાં શરૂ થયેલું તે આ વિદેશી અધિકારીઓની નીતિ-રીતિના પ્રતાપે." ચિંતને કહ્યું.

"આ આખું દૃષ્ટિબિંદુ જ ખૂટે છે પેલા મ્યુઝિયમવાળા વિડીયો શોમાં- જેમાં સૂરતના કહેવાતા ઇતિહાસની વાર્તાઓ જોવા મળી હતી!" વંદનાએ ચીડથી

કહ્યું. ''એ વિડીયોમાં તો સૂરતનાં વિકાસ અને સમૃદ્ધિ- બધું સૂર્યભગવાનની કૃપાથી જ શક્ય બન્યું હતું એવું બતાવ્યું છે!'' મીનાએ પણ છણકો કર્યો. ''પેલા એકાંગી-એકહથ્થુ સંસ્કૃતિના પ્રચારક પરિબળો કેટલી હદ સુધી ઇતિહાસને મારી મચડી શકે છે, એ શિવાજીએ કરેલી સૂરતની લૂંટ વિશેનો બચાવ-પ્રસંગ જોઇને એ લોકોનો અભિગમ સાવ પર્દાફાશ થઇ ગયો!'' બાદલ. ''અલબત્ત, એમનાં ચશ્માંથી સૂરતને ના જ જોવાય. 19મી સદીમાં ગુજરાતી પત્રકારત્વ, સાહિત્ય, શબ્દકોશ, શિક્ષણ, નાટ્યકળામાં સૂરતે પહેલ કરેલી. જે તે વિષયના નિષ્ણાતોએ આત્મચરિત્રો લખ્યાં, વિવિધ સ્વરૂપોમાં સાહિત્ય-સર્જન કર્યું... આ બધું જોવા જાઓ તો ગુજરાતભરના સામાજિક-સાંસ્કૃતિક વિકાસમાં સૂરતે આપેલા સિંહફાળાનું મૂલ્યાંકન થશે. સૂરતમાં અંધશ્રદ્ધા સામે 19મી સદીમાં શરૂ થયેલી ઝૂંબેશ આજે પણ જીવંત છે. રેશનાલિઝમ-વિવેકબુદ્ધિવાદની દિશામાં સૂરતની આગેકૂચ આજે પણ જારી છે. સંશોધકો, સમાજવિજ્ઞાનીઓના અભ્યાસ-સંશોધને ગુજરાતના સાંસ્કૃતિક સિનારિયોમાં મહત્વના રંગ પૂર્યા છે. આ બધું જોવું-તપાસવું આપણા જેવાનું કામ છે. આ પ્રવાસથી એ દિશામાં જવાની પ્રેરણા મળશે.'' ચિંતને વિસ્તારપૂર્વક મહત્વની વાત કરી. ''વળી જેમ આ સાંસ્કૃતિક ઘડવૈયાનું પ્રદાન નોંધ્યા વગર ના ચાલે એવી રીતે સૂરતની આર્થિક સમૃદ્ધિના ઘડવૈયા એવા દેશભરમાંથી આવીને અહીં વસેલા, 'બહારના' કહેવાતા મરાઠી, ખાનદેશી, કાનડી, તેલુગુ ને તામિલ શ્રમિકો ને સૌરાષ્ટ્રના રત્નકલાકારોનું પ્રદાન પણ ના ચૂકાય. આ બધાંનો સરવાળો થાય ત્યારે સૂરત સોનાની મૂરત થાય એવું આપણે સમજીએ અને બીજાને ગળે ઊતારી શકીએ ત્યારે સૂરત જોયું સાર્થક થાય.'' રચનાએ જાણે સમજવાની ચાવી આપી દીધી.

''ચિંતનભાઇ, હવે આદિવાસીઓ વિશે, મારા મનમાં જે પ્રશ્ન ઘુમરાયા કરે છે તે પૂછું?- એમની સંસ્કૃતિ બરકરાર રહે અને છતાં એ લોકો મુખ્યપ્રવાહમાં આર્થિક રીતે પગભર થતાં જાય એવું શક્ય છે?'' ''શેખર, મુખ્ય પ્રવાહમાં આર્થિક રીતે પગભર કે સધ્ધર થવાની સાથે જ આદિવાસીઓનો બજાર સાથે અને તેથી કરીને 'બજાર-સંસ્કૃતિ' સાથેનો સંપર્ક શરૂ થઇ જાય છે. એવા





સંજોગોમાં એમની સંસ્કૃતિને કેટલી હદે જાળવી શકે એ પ્રશ્ન છે. શિક્ષિત આદિવાસીઓની પહેલી કે બહુબહુ તો બીજી પેઢી સુધી પરંપરાઓ ટકી શકે, સમતુલન જળવાઇ શકે પણ પછી તો બધું છૂટતું જાય... અને એનો અફસોસ પણ શા માટે હોય?'' ''આદિવાસીઓ પોતાનો આદિધર્મ છોડીને બીજા ધર્મો અપનાવે છે એ પણ મુખ્યપ્રવાહમાં ભળવા માટે હશે?'' વંદનાનો સવાલ વિચારપ્રેરક હતો. બધાં જ ચિંતનને સાંભળવા તત્પર બન્યાં.

''આદિવાસીઓનો પોતાનો ધર્મ એમની આધ્યાત્મિક ભૂખ સંતોષતો હશે પણ સામાજિક સન્માન નહિ આપતો હોય. અને જ્યાં સુધી સમાજમાં તમારી ગણતરી ના થયા ત્યાં સુધી માણસને ચેન નથી પડતું.'' ચિંતને બાઇબલનું પેલું પ્રખ્યાત વાક્ય યાદ કરાવ્યું: ''નોટ બાય બ્રેડ અલોન- માણસ માત્ર રોટલીથી નથી જીવતો! એને સન્માન પણ જોઇએ છે!''

''મતલબ કે આદિવાસીઓનું ધર્માંતરણ કે ધર્મસ્વીકાર એક જાતનું સામાજિકરણ(સોશ્યાલાઇઝેશન) છે. જે એમને જંગલ-ડુંગર બહારની દુનિયા સાથે સાંકળે છે.'' ''પણ આ ધર્મસ્વીકારનાં પરિણામો પણ જોવા મળ્યાં જ- એમનો સ્વીકાર મુખ્યપ્રવાહના રાજકરણમાં થયો- જ્યારે ગાંધીવાદીઓની અસર તળે આદિવાસી રહીને પણ શિક્ષણ-કાંતણ-ખાદી ઉપરાંત રાજકારણ પણ મળ્યું. ફક્ત વોટબેંક બન્યા એવું નહિ- મંત્રી, ધારાસભ્ય, સંસદસભ્ય સુદ્ધાં બન્યાં!''

''શેખરે કહ્યું એ મુદ્દે આગળ વધીએ તો એ લોકો ખ્રિસ્તી બન્યા ત્યારે શિક્ષણ અને રોજગારીના લાભ મળ્યા. પોલિસમાં, શિક્ષકો તરીકે, સરકારી અધિકારી તરીકે કેટલા બધા આદિવાસીઓ આગળ આવી ગયા?!'' બાદલ.

''તમારા બંનેના મુદ્દા સાચા છે છતાં આજે જળ-જંગલ-જમીન વિહોણા કે એ મુદ્દે અન્યાય વેઠનારા કેટલા બધા આદિવાસીઓને પેઢીઓથી સંઘર્ષ કરવો પડે છે, એ તમે કેવડિયાની મુલાકાત વખતે જોયું-સાંભળ્યું; એ કેમ ભૂલી જાઓ છો?'' ચિંતને જાણે મૂળ મુદ્દાનું ભાન કરાવ્યું.

રચનાએ કહ્યું, “લાગે છે કે હવે આખા દક્ષિણ ગુજરાતની મુલાકાતનો સાર અને આદિવાસી સમુદાયની સાથોસાથ હાલના વિકાસની જે તરાહ શરૂ થઇ છે તેનું વિશ્લેષણ પણ આપમેળે થઇ જાય છે. આપણે આટલા દિવસો દરમ્યાન સભ્યતા અને સંસ્કૃતિના જે ચઢાવ-ઉતાર જોતા રહ્યાં તેનો જાણે અહીં અંત આવે છે.”

ગીતાબહેને સરસ વાત કરી - “જાણો છો, પારસી લેખકો જ્યારે વાર્તા કે નવલકથા પૂરી કરતા ત્યારે એક શબ્દ વાપરતા “સુખી સેવટ (છેવટ)” તો આપણે હવે ત્યાં પહોંચી ગયાં છીએ, એને માટે હવે “મધુરેણ સમાપયેત” કરવા ફક્ત મજાના આઇસ્ક્રીમની જરૂર છે.”



સામે સંધ્યાકાળનો સમુદ્ર નારંગી બનતો જતો હતો. સૂર્ય સાગરમાં ઓગળી રહ્યો હતો- આવતી કાલે નવા રંગે- રૂપે ફરી પાછો ઊગવાસ્તો! દમણના દરિયાકિનારે વીજળીનો પ્રકાશ લહેરાઇ રહ્યો. મંડળી પણ આખાયે પ્રવાસની લિજ્જત મમળાવતી, ઠંડી હવાની લહેરો સાથે આઇસ્ક્રીમની ઠંડક માણી રહી.

★★★





# પરિશિષ્ટ - 1
# પુરાતત્વવિદો અને સંશોધનકર્તાઓ

ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાસમાં ઇતિહાસ, પુરાતત્વ વિશેનાં સંશોધનો વિશે ઘણા ઉલ્લેખો થયા છે. જોવાલાયક જગ્યાઓના સંદર્ભે, સાંસ્કૃતિક આદાન-પ્રદાન સંદર્ભે અને કલાઓની સુરક્ષા, પ્રોત્સાહન તેમ જ વહીવટી નિર્ણયો લેનારા 18 અને 19મી સદીના યુરોપિયન સંશોધકો, ભારતીય સંસ્કૃતિના તજજ્ઞો, ભાષાવિજ્ઞાનીઓ, કલારક્ષકોનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.અહીં એમાંના કેટલાક મહત્વપૂર્ણ વિદ્વાનોનો ટૂંકો પરિચય આપીએ છીએ.

## 1. સર એલેક્ઝાન્ડર કનિંગહામ
**(Alexander Cunningham)**




**જન્મ:** 1814, લંડન.

**અવસાન:** 1893, લંડન

મૂળે બ્રિટીશ એન્જિનીયર સર એલેક્ઝાન્ડરની નિમણૂંક બેંગાલ એન્જિનીયર ગ્રૂપમાં કરવામાં આવી હતી. જેના નેજા નીચે હિંદુસ્તાનમાં પુરાતત્વને લગતાં સંશોધનો શરૂ થયાં હતાં. આગળ જતાં તેમણે પુરાતત્વનાં ઉત્ખનન / ખોદકામ અને સંશોધનોને વ્યવસ્થિત રૂપ આપ્યું અને ‘આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા’ની સ્થાપના કરી- ઇ.સ.1861.

સર એલકેઝાન્ડર કનિંગહામના સંશોધન-અહેવાલો અને પુસ્તિકાઓના પ્રભાવ નીચે હિંદુસ્તાનમાં પુરાતત્વ-સંશોધનનાં અસંખ્ય પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા. તેમને પુરાતત્વીય સંશોધનના જનક કહી શકાય.

## 2. સર જહોન માર્શલ (John Marshall)



**જન્મ:** 1876, ચેસ્ટર, ઈંગ્લંડ.

**અવસાન:** 1958, ગિલફોર્ડ, ઈંગ્લંડ.

સર જહોન માર્શલ ઈતિહાસ અને પુરાતત્વના ક્ષેત્રે બહુ મોટું નામ કહેવાય. ‘આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા’ના નિર્દેશક(ડાયરેક્ટર)પદે 1902થી 1928 સુધી કામગિરી બજાવનાર આ વિદ્વાન સંશોધકે જ હડપ્પા અને મોંએં-જો-દડોના ઉત્ખનન-સંશોધન કરાવ્યાં હતા. તદુપરાંત સાંચી, સારનાથ અને તક્ષશિલા જેવાં બૌદ્ધ સ્થાનકોના સંશોધન-ઉત્ખનનમાં તેઓ અગ્રેસર હતા. આ તમામ સંશોધનોના અહેવાલો અને અભ્યાસ ગ્રંથો એમનું અત્યંત મહત્વનું પ્રદાન કહી શકાય. ભારત / હિંદુસ્તાનના ઈતિહાસ-સંસ્કૃતિ અને પુરાતત્વના ક્ષેત્રે આર્યપૂર્વેની મહાન સિંધુ સભ્યતાના દરવાજા ખોલી આપનાર આ સંશોધકે નવી જ દિશાઓ ખોલી દીધી; જેને કારણે હિંદુસ્તાન તરફના દષ્ટિકોણ અને મૂલ્યાંકન ઉપર મોટો પ્રભાવ પડ્યો.

## 3. પ્રો. રાખાલદાસ બેનરજી (R. D. Banerji)



**જન્મ:** 1885, બહેરામપોર- બંગાળ(બ્રિટીશ ઈંડિયા)

**અવસાન:** 1930, કલકત્તા-બંગાળ(બ્રિટીશ ઈંડિયા)


સિંધુ-સભ્યતાના સંશોધક પ્રો. રાખાલદાસ બેનરજી હિંદુસ્તાનના ઈતિહાસ-પુરાતત્વ-પ્રાચ્યવિદ્યાઓ-અભિલેખ વિદ્યાનાં પ્રથમ હિંદુસ્તાની તજજ્ઞ વિદ્વાનનું સન્માન ધરાવે છે.





સિંધુ સભ્યતાની જગ્યાઓની શોધખોળમાં તેઓ અગ્રેસર હતા. બનારસ હિંદુ 19મી સદીના નવજાગરણકાળના એક અગત્યના ઈતિહાસવેત્તા તરીકે હંમેશા યાદ રાખવામાં આવશે.

## 4. ડો.એસ.આર.રાવ (Dr. S. R. Rao)




**જન્મ:** 1922, કર્ણાટક.

**અવસાન:** 2013, કર્ણાટક.

ડો.એસ.આર.રાવનું નામ પણ સિંધુ-સભ્યતાનાં ઉત્ખનન-સંશોધન સાથે સંકળાયેલું છે. ખાસ તો 1954માં ગુજરાતમાં લોથલ ઉપરાંત રંગપુર-રોઝડી-દેશલપર વગેરે નાનીમોટી સાઈટ્સ ઉપર ખોદકામ કરાવીને પ્રાપ્ત નમૂનાઓનું પંજીકરણ, વર્ગીકરણ, વગેરે કરાવીને સંગ્રહાલય યોગ્ય સામગ્રી બનાવડાવવામાં તેમનો મોટો ફાળો છે. અમદાવાદ જિલ્લાનું ‘લોથલ મ્યુઝિયમ’ ડો. રાવનું મહત્વનું પ્રદાન કહી શકાય.

બેટ દ્વારકાનું ઉત્ખનન-સંશોધન એ બીજું મહત્વનું પ્રદાન છે. જ્યાં સિંધુસભ્યતાની સમાંતર સભ્યતાની નગરીના અવશેષો મળ્યા છે- ખાસ તો દીવાલ, લંગર, પાટડા આદિ. પરંતુ આ સંશોધનને મહાભારત જેવા અર્ધ ઐતિહાસિક સાહિત્ય સાથે જોડીને અહીં જ શ્રીકૃષ્ણે સ્થાપેલી કુશસ્થલી-દ્વારકા હતી એમ પ્રચાર કરવામાં આવે છે.

ડો. એસ.આર.રાવે સિંધુસભ્યતાની લિપિ ઉકેલવાનો દાવો કરીને આને ભારતીય આર્ય ભાષા સાથે સાંકળવાનો પ્રયાસ કર્યો છે, જે વળી મૂળમાં જ સિંધુસભ્યતાના આવિર્ભાવ સાથે મેળ ખાતો નથી. એમનો આ દાવો ચર્ચાસ્પદ છે અને હજી સર્વસ્વીકૃત બન્યો નથી. આમ છતાં, ડો.એસ.આર.રાવનું નામ ગુજરાતના પુરાતત્વ-સંશોધનના ક્ષેત્રે અગ્રગણ્ય રહેશે.

## 5. જેમ્સ બર્જેસ (James Burgess)



**જન્મ:** 1832, ઇંગ્લેન્ડ.

**અવસાન:** 1916, ઇંગ્લેન્ડ.

જેમ્સ બર્જેસ પુરાતત્વ, ભારતીય વિદ્યા(ઇન્ડોલોજી), ઇતિહાસ અને હિંદુસ્તાનની ભૂગોળવિદ્યાના ક્ષેત્રનું એક જ્વલંત નામ.કલકત્તા અને મુંબઇમાં એમની પ્રાધ્યાપક તરીકે નિમણૂંક કરવામાં અવી હતી.

1868થી 1873 સુધી તેઓ 'બોમ્બે જ્યોગ્રોફિકલ સોસાયટી'ના મંત્રીપદે રહ્યા હતા. 1873માં વેસ્ટર્ન ઇન્ડિયાના 'આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા'ના અધ્યક્ષપદે હતા અને સાઉથ ઇન્ડિયાના- 1881 દરમ્યાન આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાના નિર્દેશક તરીકે(ડાયરેક્ટર) 1886-89 સુધી રહ્યા.

તેમણે ભારતીય વિદ્યા અને પુરાતત્વક્ષેત્રે અસંખ્ય ગ્રંથો લખ્યા છે; જેમાં ગુજરાત વિશેનાં કેટલાંક ઉલ્લેખનીય પુસ્તકો છે-

1. શત્રુંજય
2. સોમનાથ-જૂનાગઢ-ગિરનાર.
3. સિનરી એન્ડ આર્કીટેક્ચર ઇન ગુજરાત-રાજસ્થાન.
4. ડભોઇ.
5. જૈનધર્મ.

ગુજરાત વિશેના આ ગ્રંથોએ ગુજરાતના ઇતિહાસ-પુરાતત્વના અભ્યાસુઓને માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

## 6. રશબ્રૂક વિલિયમ્સ

**જન્મ:** 1890.

**અવસાન:** 1973

કચ્છના આ ઇતિહાસલેખક મૂળે તો બ્રિટીશ સરકારે નિમેલા કચ્છના કલેક્ટર હતા. પણ પૂર્વની સભ્યતા-સંસ્કૃતિ પ્રત્યેના એમના લગાવને કારણે, જિજ્ઞાસા





અને સન્માનને કારણે તેમણે પોતાના કાર્યક્ષેત્ર-કચ્છ-નો રાજકીય-સાંસ્કૃતિક ઇતિહાસ લખ્યો- 'ધ બ્લેક હિલ્સ.'

આ ઉપરાંત આજે પાકિસ્તાનમાં છે એવા પ્રદેશોમાં પણ તેમણે વહીવટી અધિકારી તરીકે કામ કર્યું હતું. મધ્યપૂર્વના દેશોમાં પણ કામ કર્યું હતું. તેમણે જે તે પ્રદેશોના અનુભવો, સાંસ્કૃતિક ઇતિહાસ તેમ જ રાજકીય ચરિત્ર વિશે ખાસ્સું લખ્યું છે; જેમાંનાં કેટલાંક પુસ્તકો જાણીતાં છે:

1. પાકિસ્તાન અન્ડર ચેલેન્જ.
2. વૉટ અબાઉટ ઇન્ડિયા?
3. ઇન્ડિયા ઇન 1921-22,
4. એથ્નીક ડાયવર્સિટી ઇન ઇન્ડિયા.
5. હેન્ડબુક ફોર ટ્રાવેલર્સ ઇન ઇન્ડિયા, પાકિસ્તાન એન્ડ નેપાલ.
6. ધ ઇસ્ટ પાકિસ્તાન ટ્રેજેડી,
7. ગ્રેટ મેન ઓફ ઇન્ડિયા
8. ધ સ્ટેટ ઓફ ઇસ્રાયેલ... વગેરે

પ્રો. રશબ્રૂક વિલિયમ્સ 'ઓક્સફર્ડ ફેલો'હતા. તેમણે અલ્હાબાદ યુનિવર્સિટીમાં અર્વાચીન ભારતના ઇતિહાસનું અધ્યાપન પણ કર્યું હતું. B.B.C.ના ઇસ્ટર્ન સર્વિસીઝના નિયામક રહ્યા તેમ જ 'લંડન ટાઇમ્સ'ના સંપાદકમંડળમાં પણ હતા. 'રોયલ સેન્ટ્રલ એશિયન સોસાયટી' અને 'એન્સાઇક્લોપિડિયા બ્રિટાનિકા'માં લેખન પણ કર્યું હતું. સૂફીવાદ પ્રત્યેના તેમના આકર્ષણે સૂફીઓના સંપર્ક અને સૂફી સાહિત્યના અનુવાદનું પ્રદાન પણ કર્યું.

રશબ્રૂક વિલિયમ્સ 'પૌરસ્ત્ય વિદ્યાઓ (પૂર્વની વિદ્યાઓ)ના વિદ્વાન આશિક' હતા એમ કહી શકાય.

## 7. પ્રો. મેક્સ મૂલર (Max Müller)




**જન્મઃ** 1823

**અવસાનઃ** 1900,

જર્મનીમાં જન્મેલા મૅક મૂલરનું પ્રાથમિક તેમ જ ઉચ્ચ શિક્ષણ લિપઝિગ-જર્મનીમાં થયું. ઇંગ્લેંડમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ભાષાવિજ્ઞાનના વિદ્વાન પ્રાધ્યાપક તરીકે કારિકર્દી ઘડાયા પછી પૌરસ્ત્યવિદ્યા-ભારતીય વિદ્યાઓની શાખા અને તુલનાત્મક ધર્મના અભ્યાસની વિદ્યાશાખા ત્યાં તેમણે શરૂ કરાવી. પોતે પ્રાચ્યવિદ્યા અને ભારતીય વિદ્યાઓ વિષયક પુસ્તકો લખ્યાં અને લખાવ્યાં. હિંદુ ધર્મનાં ગ્રંથોના અંગ્રેજી અનુવાદના 50 પુસ્તકો 'સેક્રેડ બુક્સ ઓફ ધી ઈસ્ટ'ના નામ તૈયાર કરાવ્યાં.

સંસ્કૃત ઉપરાંત ગ્રીક, લેટિન, અરેબિક અને ફારસી ભાષાના તેઓ નિષ્ણાત ભાષાશાસ્ત્રી કહેવાયા.

## 8. «kuy uç ke.f eÛk (Arthur Berriedale Keith)



**જન્મઃ** 1879, સ્કોટલેન્ડ.

**અવસાનઃ** 1944.


આ સ્કોટીશ વિદ્વાન મૂળે બંધારણ-નિષ્ણાત હતા અને વિશ્વના ઘણા બધા દેશોના બંધારણ વિશેના અભ્યાસ ગ્રંથો તેમ જ સમીક્ષાગ્રંથો તેમણે લખ્યા છે. તદુપરાંત સંસ્કૃતભાષાના આ પંડિત ભારતીય વિદ્યાઓના પણ પ્રધ્યાપક હતા.





એડિનબરો યુનિવર્સિટીમાં ભારતીય વિદ્યાઓના અધ્યાપન દરમ્યાન તેમણે જે અનેક ગ્રંથો લખ્યા તેમાંના મહત્વના છે- 1.ઇન્ડિયન માયથોલોજી, 2.રિલિજીયન એન્ડ ફિલોસોફી ઓફ ધ વેદ અને ઉપનિષદ. 3.બુદ્ધિસ્ટ ફિલોસોફી ઇન ઇન્ડિયા અને 4.હિસ્ટ્રી ઓફ સંસ્કૃત લિટરેચર.

## 9. સર વિલિયમ જોન્સ (William Jones)



**જન્મઃ** 1746, વેલ્શ.

**અવસાનઃ** 1794, કલકત્તા.

આ અંગ્રેજ ભાષાશાસ્ત્રી ભારતીય પ્રાચ્યવિદ્યાના વિદ્વાન તરીકે પ્રખ્યાત થઇ ગયા. ભારતીય આર્ય અને યુરોપિયન ભાષાઓના અસ્તિત્વ અને પરસ્પર સંબંધ વિષે વિચારનારા, આ પુરોગામી વિદ્વાને 'એશિયાટિક સોસાયટી ઓફ બેંગાલ'ની સ્થાપના કરી અને નવીન વિદ્યાશાખાઓ અને સંશોધનોની શરૂઆત કરી.

18મી સદીથી જ પર્શિયા, તુર્કસ્તાન અને મધ્ય પૂર્વના દેશોના અધ્યાપનની શરૂઆત કરનાર આ પંડિતે વિશ્વને પૂરવાર કરી આપ્યું કે હિંદુસ્તાન મદારીઓ, સાધુઓ અને રાજાઓનો જ દેશ નથી પણ ભવ્ય સાંસ્કૃતિક પરંપરા ધરાવતી પ્રાચીન ભૂમિ છે. કહી શકાય કે હિંદુસ્તાન પ્રત્યે પશ્ચિમના દૃષ્ટિકોણને બદલવાની એમણે પહેલ કરી હતી.

## 10. જેમ્સ ટોડ (James Tod)

**જન્મ**: 1782, ઇંગ્લેન્ડ

**અવસાન**: 1835, લંડન, ઇંગ્લેન્ડ

લેફ્નન્ટ કર્નલ જેમ્સ ટોડ બ્રિટીશ અધિકારી હતા પણ પૌરસ્ત્યવિદ્યાઓના વિદ્વાન પણ ખરા જ. પોતાની પદવી(પોસ્ટ)ના સંદર્ભે તેમણે પશ્ચિમ ભારત-રાજસ્થાન



તેમ જ બીજે પણ ઠીકઠીક પ્રવાસો કરેલા. ઈતિહાસ અને સંસ્કૃતિમાં રસ ધરાવનારા આ અધિકારીએ રાજપુતાનાનો ઈતિહાસ લખ્યો. ‘રાજસ્થાન’નામે; જે ખૂબ ચિત્રાત્મક અને મનોરંજક પણ બન્યો છે. ઘણા ઈતિહાસકારોએ એમની પૂર્વ પ્રત્યેની પક્ષપાતની નીતિની ટીકા . . . . ...... 18મી સદીના હિંદુસ્તાનના ઈતિહાસ-લેખનમાં એમનો અનન્ય ફાળો એટલે પણ છે કે માત્ર રાજસ્થાન જ નહિ-કચ્છ, કાઠિયાવાડના રાજપૂત વંશોનાં મૂળ અને કૂળ વિશેની માહિતી પણ એમાં વિગતવાર મળે છે. વિરલ હિંદપ્રેમીઓમાં કર્નલ ટોડની ગણના અચૂક થતી રહેશે.

## 11. રવીન્દ્રસિંગ બિષ્ટ (Ravindra Singh Bisht)



જન્મ: જાન્યુઆરી, 1944, ઉત્તરપ્રદેશ, ભારત.

સિંધુ ઘાટી સંસ્કૃત વિષેના તજજ્ઞોમાં ડો. રવીન્દ્રસિંગ બિષ્ટનું નામ જાણીતું છે. તેનાં ઉત્ખનન, સંશોધન અને અધ્યયનના ક્ષેત્રે ખાસ તો ધોળાવીરામાં કરાવેલું એમનું કાર્ય મહત્વનું છે. તે ઉપરાંત હરિયાણા, જમ્મુ અને કાશ્મીરમાં થઈ રહેલા પુરાતત્વીય સંશોધનના સંચાલક ડો.બિષ્ટ છે. નાલંદા, વૈશાલી જેવા બિહારના સ્થાનકો તેમ જ લુધિયાના-પંજાબમાં પણ આ સંદર્ભે ઉત્ખનન સંશોધન શરૂ થઈ ગયાં છે; જેમાં તેઓ માર્ગદર્શક છે. આ ઉપરાંત દેશભરનાં પુરાતત્વીય સંગ્રહસ્થાનોના નિર્માણ અને સંશોધનમાં પણ તેમનો મહત્વનો ફાળો છે. ભારત સરકારે તેમને ‘પદ્મશ્રી’ પુરસ્કાર આપ્યો છે.

ધોળાવીરા વિષયક લેખો અને સંશોધન ગ્રંથો એમનું મુખ્ય પ્રદાન છે.





## 12. એલેક્ઝાન્ડ કિનલોક ફોર્બ્સ (ફારબસ સાહેબ) (Alexander Kinloch Forbes)



**જન્મ:** 1821

**અવસાન:** 1865.

ફારબસ સાહેબના નામે જાણીતા આ અંગ્રેજ હાકેમે અમદાવાદના અને એક તબક્કે સમગ્ર ગુજરાતના સાંસ્કૃતિક જગતને ‘આધુનિકતા’ના માર્ગે ચડાવવામાં કદાચ પહેલો પ્રથમ અને મહત્વનો ફાળો આપ્યો હતો.

1843માં બોમ્બે પ્રેસિડેન્સીના વહીવટી અધિકારી તરીકે ભારત આવેલા માનવતાપૂર્ણ અભિગમ ધરાવતા ફૉર્બ્સ સાહેબ અંગ્રેજોની ટીકાના પાત્ર બન્યા હતા.

1848માં અમદાવાદમાં તેમની નિમણૂંક થઈ ત્યારે સ્થાનિક ભાષા અને સંસ્કૃતિનો અભ્યાસ તેમણે ગુજરાતીના જાણીતા કવિ દલપતરામ પાસે કર્યો. ત્યારથી જાણે ગુજરાતી ભાષા-સાહિત્ય-સંસ્કાર જગતને નવો વળાંક આપવા પ્રતિબદ્ધ થયેલા ફારબસ સાહેબે 1848માં ‘ગુજરાત વર્નાક્યુલર સોસાયટી’ની(હાલ ગુજરાત વિદ્યાસભા) સ્થાપના કરીને ભાષા સાહિત્યમાં સંશોધન-અભ્યાસોની શરૂઆત કરાવી. એમણે અમદાવાદની પહેલી મહિલાશાળા, પહેલું ગુજરાતી સામયિક(બુદ્ધિપ્રકાશ) શરૂ કરાવ્યાં ઉપરાંત પહેલું પુસ્તકાલય(આપારાવ ભોળાનાથ લાયબ્રેરી) ની સ્થાપના કરાવી. ગુજરાતના વિદ્વાનો, મહાજનો અને પ્રજાજનો સાથે મળીને શિક્ષણ જગતમાં પણ ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ શરૂ કરાવી.

કવિ દલપતરામની સાથે મળીને, ગુજરાત-સૌરાષ્ટ્રનો પુરાતત્વીય-લોકવિદ્યાના સંશોધન માટેનો લાંબો પ્રવાસ ખેડીને 'રાસમાળા-1,2'ના નામે ગુજરાત-સૌરાષ્ટ્રના મૌખિક સાહિત્યનો ગ્રંથ પ્રગટ કર્યો જે આજે પણ 1000 વર્ષના ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ (8મી સદીથી 19મી સદી સુધી) તરીકે અજોડ અને અનોખું પ્રદાન ગણાય છે.

★★★





# પરિશિષ્ટ - 2

## સફરનામા પુસ્તક શ્રેણી : સંદર્ભ સૂચિ

| | પુસ્તકનું નામ | લેખક/સંપાદક |
|---|---|---|
| 1. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસઃ ગ્રંથ - 7 | રસિકલાલ પરીખ / હરિપ્રસાદ શાસ્ત્રી |
| 2. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસઃ ગ્રંથ - 8 | હરિપ્રસાદ શાસ્ત્રી/ પ્રવીણચંદ્ર પરીખ |
| 3. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસઃ ગ્રંથ - 9 (*શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન - સંશોધન કેન્દ્ર*) | હરિપ્રસાદ શાસ્ત્રી/ પ્રવીણચંદ્ર પરીખ |
| 4. | ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (સલ્તનત અને મોગલકાળ) (*એન.બી.એસ. બુક ડિપો*) | મૌલાના સઈદ અબુઝફર નકવી |
| 5. | ઇતિહાસનાં પાનાં પર રક્તછાંટા (*પીપલ્સ બુક હાઉસ*) | ભગવતશરણ ઉપાધ્યાય |
| 6. | મારૂં હિંદનું દર્શન (*નવજીવન પ્રકાશન મંદિર*) | જવહરલાલ નહેરૂ |
| 7. | સંસ્કૃતિ દર્પણ | ડો. આર.ટી. સાવલિયા |
| 8. | ગુજરાતમાં પ્રવાસન (*ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય*) | ડો. મેહબૂબ દેસાઈ |
| 9. | યાત્રાપર્વ (*ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય*) | વાડીભાઇ જોશી |
| 10.. | ગુજરાત અને ગુજરાતી (*નવભારત સાહિત્ય મંદિર*) | ચંદ્રકાંત બક્ષી |
| 11. | .મહાજનોની યશગાથા (*આર.આર. શેઠની કંપની*) | મકરન્દ મહેતા |

12. હિંદુ-મુસ્લિમ સપ્રમાણતા અને માનવીય જોડાણઃ સાંસ્કૃતિક અહેવાલ
અજાણ્યું ગુજરાત
(*ઉત્થાન, સફર અને સમર્થ*)

13. ગુજરાતની અસ્મિતા — રજની વ્યાસ
(*અક્ષરા પ્રકાશન*)

14. સંસ્કૃતિ સંદર્ભ — રઘુવીર ચૌધરી

15. ગુજરાતની કીર્તિગાથા — ક.મા. મુનશી

16. આપણો સહિયારો સાંસ્કૃતિક વારસો — મોહન દાંડીકર
(*યજ્ઞ પ્રકાશન*)

17. પ્રવાસનઃ સિધ્ધાંત અને વ્યવહાર — ડો. મેહબૂબ દેસાઇ
(*ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય*)

18. ગુજરાતની હિંદુદેવીઓનું પ્રતિમા વિધાન — ડો. રામજીભાઇ સાવલિયા, આશુતોષ સાવલિયા

19. ગુજરાત- સાંસ્કૃતિક પ્રવાસ (ટૂંકો પરિચય) — ડો. સરૂપધ્રુવ
(*સંવેદન કલ્ચરલ પ્રોગ્રામ*)

20. તીર્થભૂમિ ગુજરાત — રઘુવીર ચૌધરી
(*રંગદ્વાર પ્રકાશન*)

21. મિરાતે અહમદી — મીરઝા મોહમ્મદ હસન.
અનુઃ નિઝામુદ્દીન ફારૂખી ચિસ્તી
(*સરખેજ રોઝા કમિટી*)

22. તારીખે અવાલિયા-એ-ગુજરાત — મીરઝા મોહમ્મદ હસન.
મિરાતે અહમદી (પુરવણી) ભાગ- ૩
અનુઃ નિઝામુદ્દીન ફારૂખી ચિસ્તી
(*એન.બી.એસ. બુક ડિપો*)

23. મિરાતે સિકંદરી — મોહમ્મદ સિકંદર
(સિકંદરકૃત ગુજરાતના સુલ્તાનોનો ઇતિહાસ)
અનુઃ આત્મારામ મોતીરામ દિવાનજી
(*સરખેજ રોઝા કમિટી*)







24. ગુજરાતનું ગૌરવઃ ઇતિહાસ સામે પડકારો — ડો. મંગુભાઇ પટેલ
(ગુજરાત ઇતિહાસ પરિષદ 25મું અધિવેશન, જયપુર)
(પ્રમુખ પ્રવચન)
(*ગુજરાત ઇતિહાસ પરિષદ*)

25. ઇતિહાસ અને સાહિત્ય — ભોગીલાલ સાંડેસરા
(*ગુજરાત ગ્રંથરત્ન કાર્યાલય*)

26. ઇતિહસઃ સ્વરૂપ અને પધ્ધતિ — રસિકલાલ પરીખ
(*ગુજરાત યુનિવર્સિટી*)

27. ગુજરાતના ઘડવૈયાઃ સ્વ-વિકાસની પ્રયોગશાળા — મકરંદ મહેતા
(13મી સદીથી 19મી સદી સુધી, ગ્રંથ-1)
(*અરૂણોદય પ્રકાશન*)

28. ગુજરાતની ઇતિહાસ સંશોધન — હીરાલાલ પારેખ
પ્રવૃત્તિનું સિંહાવલોકન
(ગુજરાતી સાહિત્ય સંમેલન : 12મું અધિવેશન)
(*ગુજરાતી સાહિત્ય સંમેલન*)

29. અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન — હીરાલાલ પારેખ

30. ઐતિહાસિક સંશોધન — દુર્ગાશંકર શાસ્ત્રી
(*ગુજરાતી સાહિત્ય પરિષદ*)

31. સંપ્રદાયવાદ અને ભારતીય ઇતિહાસ લેખન — રોમિલા થાપર, હરબંસ મુખિયા, બિપિન ચંદ્ર
(*લોકવાંગ્મય ગૃહ*)

32. તસ્વીરે ગુજરાત — વિષ્ણુ પંડયા
(*પાર્શ્વ પ્રકાશન*)

33. 21મી સદીનું ગુજરાત — પ્રવીણ શેઠ અને બલદેવ આગજા
(*પાર્શ્વ પ્રકાશન*)

34. ગુજરાતમાં સૂફી ઔલિયાઓએ લખેલા ફારસી ગ્રંથો — દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
(*એન.બી.એસ.બુકડિપો*)

| | |
|---|---|
| 35. પુરાણોમાં ગુજરાત (*ગુજરાત વિદ્યાસભા*) | ઉમાશંકર જોશી |
| 36. તારીખે સલ્તનત-એ-ગુજરાત | |
| 37. તારીખે અવાલિયા - એ- ગુજરાત (મિરાતે અહમદી) ભાગ-3 | |
| 38. સૌરાષ્ટ્રનો ઇતિહાસ (1948 થી 1956) (*દર્શક ઇતિહાસ નિધિ*) | એસ.વી. જાની |
| 39. ગુજરાત અને દરિયો (*દર્શક ઇતિહાસ નિધિ*) | મકરંદ મહેતા |
| 40. A Cultural History of India | Basham |
| 41. The Shaping of Modern Gujarat - Plurality, Hindutva and Behind. (*Penguin Books*) | AchyutYagnik, Suchitra Seth |
| 42. Sufism & Bhakti in South Asia (*Orient Blackswann*) | Kavita Punjabi |
| 43. An Introduction to the study of Indian History (*Popular Prakashan*) | D. D. Kosambi |
| 44. Aryan Invasion Theory - Fabrications and Fallouts (A Distinctive Cultural Magazine of India, Vol-40, No-1, Issue-79) | Ed. P. Parameshwaram |
| 45. History of International Trade and Customs Duties in Gujarat (*Darshak Ithihas Nidhi* ) | Makrand Mehta |






# પરિશિષ્ટ - 3

## મધ્ય અને દક્ષિણ ગુજરાત સંદર્ભ સૂચિ


| પુસ્તકનું નામ | લેખક/સંપાદક/અનુવાદક |
|---|---|
| 1. પ્રવાસધામઃ પાવાગઢ (*ડાયમંડ પબ્લિકેશન*) | કાંતિલાલ ત્રિપાઠી, |
| 2 ચાંપાનેર - એક અધ્યયન (*પ્રાચ્ય વિદ્યામંદિર*) | પ્રો. રમણલાલ મહેતા |
| 3 ગુજરાત : 1857 (*નવભારત સાહિત્ય મંદિર*) | વિષ્ણુ પંડ્યા, ડો.આરતી પંડ્યા |
| 4 પીટર વેન દ બ્રોકની સૂરત ડાયરી (*સાહિત્યસંગમ*) | ડો. મોહન મેઘાણી |
| 5 વિપ્લવમાં ગુજરાત | વિષ્ણુ પંડ્યા, ડો. આરતી પંડ્યા |
| 6 સુરત ઇતિહાસ દર્શન(ભાગ-1) | સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન |
| 7 સુરત ઇતિહાસ દર્શન(ભાગ-2) | સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન |
| 8 પાવાગઢ દર્શન | ઘનશ્યામ જોશી |
| 9 ખંભાતનો ઇતિહાસ | રત્નમણિરાવ ભીમરાવ |
| 10. Champaner - Pavagadh | Archaeological Survey of India |
| 11 1857 નિરંતરતા ઔર પરિવર્તન (ઉદ્ભાવના, વોલ્યુ. 23, અંક-75, એપ્રિલ-જૂન-2007) | અજેય કુમાર |

## અમારાં પ્રકાશનો

1. **'સાબરમતી પૂછે છે'** (જનવાદી સાહિત્ય સંગ્રહ) — સંપાદન : ડૉ. સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 25.00
2. **'દસ્તાવેજ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — મૌન બલોલી — રૂા. 25.00
3. **'સળગતી હવાઓ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00
4. **'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો** — ડો. સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી અને મયંક ઓઝા (અપ્રાપ્ય)
5. **'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ'** (ક્રાંતિકારી પંજાબી કવિ 'પાશ'નો સંપાદિત કાવ્યસંગ્રહ) — સંપાદન અને અનુવાદ : હિરેન ગાંધી — રૂા. 150.00
6. **હસ્તક્ષેપ** (જનવાદી કાવ્યસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 125.00
7. **સહિયારા સૂરજની ખોજમાં** (જનવાદી ગીતસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00
8. **કાળમુખો અંધાર ભેદવા** — અનુવાદ-સંપાદન : સરૂપ ધ્રુવ અને ડો. રાજકુમાર નાગર.

   (યુદ્ધ અને હિંસા વિરોધી વાર્તાસંગ્રહો અને કાવ્યસંગ્રહોનાં છ પુસ્તકો)

   1. **કારણ છે મારે જીવવાનું** — ગુજરાતી કાવ્યો (અપ્રાપ્ય)
   2. **હિંસક સમયમાં** — હિંદીમાંથી અનુવાદિત કાવ્યો — રૂા. 25.00
   3. **એ લોકો અને આપણે** — વિશ્વસાહિત્યનાં પસંદિત કાવ્યો — રૂા. 25.00
   4. **મંઝિલ ભણી** — ગુજરાતી વાર્તાઓ (અપ્રાપ્ય)
   5. **માહૌલ ખરાબ છે** — હિંદીમાંથી અનુવાદિત વાર્તાઓ — રૂા. 25.00
   6. **એક સરહદી ઇચ્છા** — અન્ય ભારતીય ભાષાઓ તથા વિશ્વસાહિત્યની પસંદિત વાર્તાઓ — રૂા. 25.00





9. **ઉમ્મીદ હોગી કોઇ(2009)** — સરૂપ ધ્રુવ
   (2002ના જનસંહાર પછીની સત્યઘટનાઓ)
   (રાજકમલ પ્રકાશન, દિલ્હીથી મેળવી શકાય.) — રૂા. 150.00
10. **કાવતરું ખરું; પણ કોનું ? (2011)** — રૂા. 20.00
    (તહેલકામાં પ્રકાશિત શ્રી. આશિષ ખેતાનનો અહેવાલ)
11. **આધુનિકતાની ખોજમાં –પુસ્તક શ્રેણીનાં ૭ પુસ્તકો (2013)**
    1. **આધુનિકતા એટલે...** — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00
    2. **ભારતનું બંધારણ અને આધુનિકતા** — ગિરીશભાઈ પટેલ — રૂા. 75.00
    3. **મહિલાઓના સવાલો, આંદોલનો અને આધુનિકતા** — સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 75.00
    4. **વિજ્ઞાન અને આધુનિકતા** — ડો. રવિ સિંહા અને ડો. ઉમાશંકર તિવારી. — રૂા. 75.00
    5. **ધર્મ વિચાર, ભક્તિપ્રવાહ અને આધુનિકતા** — **સરૂપ ધ્રવ** — રૂા. 125.00
    6. **દલિત સમસ્યા, દલિત આંદોલન અને આધુનિકતા** — **સુભાષ ગાતાડે** — રૂા. 75.00
    7. **મૂડીવાદ અને આધુનિકતા** — **હિરેન ગાંધી**, **ડૉ. વિભૂતિ પટેલ** — રૂા. 125.00
12. **કામદારોની દુનિયા – દુનિયાનું ભવિષ્ય (2013)**
    (ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવનું ઘોષણાપત્ર) — રૂા. 20.00
13. **શેરીનાટકનું સ્વરૂપ અને રાજનૈતિક સંસ્કૃતિ (2014) (લેખ સંગ્રહ)** — હિરેન ગાંધી — રૂા. 50.00
14. **સ્ટ્રીટ થિયેટર(2014) (અનુભવો અને સંવેદનો)** — હિરેન ગાંધી — રૂા. 50.00

## નાટકોની CD / DVD

1. **સુનો ! નદી ક્યા કહતી હૈ ...(2004)** સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી
રૂા. 50.00
(રિવરફ્રન્ટના મુદ્દે થયેલા વિસ્થાપનના તથ્ય ઉપર આધારિત નાટક)
2. **હમ (2008)** રૂા.100.00
(-2002ની અસરગ્રસ્ત મહિલાઓ વિશેની સત્યઘટનાઓ ઉપર આધારિત નાટક…)
3. **ઐસા ક્યોં ? (2010)** રૂા. 150.00
(સ્ત્રી અને હિંસા વિષેનાં ઐતિહાસિક ક્રમને નિરૂપતું નાટક.)
4. **ઘિરે હૈં હમ સવાલ સે (2010)**
(આદિવાસીઓના સવાલો નિરૂપતું નાટક) રૂા. 150.00

**વેબ સાઈટ : www.darshanahmedabad.org**

**: પ્રાપ્તિસ્થાન :**

**1. 'દર્શન'**
પહેલે માળે, 19-બી, વિશ્વનગર સોસાયટી,
વિશ્વકર્મા સોસાયટી પાસે,
જીવરાજપાર્ક ચાર રસ્તા, અમદાવાદ–380051.
**રજિ. સરનામું :**

**2. હિરેન ગાંધી**
9, રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર રેલ્વેસ્ટેશન રોડ,
જીવરાજપાર્ક વિસ્તાર, અમદાવાદ-380051.